


श्री जैन सुबोध कथा संग्रह.

[શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ચોરાશી કથાઓ.]

તૈયાર કરી

છપાવી પ્રસિદ્ધ કરનાર

C આનંદ ઈન્દુ પુસ્તકાલય તરફથી

મંગળદાસ ગાંડાભાઇ પટેલ.

મુંબઇ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૫ સને ૧૯૧૯

કીંમત. રૂ. ૧-૪-૦

શ્રી ભાગ્યોદય પ્રિન્ટીંગ પ્રેસમાં જેઠાલાલ દેવશંકર દવેએ

છાપ્યું. ખાડીઆ—અમદાવાદ.

પ્રસ્તાવના.

ધર્મ અને શાસ્ત્ર સદા અનાદિ હોય છે. ફક્ત ઐતિહાસિક નામમાં ફેરફાર થાય છે. સિવાય જે વખતે જે તીર્થંકર થાય તે પૂર્વે થયેલ તીર્થંકરો-એ જે પ્રમાણે કહ્યું હોય તે જ પ્રમાણે કહે. આ જોતાં સર્વે તીર્થંકરોના જ્ઞાન અને શાસ્ત્રમાં કાંઈ પણ તફાવત હોતો નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પણ અનાદિ છે, અને સમાવાયંગ સૂત્રના છત્રીસમા સમાવાયંગમાં ૩૬ અધ્યયન શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં કહ્યાં છે, તે જ પ્રમાણે આજે પણ છે. એ સૂત્રના મૂળપાઠ ઉપરથી ઘણાં આચાર્યો-એ ટીકા, દીપીકા, વૃત્તિ અને ટબો કરી ભવિષ્યની પ્રજાપર મોટો ઉપકાર કરેલ છે: પણ તે ટીકા તથા વૃત્તિઓ સંસ્કૃત ભાષામાં લખેલ છે, અને તે ભાષાના જાણકાર પુરૂષો ગણ્યા ગાંઠ્યા જ હોવાથી દરેક જણ તેનો જોઇ-એ તેવો લાભ લઇ શકતા નથી; જેથી અમે તે વૃત્તિ અને ટીકાપરથી કથાઓનો સંગ્રહ કરી દરેક જણ લાભ લઇ શકે તેટલા માટે પુસ્તકરૂપે બહાર પાડેલ છે.

સૂત્રમાં કથાઓનો ઘણો જ વિસ્તાર છે. તે પ્રમાણે અક્ષરે અક્ષર અમે દાખલ કરી શક્યા નથી, માત્ર તે કથાઓનો સારાંશ જ લીધો છે. કેટલીક કથાઓ વિદ્વાન મુનિરાજના મુખેથી સાંભળેલી પણ દાખલ કરેલ છે, માટે તેમાં કાંઇ ભૂલચૂક જણાય તો વિદ્વાન વાચકવર્ગ સુધારી વાંચશે, અને અમને લખી જણાવશે તો બીજી આવૃત્તિમાં બનતો સુધારો કરી શકાશે.

આ પુસ્તકનું અસલ લખાણ તેમજ પ્રુફ સુધારવામાં લિંબડી નિવાસી મિ. વાડીલાલ કાકુભાઈ સંઘવીએ અમને કીમતી સહાય કરેલ છે.

લી. પ્રગટકર્ત્તા.

અગાઉથી થયેલ ગ્રાહકોનાં મુબારક નામ.

મુંબઇ.

૨૫) રા. રા. નકુભાઇ કાળુભાઇ, આર્યનીતિદર્શક નાટક કંપનીના માલિક, ૨) રા. પ્રભુભાઇ વીરજી, ૨) રા. પોપટલાલ માવજી મશાલાવાળા, ૨) શેઠ વનમાળી માવજી મશાલાવાળા, ૨) શેઠ ભગવાનદાસ મદનજી ખાખી, ૨) શેઠ ઉમરશી જેવત, ૨) શા. વછરાજ ગુલાબચંદ, ૨) શેઠ લખમશીભાઇ લધા, ૨) દેસાઇ મણીલાલ જીવરાજ, ૧) શા. ખેતશી જેઠા, ૧) શા. ઘેલાભાઇ કાનજી, ૧) બાઈ શીવકોર, ૧) બાઇ ધનવંતી, ૧) રા. ખેતશી જીવરાજ.

અમદાવાદ.

૧) રા. રા. કેવળચંદભાઇ મૂળજીભાઇ વોરા, માસ્તર—પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ, ૧) રા. રા. હરખચંદભાઈ કેસવજીભાઇ વોરા, માસ્તર—પ્રોપ્રાયટરી હાઇસ્કૂલ, ૧) રા. વાડીલાલ કાકુભાઈ સંઘવી, ૧) રા. ત્રીભોવનદાસ રૂગનાથદાસ શાહ.

આ પુસ્તક મળવાના ઠેકાણાં:—

ખંભાત:—શા. છોટાલાલ મોતીચંદ. ઠે. સુતારવાડો.

અમદાવાદ:—શા. ત્રીભોવનદાસ રૂગનાથદાસ. જૈન બુકસેલર.
ઠે. રાયપુર—આકાશેઠ કુવાની પોળ,
તથા
„ સંઘવી વાડીલાલ કાકુભાઇ.
ઠે. સારંગપુર—તળીયાની પોળ.

અનુક્રમણિકા.

જાહેર ખબર.

અપૂર્વ નવીન પુસ્તક **સિદ્ધાંત સાગર** (છત્રીસ થોકડા) હાલ છપાઈ તૈયાર થયેલ છે. દરેક જૈન બંધુઓને અવશ્ય ઉપયોગી હોવાથી તેની બોહળી નકલો ખપવા લાગી છે. કિંમત માત્ર એક રૂપીઓ આઠ આના છે. તેમજ **નરચંદ્ર જૈન જ્યોતિષ** કે જે જૈન ધર્મના મહાન પંડીત આચાર્ય શ્રી નરચંદ્રજી મહારાજે શાસ્ત્રના આધારે આ એકજ પુસ્તક રચ્યું છે. તેની અંદર વરસ કેવું નીવડશે, તેમજ ભવિષ્યમાં દુનીયા ઉપર સુખ દુઃખના બનાવો કેવા બનશે, તેમજ તમામ જાતનાં મુહૂર્ત, તેનાં શુભાશુભ ફળ ટુંકાણમાં સ્વરોદય જ્ઞાન વગેરે વિષયથી ભરપુર છે. જેની માગણી કાશી સુધી ચાલુ છે. હવે તેની નકલો સીલીકમાં થોડીજ રહી છે. માટે જલદી મંગાવો. કીંમત માત્ર એક રૂપીયો ચાર આના છે. સમકીત સાર જેઠમલજી મહારાજ કૃત કિંમત રૂ. ૧-૪-૦. વળી હાલમાં અતિ ઉપયોગી વાંચવા લાયક જ્ઞાન સાથે ગમ્મત આપનાર જૈન સજ્ઝાયમાળા ભાગ ૪થો આવૃત્તિ બીજી છપાઈ તૈયાર થયેલ છે. કિંમત રૂ. ૧-૮-૦ તે સિવાય વાર્તાઓ, નોવેલો, નાટકો વિગેરે દરેક જાતનાં પુસ્તકો નિચેના શિરનામે મળશેઃ—

ત્રીભોવનદાસ રૂગનાથદાસ શાહ.
જૈન ધર્મનાં તમામ પુસ્તકો વેચનાર.
ઠે. આકાશેઠના કુવાની પોળ, **અમદાવાદ.**

અર્પણ પત્રિકા.

માનવંતા શેઠ

વંદ્રાવનદાસ દયાળજીભાઈ

મુંબઈ.

સુજ્ઞ મહાશય !

આપ જૈનધર્મપ્રત્યે અત્યુત્તમ લાગણી રાખી સાધુ
મહાત્માની બનતી સેવા બજાવો છો. સ્વધર્મી
બન્ધુઓને યથાયોગ્ય સહાય આપો છો. જૈન-
ધર્મની ઉન્નતિ કેમ થાય એવી અભિલાષા
રાખો છો. વળી જૈનધર્મનાં પવિત્ર પુ-
સ્તકોના ભાષાંતરો ફેલાવો કરવા માટે
આપ આગળ પડતો ભાગ લઈ
દરેક વ્યાવહારિક અને ધાર્મિક
કાર્યમાં જોડાઈ તન, મન
અને ધનથી મદદ કર્યા
કરો છો, વગેરે આપના
અનેક ગુણોથી આ-
કર્ષાઈ આ પુસ્તક
આપને જ અ-
ર્પણ કરી
કૃતાર્થ
થાઉં
છું.

લી. સેવક

મંગળદાસ ગાંડાભાઈ પટેલ.

જાહેર ખબર.

આ પુસ્તક લાયબ્રેરી તથા ઉપાશ્રયમાં મુકવા માટે જેમને જોઇતું હશે તેમને મર્હુમ શેઠ ઠાકરશીભાઇ વસનજીભાઇ તરફથી અર્ધી કીંમતે આપશે.

[ઉપરના સદ્ગૃહસ્થનો અમે એ બદલ આભાર માનીએ છીએ.]

લી. પ્રગટકર્તા

॥ श्री जिनेन्द्रायनमः ॥

श्री जैन सुबोध कथासंग्रह.

(શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ચોરાસી કથાઓ.)

गाथा—आणाऽनिद्देस करे, गुरुण मणुववाय कारए;
पडीणीए असंबुद्धे, अविणीएत्ति वुच्चई ॥ ३ ॥

[શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૧.]

ભાવાર્થ:—ગુરૂની આજ્ઞાનો ભંગ કરનાર, ગુરૂની દ્રષ્ટિ યા સમીપે નહિ રહેનાર, ગુરૂનો પ્રત્યનીક વૈરી, અને તત્ત્વનો અજાણ હોય તેને અવનિત કહીએ. ૩

અવિનયવંત ઉપર કુળવાળુની કથા પહેલી.

આચાર્યના ગુણે કરી સહિત, પાંચ આચારનાં પાળક, ઘણાં શિષ્યોનાં પરીવારે કરીને સહીત કોઇ એક આચાર્ય હતા. તે આચાર્યના ઘણાં સુશિષ્યો ગુરૂ આજ્ઞા પ્રમાણે ચાલવાથી આત્મસિદ્ધિ મેળવતાં હતાં. તે શિષ્યોમાંહે એક અવિનયવંત કુશિષ્ય પણ સાથે હતો, કે જેની છદ્મસ્ત ગુરૂના સુક્ષ્મ દોષ ઉપર હંમેશાં નજર રહેતી હતી, અને તે દોષો પ્રગટ કરી આચાર્ય ગુરૂની હેલણા, નિંદા કરવામાં ચુકતો નહોતો. આમ છતાં પણ ગુરૂ સૌ સાથે તેને પણ જ્ઞાનાભ્યાસ કરાવતા હતા. અહા, કેવી ગુરૂની કરૂણાદૃષ્ટિ ! કે જે પ્રત્યક્ષ દોષીત અને ગુરૂનો શત્રુ છતાં પણ તેને તારવાને માટે જેવી રીતે સમજે તેવી રીતે સમજાવી, સારો જ્ઞાનાભ્યાસ કરાવ્યો. તેમ છતાં પણ કહેવત છે કે, "ભલો ભલાઇ ન મુકે અને બુરો બુરાઇ ન છોડે." તેમ ગુરૂનું ઉત્તમ જ્ઞાન પવિત્ર, અમૃત જેવું હતું, પણ દોષીત સર્પ જેવા કુશિષ્યના અંતઃકરણમાં જવાથી તેને ઝેર સમાન પ્રગમવા લાગ્યું. એકદા સમયે આચાર્ય શિષ્યો સહિત વિહાર કરી ગામાનુગામ ભવ્ય જીવોને બોધને અર્થે જાય છે, રસ્તામાં એક વિશાળ પર્વત ઉપર ચડી નીચે ઉતરવાનું આવ્યું, જેથી તે ઉપર થઇ નીચે ઉતરે છે, અને વિષમ પર્વત હોવાથી કેટલાએક શિષ્યો આઘાપાછા

છે. માત્ર આચાર્યની પાછળ એકલો કુશિષ્ય આવે છે. તે કુશિષ્યે આમ તેમ જોઇ વિચાર્યું કે જો અહિંથી આ ગુરૂની પાછળ એક શિલ્લા ગબડાવું તો તે આચાર્ય મરણ પામે અને તેના કબજારૂપી કેદખાનામાંથી હું છુટું. એમ વિચારી એક શિલ્લા ગુરૂની પાછળ ગબડાવી. ધૈર્યવંત ગુરૂ શિલ્લા પાછળ આવતી જોઇ જરા પણ અકળાયા વિના બે પગ પહોળા કરી ઉભા રહ્યા. શિલ્લા પગ વચ્ચે પસાર થઇ બારોબાર ચાલી ગઇ. ગુરૂએ પાછું વાળી જોયું તો તે કુશિષ્યનું દુષ્ટ કર્તવ્ય જાણવામાં આવ્યું. અવસરના જાણ ગુરૂ ધીરજથી નીચે ઉતરી સર્વ સાધુ સાથે થઇ ગયા અને સર્વ સાધુ સમક્ષ તે અવનિતનું દુષ્ટ કર્તવ્ય જણાવ્યું. આથી સર્વ સાધુ તેને ઠપકો આપવા લાગ્યા, છતાં તે દરેકના સામો થઈ ગુરૂનો જ વાંક પ્રગટ કરવા લાગ્યો. ગુરૂ સમતાવાન્ છતાં પણ દુષ્ટના પ્રસંગથી કાંઈક ક્રોધાવેશમાં આવી ગયા, અને શ્રાપ આપ્યો કે, "તારો દુષ્ટ સ્ત્રીથી વિનાશ થશે, અને અનન્ત ભવ ભ્રમણ કરીશ." ગુરૂના તિરસ્કારયુક્ત વચન સાંભળીને દુષ્ટ ચેલો ખડખડાટ હસ્યો અને બોલ્યો કે, વાહરે ગુરૂ મહારાજ! મોક્ષના ઈજારદાર તમેજ દેખાઓ છો કેમ? અમારો આત્મા શુદ્ધ છે તો ગમે ત્યાંથી મોક્ષ મેળવીશું. આમ કહી, ગુરૂને તજી, એકલો વિહાર કરી ગયો. રસ્તામાં કોઇ તાપસનો આશ્રમ આવ્યો, અને ત્યાંજ રહ્યો. કહેવત છે કે, "નકટી-ના વર જોગી." હવે તે આ તાપસના સમાગમમાં રહે છે. રસ્તામાં પર-દેશી સાથ આવી ઉતરે તો તેની પાસેથી નિર્દોષ આહાર પાણી મેળવી ચારીત્ર પાળે છે, અને વખતે ઉગ્ર તપ પણ ઘણો કરે છે. એમ કરતાં ચોમાસું નજીક આવ્યું. વરસાદ એવો વરસ્યો કે જેથી આશ્રમની પાસે નજીકમાં રહેલી નદીમાં ઘણું પાણી આવ્યું, અને તે પાણીના જોસથી આશ્રમ વિગેરે નજીકના ગામો તણાઇ જવાની ધાસ્તીમાં આવી પડયા. તે વખતે તે સાધુના તપના પ્રભાવથી નદી આડકતરી રીતે આડે રસ્તે ગઇ, અને આશ્રમ વિગેરે સર્વે નિર્ભય થયા. સાધુએ તપના પ્રભાવથી નદી વાળી, એમ પ્રત્યક્ષ ચમત્કાર જોઇ લોકોએ તે સાધુનું નામ 'કુળવાળુ' રાખ્યું અને તે નામ જગતમાં પ્રસિદ્ધ થયું.

હવે તે કાલ તે સમયને વિષે મગધ દેશમાં રાજગૃહ નામે નગરી હતી. ત્યાં રાજાના ગુણે કરીને સહીત શ્રેણીક નામે રાજા રાજ કરતો હતો. તે રાજાને ચેલણા પ્રમુખ બત્રીસ રાણીયો હતી. એકદા સમયે પુન્યવંતને સુવા જોગ શય્યાને વિષે સુખે સુતા થકા ચેલણા રાણીને સિંહનું સ્વપ્ન આવ્યું. તુરતજ સાવધાન થઇ ઉત્તમ સ્વપ્ન જાણી પોતાના સ્વામી શ્રેણીક રાજા

જ્યાં પોઢેલા છે, ત્યાં આવી તેમને જાગ્રત કરી સ્વમાની હકીકત કહી, તે વાત સાંભળી રાજાએ કહ્યું કે, હે દેવ વલ્લભ! એક ઉત્તમ નામાંકીત પુરૂષ તારે પેટે અવતાર લેશે. તે સાંભળી રાણી તહેત્ત પ્રમાણુ કહી પોતાને આસને આવી. દેવ ગુરૂ સંબંધી ધર્મ જાગ્રણુ કરતાં સવાર પડી એટલે રાજાએ નિમિત્તીયાને બોલાવી સ્વમની વાત પૂછી. સ્વમપાઠકે કહ્યું કે, હે દેવ વલ્લભ! તમારૂં નામ અમર કરનાર કોઇ મંડલીકનો જન્મ થશે. તે સાંભળી રાજા હર્ષીત થઈ, ધન દેઇ તેને વિસર્જન કર્યો, અને રાણી ગર્ભનું પાલન કરે છે. તેમ કરતાં ત્રણુ માસે રાણીને દહોલો (ઇચ્છા) ઉત્પન્ન થયો કે જગતની અંદર ઘણી વસ્તુ ખાવા જોગ મેં ખાધી, પણુ જ્યાં સુધી શ્રેણીક રાજાના કાળજાનો માંસ ખાધો નથી ત્યાં સુધી મારૂં જીવતર નિરર્થક છે. આ વિચારમાં ને વિચારમાં રાણી દીવસે દીવસે સુકાવા લાગી. નથી વાત કહેવાતી કે નથી ધારેલી વસ્તુ મળતી. જેથી આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન હંમેશાં કર્યા કરે છે. તે જોઈ રાજા શ્રેણીક પુછવા લાગ્યા કે; તમે શા માટે આર્ત્તધ્યાન રૌદ્રધ્યાનથી સુકાઓ છો? વાત પ્રગટ કરો. ત્યારે કહ્યું કે, મારે તમારા કાળજાનો માંસ ખાવાની ઈચ્છા થઇ છે. તે સાંભળી રાજા પણુ આશ્ચર્ય પામ્યો, પણુ રાણીના ઉપર અત્યંત મોહ હોવાથી કહ્યું કે, ભલે, જેમ તમને સુખ ઉત્પન્ન થશે એમ હું કરીશ. આમ કહી સભામાં આવી સિંહાસન પર બેસી વિચાર્યું કે; કાલજું કાઢયા પછી માણુસ કદી પણુ જીવી શકે જ નહિં. તો હવે હું શું કરૂં! જો તે વસ્તુ રાણીને નહિ આપું તો રાણી જરૂર મરણુ પામશે, અને રાણી વિના મારૂં જીવતર પણુ નિરર્થક છે. એમ ચિંતાતુર અવસ્થામાં બેઠા છે, એવામાં ચાર બુદ્ધિના નીધાન અભયકુમાર મંત્રી ત્યાં આવ્યા. તેમણે રાજાને ચિંતાનું કારણુ પુછ્યું અને રાજાના કહેવાથી વાતનો માહેતગાર થયો. તે પછી પોતાની ઉત્પાતીક બુદ્ધિએ રાજાને કહ્યું કે, હું તમારા શરીર ઉપર કપટથી વાઢકાપ કરૂં તે વારે તમે જોઇએ તેવો ઢોંગ કરજો. એમ કહી કસાઇવાડેથી લોહી અને માંસ મંગાવી પેટ અને છાતી પર બાંધી ઉપર કુદરતી શરીર જેવો રંગ કર્યો અને રાણીના દેખતાં રાજાને બોલાવી, છાતી ઉપર ચડી બેસીને શસ્ત્ર વડે કપટયુક્ત વાઢકાપ કરી માંસ કાઢયો. રાજાએ ઘણીજ બુમો પાડી. છેવટે રાજા મરણુતુલ્ય જેવો થઇ ગયો એટલે તે ગર્ભ ઘણો જ ખુશી થયો જેથી રાજાને માણસો પાસે ઉપડાવી બહાર મોકલી દીધો પછી કાઢેલા માંસને તળી, સેકીને ખવરાવ્યો. તે ખાઇને તે ગર્ભ સંતોષ પામ્યો. તાપસના ભવમાં કરેલું નીયાણું પુરૂં થયું. પછી રાણીએ શુદ્ધિમાં આવ્યા

બાદ રાજા પ્રત્યે પૂર્ણ પ્રેમની લાગણી બતાવી પ્રધાનને પૂછ્યું કે, મારા સ્વામીને કેમ છે ? પ્રધાને બુદ્ધિપૂર્વક રાણીને કપટયુક્ત વાતની ખબર ન પડે તેવી રીતે થોડે થોડે કેટલાક દીવસે રાજાને જીવતો દેખાડયો. ત્યાર પછી રાણીએ વિચાર કર્યો કે, આ ગર્ભનો જીવ મહા દુષ્ટ વૈરભાવે ઉત્પન્ન થયો છે. તે જો ગળી જાય તો સારૂં. પ્રસવ થયે પરિણામ સારૂં નથી. ગર્ભને ગાળી નાખવા માટે અનેક પ્રકારના ઔષધો ખાર પ્રમુખ ખાધાં પણ તે ગર્ભ ગળ્યો નહિ. નિકાચીત આયુષ્યનો ધણી એટલે એમ કરતાં નવ માસે જન્મ થયો, તે જન્મ થતાં જ તે બાળક ઉપર માતાની તિરસ્કાર બુદ્ધિ થવાથી દાસી પાસે તે બાળકને ઉકરડામાં ફેંકી દેવરાવ્યો. રાજાને ખબર પડી કે, રાણીએ પુત્રને ઉકરડામાં નંખાવ્યો, તે ઠીક કર્યું નથી. આથી રાજાએ રાણી પાસે આવી રાણીને ઉલંભો દઇ પુત્રને ઉકરડામાંથી તુરત પાછો મંગાવ્યો. તે વખતે કુકડાએ તેની આંગળી કરડેલી હોય એમ રાજાએ જોયું. રાજાએ રાણીને તે બાળકનું પૂર્ણ રીતે પોષણ કરવાનો અને કોઇ રીતે દગો ન કરવાના સોગન ખવરાવી સોંપ્યો. એમ અનુક્રમે અગીયારમે દીવસે તે બાળકનું નામ માતાપીતાએ **અશોકચંદ્ર**—અશોક વાડીમાં જન્મ થયો માટે—આપ્યું અને બીજું નામ ઉકરડામાં કુકડાએ આંગળી કરડવાથી '**કોણીક**' પાડયું, અને તે જગત્ પ્રખ્યાત થયું.

એકદા સમયે સુધર્મા દેવલોકે ઇંદ્રમહારાજે રાજા શ્રેણીક દ્રઢસમકીતી, દેવગુરૂ ધર્મનો પુરો આસ્તીક અને પ્રેમી છે, વળી તેની બરાબરી કરી શકે તેવો કોઈ હાલમાં શ્રાવક નથી, અને તેને કોઇ દેવ પણ ડગાવવા શક્તિમાન નથી, તે બાબત બહુજ પ્રસંશા કરી જેથી એક મિથ્યાત્વી દેવતા મૃત્યુ-લોકમાં તેની પરીક્ષા કરવા માટે સાધુનું રૂપ કરી હાથમાં માછલા પકડવાની જાળ લઇ રાજા શ્રેણીકની પાસે થઇ નીકળ્યો. તે વારે જૈનધર્મના દ્વેષી માણસોએ આ દેખાવ જોઇ રાજાને કહ્યું કે, સ્વામી ! આપના ગુરૂમહારાજને નમસ્કાર કરો ! આથી તે સાધુને રાજાએ કહ્યું, દેવ આપ કયાં જાવ છો, અને હાથમાં આ શું છે ? તેવારે સાધુ બોલ્યા, હે રાજન ! હું માછલા પકડવા જાઉં છું; કેમકે સાધુઓ ઘણાખરા ક્ષત્રીઓ છે, તેમને માંસ મદીરા વીના ચાલતું નથી, જેથી મારા જેવા આ સામાન્ય માણસો માથે આ ફરજ નાંખી છે. રાજાએ કહ્યું, એ વચન તું ન બોલ. મહાવીરનાં સાધુ નિ-ષ્કલંકી છે. તેને માથે કલંક ન મુક. તારો પોતાનો દોષ કાઢ. રાજાનું મન બીજા સાધુઓ ઉપર જરા પણ શંકાવાળું થયું નહી. પછી તે દેવે એક સાધવીનું રૂપ ધારણ કર્યું. તે કેવું કે નવ માસ પુરા જાય છે, આંખમાં

અંજન આંજ્યું છે, કપાળે ચાંલ્લો કર્યો છે, અને દુકાને દુકાને સૂંઠ, મરી વીગેરે સુવાવડનો સામાન માગે છે. તે જોઈ રાજા શ્રેણીકે પૂછ્યું કે, હે સાધવી! આપ શા માટે ફરો છો? સાધવીએ કહ્યું, હું સુવાવડનો સામાન માગું છું. રાજાએ કહ્યું તેમ ન કરો. મારા અંતેઃઉરમાં ચાલો. ત્યાં તમારો નિર્વાહ કરાવીશ. જૈનધર્મને નીંદાવો નહી. તે વારે સાધવીએ કહ્યું, હે રાજા! તું કેટલીક સાધવીઓની સુવાવડ કરીશ! ચંદનબાળા, મૃગાવતી, પ્રમુખ જેણે નાનપણમાં દીક્ષા લીધી છે, તેમણે પણ કામને જીત્યો નથી. મારા કર્મના ઉદયથી હું પ્રગટ તમારી દ્રષ્ટિએ પડી, અને તેઓ સર્વ આ પ્રમાણે ગુપ્ત કામ કરે છે. રાજાએ કહ્યું, હે બાઈ! તું તારો પોતીકો દોષ કહાડ. તે મહાસતીઓ મોક્ષના મોતી છે. આથી રાજાને દેવગુરૂ, ધર્મ ઉપર જરાપણ શંકા થઇ નહી. રાજાના દ્રઢ પ્રણામ જાણી દેવતાએ બન્ને રૂપ વીશરાળ કરી, દેવનું રૂપ લઇ રાજા શ્રેણીકને પ્રણામ કર્યા અને કહ્યું કે, હે રાજા! તમને ધન્ય છે! ઇંદ્ર મહારાજે જેવી તમારી પ્રશંસા કરી તેવાજ તમને દીઠા. તમારી પરીક્ષા કરવાને માટે જ મેં સાધુ સાધવીનું રૂપ ધારણ કર્યું હતું. દેવે પ્રસન્ન થઇને કહ્યું કે, હે રાજા! જે માગો તે આપું. રાજાએ કહ્યું, માગવાનું કાંઇ નથી. મારે જે જોઇએ તે છે. તેમ છતાં પણ દેવ બે માટીના ગોળા આપી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો.

રાજાએ બે ગોળામાંથી એક ગોળો નંદારાણીને અને બીજો ગોળો ચેલણા રાણીને મોકલાવ્યો. તે ગોળા ભાંગતાં નંદારાણીના ગોળામાંથી કાનનાં કુંડળ અને ચેલણારાણીના ગોળામાંથી અઢારસરો મોતીનો હાર નીકળ્યો. તે પછી રાજા શ્રેણીક પોતાના અંતેઃઉર સહીત ભગવાન મહાવીર-ને વાંદવા માટે ઉદ્યાનમાં પધાર્યાં. પાછા વળતાં જંગલમાં એક સાધુ મહાત્માને ઝાડતળે ધ્યાન ધરી ઉભેલા રાજા રાણીએ દીઠા હતા. રાત્રિએ રાજારાણી પોતાના શયનગૃહમાં સુતા છે. રાણીનો હાથ બહાર રહેલ પણ શીયાળાની ઠંડીનો સ્પર્શ થતાં હાથ અંદર ખેંચી લીધો. આ વખતે જંગ-લમાં ઉભેલા સાધુ યાદ આવ્યા, અને વિચાર્યું કે, તેઓ વસ્ત્રવિના આ વખતે શું કરતા હશે! આ શબ્દ રાજાએ સાંભળ્યો અને વિચાર્યું કે, આ રાણીએ અત્યારે બીજા પુરૂષને યાદ કર્યો, માટે તે ખરાબ ચાલની જણાયછે. આથી મારૂં તમામ અંતેઃઉર પણ તેના જેવું જ ખોટું હશે. એવો વિચાર કરી પ્રભાતે અભયકુમારને બોલાવી આજ્ઞા કરી કે, અંતેઃઉર સહીત મકાન સળ-ગાવી મુકો. આવી આજ્ઞા આપીને શ્રેણીક રાજા પોતાનો વહેમ દૂર કરવા ઉતાવળા મહાવીર ભગવાનને આ બાબત પુછવા ગયા. મહાવીર ભગવાને

કહ્યું કે, હે રાજા! ચેડારાજાની સાત દીકરીઓ અને તે સાતે સતીયો છે. રાણીએ રાત્રે ફક્ત સાધુને જ યાદ કર્યા હતા. આટલું સાંભળતાં રાજા તુરત પાછા વળ્યા પણ ગામમાં આવતાં ધૂમાડો નીકળતો દીઠો. રાજા શ્રેણીકે અકળાઇને અભયકુમારને બોલાવી કહ્યું કે, જારે જા! આવું સાહસ કેમ કર્યું? આ સાંભળી અભયકુમાર બોલ્યા કે, મહારાજ! સ્ત્રીઓના બચાવ કરી ખાલી ધૂમાડો મેં આપને દેખાડયો છે. રાજા ખુશી થયો, પણ અભયકુમારે કહ્યું કે, મહારાજા! મેં આપની પાસે અગાઉ દીક્ષાની આજ્ઞા માગી હતી, પણ આપે કહ્યું હતું કે, હું જારે જા એમ કહું ત્યારે દીક્ષાની આજ્ઞા થઇ સમજજે. તો આપના મોઢામાંથી આજે જ આ વચન નીકળ્યું છે, માટે હું દીક્ષા લઇશ. આથી અભયકુમારે દીક્ષા લીધી. હવે કોણીક રાજાને ઉમર લાયક થયા પછી એક દિવસ એવો વિચાર આવ્યો કે, જ્યાં સુધી રાજા શ્રેણીક જીવે છે ત્યાં સુધી હું રાજગાદીએ બેસી શકીશ નહીં, માટે ગમે તેમ કરી રાજાને બંધીખાને નંખાવી દઉં તો ગાદીપર બેસાય. પણ આ કામમાં મારે મારા બીજા ભાઇઓની મદદ લેવી જોઇએ. એમ વિચારી પોતાના ઓરમાન કાળકુમાર પ્રમુખ દશ ભાઇઓને બોલાવી કહ્યું કે, હે ભાઈઓ! તમારા અને મારા સારા માટે કહું છું કે, પીતાશ્રી જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી આપણે રાજ્યલક્ષ્મી બરાબર ભોગવી શકીશું નહી, માટે જો તમારી ઇચ્છા હોય તો પીતાને કાષ્ટપીંજરમાં કેદ કરી, રાજ્ય આપણે અગીયાર ભાગે વહેંચી લઇએ, અને આજ્ઞા મારી વર્તે.

આ પ્રમાણે અગીયારે જણે એકમત થઇ રાજા શ્રેણીકને અનેક પ્રકારના પ્રપંચ કરી કાષ્ટપીંજરમાં કેદ કર્યો, અને રાજ્ય અગીયાર ભાગે વહેંચી લીધું. રાજ્યમાં આજ્ઞા કોણીકની ફેરવી. દુનીયામાં હાહાકાર વર્તાઇ રહ્યો, કે પિતાને કેદ કરી રાજ્ય લીધું. વળી પિતાને હમેશાં પાંચસેં ચાબખા મારવાનો હુકમ આપ્યો છે, અને તે માર્યા પછી રાણી ચેલણાને હુકમ કર્યો છે કે, તમારે બાર વાગ્યા પછી એક લોટો પાણી અને લુખો રોટલો ફક્ત મોકલવો. રાજાના હુકમથી રાણીને પણ આવું કરવું પડે છે. અહાહા! કેવો પીતાનો પ્રેમ અને કેવી પુત્રની દુષ્ટતા! પણ તેમાં કોઈ શું કરે! પૂર્વના કર્મ પ્રમાણે બધી જોગવાઇ મળે છે!

એક દીવસે રાણી ચેલણા બપોર વખતે ભોજન લઇ પોતાના સ્વામીને ભોજન કરાવતાં બહુ દીલગીર થઈ કહેવા લાગી કે, સ્વામી! પુત્રને ઉકરડામાંથી પાછો મંગાવી જીવાડયો તેનું ફળ તમે પામ્યા છો. રાજાએ કહ્યું કે, અરે રાણી! આવા તુચ્છ વિચાર ન કરો. પૂર્વના કર્માનુસાર સર્વ

બને છે! માબાપ છોરૂને ન મારે પણ તેને ઉછેરવાની ફરજ માબાપ બજાવે. આ સાંભળી રાણી ઘેર આવી.

એક દિવસ રાજા કોણીક પોતાની માતા ચેલણા રાણીની પાસે પોતાના પુત્રને ખોળામાં લઇ જમવા બેઠા છે, એવામાં તે બાળકે પેશાબ કર્યું અને તેના છાંટા ભોજનની થાળીમાં પડ્યા છતાં પણ તેને ક્રોધ ચઢ્યો નહી, અને પોતાની માતા ચેલણાને કહેવા લાગ્યો, હે માતા! પુત્રના ઉપર પિતાનો કેવો પ્રેમ રહે છે! તેના પેશાબના છાંટાં ભોજનમાં પડયા તો પણ મને ક્રોધ ચઢ્યો નહી. આવાં વચન સાંભળી ચેલણા અવસર જાણી બોલી કે, હે પુત્ર! તારા પિતાનો તારા ઉપર કેવો પ્રેમ હતો તે તું સાંભળ. જ્યારે તું ગર્ભમાં ત્રણ માસનો થયો તે વખતે તારા પ્રભાવથી મને ધણીના કાળજાનો માંસ ખાવાની ઇચ્છા થઈ તો તે ઇચ્છા પણ રાજાએ પૂર્ણ કરી; છેવટે નવ માસે તારો જન્મ થયા પછી મેં તને ઉકરડે નંખાવેલો હતો પણ તારા પિતાએ પાછો મંગાવી લીધો. ઉકરડામાં કુકડાએ તારી આંગળી કરડી હતી. તે આંગળી પાકવાથી તને વેદના ઘણી થતી હતી. તે વેદના ઓછી કરવા માટે તારી આંગળી રાજા પોતાના મોઢામાં રાખતા હતા, એટલે તું રોતો નહીં. આ પ્રમાણે તને ઉછેરી મોટો કર્યો! મોટા થયા પછી તું તારા પિતાશ્રીની કેવી ભક્તિ કરે છે? ખેર! તે ભક્તિનાં ફળ તને આગળ માલુમ પડશે. આ પ્રમાણે વચન સાંભળી પોતાના મનમાં દ્વેષભાવ હતો તે નીકળી ગયો, અને પીતાની ભક્તિ કરવાની ઉત્કંઠા પેદા થઇ. એક દિવસ પીતાને બંધનમુક્ત કરવા માટે લુહારને બોલાવ્યો પણ લુહાર આવતા પહેલાં પોતેજ વિચાર કર્યો કે, હું પોતેજ ઘણવતી પીંજરૂં તોડી નાંખી મારા પીતાને બંધનથી મુક્ત કરૂં. જેથી ઘણ લઈને દોડ્યો. તેને આવી રીતે આવતો જોઇ શ્રેણીકને પોતાના મનમાં ઉલટો વિચાર થયો કે, કોણીક ઘણવડે મને મારી નાંખશે. જેથી તાલપુટ વીષ ખાઇ રાજા શ્રેણીક મરણ પામ્યો.

રાજા કોણીક આ બનાવ જોઈ મુર્છાખાઇ જમીન ઉપર તુટી પડયો. અહાહા! મારા પિતાની ભક્તિ મારાથી કાંઇ પણ બની શકી નહી, ઇત્યાદિક, પાછળથી ઘણોજ પસ્તાવો થયો. લોકમાં પિતાનો જીવ લીધાનું કલંક માથે ચડયું જેથી રાજા કોણીકે રાજગૃહ નગરી છોડી ચંપાનગરી વસાવી અને ત્યાં રાજગાદી સ્થાપી. હવે શ્રેણીક રાજા હયાત હતા તે વખતે પોતે સેચાનક હાથી મેળવેલો અને દેવતાએ અઢારસરો મોતીનો હાર શ્રેણીક રાજાને આપેલો તે બંને ચીજ પોતાની વૃદ્ધાવસ્થાએ પોતાના સહુથી નાના

દીકરા ચેલણા રાણીના અંગ જાતક જે હલ અને વીહલ તે બંનેને બક્ષીસ તરીકે આપેલા. તે હાથી તથા હાર સહીત હલ અને વીહલની રાણીઓ નદીએ ક્રિડા કરવા માટે હંમેશાં જાય છે. તે ક્રીડા કરતાં કોણિક રાજાની પટરાણી પદ્માવતી રાણીએ જોયું અને મનમાં વિચાર થયો કે, આ હાર હાથી મારી પાસે હોય તો સારૂ. એમ વિચારી કોર્ણીક રાજાને કહ્યું કે, આપ રાજકર્તા તરીકે નામ ધરાવો છો તો ભલે, પણ રાજના રત્નની સાહ્યબી કોઈક ભોગવે છે, તેમ થવું ન જોઇએ, તેથી રાજની શોભા ન કહેવાય, માટે ગમે તેમ કરી હલ–વીહલ પાસેથી હાર, હાથી તમારે સ્વાધીન લેવા. એ સાંભળી રાજા કોર્ણીક બોલ્યો કે, હે પ્રિયા ! તે કોઈ બીજા માણસ નથી. તે મારા સગા ભાઇ છે, અને મારા રાજ્યમાં જ છે, વળી તે વસ્તુ પણ મારી જ છે એટલે તેમાં કહેવાપણું બીજું કાંઈ નથી. આ વચન સાંભળી રાણી બોલી કે, હા, તે તમારૂં કહેવું ખરૂં છે, પણ હાર હાથી સ્વતંત્ર માગી લ્યો. જો આપે તો તમારા સાચા ભાઈ સમજવા. ઈત્યાદિક અનેક સ્ત્રીચરિત્ર વડે કરી રાજાને બહુ ભંભેર્યો, અને હાર હાથી સ્વતંત્ર લેવા, એવો વિચાર કરી રાજાએ પોતાના લઘુભાઇ હલ–વીહલને બોલાવી કહ્યું કે, ભાઈ ! જે હાર હાથી તમારી પાસે છે તે રાજના ભંડારમાં જ શોભે છે. તે હાલ અમને આપો. તમારે જોઇએ ત્યારે માગી લેજો. તે વારે લઘુભાઇએ જવાબ આપ્યો કે, વડીલ બંધુ ! આપ જે વસ્તુ માગો છો તે ઠીક છે, પણ તે વસ્તુ પિતાએ ઉપરાજેલી અને તેમની હયાતીમાં અમને તેમના તરફથી મળેલી છે. તો તેમાં આપને કાંઈ માગવા જેવું છે નહી. વળી આપને પિતા તરફનું સ્વતંત્ર રાજ મળેલું છે, જો તેમાંથી અમને રાજ્યનો ભાગ આપો તો અમે તમને હાર હાથી આપીએ. તે ભાગ આપવાની રાજા કોર્ણીકે ના પાડી, અને હાર હાથી લેવા ચોક્કસ ઠરાવ કર્યો. એટલે બંને ભાઇએ તરત ત્યાંથી ઉઠી પોતાને સ્થાનકે આવી વિચાર કર્યો કે, ભાઇની ધાનત ખોટી થઈ છે. હવે અહીં રહેવામાં કાંઈ ફાયદો નથી. એમ વિચારી હાર, હાથી અને પોતાનો પરિવાર લઇ, વીશાળા નગરીમાં ચેડા રાજા જે પોતાની માતાના પિતા ત્યાં ચાલ્યા ગયા. ત્યાં જઇને ચેડા રાજાને ખબર આપી કે, આવા કારણથી અમે નાસીને તમારે શરણે આવ્યા છીએ, માટે શરણાંગતનું રક્ષણ કરવું એ ક્ષત્રીનો ધર્મ છે. એ સાંભળી ચેડા રાજાએ વિચાર્યું કે, કોર્ણીક રાજા મહા બળવાન છે. હું તેને એકલો જીતી શકું તેમ નથી. એમ વિચારી પોતાના સ્વધર્મી નવલછી, નવમલ્લી એ અઢાર દેશના રાજાને તમામ હકીકત લખી જણાવી. વિશેષમાં લખ્યું

કે, અમારે બંને દીકરાને પાછા મોકલવા કે શરણે રાખવા ? અઢાર દેશના રાજા તરફથી જવાબ મળ્યો કે, ક્ષત્રી અને નીતિધર્મનું ઉલ્લંઘન ન થાય, માટે આવેલાને શરણે રાખવા. તમારી મદદ માટે અમે તૈયાર છીએ. આવો જવાબ મળવાથી બન્નેને ધીરજ આપી પાસે રાખ્યા. કોર્ણીક રાજાએ બંને ભાઇઓની શોધ કરતાં પત્તો નહી લાગવાથી ખબર કઢાવી તો વીશાળા નગરીમાં ચેડા રાજાની પાસે છે એમ જાણ્યું. ત્યાં માણસ મોકલી કહેવડાવ્યું કે, હાર–હાથી સહીત બંને ભાઇઓને પાછા મોકલો. ચેડા રાજાએ જવાબ આપ્યો કે, મારે ત્રણે દીકરીના દીકરા એકસરખા છે. વિશેષમાં તે બંને ભાઇ મારે શરણે આવેલા તેને પાછા કેમ મોકલું ? તેમ છતાં જો તમારે હાર–હાથી વગેરેનો ખપ હોય તો તમારા રાજ્યમાંથી બંને ભાઇને ભાગ આપો. ન આપો તો મરજી મુજબ કરો. તે વારે કોર્ણીક રાજાએ પોતાના કાલકાદિક દશ ભાઇઓ સાથે વિચાર કરી પોતાનાં તમામ લશ્કર એટલે ૩૩ હજાર હાથી, ૩૩ હજાર ઘોડા, ૩૩ હજાર રથ, અને ૩૨ કરોડ પાયદળ સહીત આવી વિશાળા નગરીને ઘેરી લીધી. તે વારે ચેડા રાજા પણ પોતાના લશ્કર સહીત ૧૮ દેશના સ્વધર્મી રાજાઓ સહીત એટલે ૫૭ હજાર હાથી, ૫૭ હજાર ઘોડા, ૫૭ હજાર રથ, અને ૫૭ કરોડ પાયદળ સાથે સામા આવી લડાઇ જાહેર કરી. ચેડા રાજા બાર વ્રતધારી શ્રાવક હતા, જેથી વ્રત લેતી વખતે પ્રભુ પાસે આગાર રાખેલ કે, હે પ્રભુ ! હું એક રાજકર્તા છું તો રાજકાજની ખટપટમાં કદી ઉતરવું પડે તો તેમાં સ્વ–અપરાધીનો આગાર, તેમાં પણ ફક્ત દિવસ પ્રત્યે એકજ બાણુ નાંખવું. તે વારે તેમનો એક મીત્ર દેવતા હતો તેણે એ વચન સાંભળી ખુશી થઈ કહ્યું કે તમારૂં બાણુ (અમોઘ) ખાલી નહી જાય. આ પ્રમાણે બંને રાજાઓની માંહોમાંહી લડાઇ ચાલુ થઇ. પહેલે દીવસે કોર્ણીક રાજા તરફથી કાલકુમાર લશ્કર લઇ ચઢયો. ઘણા માણસોનો સંહાર થયો. દીવસના અંત સમયે ચેડા રાજાએ કાલકુમાર સામું બાણુ મારી પહેલે દીવસે કાલકુમારને માર્યો. એમ દશ દીવસે દશે ભાઇઓના જીવ લીધા. છેવટે કોર્ણીક રાજા એકલો રહેવાથી ગભરાયો. તેણે વિચાર કર્યો કે, હવે દેવની સહાય વિના હું જીતી શકીશ નહી. એમ જાણી અઠમ તપ કરી પોતાના પૂર્વના મિત્ર સક્રેંદ્ર અને ચમરેન્દ્રને આરાધ્યા. આરાધવાથી તેઓ આવ્યા. દેવે કહ્યું શા કામે બોલાવ્યા છે ? કોર્ણીકે કહ્યું, હે દેવ ! મારા શત્રુ ચેડા રાજાનો જીવ લ્યો. તે વારે દેવોએ કહ્યું, તે અમારાથી બનશે નહી. કારણ કે ચેડા રાજા અમારો બંધુ છે. તેથી મારી તો શકાશે નહી, પણ તારા

શરીરનું રક્ષણ કરીશું. એમ કહી ચમરેન્દ્રે રથ મુશળ અને મહાસીલા કંટક એ બે સંગ્રામ નીપ્યા. જેની અંદર એક કરોડ એંસી લાખ માણસનો સંહાર થયો. છેવટે ચેડા રાજાએ બાણ માર્યું, પણ દેવની સહાયથી બાણ ખાલી ગયું અને ચેડા રાજાના લશ્કરમાં એવી વાત ચાલી કે, આપણા રાજાનું પુણ્ય ખૂટયું છે, જેથી લશ્કર ભાગવા માંડયું. ચેડા રાજા પણ દરવાજા બંધ કરી નગરીમાં પેસી ગયો. કોણીંક રાજાએ પ્રતિજ્ઞા કરેલી કે વીશાળા નગરીમાં ગધેડાથી હળ ફેરવાવું ત્યારે જ જીવતો રહું. નહિ તો ઝંપાપાત ખાઇ મરણ પામું. એવી પ્રતિજ્ઞા કરી વીશાળા નગરીને ઘેરો ઘાલી પડયો છે. પણ વીશાળ નગરીમા પ્રવેશ કરાતો નથી. તે વારે રાત્રિના વખતે હળ અને વીહલ–કુમાર વિભંગજ્ઞાન વાળા સીચાનક હાથી ઉપર બેસી ઘણાં માણસોનો વિનાશ કરી ગામમાં ચાલ્યા જાય છે પણ કોઇ તેમને પકડી શકતા નથી. તે વારે કોણીંક રાજાના મંત્રીઓએ એક ખાઇ ખોદાવી નીચે અંગારા સળગાવી ઉપર પાટીઆ નાખી તરણા ઢાંક્યા. રાત્રે હળ અને વીહલ કુમાર હાથી ઉપર બેસીને ખાઇની નજીક આવ્યા. હાથીને વિભંગજ્ઞાન હોવાથી ખાઇના કાંઠાથી આઘો બીલકુલ ખસે નહી. તેવારે ઉપર બેઠેલા હલ વીહલે હાથીનો તિરસ્કાર કરી કહ્યું કે અરે કુજાત! તારે માટે અમારો દેશ અમે ત્યાગ કર્યો, વહાલામાં વીરોધ કર્યો, છતાં આ વખતે અમારા કામમાં આવતો નથી, તું નીમકહરામી થયો, તારા કરતાં કુતરાને પાળ્યું હોત તો જરૂર અમારા કામમાં આવત. પણ તું ખરાબ નીવડયો. હાથી આવા કઠોર વચન સાંભળી ઉપર બેઠેલા હલ વીહલ બંને ભાઇઓને પોતાની સૂંઢવતી પકડી પોતાની પાછળ નાખી પોતે બળતી ખાઈમાં પડી મરણ પામ્યો. આ ભયંકર બનાવ જોઈ હલ વીહલ બંને ભાઇ ઘણા પસ્તાયા કે આ જાતવંત જનાવરનો આપણે જીવ લીધો. હવે આપણે શું કરવું અને ક્યાં જવું! જો ભગવંત મહાવીરનો સમાગમ થાય તો દીક્ષા લઇએ. આમ વિચાર કરતાં શાસનદેવોએ ત્યાંથી ઉપાડી મહાવીરના સમોશરણમાં તેમને મૂક્યા. ત્યાં તેમણે દીક્ષા લઇ આત્મસીદ્ધી કરી.

હવે કોણીંક રાજાની પ્રતિજ્ઞા પૂર્ણ નહી થવાથી ઘણો અકળાયો એવામાં આકાશવાણી થઇ કે, માગધીકા ગણીકા સાથે કુળવાળુ સાધુ ક્રીડા કરે તો વીશાળા નગરી કોણીંકથી લેવાય. આ વચન સાંભળી રાજાએ ગણીકાને બોલાવી સર્વે હકીકત કહી. ગણીકા તે વાતનું બીડું લઇ કપટ શ્રાવીકા બની પોતાની સાથે માણસો લેઈ સાધુ શોધવા માટે

નીકળી પડી. જ્યાં કુળવાળુ સાધુ તપ કરે છે ત્યાં પોતાના ડેરા તંબુ નાખી ઉતરી, ગૌચરીના વખતે તે કપટ શ્રાવીકા સાધુ પાસે આવી, ભાવના ભાવવા લાગી કે, હે સ્વામી! હું બાર વ્રત ધારી શ્રાવીકા છું. સાધુ દર્શન માટે નીકળી છું. તેમાં રસ્તામાં આપ જેવા પવિત્ર મહાપુરૂષના દર્શન થયા જેથી હું મહારા આત્માને કૃતાર્થ માનું છું; પણ મારે એવો નિયમ છે કે સાધુની જોગવાઈ મળે અન્નપાણી વહોરાવ્યા વિના જમવું નહિ. માટે આપ કૃપા કરી મને તારો. આથી સાધુ ત્યાં ગૌચરી ગયા. તેણીએ નેપાળા સહીત લાડુ વહોરાવ્યા. તેનો આહાર કરવાથી સાધુને અતીસારનો રોગ થઇ ગયો. તે વારે તે કપટ શ્રાવીકાએ થોડેથોડે તેની વૈયાવચ્ચ કરતાં છેવટે સાધુનું મન ડગાવી પોતાના પતિ તરીકે બનાવી ત્યાંથી લેઇ પોતાને સ્થાનકે આવી. ઘેર આવ્યા પછી ગુણકાએ કહ્યું કે, સ્વામી! કાંઇ પણ પૈસાને માટે ઉદ્યમ કરો. સાધુ શાસ્ત્રનો જાણકાર હોવાથી નીમીત્તીયો બન્યો જેથી ગણીકા કૌણીંક રાજાની પાસે તેને લઇ આવી. કૌણીંક રાજાએ તેને વિનંતિ કરી કે, હે નીમીત્તિયા! આ વિશાળા નગરી અમારાથી કેમ લેવાય, તે કારણ શોધી આપ. તું માગીશ તે આપીશ. તેવારે નીમીત્તિયાએ વિશાળા નગરીમાં ફરતાં ફરતાં એક મુહુર્ત સ્તંભ જોયો કે જેનું નગરી બાંધતા પહેલા પ્રથમ મુહુર્ત કરેલ. તે મુહુર્ત એવું હતું કે, સ્થંભ જ્યાં સુધી ઉભો હોય ત્યાં સુધી દેવોથી પણ તે નગરી લઈ શકાય નહિ. તે જોઇ નીમીતીઓ ગામની અંદર ફરી કહેવા લાગ્યો કે, હે ગામ લોકો! શું કરવા તમે સંકટરૂપી કેદખાનું ભોગવો છો. તમારે દુઃખમાંથી મુક્ત થવાનું એક કારણ મેં શોધી કાઢયું છે, તે એ કે આ મુહુર્તસ્થંભની મુદત પુરી થએલ છે. જ્યાં સુધી આ સ્થંભ ઉભો રહેશે ત્યાં સુધી તમે સંકટમાંથી મુકત થશો નહિ. માટે જેમ બને તેમ જલદી મૂળમાંથી ખેંચી કાઢો. આ પ્રમાણે ગામ લોકે સાંભળી તે સ્થંભને ખોદાવવા માંડયો. તેવારે કૌણીંક રાજા સાથે કરેલા પ્રપંચથી લશ્કર બે ગાઉ પાછું હઠી ગયું અને ગામ લોકોની તે નીમીત્તિયા ઉપર પૂર્ણ શ્રદ્ધા બેઠી. છેવટે બીજે દીવસે તે સ્થંભ મૂળથી સીલા સહિત ઉપાડી ફેંકી દીધો. તે વારે કૌણીંક રાજાનું લશ્કર એકદમ ચઢી આવ્યું, અને પોતાની લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરી, ગધેડાનું હળ ફેરવ્યું. ચેડા રાજા વ્રત આળોવી દેવલોક ગયા. કુળવાળુ અવનિત સાધુ મરી નરકને વિષે ગયો. ગુરૂનું વચન સત્ય થયું, અને હાર દેવતા લઇ ગયો.

ક્રોધ ઉપર ચંડકોશીયાની કથા બીજી.

ગાથા ૧૧ મી—પૂર્વાધ બે પદ–

अणासवा थुलवया कुसीला,
मीउंपि चंडं पकरंति सीसा;

ભાવાર્થ:—ગુરૂનાં વચન નહિ સાંભળનાર, નહિ માન્ય કરનાર, ખોટા બોલો, પોતાને ફાવે તેમ બોલનાર, માઠા સ્વભાવનો, એવો જે અવનીત શિષ્ય હોય તે પ્રકૃત્તિએ ભદ્રિક ગુરૂને પણ અત્યંત ક્રોધી કરે છે.

એક નગરને વિષે પવીત્ર સાધુની કરણીના કરનાર ગુણવંત મહાત્માને પોતાના પાપના ઉદયથી દુષ્ટ—ક્રોધી શિષ્ય મળ્યો હતો. તે હરવખત ગુરૂને દુઃખ દેવામાં કસર મુકતો નહિ છતાં ક્ષમાવાન માહાત્મા તેના ઉપર કંઇપણ લક્ષ આપતાં નહોતા, અને સમતાં સહીત ચારીત્ર પાળતા હતા. એક દીવસે ગુરૂશિષ્ય બન્ને ઠંડીલ જાતાં રસ્તામાં સૂકી દેડકીનું કલેવર ગુરૂના પગ નીચે આવી જવાથી દુષ્ટશિષ્યે બુમ પાડી કે, મહારાજ! તમારા પગ નીચે દેડકુ ચગદાઇને મરણ પામ્યું. તેવારે ગુરૂને નીચે બેસી તપાસ કરતાં માલુમ પડયું કે આ સુકાયલું કલેવર દેડકીનું છે, જેથી ગુરૂએ ઉઠી આગળ ચાલવા માંડયું. શિષ્ય વારંવાર યાદ કરાવી કહેવા લાગ્યો કે, માહારાજ! દેડકી કચરી તેનું પ્રાયશ્ચિત લ્યો. ગુરૂએ કહ્યું, ભાઇ! તે કલેવર હતું. પણ ચેલો કબુલ કરે નહીં, આખો દીવસ તેજ વાતનો કજીયો લઇ બેઠો, છેવટ રાત્રે પણ તેજ વાત. વારંવાર કહેવા લાગ્યો, તે વારે ગુરૂ ક્ષમાવાન છતાં પણ ક્રોધાતુર થઇ શિષ્યના ઉપર ઓઘાની દાંડી લઇને ક્રોધ સહીત મારવા ઉઠયા. અંધારૂં હોવાથી શિષ્ય એક જગ્યાએ સંતાઇ ગયો. ગુરૂ ક્રોધ સહીત જોસમાં દોડવા જતાં, થાંભલો માથામાં વાગવાથી તરતજ બેશુદ્ધ થઇ મરણ પામ્યાં અને વીરાધીક થઇ જ્યોતીષીમાં ગયાં. ત્યાં આયુષ્ય પુરૂ કરી કોઇ તાપસને ઘેર અવતાર લીધો, ત્યાં પણ ક્રોધ સહીતજ ઉત્પન્ન થયા. એક દીવસે પોતાના બગીચામાં કોઈ રાજકુમારને આજ્ઞા વગર ફૂલ ચૂંટતો જોઇ તેના ઉપર ક્રોધ કરી, હાથમાં ખંજર લઇ દોડયો. ક્રોધના આવેશમાં દોડતાં જમીન લગતા અંધ કુવામાં

પડી મરણ પામ્યો, ત્યાંથી ચંડકોસીક સર્પ થયો. તે સર્પ દ્રષ્ટિ–વીષ મહાક્રોધી હોવાથી ઘણા માણસોને કરડી જીવ લેતો હતો તેવામાં મહાવીર ભગવાને છદ્મસ્તપણે તેને તારવા માટે તેના રાફડાં ઉપર આવી, કાયોત્સર્ગ કર્યો તે વારે ચંડકોસીયો દરમાંથી નીકળી પ્રભુના અંગુઠે ડંખ દેઈ લોહી પીવા લાગ્યો. તે પ્રભુના શરીરનું લોહી દુધ સાકર કરતાં પણ વધારે સ્વાદિષ્ટ હોવાથી વિચારમાં પડયો કે, આ મનુષ્ય કોણ હશે ? તેવારે પ્રભુએ તેને બોધ કર્યો કે, હે ચંડકોસી ! તું ક્રોધના આવેશમાં તારૂં ચોખ્ખું ચરિત્ર બાળી ભષ્મ કરી છેવટે આવી અધમ ગતિને પામ્યો તોપણ હજી ક્રોધ કેમ મુકતો નથી ? આ શબ્દ સાંભળતાં સર્પને પૂર્વ ભવનું જાતિ સ્મરણ જ્ઞાન થયું, અને પ્રભુને નમસ્કાર કરી પોતાના પાપમાંથી છુટવા માટે પ્રભુ પાસેથી અણુસણ વ્રત લીધું. મ્હોં દરમાં રાખી શરીર બહાર વોસરાવ્યું. તે વારે માણસો તે ઉપર, સાકર પુષ્પ, દહીં વીગેરે નાખી પુજા કરવા લાગ્યાં કે, નાગદેવ તુષ્ટમાન થાય. મીઠાશને લઇ કીડીઓએ આવી શરીર ચારણી જેવું કરી નાંખ્યું, છતાં જરાપણ ક્રોધ કર્યો નહી. એવી ક્ષમા સહીત કાલ કરી આઠમે દેવલોકે દેવ થયો.

ક્ષમા ઉપર ચંદ્રરૂદ્રાચાર્યની કથા ત્રીજી.

गाथा १३ मी–उत्तरार्ध बे पद—

चित्ताणुया लहु दुरको ववेया,
पसायए तेहु दुरासयंपि ॥ १३ ॥

ભાવાર્થ:—ગુરૂના ચિત્ત યા મનના અભિપ્રાય મુજબ ચાલનાર, શીઘ્ર વિલંબ રહીત કાર્યનો કરનાર, એવો જે વિનયવંત શિષ્ય હોય તે અતિ ક્રોધી એવા ગુરૂને પણ શાંત–પ્રસન્ન કરે છે. ૧૩

ઉજ્યણી નામે નગરીમાં ચંદ્રરૂદ્ર નામે આચાર્ય પોતાના શિષ્યો સહિત ચોમાસું રહ્યા હતા તે ચંદ્રરૂદ્ર આચાર્ય ઘણાજ ક્રોધી હોવાથી શિષ્યોએ વિચાર કર્યો કે, આપણે સર્વે ભેગા રહે- વાથી કદી ગુરૂ મહારાજને ક્રોધ થશે તો તેના કારણભુત આપણે થઇ માઠી ગતિએ જવું પડશે એમ વિચારી ગુરૂ મહારાજને તેમના મન પસંદ એક

અલાયદું મકાન રહેવા માટે આપ્યું. અને વખતો વખત ગુરૂની સેવા શિષ્યો સાચવી લે છે. આ પ્રમાણે ગુરૂ સમતાં સહીત એકાંતમાં ધ્યાન કરે છે. તેવે અવસરે નગર મધ્યે કોઇ શાહુકારનો નાની વયનો બાળક પરણીને ઘેર આવ્યો અને તેજ વેશ સહીત પોતાના મિત્ર તથા સાળાને સાથે લઈ ગુરૂના દર્શન કરવા આવ્યો. તે વારે પ્રથમ જુદા રહેલા શિષ્યોના દર્શન કરી આવેલા મિત્ર વીગેરેની પાસે નવ પરણેલાં છોકરાંની હાંસી મશ્કરી કરવા લાગ્યા કે, હે મહારાજ ! આ છોકરો એના માબાપની આજ્ઞા લેઈ આપની પાસે દીક્ષા લેવા આવ્યો છે, માટે એને દીક્ષા આપી મોક્ષમાં પહોંચતો કરો. તે વારે સાધુએ કહ્યું કે, અમે ન જાણીએ. ગુરૂ મહારાજની પાસે જાવ. એમ કહી ગુરૂને દેખાડયાં. સર્વે હાંસી મશ્કરી કરતાં ગુરૂની પાસે આવી ઉભા રહ્યા. તેમાં પરણેલા છોકરાના સાળાએ પોતાના બનેવીનો હાથ પકડી ગુરૂના ખોળામાં માથું મુકાવી ગુરૂને કહ્યું કે, મહારાજ! આના પિતાની આજ્ઞા છે માટે આપ જરૂર આને દીક્ષા દ્યો. ગુરૂએ ક્રોધમાં તેનું માથું બે હાથે પકડી લોચ કરી નાંખ્યો. લોચ કરતાં દેખી સર્વે છોકરાં નાસી ગયાં. લોચ કરેલા છોકરાએ વિચાર કર્યો કે, ગુરૂ મહારાજે મારે માથે હાથ મુકી લોચ કર્યો તો હવે મારે સારી રીતે દીક્ષાવ્રત લેવું એમ ચિંતવી ગુરૂ પાસે પંચ મહાવ્રત અંગિકાર કર્યાં. પછી શિષ્ય ગુરૂ પ્રત્યે કહેવા લાગ્યો કે, મહારાજ ! મારૂં કુટુંબ મોટું છે અને હું મારા માતાપિતાને એકનો એક પુત્ર છું. આપની પાસે મને દીક્ષા લીધી જાણુશે તો આપને દુઃખ દેશે. માટે આ સ્થળ આપને વર્જવા યોગ્ય છે. તે વખતે દીવસ અસ્ત થવાની તૈયારી હતી, છતાં પણ ભયને લીધે સાંજ વખતે જ સાધુએ વિહાર કર્યો. રસ્તે ચાલતાં રાત્રી પડી. રાત્રી અંધારી હોવાથી ગુરૂને રસ્તો દેખાય નહિ. ખાડામાં પગ પડવા લાગ્યા. તે વારે ગુરૂ ક્રોધ કરી શિષ્યને કહેવા લાગ્યાં, અરે પાપીષ્ટ ! હું સુખે બેઠો હતો, પણ તારી દીક્ષાના કારણથી આ જંગલનું દુઃખ મારે વૃદ્ધાવસ્થામાં ધારણ કરવું પડયું. તે સાંભળી શિષ્ય બોલ્યો, હા મહારાજ ! મારા કારણથી આપ દુઃખ ભોગવો છો, એ પાપથી હું ક્યારે મુક્ત થઇશ ! આપને સુખને બદલે દુઃખ દેનારો હું નીવડયો, એમ પસ્તાવો કરતાં ગુરૂને પોતાની ખાંધે બેસારીને ચાલે છે, પણ રાત્રીના વખતમાં તેનો પગ ખાડામાં પડવાથી ખભા ઉપર બેઠેલા ગુરૂને આંચકા આવવાથી ગુરૂ ક્રોધ કરી તેના માથા ઉપર લાકડીનો પ્રહાર કરવા લાગ્યા. જેથી માથું ફુટી લોહી ચાલ્યું જાય છે, છતાં પણ સુપાત્ર શિષ્ય પોતાનાજ આત્માને વારંવાર ધિક્કારવા લાગ્યો. એમ ચાલતાં

ચાલતાં ક્ષમા સહીત અંતે ઘનઘાતી કર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. અને સર્વ વસ્તુના જાણકાર થવાથી સીધે રસ્તે ચાલવા લાગ્યા. ખભા ઉપર બેઠેલા ગુરૂએ વિચાર્યું, દુનિયામાં કહેવત છે તે ખરી છે કે, "ઝુધે જાર બાજરી, ઝુધે નાર પાધરી, ઝુધે ડોઘું દોવા દે, ઝુધે છોકરૂં છાનું રહે." આ કહેવત પ્રમાણે એકજ દંડાના પ્રહારથી કેવો સીધો દોર થયો. એકજ પ્રહારનું કેવું ફળ પામ્યો! શિષ્યે કહ્યું, ગુરૂ સેવાનું ફલ પામ્યો તેથી સીધો ચાલું છું. ગુરૂએ કહ્યું કે, પ્રતિપાતી કે અપ્રતિપાતી? શિષ્યે કહ્યું કે, આપ્યું જાય નહિ એવું અપ્રતિપાતી. ગુરૂએ કહ્યું, શું કેવલજ્ઞાન? શિષ્યે કહ્યું, હા સ્વામી. આ સાંભળી ગુરૂ તુરતજ ખભા ઉપરથી નીચે ઉતરી નમસ્કાર કરી પસ્તાવો કરવા લાગ્યા. અહા! મેં કેવલીની આસાતના કરી. એ કર્મથી હું કેમ છુટીશ! ઇત્યાદિક પસ્તાવો કરતાં ગુરૂને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. સમજવાનું એ છે કે ક્ષમા એ પ્રચંડ ક્રોધીને પણ ગુણવાન કરી શકે છે.

ક્રોધ અસત્ય કરવા ઉપર કુલપુત્રની કથા ચોથી.

गाथा १४–मी पद त्रण–

नापुट्ठो वागरे किंचि, पुट्ठोवा नालियं वए;
कोहं असच्चं कुव्वेज्जा,

ભાવાર્થ:—ગુરૂએ અણબોલાવ્યો તથા બોલાવ્યો થકો, કિંચિત્ માત્ર–થોડું પણ અસત્ય ન બોલે અને ક્રોધને આધીન થઇને જે કાંઇ અઘટીત કાર્ય કર્યું હોય તે નિષ્ફળ કરે. ૧૪

એક ગામની અંદર બે ભાઇ પોતાની માતા સહિત રહેતા હતા. તેમાં મોટો ભાઇ કામ પ્રસંગે બહાર જતાં રસ્તામાં કોઈ ચોર લોકોએ તેની ઘાત કરી નાંખી. આ વાત તેની માતાના જાણવામાં આવતાં તેણે નાના પુત્રને કહ્યું કે, હે પુત્ર! તારા વડીલ બંધુની ઘાતના કરનારનો જીવ ના લે, ત્યાં સુધી તું સાચા ક્ષત્રીનો પુત્ર કહેવાયજ નહિ. માતાનાં આવાં વચન સાંભળી પોતાને વૈરી પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થયો. તે ક્રોધ સહીત પોતાના ભાઇની ઘાત કરનારાને પકડી લાવ્યો અને

માતાની પાસે ઉભો રાખી તરવાર કાઢી તેનો જીવ લેવાની તૈયારી કરવા લાગ્યો. આ જોઇ ગુન્હેગાર મોઢામાં તરણું લઈ હાથ જોડી કહેવા લાગ્યો કે, હું ક્ષત્રીને શરણે છું. તેના આવા નમ્રતાના વચન સાંભળીને પુત્ર પ્રત્યે માતા કહેવા લાગી ઉત્તમ પુરૂષોનો એવો ધર્મ છે કે–૧ શરણે આવેલાને, ૨ વિશ્વાસે રહેલાને, ૩ નમીને ચાલે તેને, ૪ દુઃખીયારાને, ૫ રોગથી ઘેરાએલો હોય તેને અને ૬ અપંગ એ ૭ જણને ન મારવા.

હે પુત્ર! શરણે આવેલાને ન માર. તે વારે પુત્ર કહેવા લાગ્યો કે, હે માતા! મારો ક્રોધ સફળ કેમ થાય? માતા કહેવા લાગી કે, હે પુત્ર! સર્વ ઠેકાણે ક્રોધ ફળ સહીત ન કરીએ. એવાં માતાનાં વચન સાંભળી શાંત થઈ ક્રોધને નિષ્ફળ કરી વૈરીને જતો કર્યો. એમ છદ્મસ્ત સાધુને ક્રોધ આવ્યો હોય તો આઠ પ્રવચનમાતા સાંભળીને ક્રોધને નિષ્ફળ કરવો–એ ક્રોધને અસત્ય કર્યો કહેવાય.

હીતકારી વચન ધારવા ઉપર ત્રણ મંત્રવાદીની કથા પાંચમી.

गाथा १४ मी पद चोथुं–धारेज्जा पियमप्पियं ॥१४॥

ભાવાર્થ:—જે વિનીત શિષ્ય હોય તે આકરાં અથવા શાન્તકારી એવાં ગુરૂનાં વચન સાંભળી મનમાં એવો વિચાર કરે કે જે વિનયનું કર્તવ્ય છે તે મને પ્રિયકારી છે, અને અવિનયનું કર્તવ્ય છે તે મને અપ્રિયકારી છે.

પૃથ્વીભુષણ નામે નગરને વિષે ઉદાયણ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં બાવન બજાર, ચોરાસી ચૌટા અને અઢાર વવાએ કરીને સહીત લોકો પોતાનો વખત સુખમય ગુજારતા હતા. એવામાં એકદમ મરકી (પ્લેગ)નો રોગ ઉત્પન્ન થયો. જે દિનપ્રતિદિન હદ છોડી વધવા લાગ્યો. અનેક ઉપાય કર્યા છતાં નિષ્ફળ ગયા. રાજા ચિંતાતુર થયો કે, આ ઉપદ્રવ હવે કેમ અને ક્યારે શાંત થશે. એવી ચિંતામાં બેઠા છે, તેવામાં પરદેશી ત્રણ મંત્રવાદી તે ગામમાં આવ્યા. રાજાને ખબર પડતાં તુરત તેને બોલાવી બહુ આદર આપી પૂછ્યું કે, આ નગરીમાંથી રોગ કેવી રીતે મટે, તે ઉપાય આપના જાણવામાં હોય તો

કૃપા કરી જણાવો. ત્યારે એક મંત્રવાદી બોલ્યો કે, મેં એક દેવને સાધ્યો છે, તે દેવ એવો તો રૂપવંત છે કે પ્રત્યક્ષ જાણે ઈંદ્ર કહીએ તો ચાલે. તે દેવને હું બોલાવું અને તે નગરમાં ઘેરેઘેર ફરે તો મરકી તદ્દન શાંત થઈ જાય. પણ તે દેવતાના સામું જે કોઇ જુએ તે માણસ તરત મરણ પામે. તે સાંભળી રાજા મૌન રહ્યો. બીજા મંત્રવાદીને બોલાવ્યો, તો તેણે કહ્યું કે, મેં પણ એક દેવ સાધ્યો છે. તે એવો કુરૂપ છે કે, પગ એક, માથાં પાંચ, પેટમાં ખાડો, કુખ ઉંચી, હોઠ લબડતા, નાક ચીબું, કાન સુપડા જેવા અને હાથ દોરડી જેવા એવો દેવ છે. તે નગરમાં ઘેરેઘેર ફરે, અને લોક તેની સ્તુતિ કરે તો મરકી શાંત થાય, પણ જો તે દેવની સામું જોઇને હસે તો મરણ પામે. બાદ ત્રીજા મંત્રવાદીને પૂછયું તો તેણે કહ્યું કે, મારો દેવ બહુ રૂપવાન તેમ કુરૂપવાન નથી. તે ઘેરેઘેર ફરે, તેની કોઇ સ્તુતિ કરે, કોઇ નિંદા કરે તોપણ તેનો રોગ મટાડે. તે સાંભળી ત્રીજા મંત્રવાદીની વાત હીતકારી જાણી અંગિકાર કરી, અને અહીતકારી બન્ને વાત છોડી. તેમ વિનયવંત શિષ્ય ગુરૂનું હિતકારી વચન અંગિકાર કરે.

આત્માને વશ કરવા ઉપર બે ચોરની કથા છઠ્ઠી.

ગાથા:—अप्पाचेव दमेयव्वो, अप्पाहु खलु दुद्दमो;
अप्पादंतो सुहि होइ, अस्सिंलोए परत्थय ॥ १५ ॥

ભાવાર્થ:—જે ભણી પોતાનો આત્મા દમતાં દોહીલો છે, તે ભણી આત્મા દમવો. કારણ કે પોતાનો આત્મા દમ્યોથકો જીવ આ લોક અને પર લોકને વિષે સુખી થાય છે. ૧૫

કોઇ એક ચોર પલ્લીને વિષે ઘણાં ચોર—ભીલ લોકો વસતા હતા. એવા સમયમાં વર્ષાકાલ નજીક હોવાથી, સાધુ અન્ય સ્થળે વીહાર કરવા અશકય થયાં. જેથી ચોરપલ્લીમાં આવી ભીલ પાસે રહેવાની જગ્યા માગી. તેમાં બે ભીલનાં હળુકર્મી જીવે સાધુને જોઈ હર્ષિત થઇ પોતાનું મકાન રહેવા માટે આપ્યું. સાધુને ત્યાં ઉતર્યા પછી ભીલ લોકોએ વીનંતી કરી કે, સાહેબ! ભીક્ષા હમેશાં હમારે ઘેરથી જ લેજો. સાધુએ કહ્યું કે, ભાઇ! તેં અમોને રહેવા માટે મકાન આપ્યું તે અન્ન કરતાં

પણ વધુ દાન દીધું કહેવાય. કેમકે અનના દાતાર જગતમાં ઘણાં છે, પણ સ્થાનકના દાતાર જગતમાં થોડા છે. મીઠા ઝાડના મૂળ ખવાય નહીં, પણ તેનાં ફલ ખવાય, માટે અમો ભીક્ષા માટે અન્ય સ્થળે ફરીશું. એમ કહી સાધુ ત્યાં ચોમાસુ રહ્યાં, છેવટે ચોમાસું પુરૂ કરી વીહાર કર્યો ત્યારે તે બન્ને ભાઇઓ સાધુને પહોંચાડવા ગામ બહાર ગયા, તે વખતે સાધુઓએ ભીલોને બોધ કર્યો કે, ભાઇઓ ! ધર્મ કરજો. કોઈ જીવની હીંસા કરશો નહી. ભીલોએ કહ્યું કે, મહારાજ ! અમારા જેવા પામર પ્રાણીથી કાંઈ બની શકે તેમ નથી. સાધુએ કહ્યું તમારાથી બની શકે તેવો એક પણ નીયમ અમારી પાસેથી ધારણ કરો. ચોરોએ કહ્યું કે, મહારાજ ! અમારા લાયક એક નાનો નીયમ આપો. ત્યારે સાધુએ કહ્યું કે, તમારે રાત્રી ભોજન કરવું નહી. ભીલ બોલ્યા; મહારાજ ! રાત્રી ભોજનમાં શું દોષ છે, તે અમને જણાવો.

સાધુ કહે સાંભળો, રાત્રી ભોજન તે અદીઠ ભોજન કહેવાય, માટે અભક્ષ છે. રાત્રે જમતાં જો તેમાં કીડી આવે તો બુદ્ધિનો નાશ થાય; જુ આવે તો જલંધર થાય; કરોળીઓ આવે તો રક્તકોડ થાય; માંખી આવે તો વમન થાય, અને કાંટો આવે તો તાળવું તથા ગળુ વીંધે ઈત્યાદિક ઘણા દુષણ છે. એમ સાંભળી ભીલોએ કહ્યું કે, મહારાજ ! અમોને જાવજીવ રાત્રી ભોજનનો નીયમ કરાવો. સાધુએ નીયમ કરાવ્યા. ત્યારબાદ નમસ્કાર કરી ભીલો પોતાની ચોરપલ્લીમાં ગયા. એકદા સમયે સર્વ ભીલો એકઠા થઈ ચોરી કરવા નીકળ્યા. કોઇ એક ગામમાં માણસોને મારી નાંખી, તે ગામની તમામ ગાયો, ભેંસોને હાંકી ચાલ્યા આવે છે. રસ્તામાં સર્વ વીશામો લેવા રહ્યા, ત્યાં ભુખ્યા થયા. શું ખાઈશું તેનો વિચાર કરતાં એક જણે કહ્યું કે, આ જનાવરમાંથી એક પાડાનો વધ કરી આપણે સર્વ ખાઇએ. એમ ધારી એક પાડાને મારી માંસ રાંધવા માંડયો, અને થોડા જણ ગામમાં મદીરા લેવા ગયા. એવામાં રાંધનારાના મનમાં એવો વિચાર થયો કે, જો આ મદીરા લેનારા માણુસો મરણ પામે તો, એમના તરફની ગાયો ભેંસો આપણે ભાગ વધારે આવે, માટે એમને જમવાને માટેના માંસમાં ઝેર મેળવીએ, ને તે આવે ત્યારે તે ખવરાવીએ, કે તરત મરણ પામે. મદીરા લેવા જનારના મનમાં પણ એવો વિચાર થયો કે, જો આ મદીરામાં ઝેર નાંખી લઈ જઇએ તો રાંધવા રહેલ માણુસ મરણ પામે, કે જેથી ભેંસો તથા ગાયો આપણે ભાગ વધારે આવે, એમ વિચારી મદીરામાં ઝેર નાંખી લાવ્યા. હવે સર્વે એકઠા થઇ બેઠા છે. રાંધેલો માંસ પણ તૈયાર થયો છે એટલામાં સૂર્ય અસ્ત થયો, એટલે સર્વ જમવાને બેઠા. તેમાં જે બે જણ-

ઓને રાત્રી ભોજનનો નીયમ હતો, તે બન્ને જણાઓએ રાત્રી ભોજન કર્યું નહિ. તે સિવાય તમામ મદીરા લાવનારાઓએ તે માંસ ખાધો, અને માંસ વાળાઓએ મદીરા પીધો, એમ સર્વે મરણને શરણ થયા. માત્ર નિયમ કરનાર બન્ને જણ બચી ગયા, અને સર્વ દ્રોરના માલીક થયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે, જો આપણે પણ આ ભોજન ખાધું હોત તો મરણ પામત પણ સાધુ મહારાજનું ભલું થજો કે, આપણને રાત્રી ભોજનનો ત્યાગ કરાવ્યો, અને આપણને જીવતા રાખ્યા. તો તે પુરૂષોની પાસે વધારે વ્રત નિયમ કરતા હશે, તેમને ધન્ય છે!

આ કથાનો સારાંશ એ જ છે કે, ચોરોએ આત્માને વશ કરી રાત્રી ભોજનનો ત્યાગ કર્યો તો આલોકે અને પરલોકે સુખ પામ્યા.

આત્મ દમન કરવા ઉપર સીંચાનકની કથા સાતમી.

—:o:—

गाथाः—वरंमे अप्पा दंतो, संजमेण तवेणय;
माहंपरेहिं दमंतो, बंधणेहिं वहेहिय ॥ १६ ॥

ભાવાર્થ:—સંજમ અને તપે કરી આત્માનું દમન કરવું ઉત્તમ છે; પણ બન્ધન અને વધે કરી પર આત્માનું દમન કરવું સારૂં નથી. ॥ ૧૬ ॥

વિંધ્યાચળ પર્વતના મૂળે કોઈ એક તાપસનો આશ્રમ હતો. ત્યાં ઘણાં તાપસો વસતાં અને જંગલમાં હાથી—હાથણીનું યુથ હતું. તેમાં એક હાથી યુથનો અધીપતી હતો. તેને એવી ટેવ પડી હતી કે, કોઇ પણ હાથણી હાથીને જન્મ આપે કે તુરત તેને મારી નાંખે. માત્ર હાથણીનો બચાવ કરે. તેનું કારણ એ કે, જો કોઈ હાથણીના બચ્ચાને જીવતો રહેવા દઇશ તો મને ઘડપણમાં તે મારી નાંખશે. તેવી શંકાથી બાળક હસ્તીઓનો તે નાશ કરતો. એકદા એક હાથણીને ગર્ભ રહ્યો. તેથી હાથણીએ વિચાર કર્યો કે, મારે પેટ હાથીનો જન્મ થાય છે, ને જો આ વખતે પણ હાથી આવશે, તો તેનો પીતા તેને મારી નાંખશે. એમ ધારી કપટથી લુલી બની યુથથી જુદી પડીને પૂર્ણ માસે તાપસના આશ્રમમાં હાથીનો જન્મ આપી, હાથણી પોતાના યુથમાં દાખલ થઇ. તે વારે તાપસોએ જાણ્યું કે હાથણીના બાળકની ખબર પડશે, તો હાથી તેને મારી નાંખશે,

જેથી ત્યાં તેને એક વાડો કરી આપ્યો, ત્યાં રહે છે. ત્યાં તેને ઘાસ-પાણી નાંખે છે, એમ કરી હાથી મોટો કર્યો. આશ્રમમાં ઉગેલા ઝાડોને પાણી પાવા માટે તાપસો માથે પાણી ઉપાડી લાવતા, તેની સાથે ઉછરેલો હાથી પણ પાણી સુંઢમાં ભરી લાવતો. તેણે પણ ઝાડને પાણી સીંચવા માંડયું. આથી તાપસોએ તેનું નામ સીંચાનક રાખ્યું. તે હાથી ઉમર લાયક થતા, તાપસના મકાનમાંથી નીકળી હાથીઓના યુથમાં જઈ ભળ્યો, અને યુથમાં પોતાના પીતાને દંતુશળથી મારી હાથીણીઓનો અધીપતી થયો.

એકદા સમયે તે સીંચાનકના મનમાં એવો વિચાર થયો કે, જેમ તાપસે મને પાળી મોટો કર્યો, અને મેં મારા પીતાને માર્યો; તેમ જો તે તાપસ બીજા હાથીને ઉછેરી મોટો કરશે તો તે મને પણ મારશે. માટે જો તે તાપસનો આશ્રમ ભાંગી–તોડી, ફેંકી દઉં તો તેને કોઈ પાળે પોષે નહીં. એમ વિચારી તુરત જ તાપસોનો આશ્રમ ભાંગી ફેંકી દીધો. તાપસો ભાગી નાશી ગયા. તે તાપસોએ શ્રેણીક રાજાની પાસે આવી વાત કરી કે, સાહેબ! આપના રાજ્યમાં શોભે તેવો હાથી વિંધ્યાચળની અટવીમાં છે, અને તે વશ કરવામાં અમે છેટેથી મદદ કરીશું. તે સાંભળી તુરત જ રાજાના સેવકોએ તે હાથીને થોડા પરીશ્રમે પકડી રાજગ્રહી નગરીએ લાવી સ્થંભે બાંધ્યો. તે વખતે તાપસો હાથી સન્મુખ આવી બોલ્યા કે, હે કૃતઘ્ની! કરેલા ગુણને ભૂલી જનાર! મેં તુજને પાળી પોષી મોટો કર્યો, તો અમારોજ આશ્રમ તેં ભાંગ્યો! હવે તેનાં ફળ તરીકે જીંદગાનીનું કેદખાનું તું ભોગવ.

આ વચન સાંભળી હાથીને ક્રોધ ચઢયો, જેથી થાંભલો ભાંગી નાંખી તાપસની પાછળ દોડયો, અને તાપસને મારી પોતે નાશી ગયો. તે વારે રાજા શ્રેણીકે હાથી નાશી ગયા સંબંધી ખબર સાંભળી, જેથી પોતાની સેના સહીત, ગમે તેમ કરી હાથી ગામમાં લાવવો, અને તેના ઉપર પુરતો બંદોબસ્ત રાખવો એમ ધારી માણસો સહીત પોતે વિંધ્યાચળ પર્વતની અટવીમાં આવ્યા. હાથીને પકડવા ઘણા ઉપાય કર્યા, પણ હાથી મળ્યો નહી. તે વારે રાજા શ્રેણીકની કૂલદેવી આવી તે હાથીને સમજાવવા લાગી કે, હે હાથી! તું તારીજ મેળે રાજાને સ્વાધીન થા. જો તું સ્વાધીન નહીં થાય તો, ઘણુંજ સંકટ પડશે. તું તારો પાછલો ભવ વિચાર. દેવીએ પાછલા ભવનું વૃત્તાંત સમજાવ્યું, જેથી હાથીને જાતિ સ્મરણ જ્ઞાન ઉપજ્યું, અને પોતાની મેળે સમજીને તે રાજાને સ્વાધીન થયો. રાજાએ મોટા આડંબર સહીત તેને પટહસ્તી કરી સ્થાપ્યો.

સારાંશ એજ કે, જો હાથી પોતાની મેળે વશ ન થયો હોત તો, તેને જીંદગી સુધી બીજા માર, વધ, અને બંધન સહન કરવા પડત; પણ પોતાની મેળેજ વશ થવાથી તે દુ:ખથી છુટો થયો. એમ સાધુ પોતાના આત્માને સંજમ તપને વિષે સમજીને વશ કરે તો પરભવના નરક, તીર્યંચનાં પરવશપણાનાં દુ:ખથી મુક્ત થાય.

ગુરૂની ઘાત ન કરવી, ન ચીંતવવી તે ઉપર જંઘાક્ષીણુ આચાર્યની કથા આઠમી.

गाथाः--नकोवए आयरियं, अप्पाणंपि न कोवए;
बुद्धोवघाइन सिया, नसिया तोत्तगवेसए ॥ ४० ॥

ભાવાર્થ:—આચાર્યને કોપાવે નહિ, પોતાના આત્મા ઉપર કોપ કરે નહિ, તેમજ ગુરૂની દ્રવ્યથી ને ભાવથી ઘાતનો કરનાર ન હોય તેમજ ગુરૂના છિદ્રનો ગવેશણહાર (જોનાર) ન હોય, તેજ ખરો શિષ્ય કહેવાય.

એક મહા ગુણવાન આચાર્યને પોતાના શિષ્યો સહીત પૃથ્વી ઉપર વિહાર કરતા અને ઘણાં ભવ્ય જીવોને તારતા ઘણાં વરસ થઇ ગયાં. છેવટે ગુરૂ વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા. જંઘાનું બળ ક્ષીણ થયું, જેથી તેઓ જંઘાક્ષીણુ આચાર્ય કહેવાણા. ફરતાં ફરતાં એક શહેર કે જ્યાં ઘણાં પૈસાપાત્ર અને શ્રદ્ધાળુ શ્રાવકો વસતા હતા તે શહેરમાં તે આચાર્ય શિષ્યો સહીત પધાર્યા. એટલે ત્યાંના શ્રાવકોએ વિનંતિ કરી કે, સ્વામી! આપની જંઘાનું બળ ક્ષીણ થયું છે, માટે આપ અહીં સ્થિરવાસો કરો. શ્રાવકોના અતિ આગ્રહથી તેમની વિનંતી સ્વિકારી તેઓ તે ગામમાં સ્થિરવાસ રહ્યા, અને ત્યાં આચાર્યની વૈયાવચના કરનાર સમર્થ સાધુને રાખી બીજા સાધુઓ વિહાર કરી બીજે ગામ ચાતુર્માસ પધાર્યા. આચાર્ય પાસે રહેલા સાધુ પુરતી કાળજીથી આચાર્યની જોઇએ તેવી વૈયાવચ કરે છે, તે જોઇ શ્રાવકોનો તે સાધુઓ ઉપર ઘણોજ પ્રેમ વધ્યો, અને સુપાત્ર શિષ્યો જાણી તેમની બહુજ પ્રશંસા કરવા લાગ્યાં ચાતુર્માસ પુર્ણ થયા બાદ બીજા સાધુઓ પણ આચાર્ય પાસે આવ્યા. એટલે તે ગામના શ્રાવકોએ પોતાના ગામમાં

રહેલા આચાર્યની વૈયાવચ કરનાર સાધુઓની પ્રસંશા કરી અને કહ્યું કે આ સુપાત્ર સાધુઓએ આચાર્યની બેહદ વૈયાવચ કરી છે. એ શિષ્યો મહા સુપાત્ર છે. ઇત્યાદિક વચનો જે આત્માર્થી સાધુ હતાં તેમણે કબુલ કર્યો, અને જે અવિનયવંત હતાં તેઓ તેમની કીર્તિ સાંભળી ન શક્યાં, અને કહેવા લાગ્યા કે, શું અમને તેમની વૈયાવચ કરતાં નથી આવડતી ! તેમના કરતાં પણ સરસ અમે વૈયાવચ કરીએ, પણ તમે તેમના રાગી થઈ તેમના ગુણ ગાઓ છો. શ્રાવકોએ કહ્યું, મહારાજ ! હાથીનો ભાર હાથી ઉપાડે! આચાર્યની વૈયાવચ કરવી એ કાંઇ નાનુસુનું કામ નથી. એમ ગુરૂને છાંદે ચાલનાર પવિત્ર શિષ્યોનું કામ છે, તે સાંભળી અવિનયવંત બોલ્યો કે, એમાં એટલું બધું કાંઇ કામ નથી. આ વર્ષે હું એકલોજ ગુરૂની વૈયાવચ કરીશ. પછી મારી પરીક્ષા તેમજ કરજો. એમ કહી બીજા સાધુને બીજે ગામ મોકલાવી પોતેજ આચાર્યની વૈયાવચમાં રહ્યો. તેણે ચાર માસ સુધી તો આચાર્યની મમતના લીધે વૈયાવચ કરી, પણ છેવટે થાક્યો, અને વિચાર કરવા લાગ્યો કે, હવે ગુરૂ ક્યારે મરે ! તેમની વૈયાવચ હવે મારાથી બની શકે તેમ નથી. આ તો નાહકની વેઠ કરવા જેવું છે. ઘડી પણ નવરાશ નહિ, કોઇ સાથે વાતચીત કરવાનો પણ વખત નહિ. રાત દિવસ તેના કામમાંજ રોકાવું પડે છે. માટે હવે તો એ જલદી મરે તો સારૂં. એમ વિચાર કર્યા પછી શ્રાવકોને ત્યાં વહોરવાને માટે જાય ત્યારે શ્રાવકો આચાર્ય માટે કોઈ સારો પદાર્થ તેમને રૂચે તેવો આપવા લાગે, તે વારે તે આહાર ન લેતાં નીરસ, સૂકો, લુખ્ખો, દાઝેલો, અને બળેલો આહાર શોધી કાઢી આચાર્ય માટે લાવે, શ્રાવકોને એમ કહે કે આચાર્ય મહારાજ રસ પરીત્યાગ કરી સંથારો કરવાનો વિચાર રાખે છે. તે સાંભળી શ્રાવકો દીલગીરી થઇ વિચારવા લાગ્યા કે, આચાર્યનું શરીર હજી નભી શકે તેવું છે, છતાં શામાટે ઉતાવળ કરતાં હશે ! અવિનયવંત શિષ્ય ગુરૂને રૂચે નહિ તેવો આહાર લાવી આપે જેથી ગુરૂથી ખાઇ શકાય નહિ. પથ્યકારી આહાર લાવવાનું શિષ્યો પ્રત્યે કહે તો જવાબ આપે કે, મહારાજ ! આપજ ઘણી વખત વ્યાખ્યાનમાં વાંચતા હતા, કે, "સ્ત્રી પીયર નર સાસરે, સંયમીઓ સ્થિરવાસ; એતા હોય અળખામણા, જો રહે સ્થિરવાસ." તેવીજ રીતે તમે અને હું પણ ગામના શ્રાવકોને હવે અળખામણા થઇ પડ્યા છીએ. ગામના શ્રાવકો પુરો આહાર-પાણી પણ આપતા નથી. જોઈતી ચીજ તૈયાર હોય છે, છતાં પણ નાં પાડે છે, અને લોકો કહે છે કે, આ સાધુ હવે ક્યાં સુધી જીવશે! ઇત્યાદિક વાતો હું સાંભળું છું. તેવામાં ગામના અગ્રેસર એકઠા મળી આચાર્ય પાસે

આવી કહેવા લાગ્યા કે, હે સ્વામી ! આપના શિષ્યના મહોડેથી અમે સાંભળ્યું છે કે, આપે રસ ત્યાગ કર્યો છે, અને લુખા આહારની ઇચ્છા ધરાવો છો વળી આગળ ઉપર સંથારાનો વિચાર રાખો છો. તે વાત સાંભળી આખું ગામ દીલગીર થયું છે, માટે મહારાજ સાહેબ ! આપ તેમ ન કરતાં આ કાયાને હજી પણ વધુ ચાલવા દ્યો. જૈન શાસનમાં આપ શણગારરૂપ છો. ઇત્યાદિક વચન સાંભળી આચાર્ય મનમાં સમજી ગયા કે, શ્રાવકોને મારા ઉપર પૂર્ણ પ્રેમ છે, પણ આ અવિનયવંત શિષ્ય વૈયાવચ્ચ કરતાં થાકી ગએલો છે, અને તેણેજ આ પ્રપંચજાળ પાથરી છે. તો હવે એની પાસે મારે વૈયાવચ્ચ કરાવી, તેના આત્માને દુઃખ ન થાય તેમ કરવું. એમ વિચારી કુશિષ્ય ચેલાના દુર્ગુણ પ્રગટ ન કરતાં પોતાની મેળે જ સંથારો કર્યો. અંતે પોતે કેવળજ્ઞાન પામી મોક્ષ પધાર્યા, અને અવિનયવંત શિષ્ય મરીને દુર્ગતીએ ગયો.

ક્ષુધા પરિસ્સહ ઉપર હસ્તીમીત્ર શેઠની કથા નવમી.

માળવા દેશ, ઉજ્જૈન નગરી તેમાં હસ્તીમિત્ર શેઠ વસતા હતા. એકદા તેમની ભાર્યાનું મરણ થવાથી વૈરાગ્ય પામી પુત્ર સહીત ગુરૂ પાસે પોતે દિક્ષા લીધી, અને ચોખ્ખું ચારિત્ર પાળતાં વિચરતા. એકદા સાધુ સાથે વિહાર કરતા અટવી આવી, ત્યાં હસ્તીમીત્ર સાધુને કાંટો વાગ્યો. શરીરમાં ઘણી વેદના થઇ. ચાલવાની શક્તિ રહી નહિ એટલે તેમણે બીજા સાધુને કહ્યું કે, તમે આગળ ચાલતા થાવ. મારામાં હવે ચાલવાની શક્તિ બીલકુલ નથી. હું અહીંઆ સંથારો કરીશ. સાધુઓએ ઘણી રીતે કહ્યું કે, અમે તમને ઉપાડીને લઇ જઇએ, પણ પૂર્ણ વૈરાગી હોવાથી ગુરૂએ અવસર જાણી સંથારો કર્યો. તે હસ્તીમીત્રના પુત્રે પણ દીક્ષા લીધેલી છે, જેથી તે નાના સાધુને સાથે લઇ બીજા સાધુ આગળ ચાલ્યા, પણ તે પુત્ર સાધુ પિતાનો પૂર્ણ રાગી હોવાથી ગુરૂને આગળ જવા દઇ પોતે પિતા સાધુ પાસે આવ્યો. સાધુએ કહ્યું કે, હે મહાભાગ્ય ! ગુરૂને મેલીને શામાટે પાછો આવ્યો ? પાછો ચાલ્યો જા. અહીંઆ આહાર પાણી મળશે નહિ, અને ક્ષુધા સહન કરવી પડશે. ચેલાએ કહ્યું, મહારાજ ! આ સમયે આ ભયંકર અટવીમાં આપને એકીલા મૂકી કેમ ચાલ્યો જાઉં ! ગમે તેવી ક્ષુધા લાગશે તેને હું સહન કરીશ. એમ કહી પીતા—ગુરૂ પાસે સેવા કરવા રહ્યો. તેમની પાસે

ક્ષુધા સહીને ગ્નાન ધ્યાન કરે છે, એમ કેટલાક દિવસ ચાલ્યા ગયા. છેવટે સંથારાવાળા સાધુ કાળ કરી દેવલોક પધાર્યાં પણ પીતાપરના મોહભાવથી તેને એમ જાણવામાં આવ્યું નહી કે, મારા પીતા રૂપ સાધુએ કાળ કર્યો છે ! તે તો એમ જાણે છે કે, પીતા ગુરૂ હજી જીવે છે. એમ જાણી તેમની પાસે રહ્યો. પીતારૂપ દેવે દેવલોકમાંથી અવધીગ્નાન મુકી પાછલી અવસ્થા જોઇ તો અટવીમાં સંથારો કરેલ પોતાનું કલેવર અને પાસે પોતાના પુત્રરૂપ શિષ્ય જોયાં ! પુત્રપરના મોહથી તે દેવે આવી કલેવરમાં પ્રવેશ કર્યો એટલે તે કલેવર બેઠું થયું અને સાધુને કહ્યું કે, હે શિષ્ય ! તું કેમ ભૂખ્યો બેસી રહ્યો છે ? આ પાકા ફળ તારા મ્હોં આગળ પડયાં છે તે તું ખા. શિષ્યે કહ્યું, હે માહારાજ ! મરણ ભલે થાય પરંતુ સચેત ફળ ખાવું તે અશ્રેય છે, તે વારે દેવે કહ્યું તું આગળ વૃક્ષ તળે ભીક્ષાર્થે જા. ત્યાં કોઈ ભીક્ષા આપશે. તે સાંભળી શિષ્ય ઝાડ નીચે ગયો, તો અદ્રશ્ય એક હાથ બહાર નીકળ્યો અને સાધુને અહારપાણી વહોરાવ્યો, આવી રીતે તેને ખાવાનું હંમેશા મળે છે, અને સાધુના કલેવર પાસે બેસી રહે છે. કેટલેક દિવસે પોતા પ્રથમના મૂળ ગુરૂ પાછા તેજ અટવીમાં આવ્યાં ત્યારે ચેલાને ત્યાંજ દીઠો. સાધુ બોલ્યા અરે ! તું હજી અહીંયાં રહી શું કરે છે ? ચેલો કહે માહારાજ ! હું મારા પીતા રૂપ ગુરૂની સેવામાં છું. સાધુએ પૂછયું તને અહાર પાણી કયાંથી મળે છે ? ચેલાએ કહ્યું, માહારાજ ! અત્રેના એક ઝાડ નીચેથી અદ્રસ્ય આહાર અને હમેશાં મળે છે, તે ખાઇ રહું છું. ગુરૂને તપાસ કરતાં માલુમ પડયું કે, આ સાધુ તો કાલ કરી ગયેલ છે, પણ દેવલોકમાં ગયેલ જેથી આ પુત્ર રૂપ સાધુનું ખાવાનું પુરૂ કરે છે. આ બાબત ગુરૂએ ચેલાને સમજાવી ત્યાર પછી દેવ રૂપ જીવ કલેવરમાંથી નીકળી પોતાને સ્થાનકે ગયો અને તે સાધુએ દેવકૃત આહારની આલોયણા લીધી અને ગુરૂ સાથે વિહાર કર્યો, જેમ ગુરૂ ચેલા બન્નેએ અટવીમાં ક્ષુધા પરીસ્સહ સહન કર્યો. તેમ દરેકે વર્તિ પોતાના આત્માનું કલ્યાણ કરવું જોઇએ.

તૃષા પરીસ્સહ ઉપર ધનમીત્ર સાધુની કથા દશમી.

ઉજ્જણી નગરીમાં ધનમીત્ર શેઠ હતા. તેમણે બાપ દીકરાએ વૈરાગ પામી સાથે દીક્ષા લીધી. શુદ્ધ ચારીત્ર પાળી સાધુ સાથે ગામ નગરે વિહાર કરે છે. વિહાર કરતાં અટવીમાં જઇ ચડયાં.

જ્યાં તડકો વિશેષ અને પાણીની જોગવાઇ નહી મળવાથી બાળક સાધુ તૃષાથી આકુળવ્યાકુળ થવા લાગ્યો. રસ્તામાં નદી આવી. તેમાં પાણી જોઈ તે ચેલાના પીતાએ પોતાના પુત્ર ઉપર મોહભાવને લઇ વિચાર કર્યો કે; જો હું આગળ જઉં અને પાછળથી ચેલો આ નદીમાંથી પાણી પીએ તો જીવતો રહે, હું તેને આલોયણા આપી શુદ્ધ કરીશ એમ ધારી ગુરૂએ કહ્યું કે, તું ધીરે ધીરે પાછળ આવ, હું આગળ જાઉ છું, શિષ્ય પાછળ રહ્યો તૃષાથી અકળાયેલ શિષ્યનું મન નદી પાસે આવવાથી ભંગ થયું, નદી કાંઠે બેસી એક ખોબો પાણી હાથમાં લેઇ ચારે તરફ જોવા લાગ્યો કે, મને કોઇ દેખતું તો નહિ હોય! તરત જ પોતાના જ્ઞાનાત્માથી વિચાર્યું કે હું આ શુ કાર્ય કરૂં છું! મને કોઇ દેખતું નથી, પણ તીર્થંકર અને સીદ્ધ તો દેખે છે! તેનાથી કાંઇ પણ છાનું નથી! આ સચેત પાણીના એક બીંદુમાં અસંખ્યાતા જીવ શ્રી જીનેશ્વર ભગવંતે કહ્યાં છે, તો તે અસંખ્યાતા જીવ મારીને હું મારા અસંજમ જીવતરની વાંચ્છા શામાટે કરૂં! સંયમ જીવતરમાં મરવું એ જ શ્રેય છે, એમ વિચારી આસ્તેથી પાણી નદીમાં નાખી હાથ સુકાયા બાદ તે નદીના કિનારાપર જ સંથારો કર્યો, ત્યાંથી કાળ કરી દેવલોકમાં ગયો તે વારે અવધિજ્ઞાનથી જોયું તો માલુમ પડયું કે, તૃષા પરીસ્સહ સહન કરવાથી જ દેવની ઋદ્ધિ પામ્યો! બીજા સાધુ તૃષાથી પીડાયાથકાં અટવીનો પાર પામ્યાં નથી તો તેમનું રક્ષણ કરવા જાઉં એમ વિચારી તરત ત્યાં આવી નજીકમાં ભરવાડ લોકોના ગાયો—ભેંસોના નેસડા રચાવ્યાં એટલે ત્યાંથી સાધુ છાશ લાવી તૃષા નીવારી રસ્તે પડ્યાં. પણ તેમાંના એક સાધુનો કાંબળો દેવે પોતાની શક્તિવડે ખેંચી લઇ તેજ ગામની ભાગોળે પડતો મુકયો. હવે દેવ ત્યાંથી રવાના થઇ નદી કાંઠે પડેલા પોતાના મૃત કલેવરમાં પેશી બેઠા થયા અને આગળ ચાલતા સાધુના સમુદાયમાં ભળી જઇ પોતાના પીતા સિવાય દરેક સાધુને વાંદ્યા, પણ પોતાના પીતાને વાંદ્યા નહી. પીતાએ ખુલાસો માગતાં સાધુએ કહ્યું કે, આપના મનમાં મને કાચું પાણી પાવાની અભિલાષા થઇ હતી, માટે તેનું પ્રાયશ્ચિત લ્યો તો જ હું આપને વાંદુ. પીતાએ પ્રાયશ્ચિત લીધું કે તુરત જ દેવે કલેવરમાંથી નીકળી પ્રત્યક્ષ પ્રગટ થઇ ગુરૂ પ્રત્યે કહ્યું કે, હે મહારાજ! હું તૃષા પરિસ્સહ સહન કરી દેવની ઉચ્ચ પદવી પામ્યો છું. રસ્તામાં ભરવાડના નેસડા આવ્યાં હતાં તે મારૂં કર્તવ્ય હતું. ત્યાં નિશાની તરીકે તમારો કાંબલો પડયો છે તે લઇ આવો. સાધુએ ત્યાં જઇ જોયું તો નેસડો હતો નહી. તેથી જાણ્યું કે, નક્કી દેવનું કર્તવ્ય છે. સારાંશ એ છે કે, જેમ શિષ્ય તૃષા પરિસ્સહ સહન કરી ધર્મનો આરાધી થયો તેમ બીજાએ પણ વખત આવે વર્તવું.

શીત પરીસ્સહ ઉપર ભદ્રબાહુ મુનિના ચાર શિષ્યની કથા અગીયારમી.

મગધ દેશને વિષે રાજગ્રહ નામે નગર હતું. તે નગરને વિષે ચતુર, વિદ્વાન, અને ડાહ્યા એવા ચાર મિત્ર વસતા હતા. તેઓમાં અરસ્પરસ પ્રેમ હતો. એકદા સમયને વિષે પૃથ્વીને પાવન કરનાર, ભવ્ય જીવોને તારનાર એવા ભદ્રબાહુ સ્વામી એક ગામથી બીજે ગામ વિહાર કરતા તેજ રાજગ્રહી નગરીએ પધાર્યા. તેમની ધર્મ દેશના સાંભળવા ચારે મીત્ર, તેમજ બીજા ભાવીક શ્રાવકો પણ ગયા. તે ચાર મીત્ર ધર્મ દેશના સાંભળી વૈરાગ્ય પામ્યા, અને દિક્ષા ધારણ કરી વિચરવા લાગ્યા. તેઓ ચારે ગુરૂ મહારાજની પાસે જ્ઞાનાભ્યાસ ઘણોજ કરે છે, એમ કરતાં એકદા સમયને વિષે ચારે સાધુએ ગુરૂ મહારાજની આજ્ઞા લઇ જુદા વિચરવા માંડયું. પરંતુ ચારે મુનિઓએ નિયમ એવો કર્યો કે, દિવસના ત્રીજા પહોરે ગૌચરી અર્થે જવું, અને બાકીના સાત પહોર કાયોત્સર્ગ વિગેરે ધર્મ ધ્યાનમાં ગુજારવા. આવા ઉગ્ર નિયમને ધારણ કરી ભૂમંડળમાં વિચરવા માંડયું. ફરતાં ફરતાં એકદા સમયને વિષે તેઓ રાજગૃહ નગરમાં પધાર્યા. આ વખતે હેમંતઋતુ એટલે ઠંડીનો વખત ચાલતો હતો.

હવે તે ચારે મુનિઓ વૈભારગીરી પર્વતની ગુફામાં રહી ધર્મક્રિયા કરે છે. એક દિવસ ત્રીજા પહોરે રાજગ્રહ નગરીમાં ગૌચરીને માટે પધાર્યા. આહાર વહોરી લાવી, ગૌચરી પ્રમુખ ક્રિયાથી નિવૃત્ત થઇ પાછા પોતાની જગ્યાએ આવતા ચાર માંહેલા એક મુનિને વૈભારગીરી પર્વત ઉપર પહોંચતા ચોથો પહોર થઇ ગયો. એટલે તેઓએ હમેશના નિયમ પ્રમાણે કાયોત્સર્ગ ધારણ કરી દીધો. બીજા સાધુને પાછા ફરતાં ઉદ્યાનમાંજ ચોથો પહોર થઇ ગયો, જેથી તેમણે ત્યાં કાયોત્સર્ગ ધારણ કર્યો; ત્રીજા સાધુને પાછા ફરતાં ઉદ્યાનની નજીક આવતાં ચોથો પહોર થઇ ગયો, જેથી તેમણે ત્યાં કાયોત્સર્ગ કર્યો; અને ચોથા સાધુને ફરતાં ફરતાં નગરમાંજ ચોથો પહોર થઇ ગયો જેથી તેમણે ત્યાંજ કાયોત્સર્ગ ધારણ કર્યો.

હવે વૈભારગીરી પર્વત પર જે સાધુ ધ્યાન ધરી રહેલા છે તેમને ઠંડીની વધારે અસર થવાથી તેઓ રાત્રીના પહેલા પહોરે મરણને શરણ થયા; બીજા સાધુ જે ઉદ્યાનમાં રહેલા છે તેમને પ્રથમના કરતાં થોડી ઠંડી

લાગવાથી તેમણે રાત્રીના બીજા પહોરે કાળ કર્યો; ત્રીજા સાધુ જે ઉદ્યાનની નજીક રહેલા તેમને તેથી ઓછી ઠંડી લાગવાથી તેમણે રાત્રીના ત્રીજા પહોરે કાળ કર્યો; અને ચોથા સાધુ જે ગામમાં જ રહેલા છે, તેમને તેથી ઓછી ઠંડી લાગવાથી રાત્રીને ચોથે પહોરે તેઓ આયુષ્ય પૂર્ણ કરી દેવગત થયા. એમ ચારે સાધુઓએ શીત–ટાઢનો પરિસ્સહ સહન કર્યો અને બીજી કોઇપણ વસ્તુની ઇચ્છા નહિ, તો સમાધિ સહીત આયુષ્ય પૂર્ણ કરી આરાધીક થયા.

તાપ પરિસ્સહ ઉપર અર્ણીક મુનિની કથા બારમી.

તગરા નામે નગરને વિષે દત્ત નામે વણીક હતો. તેને ભદ્રા નામે સ્ત્રી, અને અરણીક નામે પુત્ર હતો. તેઓ સુખે રહેતા હતા. એકદા સમયે તે નગરના ઉદ્યાનમાં મીત્રાચાર્ય સાધુ પધાર્યા. તેમને વાંદવા સઘળા લોક ગયા. ગુરૂએ ધર્મ દેશના દીધી. સંસાર અતિ દુઃખમય જાણી દત્તે પોતાની સ્ત્રી અને પુત્ર સહીત દીક્ષા ધારણ કરી. દત્ત વૃદ્ધ હોવાથી વિદ્યાભ્યાસ કરી શકયા નહિ. પોતાને વિદ્યા નહિ ચઢવાથી પોતાના પુત્રને ભણાવવાને માટે પ્રયત્ન કરવા લાગ્યા. દત્ત સાધુ પોતે ગૌચરીએ જઇ, આહાર વહોરી લાવી પુત્ર–ચેલાની વૈયાવચ્ચ અને તેને ભણવામાં સાહાય કરવા લાગ્યા. દત્ત સાધુ પુત્ર પરના મોહને લઇને તેને સારો સારો અહાર લાવીને આપવા લાગ્યા. એમ કેટલોક વખત થયા પછી બીજા સાધુઓએ દત્ત સાધુને કહ્યું કે, " હે મહાનુભાવ ! આપ ચેલાને ગૌચરી પ્રમુખ સાધુની ક્રિયામાં જોડો, અને તે ક્રિયા તેમને શીખવો. એમાં આપને અને શિષ્ય બન્નેને લાભ છે. પુત્રપરના મોહને લઇ દત્ત સાધુ બોલ્યા કે, " મહારાજ ! લઘુશિષ્યની વૈયાવચ્ચ કરવામાં ઘણો લાભ છે. એમ કહ્યું પણ ચેલાને ગૌચરી પ્રમુખ કાંઇપણ શિખવ્યું નહિ છતાં કેટલાક સાધુઓએ કહ્યું કે, મુનિ ! તમો મોહભાવથી શિષ્યને કાંઇ પણ સાધુની ક્રિયા શીખવતા નથી, પણ પાછળથી તેને ઘણી મુશીબત પડશે. પાછળ આપની પેઠે તેને કોઇ કાંઇપણ લાવી આપશે નહિ; અને તેથી તેને ચારિત્ર પાળવું દુષ્કર થઇ પડશે. છતાં પણ તે વાત દત્ત મુનિએ લક્ષમાં લીધી નહિ.

હવે દત્ત સાધુએ વખત આવે અવસર જાણી સંથારો કરી કાળ કર્યો. અરણીક મુનિ પિતાને કાળ કરી ગયા જાણી બહુજ દિલગીર થયા,

અને વિચારવા લાગ્યા કે, હવે મને કોણુ લાડકોડ કરશે ! ગૌચરી પ્રમુખની મને કોણુ શાતા દેશે ! એવામાં તેની માતા જે સાધવી થયેલ છે તેમણે આવી આશ્વાસન આપ્યું, અને ગણેશ નામના સાધુએ તેની પાસે આવી કહ્યું કે, હું તારી સાથે રહીશ, ચિંતા ન કર. મારી સાથે તું ગૌચરી ચાલ. ગ્રીષ્મ ઋતુનો વખત અને બપોર વખતે તેઓ ગૌચરી અર્થે ગામમાં નીકળ્યા. તાપમાં કોઈ વખત તે બહાર નીકળેલ નહિ, જેથી બહુજ અકળાઇ એક શાહુકારની હવેલી નીચે છાંયો જોઇ તે ઉભો રહ્યો. હવે તે મકાનના ગોખમાં પતિ વિયોગીણી શાહુકારની સ્ત્રી બેઠી હતી. તેણી નીચે ઉભેલા રૂપવંત સાધુને જોઇ મોહ પામી અને વિચારવા લાગી કે, આ યૌવનવય રૂપવંત સાધુ મારી પાસે આવે તો ઘણું સારૂં. તુરતજ દાસીને મોકલી સાધુને ઉપર બોલાવ્યા, અને કહ્યું કે, હે મહાનુભાવ ! આ યૌવન વયમાં આવા દુક્કર વ્રત અંગિકાર કરી કાયાને નિરર્થક શા માટે દહન કરો છો ! આ મારો દેહ, આ મારૂં ઘર, અને લક્ષ્મી સર્વ તમારૂંજ છે. આજથી હું તમારી અર્ધાંગના છું. ઇત્યાદિક વચનો સાંભળી ગૌચરીએ ફરવા વગેરેથી અકળાયેલો સાધુ વિચારવા લાગ્યો કે, મારાથી ચારિત્ર પાળી શકાય તેમ નથી, તો આ સ્ત્રીનું વચન અંગિકાર કરી અહીં રહેવું શ્રેય છે. એમ ધારી સાધુપણું છોડી દઇ એજ શાહુકારના ઘરમાં રહ્યો. હવે અરણીક મુનિનો પત્તો નહિ લાગવાથી તેની માતા જે સાધવી થયા છે તેઓ પુત્રના મોહમાં ઘેલાં બની ખડકીએ ખડકીએ અને ઘેરેઘેર આખો દીવસ ભમવા લાગ્યા અને પુછતા કે, મારો અરણીક કોઇએ જોયો ! તે વારે આર્ય મનુષ્યોને તેના વચન સાંભળી દયા આવવા લાગી અને અનાર્ય મનુષ્યો તેની હાંસી કરવા લાગ્યા. સાધવીની પાછળ હજારો મનુષ્યો ભમવા લાગ્યા, અને બુમો પાડી તેને સંતાપવા લાગ્યા કે, આવો તમારો અરણીક દેખાડું. અરણીક શબ્દ સાંભળી સાધવી દોડતી દોડતી જાય, અને છોકરાંઓ તેની પાછળ બુમો પાડી રહે. આવી રીતે તે ગામમાં તમાસારૂપ બનાવ બની રહ્યો છે. આમ બાર વરસ ચાલ્યા ગયા. એક દીવસ અરણીક ગોખમાં બેઠો છે, તેવામાં તેની માતા સાધવી જે ઘેલી બની ફર્યા કરે છે તે નજરે પડતાંજ અરણીક નીચે ઉતરી, હાથ જોડી, નમસ્કાર કરી બોલ્યો કે, હે માતા ! ધીરજ રાખો ! તમારા કૂળમાં અંગાર રૂપ, કલંકનો દેનાર અરણીક તમને નમસ્કાર કરે છે, તે સ્વીકારો. આ સાંભળતાં સાધવી બોલ્યા કે, અહો વહાલા પુત્ર ! વિશુદ્ધ કુળથી ઉત્પન્ન થયેલાને મરવું શ્રેષ્ઠ છે, પણ વમેલી વસ્તુનો સ્વીકાર કરવો શ્રેષ્ઠ નથી. માટે ફરી ચારિત્ર ધારણ કર. અરણીક બોલ્યો, સાધ્વીજી!

તમારાં વચન યથાર્થ છે, પણ હું ગૌચરી કરવા અસમર્થ છું, જેથી લાંબો વખત શુદ્ધ ચારિત્ર પાળી શકીશ નહિ; પરંતુ હું પાદોપગમન સંથારો કરવા સમર્થ છું. એમ કહી રેતી અને તડકે તપતી સીલાપર મધ્યાન્હે અનુસર સંથારો કર્યો. છેવટે આરાધિક થઇ દેવલોક ગયા.

ડાંસ, મચ્છર ઉપર ઋષીભદ્ર પુત્રની કથા તેરમી.

ચંપા નગરીમાં જીતશત્રુ રાજાને ઋષીભદ્ર નામે કુમાર હતો. આચાર્યનો બોધ સાંભળી પિતાની આજ્ઞા લઇ દિક્ષા લીધી. ગુરૂ વિનય કરી પૂર્વધારી થયા પછી પડીમાં અંગીકાર કરવાની તેમણે આજ્ઞા માગી. ગુરૂએ યોગ્ય જાણી આજ્ઞા આપી. તેવારે ઋષીભદ્ર પહેલીજ ભિક્ષુની મહા પડીમાં અંગીકાર કરી એક ઝાડ નીચે ઉભા છે. તે ઝાડ ઉપર એક મોટું ગંજાવર ભમરાનું મદ લટકતું હતું તે અચાનક ઉડયું, અને તે ભમરા સાધુના શરીરે ચોંટી ડંખ મારી શરીર કોચવા લાગ્યા. તે વારે સાધુને ઉત્કૃષ્ટિ નરકની વેદના ઉત્પન્ન થઇ. સાધુએ મનમાં વિચાર્યું કે, અરે જીવ! સાવધાન થા. આ વેદના ઉપર નજર ન કર! પૂર્વે અનન્તિ વખત તેં નરકની વેદના ભોગવી તે યાદ કર! નરકમાં પરમાધામી સાણસાની ચાંચો વડે કેવું માંસ ચૂંટતા હતા! કરવત વડે નાના મોટા કકડા કરી તેલમાં તળતાં! ઇત્યાદિક વેદનાઓ મનવિના પરવશપણે ભોગવી. પણ ત્યાં જીવનું કાંઇ સાર્થક થયું નહી! તે વેદના આગળ આ ભમરાએ કીધેલી વેદના અલ્પ માત્ર–હિસાબ વગરની છે, છતાં પણ ચારિત્ર પાળતાં દુઃખ આવે તો તે ભોગવવું જ પડે! જેમ સાકર ખાતાં દાંત ભાગે તો ભલે ભાગે, પણ સાકર મુકાય નહિ, તેમ આ પડીમા રૂપ નિયમ સાકરતુલ્ય અંગિકાર કર્યા પછી ગમે તેવું કષ્ટ આવે તોપણ અડોલ જ રહેવું જોઇએ! આવા શુદ્ધ પ્રણામની ધારા સહિત આખી રાત્રિ ભમરાનો પરિસ્સહ સહન કરી સમાધી સહીત કાળ કરી તેઓ દેવગતીને પ્રાપ્ત થયા. એમ બીજાઓએ પણ તે મહાપુરૂષનું શુદ્ધ ચરિત્ર યાદ કરી ડંસ–મચ્છરથી જરા પણ ડગવું નહી.

અચેલ પરિસ્સહ ઉપર આર્યરક્ષીતની કથા ચૌદમી.

દશારણપુર નગરને વિષે સોમદત્ત નામે પુરોહિત રહેતો હતો. તેને સોમા નામે ભાર્યા અને આર્યરક્ષીત નામે પુત્ર હતાં. આર્યરક્ષીત પુત્ર પરદેશ જઇ બ્રાહ્મણ સંબંધી ૧૪ વિદ્યા ભણી પોતાના નગરમાં પાછો આવે છે એવા ખબર રાજાને પડવાથી તેને હાથી ઉપર બેસાડી ગામમાં ફેરવ્યો. તે પછી તે આર્યરક્ષીત ઘેર આવી માતાને પગે લાગ્યો પણ માતાએ તેનો સ્વિકાર કર્યો નહી. કારણ કે તેની માતા શ્રાવીકા હતી. તેણે કહ્યું કે, હે માતા! હું આટલા બધા માનને પાત્ર થયો, છતાં તમે મારો નમસ્કાર કેમ સ્વિકારતા નથી? માતાએ કહ્યું, હે પુત્ર! તેં અન્ય શાસ્ત્ર શીખી તેમાં માન મેળવ્યું, તેની પ્રસંશા મારાથી કેમ થાય? જો તું દ્રષ્ટિવાદ શાસ્ત્ર ભણે તો તને ધન્યવાદ આપું! આર્યરક્ષીતે કહ્યું કે, માતા! એ વિદ્યા કોણ ભણાવશે? માતાએ કહ્યું કે, તોસલીપુત્ર આચાર્ય જે તારા મામા થાય છે, તે તને ભણાવશે. આ સાંભળી માતાને પ્રણામ કરી પોતે તોસલી પુત્ર આચાર્યની પાસે ભણવા માટે ગયો. આચાર્યે પૂછ્યું, હે ભાઇ! કેમ આવ્યા છો? તેણે કહ્યું કે, આપની પાસે દ્રષ્ટિવાદ શાસ્ત્ર ભણવા માટે આવ્યો છું. સાધુએ કહ્યું કે, દીક્ષા લીધા વિના તે શાસ્ત્ર ભણાય નહિ. તે સાંભળી ગુરૂ પાસે પોતે દીક્ષા અંગિકાર કરી. ગુરૂએ અગીયાર અંગનો અભ્યાસ કરાવી દ્રષ્ટિવાદ ભણવા માટે તેને વજ્રસ્વામી પાસે મોકલ્યો. ત્યાં તેણે અનુક્રમે નવ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવ્યું. દશમું પૂર્વ ભણતા થાક લાગ્યાથી ભણવાનું પડતુ મુકી પોતાના કુટુંબને પ્રતિબોધ કરવા દશારણપુરમાં આવ્યો. ત્યાં પોતાના કુટુંબને ધર્મદેશના આપી. તે સાંભળી તેમના ભાઇ ફલ્ગુરક્ષીતને વૈરાગ્ય થવાથી દીક્ષા આપી. સાથે તેમના પીતા સોમદેવે પણ આવવા ઇચ્છા જણાવી પણ જનોઇ, કમંડળ, છત્ર અને ધોતીઉં એટલા વાના સાથે રાખવા દ્યો તો દીક્ષા લઉં એમ કહ્યું. ગુરૂએ અવસર વિચારી તે વસ્તુ રાખવાની હા પાડી અને દીક્ષા આપી. પછી ગુરૂએ વિચાર કર્યો કે, આને ગૃહસ્થના વેશમાંથી મુક્ત કરવો, એ મારી ફરજ છે. આગળ જતાં કેટલાક સાધુ ભેગા થયા. તેમાં પ્રથમથીજ ગુરૂએ બીજા સાધુને શીક્ષણ આપેલું હોવાથી તેઓએ બીજા સાધુને નમસ્કાર કર્યો, પરંતુ સોમદેવ સાધુને નમસ્કાર કર્યો નહી. નમસ્કાર નહિ કરવાનું તેણે પૂછવાથી નાના સાધુએ જવાબ આપ્યો કે, તમે ગૃહસ્થના

વેશમાં છો માટે નમસ્કાર કરીશું નહી. આથી તે સાધુએ જનોઇ, કમંડળ, છત્ર વગેરેનો ત્યાગ કર્યો, પણ લજ્જાને લીધે ધોતીયું રાખ્યું. એ વખતે એક વૃદ્ધ સાધુએ સંથારો કર્યો, અને સમાધી સહીત કાળ કર્યો. ગુરૂએ હવે વિચાર્યું કે, સોમદેવ સાધુએ ધોતીયાની છુટ રાખી છે તે હવે મુકાવવું, એમ ધારી બીજા સાધુને ગુરૂએ બોધ કર્યો કે, આ મૃતક સાધુના કલેવરને જે સાધુ ખાંધે ઉપાડી જંગલમાં પરઠવવા જશે તેને મહા પુન્યની પ્રાપ્તિ થવા સાથે દેવલોક અને મોક્ષના સુખ મળશે. તે સાંભળી સોમદેવ સાધુએ ગુરૂને કહ્યું કે, મહારાજ! એમાં એવું મહાપુન્ય હોય તો એ મૃતદેહને હું જ ઉપાડીશ. ગુરૂએ કહ્યું, ભલે ઉપાડજો, પણ ઉપાડતા દેવ, મનુષ્યના ઉપસર્ગ થાય તો તેનાથી ચલાયમાન ન થવું. સાધુએ કહ્યું હું ચલાયમાન નહિ થાઉં. એમ કહી મૃતક કલેવરને બે હાથે ઉપાડી ખભા ઉપર નાખવા જાય છે કે તુરતજ આગળ સંકેત કર્યા મુજબ લઘુ સાધુએ તે સોમદેવ સાધુનું પહેરેલું ધોતીયું ખેંચી લીધું. સોમદેવે કહ્યું કે, હવે ધોતીઉં પહેરી શું કરવું! જે બનવાનું હતું તે બની ગયું. એમ લજ્જા મુકી અચેલનો પરિસહ સહન કરી, ચોલપટો રાખ્યો. એવી રીતે બીજા સાધુઓએ પણ વખત આવે અચેલનો પરિસહ સહન કરવો.

અરતિના પરિસ્સહ ઉપર રાજપુત્ર, પ્રધાન પુત્રની કથા પંદરમી.

તગરા નગરને વિષે રાજપુત્ર અને પ્રધાન પુત્ર બંને મિત્ર હતા. એકદા સમયને વિષે વૈરાગ્ય પામી તેમણે દિક્ષા લીધી પણ પ્રધાન પુત્ર સાધુને જાતીના અભિમાનથી દીક્ષામાં જોઇએ તેવો આનંદ (રતી) ઉપજતો નહિ, છતાં મીત્રના સહવાસથી તે સરખી કરણી કર્યા કરતો. એકદા કાળ ધર્મ પામી બન્ને દેવલોકમાં દેવપણે ઉપન્યા, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં શ્રીમંદીરસ્વામી પાસે બન્ને નમસ્કાર કરવા ગયા અને પૂછયું કે, હે મહારાજ! અમે સુર્લભબોધી કે દુર્લભબોધી? જ્ઞાની ગુરૂએ કહ્યું કે, આ પ્રધાન પુત્ર જે તારી સાથે છે તે દુર્લભબોધી છે અને તું પોતે સુર્લભબોધી છે. અર્થાત્ તે ઘણી મહેનતે બોધ પામી શકશે અને તું સહેલાઇથી બોધ પામી શકશે. એમ સાંભળી તે દુર્લભ-

બોધીએ સુર્લભબોધીને કહ્યું કે મારૂં આયુષ્ય લગભગ નજીક છે. હું મૃત્યુલોકમાં અવતાર લઉં કે જરૂર તમે અને સમજાવવા આવજો.

હવે તે દેવે દેવલોકથી ચવી કોસંબી નગરીમાં કોઈ વહેવારીઆને ઘેર જન્મ લીધો. અનુક્રમે યૌવનપણું પામ્યો પણ ધર્મ ઉપર પ્રીતિ થતી નથી. તે વાર દેવનું આસન ચલાયમાન થયું. દેવતાએ અવધીજ્ઞાન મુકી જોયું તો પોતાનો મિત્ર ઉમર લાયક થયો જાણી તેને આપેલ વચન મુજબ બોધ કરવા જવાનો વિચાર કર્યો. તરત મૃત્યુલોકમાં આવી સ્વપ્નમાં કહ્યું કે, હે મિત્ર! સંસાર અસાર છે માટે દીક્ષા લે. તે દેવનું વચન તેણે માન્યું નહિ. તે વારે દેવતાએ તેને જલંધર રોગ મુકયો. જલંધર કોઈ રીતે મટે નહિ. મરણની તૈયારી વખતે દેવ વૈદના વેશે આવ્યા. વૈદે કહ્યું કે, હું રોગ મટાડું તો શું આપીશ? રોગીએ કહ્યું કે, તમે માગશો તે આપીશ, વૈદે કહ્યું, તું મારો બચકો ઉપાડી ફરે તો તારો રોગ મટાડું. તેણે તે વાત કબુલ કરી. વૈદે રોગ મટાડયો અને તેની સાથે તે ગયો. વૈદ્યે તે કોથળો તેને માથે મૂકયો, પણ દૈવી માયાથી એટલું બધું વજન કર્યું કે તે ઉપાડવાને અશક્ત થયો. રસ્તામાં કોઇ સાધુ મહાત્મા ઉપદેશ કરે છે, ત્યાં તે બોજો ઉતારી બન્ને જણ વ્યાખ્યાન સાંભળવા બેઠા. વ્યાખ્યાન સાંભળી ઉઠયા પછી તેણે કહ્યું કે, બોજો મારાથી ઉપાડી શકાશે નહિ. વૈદે કહ્યું કે, જો તું દિક્ષા લે તો છોડી દઉં નહિ તો તે જ રોગ પાછો શરૂ થશે. એ સાંભળી તેણે સાધુ પાસે દીક્ષા ધારણ કરી, પણ દીક્ષામાં હંમેશાં તેને દીલગીરી (અરતી)જરાપણ મટતી નહિ. જેથી કંટાળીને છોડી દીધી. દેવે રોગ ફરી મુકયો અને ફરી દીક્ષા અપાવી. વળી તેણે કંટાળી દીક્ષા મુકી, છતાં ફરી દીક્ષા અપાવી. એમ વૈદરૂપ દેવ તેની સાથેને સાથે રહી તેને સુર્લભબોધી કરવા પ્રયાસ કરે છે. રસ્તામાં ચાલતાં બળતું ગામ બનાવી તે દેવતાએ મનુષ્યનું રૂપ લીધું ને માથે ઘાસનો ભારો લઇ તેમાં પેસવા માંડયું. તે જોઇ સાધુ બોલ્યા, તું બળતા ગામમાં આ ઘાસનો ભારો લઇને કયાં બળવા જાય છે? તે વારે દેવરૂપ ભારાવાળો બોલ્યો કે, હું જાઉં છું, તો કોઇ રીતે મારો બચાવ કરીશ, પણ તું દીક્ષા છોડી તેર તણખાએ બળી રહેલા એવા સંસારમાં ગયો છું તો તારો બચાવ કેમ થશે? છતાં તને ધર્મમાં રતી ન આવી. આગળ જતાં તે વૈદ સાધુના દેખતાં સીધો રસ્તો મુકી કાંટામાં ચાલવા લાગ્યા, તે વારે સાધુએ કહ્યું કે, અરે! ભલા માણસ! સીધો રસ્તો મૂકી કાંટામાં કયાં ચાલે છે? તે વારે દેવરૂપ વૈદે કહ્યું કે મને કાંટો વાગશે તો હું બચાવ કરવા સમર્થ છું, પણ જે દીક્ષા છોડી સંસારમાં જાય છે, તેને

અનન્ત કાંટા વાગશે અને દુઃખથી મુક્ત થઈ શકશે નહિ. એવી રીતે તેને સમજાવી સુર્લભ બોધી બનાવ્યો, અને સંયમમાં રતી ઉપજે તેમ કરી અરતીનો ત્યાગ કરાવ્યો.

શ્રી પરીસ્સહ ઉપર સ્થુળીભદ્ર મુનિની કથા સોલમી.

આચાર્ય સંભુતિવિજય પોતાના ઘણા પવિત્ર શિષ્યો સહીત પૃથ્વીને શોભાવતા થકા વિચરતા હતા. તે શિષ્યોના સમુદાયમાંથી ચાર મહા વૈરાગવાન શિષ્યોએ પોતાના વૈરાગ્યની પરીક્ષા કરવા માટે જૂદા જૂદા સ્થળે ચોમાસું રહેવાની ગુરૂ પાસે આજ્ઞા માગી. એકે કહ્યું કે, સ્વામી! આપની આજ્ઞા હોય તો હું સીંહની ગુફા પાસે ચાતુર્માસ કરૂં. ચાતુર્માસ પૂર્ણ કરી આપની સેવામાં હાજર થઈશ. બીજા શિષ્યે કહ્યું, સ્વામી! કૃપા કરી મને આજ્ઞા આપો તો હું દષ્ટિ વીષ ભયંકર સર્પના બીલ પાસે ચાતુર્માસ કરૂં. ત્રીજા શિષ્યે કહ્યું કે, સ્વામી! આપ આજ્ઞા આપો તો હું કુવાના કાંઠા ઉપર ચાતુર્માસ કરૂં. ચોથા શિષ્યે કહ્યું કે, સ્વામી! આપની આજ્ઞા હોય તો હું કોસ્યા વેષ્યાને ઘેર ચાતુર્માસ કરૂં.

ગુરૂએ ચારે શિષ્યોને જૂદા જૂદા સ્થળે ચાર્તુમાસ કરવાની યોગ્યતા જાણી આજ્ઞા આપી એટલે તેઓ પોતાના ઇચ્છિત સ્થાનકે ચાતુર્માસ કરવા ગયા. હવે પ્રથમના ત્રણે શિષ્યોએ સિંહ, સર્પ વગેરેના ભયંકર ઉપસર્ગ થયા, તે સહન કર્યા. ચોથા સ્થુલીભદ્ર કોશ્યા વેશ્યાને ઘેર જઇ ત્યાં તેની ચીત્રશાળા માગી ચોમાસુ રહ્યા. કોશ્યા પ્રથમ સ્થુલીભદ્રના પરિચયવાળી હોવાથી રાજી થઇ ચોમાસું રાખ્યા. કોશ્યાએ વિચાર્યું કે, પૂર્વના સ્નેહવડે કરીને જેમ નાથવડે કરી બળદ દોરાયો આવે, તેમ મારા સ્નેહરૂપી નાથવડે કરી આ સ્થુલીભદ્ર સાધુ થયા. તો પણ મારે ત્યાં આવ્યા તો તે ભલે આવ્યા. હું તેમને દુનીઆની મોજ પૂર્ણ કરાવું. એમ જાણી સ્ત્રીનો તમામ શણગાર ધારણ કરી, શરીર ઉપર તદ્દન બારીક અને આછા વસ્ત્ર પહેરી, શરીરના અવયવો પ્રત્યક્ષ દેખાડતી, ઇંદ્રને પણ ક્ષોભના પમાડે એવી કોસ્યા સ્થુલીભદ્ર પાસે હાવભાવ કટાક્ષ સહીત બેસી અનેક પ્રકારના રાગમાં રક્ત થઇ મોહ પમાડવા લાગી અને વાજીંત્ર સહીત ગાયન કરી સ્થુલીભદ્રને પ્રાર્થના કરવા લાગી કે, હે સ્વામી!

આપ પૂર્વ પરિચયથી મારે ઘેર ભલે આવ્યા. આપનું જ હું હંમેશાં સ્મરણ કરતી હતી. હવે આ મહેલ, મીલકત અને આ શરીરના માલીક આપ જ છો. આ મનુષ્ય દેહને સફળ કરનાર મનુષ્યના કામભોગ ભોગવી તમારા આત્માને સંતોષ પમાડો ઇત્યાદિક વચન કહ્યાં પણ મહા વૈરાગવંત સાધુ જરાપણ તેના મોહના પાસમાં પડ્યા કે લલચાયા નહિ! પણ તે કોસ્યાને ધર્મબોધ દઇ વ્રતધારી બનાવી. છેવટે ચાર માસ પૂર્ણ થવાથી ચારે શિષ્યો અનુક્રમે ગુરૂ પાસે એક સાથે આવ્યા. પ્રથમ ત્રણે શિષ્યોએ પોતાનું વૃત્તાંત ચોમાસા સંબંધી કહી બતાવ્યું તે વારે ગુરૂએ ત્રણે શિષ્યોને કહ્યું, ધન્ય છે, મહાનુભાવ! એમ વિશેષણ આપી સંતુષ્ટ કર્યા, અને ચોથા શિષ્ય સ્થુલીભદ્રનુ વૃતાંત સાંભળી ગુરૂએ તેને દુક્કર કરણીના કરનાર કહી ધન્યવાદ આપ્યો! આથી ત્રણ શિષ્યો કહેવા લાગ્યા કે, આ કેવી આશ્ચર્યની વાત કે, ચોમાસામાં આપણે મરણાંતીક કષ્ટ સહન કર્યું તેનું કંઇ નહિ, પરંતુ સ્થુલીભદ્ર વસ્તીમાં ખટરસ ભોજન જમી આવ્યા તેને ધન્યવાદ આપ્યો! હવે આવતી સાલ અમેજ ત્યાં ચોમાસુ કરીશું. ગુરૂએ કહ્યું દેવાનુપ્રિયા! એ કામ સહેલું નથી. અગ્નિમાંથી બચી શકાય, પણ સ્ત્રીના પ્રત્યક્ષ પરિચયથી બચવું અતિ દુકકર છે. એ વચન સિંહ ગુફાવાસી સાધુના મનમાં ગળે ઉતર્યું નહિ. જેથી તેણે બીજા ચોમાસામાં વેશ્યા પાસે જવાની ગુરૂપાસે આજ્ઞા માગી. ગુરૂએ અવસર જાણી અપવાદ ટાળવા હા પાડી. તે વારે સિંહ ગુફાવાસી સાધુએ કોસ્યાને ત્યાં ચોમાસુ જઇ ચિત્રશાળાની આજ્ઞા માગી. કોસ્યાએ વિચાર કર્યો કે, સ્થુલીભદ્ર ઉપર ઇર્ષાબુદ્ધિ થવાથી અહીં આવ્યા જણાય છે, તો સ્થુલીભદ્રે મને બોધ આપી તારી તો હું તે સાધુને બોધ પમાડી તારૂં એમ વિચારી ત્યાં ચોમાસુ રાખ્યા. ગુણકાએ પૂર્વની પેરે શણગાર સજી સ્ત્રીના હાવભાવ ગુફાવાસી સાધુ પાસે પ્રગટ કર્યા. સાધુનું મન તુરત ચલાયમાન થઇ ગયું. તે જાણી કોસ્યા બોલી કે, ભલે આપની ઇચ્છા પૂર્ણ કરીશ, પણ અમારી વેશ્યાની જાત હંમેશાં પૈસાથી અતૃપ્ત હોય છે, માટે આપની પાસે ધન હોય તો તમારી સાથે હું સંસાર સુખ ભોગવું, સાધુએ કહ્યું, મને ધનનું સ્થળ દેખાડો તો ત્યાં જઇ હું ધન લઇ આવું. કોસ્યાએ કહ્યું, નેપાળ દેશનો રાજા યાચકને પ્રથમવાર રત્નકાંબળનુ દાન દે છે તે લઇ આવો. તે સાંભળી સાધુ ચોમાસામાં વિહાર કરી નેપાળ દેશ ગયા અને ત્યાંથી રત્નકાંબળ લઇ પાછા આવતા રસ્તામાં ચોર લોકોએ ઉપસર્ગ કર્યો. તે ઉપસર્ગ સહન કરી રત્નકાંબળ લઇ ગુણકાને આપી. ગુણકાએ તે રત્નકાંબળ સ્નાન કર્યા

પછી શરીર લુંછી ખાળમાં ફેંકી દીધી. તે જોઇ સાધુ બોલ્યા, અરે! આ સવાલાખની રત્નકાંબળ ખાળમાં કેમ ફેંકી દીધી? ગુણકા બોલી, મહારાજ સવાલાખ રૂપીઆની રત્નકાંબળનો કાંઇ તોટો નથી, પણ તમારૂં અગણિત કીંમતનું ચારિત્ર અનન્ત કાળે પામવું જીવને દુર્લભ છે! તેને સ્ત્રીરૂપી ખાળમાં નાખવા કયાં તૈયાર થયા છો? આપ શાસ્ત્રના જાણ છો માટે ગુરૂમાહારાજ પાસે આલોયણા લ્યો અને સ્ત્રી પરિસહથી વિરક્ત રહેનાર સ્થુલીભદ્રના ગુણ ગાવ કે જેથી તમારૂં કલ્યાણ થાય! વેષ્યાના એવા વચન સાંભળી સિંહ ગુફાવાસી સાધુએ ગુરૂ પાસે આવી અલોયણા લીધી અને પોતાના આત્માની સિદ્ધિ કરી.

ચરીઆ પરિસ્સહ ઉપર સંગમસુરી આચાર્યની કથા સત્તરમી.

સાવર્થી નામે નગરીમાં સંગમ નામે આચાર્ય પોતાના શિષ્યો સહીત વિચરતા હતા. વૃદ્ધાવસ્થાએ તેમનું જંઘાનું બળ ક્ષીણ થવાથી તેજ સાવર્થી નગરીમાં રહ્યા, પણ ત્યાંથી વિહાર કરવા શક્તિમાન ન થયા. તે વખતે તે નગરમાં દુષ્કાળ પડયો, જેથી પોતાના શિષ્યોને બીજા દેશમાં વિહાર કરાવી પોતે અપવાદ ઉત્સર્ગ માર્ગના જાણ હોવાથી તેજ ગામના નવ ભાગ અપવાદ માર્ગે કરી એકેક જગ્યાએ શેષકાળ અવારનવાર કરતાં નવમેં ઠેકાણે ચોમાસુ રહ્યા. ત્યાં આચાર્યના ગુણાભિલાષી દેવ તેમના ઉપર પ્રસન્ન થંઇ તેમની સેવા ભક્તિ કરે છે. એકદા તેમના મોકલેલા શિષ્યો માંહે એક દત્ત નામે સાધુ એકજ ઉત્સર્ગ માર્ગનો જાણ હતો, પરંતુ અપવાદ માર્ગનું તેને જ્ઞાન ન હતું. તે આચાર્યનાં દર્શન કરવા તથા ગુરૂની સેવા માટે આવેલ તેની ભક્તિને માટે આચાર્ય સાથે લઇ વહોરાવવાને માટે ગયા. તે ગામમાં દુષ્કાળ હોવાથી ઘણી જગ્યાએ ભમ્યા પણ જોઇએ તેવો આહારપાણી ન મળ્યો. તે વારે દત્ત નામે સાધુએ વિચાર્યું કે, સાધુ મને ગરીબના ઘર દેખાડે છે જેથી સારો આહાર મળતો નથી. પોતે સારે સારે ઘેરથી આહાર લાવતા હશે. આ વાત આચાર્યના જાણવામાં આવી જેથી તે શિષ્યને કોઇ ભક્તિમાન ગૃહસ્થને ઘેર લઇ ગયા. તે ગૃહસ્થના બાળકને કોઇ વ્યંતર દેવે છલના

કરી છે જેથી તે બાળક છમાસ થયા પણ રોતો છાનો રહેતો નથી. તે વાત ગૃહસ્થે આચાર્યને કહી તે વારે આચાર્યે કોઇ મંત્ર પ્રભાવે તે દેવને દૂર કર્યો. એટલે બાળક છાનો રહ્યો. તે જોઇ ગૃહસ્થે ખુશી થઇને સાધુને મોદકનો આહાર વહોરાવવા માંડયો તે આચાર્યે લીધો નહિ પણ આવેલ સાધુની આકાંક્ષા પૂર્ણ કરવા તેને અપાવ્યો. સાંજે પ્રતિક્રમણ વખતે આચાર્યે કહ્યું કે, મુનિ ! ગોચરી વખતે જે અહાર આપે વાપરો છે તે ધાત્રી દોષવાળો વાપર્યો છે માટે ' મિચ્છામી દુક્કડં ' લેજો એટલે તે સાધુએ વિચાર કર્યો કે, અરે ! આ સાધુ આવા દોષીત આહાર કરે છે અને શિથિલ વિહારી થઇ એકજ જગ્યાએ નવ માસ થયા પડયા રહ્યા છે તો તે સાધુ ભેગા પણ મારે ન રહેવું એમ ધારી ગુરૂથી જુદા ઉપાશ્રયમાં રહ્યા તે વારે આચાર્યના ભક્તિકારક દેવે તે સાધુ ઉપર કોપાયમાન થઇ રાત્રીએ અંધકાર કર્યો. ઉપાશ્રયમાં પથ્થરનો વરસાદ વરસાવ્યો. આ ભયંકર બનાવ જોઇ સાધુ બીન્યા અને બુમ પાડી આચાર્યને બોલાવ્યા. આચાર્યે ધીરજ આપી પોતાની પાસે આવવાનું કહ્યું પણ તેણે કહ્યું મહારાજ ! અંધારામાં બીલકુલ રસ્તો દેખાતો નથી. તે વારે આચાર્યે પોતાની થુંકવાળી આંગળી ઉંચી કરી કે તુરત અજવાળું થયું. તેવી લબ્ધિ તેમને ઉત્પન્ન થઇ હતી. અજવાળે આચાર્ય પાસે આવી વિચાર કરવા લાગ્યો કે, આચાર્ય તદ્દન શિથિલ થઇ ગયા છે, કારણ કે રાત્રે દીવો પણ રાખે છે. પણ લબ્ધીનો પ્રભાવ તેણે જાણ્યો નહિ. ઇત્યાદિક શંકાઓ તેને ઉત્પન્ન થઇ પણ આચાર્યે તે શિષ્યને દુષ્કાળ વિગેરેનું કારણ સમજાવી તેના મનનું સમાધાન કર્યું.

બેસવાના પરિસ્સહ ઉપર કુરૂદત્ત ઋષીની કથા અઢારમી.

હસ્તી નાગપુર નગરને વિષે કુદરત નામે કુંવર હતો. તેણે સાધુનો ઉપદેશ સાંભળી દીક્ષા ધારણ કરી અને ગુરૂ પાસે વિનય સહીત શાસ્ત્રનો અભ્યાસ કરી એકલ વિહારી થવાની આજ્ઞા માગી. ગુરૂએ યોગ્યતા જાણી આજ્ઞા આપી, જેથી અપ્રતિબંધપણે વીહાર કરતાં એક ઉદ્યાનમાં આવી પાંચ પહોરનું નિયમ લઇ પદ્માસને બેસી

જ્ઞાનધ્યાન કરે છે, તેવામાં કોઇ ચોર લોકો એક ગામથી ગાયો ચોરી લાવી સાધુ પાસે થઇને ગયા. થોડીવારે ગાયોનો માલિક ગાયોની શોધ કરતો જ્યાં સાધુ છે, ત્યાં આવ્યો. ત્યાં બે રસ્તા જોઇ બીજા કોઇ માણસને ન દેખતાં ગાયના માલીકોએ સાધુને પૂછ્યું, હે સાધુ! ગાયોના ચોર આ બે રસ્તામાંથી કયે રસ્તે ગયા છે? સાધુ સાવદ્ય વચન જાણી અણબોલ્યાં રહ્યાં. ગાયના માલીકોએ કહ્યું કે, એ જવાબ ન આપે તો એના માથા ઉપર ધગધગતા અંગારા મુકો એટલે તુરત જવાબ આપશે. આવાં વચન મુનિએ સાંભળ્યાં છતાં જરા પણ મનથી ડગ્યા નહી તેમજ ત્યાંથી નાસી જવાનો વિચાર પણ કર્યો નહિ, અને તેજ જગ્યાએ બેસી રહ્યાં. અનાર્ય લોકોએ આલી માટી લાવી માથાપર પાળ બાંધી અને અંગારા લાવી તેમાં ભર્યા. તે વખતે સાધુ પોતાના આત્માને બોધ કરવા લાગ્યા કે, હે જીવ! સાવધાન રહેજે! આ બળે છે તે પુદ્દગળ બળે છે પણ આત્મા કે આત્માનું જ્ઞાન, દર્શન બળતું નથી! પુદ્દગલ સાથે તો અનન્ત કાળ સુધી સંબંધ રાખ્યો, તોપણ આત્માની ગરજ સરી નહી! આવા વિચારમાં સમાધી સહીત કાળ કરી પરલોકે આરાધીક થઇ સિદ્ધગતિ પામ્યા.

સેજાના પરીસ્સહ ઉપર સોમદત્ત ને સોમદેવની કથા ઓગણીસમી.

કોસંબી નામે નગરીમાં યજ્ઞદત્ત નામે બ્રાહ્મણ વસતો હતો. તે બ્રાહ્મણને બે પુત્ર હતાં. તેમાં મોટાનું નામ સોમદત્ત અને નાનાનું નામ સોમદેવ હતું. અનુક્રમે વધ્યા કરે છે. એકદા સમયે સોમભુતી મુનીશ્વર ત્યાં પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળી બન્ને પુત્રે દીક્ષા ધારણ કરી અને ભણી ગણી બહુ સૂત્રી થયાં. અનુક્રમે ગુરૂ મહારાજની આજ્ઞા લેઇ પોતાના કુટંબી માણસોને ધર્મ પમાડવા કોસંબી નગરીએ પધાર્યા. તપાસ કરતાં કુટંબી માણસો કોઇ કાર્ય પ્રસંગે તે કોસંબી નગરી છોડી એવંતી નગરી જઇ રહ્યાં છે, એવી ખબર મળવાથી તે સાધુજીએ એવંતી નગરી તરફ વિહાર કર્યો. તે દેશમાં કેટલાક બ્રાહ્મણો મદીરા વાપરે છે, અને સાધુ અજાણપણે બ્રાહ્મણને ઘેર ગૌચરી પધાર્યા. બ્રાહ્મણની સ્ત્રીએ સાધુને

બીજી વસ્તુમાં ભેળવીને મદીરા વેહોરાવી. સાધુ અજાણપણે વોહોરી લાવી આરોગી ગયા. આહાર કર્યા પછી જીવ ભમવા લાગ્યો. સાધુએ જાણ્યું, આહાર કરવામાં કેફી વસ્તુ આવી જણાય છે. માટે હવે આ દેશનો આહાર બીલકુલ નહી લેતાં અણુસણ આચરવું શ્રેષ્ટ છે એમ ધારી બન્ને સાધુએ નદી કાંઠે જઇ કાષ્ટ ઉપર સંથારો કરી દીધો. તેવામાં વરસાદ વરસવાથી નદીમાં પૂર આવ્યું, ને તેથી લાકડું પૂરના જોસમાં તણાયું. સાધુએ સમાધી સહિત પરીસ્સહ સહન કર્યો, પરન્તુ કાષ્ટ ઉપરથી ખસ્યાં નહી!

આક્રોશ પરીસ્સહ ઉપર બ્રાહ્મણ સાધુની કથા વીસમી.

વસંતપુર નામે નગરમાં સુમતી નામે ગુણવંત આચાર્ય શુદ્ધ ચારિત્ર પાળે છે. તેમના ઉપર એક દેવી પ્રસન્ન થઇ તેમની હમેશાં સ્તુતી કરે છે. સાધુના ગુણથી રંજીત થયેલી તે હંમેશાં સાધુ સમીપેજ રહે છે, અને વારંવાર સાધુને વીનંતી કરે છે કે, મહારાજ કોઇ વખત મારા સરખું કાંઇક પણ કામ બતાવો. પણ તે તપેશ્વરી નિઃસ્પૃહી સાધુ કામ બતાવતા નહી. એકદા સમયે ગામની અંદર માસખમણને પારણે સાધુ ગૌચરી ગયા. ફરતાં ફરતાં બ્રાહ્મણના લત્તામાં જઇ ચડયા. સાધુને દેખી બ્રાહ્મણો દ્વેષ કરવા લાગ્યાં કહ્યું છે કે, “ આડવેર ઘંટી ને ઘહું, આડવેર સાસુ ને વહુ, આડવેર બ્રાહ્મણ ને જતી, આડવેર વેશ્યા ને સતી. ” આ કહેવત પ્રમાણે બ્રાહ્મણ લોકો કહેવા લાગ્યા કે, અરે! મલીન પીશાચ! તારા ફરવાથી અમારો બ્રાહ્મણનો લત્તો અપવીત્ર થશે માટે ચાલ્યો જા! ઇત્યાદિક આક્રોશ વચન કહ્યાં પણ તે તપસ્વી સાધુથી સહન ન થયાં જેથી તેમણે એક બ્રાહ્મણનું કાંડું પકડયું. બ્રાહ્મણને ગુસ્સો ચડવાથી સાધુને લાત મુકીથી નીચે પાડી ઘણોજ માર માર્યો. છેવટે તે સાધુ માર સહન કરી પોતાને સ્થાનકે ગયો. રાત્રે પોતાના ગુણની રાગ ધરનારી દેવાંગ્ના ત્યાં આવી. દેવીએ નમસ્કાર કરી શાતા પૂછી, પણ સાધુએ જવાબ આપ્યો નહિ. એમ બે ત્રણવાર બોલાવ્યા છતાં, સાધુ બોલ્યા નહિ જેથી દેવીએ કહ્યું, માહારાજ મારો શું અપરાધ કે જેથી આપ બોલાવ્યાં છતાં પણ બોલતાં નથી? સાધુએ કહ્યું, તું હરહમેશ મારી ભક્તિ કરી કહેતી કે મારા સરખું કાંઇ કામ કહો, તો આજે તારૂં કામ પડયું છે. મહારાજે કહ્યું કે હું આજે બ્રાહ્મણના લત્તામાં વહોરવા ગયેલ ત્યાં બ્રાહ્મણ લોકોએ મને માર્યો. તો તે

દુશ્મનોને તેં કાંઇ પણ કર્યું નહીં? દેવીએ કહ્યું, મહારાજ! આપ બન્ને જે વખતે લડતા હતા તે વખતે હું આપની પાસેજ હતી પણ તે વખતે મને સાધુની અને બ્રાહ્મણની કશી પણ ખબર પડી નહી. આપ બન્ને ક્રોધે કરીને સહીત હતાં જેથી કયો બ્રાહ્મણ ને કયો સાધુ એ ખબર નહી પડવાથી મારાથી આપનું રક્ષણ બની શકયું નહી. તો માફ કરશો. તે વારે સાધુએ મનમાં વિચાર્યું કે, દેવી કહે છે તે સત્ય છે. બન્નેએ સરખા ન થવું જોઇએ. હું મારો ક્ષમાનો ધર્મ મેલી તેના જેવો થયો એ ઠીક કર્યું નહિ. જેથી તેમણે આલોયણા લીધી. અને દેવી નમસ્કાર કરી પોતાને સ્થાનકે ગઇ.

આક્રોશ પરીસ્સહ ઉપર અર્જુનમાળીની કથા એકવીસમી.

રાજગ્રહનગરને વિષે શ્રેણીક નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરને વિષે અર્જુનમાલી અને તેની બંધુમતી ભાર્યા સુખમાં વસતા હતા. રાજગૃહ નગરમાં બગીચો અર્જુનમાલીનો હતો તેથી ત્યાં બન્ને જણ પ્રભાતે ફુલ લેવાને માટે જતા. તે રાજગૃહ નગરના છ ગોઠીલ પુરૂષો એકદા તે બગીચામાં ક્રીડા કરવા આવ્યા. તેમણે ત્યાં અર્જુનમાલીની બંધુમતી સ્ત્રીને દીઠી, અને મોહ પામી અર્જુનમાલી જરા દુર હોવાથી તરત તેને પકડી લીધી. તે બગીચામાં મોગરપાણી જક્ષનું દેવાલય હતું તેમાં હજાર પલનું એક મોટું મુદ્દગલ તે પ્રતીમાના હાથમાં હમેશાં રહેતું, તે યક્ષ અર્જુનમાલીનો કુળદેવ હતો. અર્જુનમાલી પરંપરાથી તેની પુષ્પથી સેવા કરતો. તે યક્ષના દેવાલય નજીકમાં બંધુમતી સ્ત્રીને પકડી ગોઠીલ પુરૂષો ઉભા છે તેવામાં અર્જુનમાલીને વેગળેથી આવતો જોઇ બંધુમતીએ કહ્યું, મને છોડી દ્યો. મારો ધણી અહીં આવે છે. તે વારે તે ગોઠીલ પુરૂષો બોલ્યા કે, એ રાંક અમને શું કરવાનો હતો? એમ કહી તરતજ તે છએ જણાએ તે અર્જુનમાલીને બાંધી એક ખાડામાં નાખી તે સ્ત્રી સાથે ક્રીડા કરવા લાગ્યાં. તે જોઇ અર્જુનમાલી ક્રોધાતુર થઇ વિચારવા લાગ્યો કે. અરે! મેં જીંદગી પર્યંત આ જક્ષની પુજા કરી પણ તે જક્ષ મારા કંઇ પણ કામમાં આવ્યો નહી. જો મેં એક પામર જીવની સેવા કરી હોત તો પણ મારા કામમાં આવત. એમ તિરસ્કાર કરવા લાગ્યો. તેજ વખતે મોગરપાણી નામે જક્ષે તત્કાળ આવી અર્જુનમાલીના શરીરમાં પ્રવેશ કર્યો એટલે જક્ષના પ્રભાવે તેનાં બંધન તુટી ગયાં અને હજારભારનું

જે મુદ્દગળ હતું તે ઉપાડીને ૭ પુરૂષ અને એક સ્ત્રી એમ સાતે જણને માર્યાં. એટલેથી ક્રોધ ન સમાતાં હમેશાં તે ઉદ્યાનમાં જઇ આવતાં જતાં માણસોમાંથી ૭ પુરૂષ અને એક સ્ત્રીને મારવા લાગ્યો. એમ મારતાં મારતાં ૭ મહીના થઇ ગયા. એટલે એકંદર ૧૨૬૦ માણસો માર્યા. આથી રાજા શ્રેણીકે રાજગૃહ નગરમાં ઢંઢેરો ફેરવાવ્યો છે કે રાજગૃહ નગરમાંના ઉદ્યાનમાં કોઇ માણસ જવું નહી, અને જશે તો તેમનો જીવ જશે. આ સાંભળી મનુષ્યોને તે ઉદ્યાનમાં આવવા જવાનો રસ્તો બંધ ગઇ ગયો.

હવે તેજ ઉદ્યાનમાં એ વખતે જગત્ ગુરૂ મહાવીર પ્રભુ પધાર્યાં તે ખબર પ્રભુના અતિશયથી આખા નગરમાં ફેલાઇ, પણ અર્જુનમાળીની બીકથી કોઇ પણ વાંદવા જઇ શકયું નહીં. આહા, જીવતર કેવું વહાલું કે, પ્રભુ પંડે પધાર્યાં પણ આવું રાજગૃહ નામ નગર કે જ્યાં કરોડો શ્રાવકની વસ્તી છતાં પણ કોઇ પ્રભુને વંદન કરવા નીકળ્યું નહીં! પણ એક દ્રઢધર્મી પ્રીયધર્મી સુદર્શન નામે શેઠ માતા–પીતાની અને રાજા શ્રેણીકની આજ્ઞા લેઈ હીંમત ચલાવી પ્રભુને વાંદવા ગયો. અર્ધે રસ્તે ગયો કે અર્જુનમાળી તેના ઉપર મુદ્દગળ ઉંચુ કરી ધસી આવ્યો. સુદર્શન શેઠે તેને આવતો જોઇ જાણ્યું કે, આ મરણાંતીક ઉપસર્ગ આવે છે તો ભલે, જેમ બનવાનું હોય તેમ બને. જગત્ ગુરૂ મહાવીર પ્રભુની સેવામાં છું તો તેની સેવામાં કદાપી આ પ્રાણ દેહથી જૂદા થાય તોપણ લેખે છે. અનન્ત કાળ કુટુંબની સેવામાં પ્રાણ ખોયા તે નકામાં ગયાં, પણ આ વખતે લેખામાં છે, એમ વિચારી સાગારી અણસણ લીધું. એટલામાંજ ત્યાં અર્જુનમાલી આવ્યો, પણ અરીહંત પ્રભુના શરણ પ્રભાવે તેનું કાંઇ પણ નામ લઇ શકયો નહી. છેવટ તે જક્ષ થાકી અર્જુનમાલીના શરીરમાંથી નીકળી તે સુદર્શન શેઠને નમસ્કાર કરી પોતાને સ્થાનકે ચાલ્યો ગયો. તે વારે અર્જુનમાળી ૭ મહીનાનો ભૂખ્યો ને થાકયો જમીન ઉપર તૂટી પડયો જાણી સુદર્શન શેઠે સંથારો પાળ્યો અને તેની પાસે જઇ ઉભા રહ્યા. અર્જુનમાળીએ શેઠને કહ્યું, આપ કયાં જાવ છો? તેમણે કહ્યું હું જગત ગુરૂ મહાવીરના દર્શન કરવા જાઉં છું, અને તેનાજ પ્રભાવથી તારા શરીરમાંથી જક્ષ જતો રહ્યો. માટે તે પ્રભુના પ્રત્યક્ષ દર્શનનો અનન્ત લાભ છે. એમ સાંભળી તે અર્જુનમાળી શેઠની સંઘાતે દર્શનને માટે ગયો. પ્રભુને વાંદી તે યથાસ્થાનકે બેઠો. પ્રભુએ દેશના દીધી. વૈરાગ્ય પામી પ્રભુને કહેવા લાગ્યો, હે પ્રભુ! મેં ઘણા મનુષ્યોને મારી પાપ બાંધેલ છે. તે પાપ કઇ રીતે અને કયે સ્થળે છોડી શકું, તે રસ્તો મને બતાવો!

તે વારે જગતગુરૂ બોલ્યા કે, હે અર્જુન ! દિક્ષા લઇ, યથાશક્તિ તપ કરી, રાજગ્રહ નગરમાં સમતા સહીત ફરીશ તોજ તારાં કર્મથી છૂટીશ અર્જુનમાલીએ વચન પ્રમાણ કરી પ્રભુ પાસે દીક્ષા લીધી અને છઠ્ઠછઠ્ઠના પારણા કરવા લાગ્યો. પારણાને દિવસે રાજગૃહ નગરનાં લોકો તે સાધુને દેખી આક્રોશ વચન બોલવા લાગ્યા કે, અરે પાપિષ્ટ ! હજારો માણસ મારી હવે સાધુ બની ધૂતી ખાવા નીકળ્યો છે ? તારૂં કદીપણ કલ્યાણ થવાનું નથી ! કેટલાક કહે, આ કર્મચંડાળે અમારો એકનો એક દીકરો મારી નાંખ્યો છે ! આ ઘાતકીનું કોઇ મોઢું જોશો નહિ ! ઇત્યાદિ અનેક આક્રોશ વચનો તે ભીક્ષા લેવા જતી વખતે સાંભળે, છતાં જરાપણ અર્જુન અણગારના મનમાં ક્રોધ આવ્યો નહિ. ઉલટો સવળો અર્થ લેવા લાગ્યો કે, અરે ! આ દયાળુ મનુષ્યો વચન વડેજ માત્ર પોતાના મનને શાન્ત કરે છે. પણ મેં પાપીએ તો જીવતાં જ માણસો મારી નાંખ્યાં છે. ઇત્યાદિ સમતા સહીત તપશ્ચર્યા કરી, આક્રોશ વચનનો પરિસ્સહ સહન કરી છ મહીનામાં અર્જુનમાળી કેવળજ્ઞાન પામી મોક્ષ ગયા. એમ બીજા સાધુઓએ પણ આક્રોશ વચનનો પરિસ્સહ સહન કરવો.

વધ પરિસ્સહ ઉપર ખંધક આચાર્યની કથા બાવીસમી.

સાવથી નગરીને વિષે જીતશત્રુ નામે રાજા હતો તેને ગુણવાન સતીમાં શીરોમણી ધારણી નામે રાણી હતી. તેને એક દીકરી અને એક દીકરો હતાં. બાળકનું નામ ખંધકકુમાર અને દીકરીનું નામ પુરંદરયશા હતું. કુંવરીની ઉમર સોળ વર્ષની થવાથી દંડક દેશે કુંભકાર નગરીમાં દંડક રાજાની સાથે તેને મહોટે આડંબરે પરણાવી. તે રાજાનો પ્રધાન પાલક નામે પુરોહીત હતો પણ તે અભવી—જૈન ધર્મનો દ્વેષી હતો. એકદા સમયે રાણીના કામ માટે સાવથી નગરીએ જીતશત્રુ રાજાની સભામાં આવી રાણીનું કામકાજ કરી બેઠો હતો. તે સભામાં પંડિત વિદ્વાનો તેમજ જૈનધર્મના જાણ ખંધકકુમાર બેઠા હતા. તે વખતે ધર્મ સંબંધી ચર્ચા ચાલી. તે વારે પાલક પ્રધાને જૈનધર્મનું નામ સાંભળતાંજ તુચ્છકાર વચન સાથે ધર્મની ને ધર્મગુરૂની નિંદા કરી. સભામાં બેઠેલા ખંધકકુમારે તેનાં તમામ વચનો શાસ્ત્રયુક્તિપુર્વક ખંડન કરી

તેને જૂઠો પાડ્યો. જેથી ખંધકકુમાર ઉપર તે પ્રધાનને ઘણોજ ક્રોધ ચડયો, પણ ત્યાં કાંઇ ચાલી શક્યું નહિ, અને પાલક પોતાના દેશમાં ગયો.

એકદા સમયે તે સાવર્થી નગરીમાં વીસમા તીર્થંકર શ્રી મુનીસુવ્રતસ્વામી પધાર્યા. તેમને વાંદવા માટે રાજા અને કુંવર પ્રમુખ વાંદવા ગયા. દેશના સાંભળી ખંધક કુમારે માતા પિતાની આજ્ઞા લઇ દીક્ષા લીધી. તેમની સાથે પોતાના મિત્ર પ્રમુખ ૫૦૦જણે દીક્ષા લીધી. શ્રી મુનીસુવ્રત સ્વામીએ તે સર્વને તેમના શિષ્ય કરી સોંપ્યા. સ્થીવરોએ તેમને યોગ્યતા પ્રમાણે અગીઆર અંગ પ્રમુખનું જાણપણું કરાવ્યું. એક દિવસે ખંધક સાધુએ શ્રી મુનીસુવ્રત ભગવાનને નમસ્કાર કરી પૂછ્યું કે, હે ભગવાન! આપની આજ્ઞા હોય તો હું દંડક દેશે મારી બેનને પ્રતીબોધવા માટે જાઉં. પ્રભુ બોલ્યા કે, હે ખંધક! ત્યાં જતાં મરણાંતીક ઉપસર્ગ થશે. તે વારે ખંધકજીએ પૂછ્યું સ્વામી! સાધુને ઉપસર્ગ એ નિર્જરાનું ઠેકાણું છે, પણ આરાધીક થઇશ કે વિરાધીક? તે વારે પ્રભુએ કહ્યું તારા સિવાય સર્વે આરાધીક થશે. તેમણે વિચાર્યું કે, મારા સિવાય ૪૯૯ આરાધીક થશે, તો ધન્ય ભાગ્ય મારૂં! જે થવાનું હશે તે થશે! ભાવીભાવ એમ નિશ્ચય કરી દંડક દેશ તરફ વિહાર કર્યો. દંડક દેશે આવતા પાલક નામે પ્રધાનને ખબર પડી કે ખંધક સાધુપણું લઇ આપણા ઉદ્યાને આવી ઉતર્યો છે. તેવારે એક તો જૈનધર્મનો દૂષી, અભવી, અને વળી તેને એકવાર સભામાં ભ્રષ્ટ કરેલો એમ જાણી તેણે ખંધક સાધુનો જીવ લેવા પ્રયત્ન રચ્યો. તે એવી રીતે કે, રાત્રિના વખતે લડાઇના હથીઆર દારૂ-ગોળો વિગેરે સાધુની નજીક જમીનમાં દાટયા. સવાર પડતાં રાજાને ખબર આપી કે, મહારાજા! આપના નગરની બહાર જૈનધર્મના સાધુ આવ્યા છે, તે સાધુ નહિ પણ ધુતારા છે. બોધ કરવા નથી આવ્યા પણ તમારો દેશ લુંટવા આવ્યા છે. રાજાએ કહ્યું તેનું પ્રત્યક્ષ પ્રમાણ શું? પ્રધાને કહ્યું, મહારાજા! તેણે ગુપ્ત લડાઇના હથીઆર જમીનમાં દાટેલા છે. મને ખબર પડવાથી આપને કહ્યું છે. જોવા ઇચ્છા હોય તો ચાલો આપને દેખાડું એવી રીતે રાજાના કાન ભંભેરી જંગલમાં લઇ જઇ પોતે કપટથી દાટેલા હથીઆર દેખાડયા. તે જોઈ રાજાને ઘણીજ રીસ ચડી. પ્રધાનને, તારી ધ્યાન પહોંચે તે શિક્ષા કરજે, એમ કહી રાજા ચાલ્યા ગયા. પ્રધાને તુરત જ તેજ જંગલમાં ઘાણીરૂપી યંત્ર તૈયાર કરાવીને કહ્યું કે, સાધુઓ! તમે સાવધાન થઇ તમારા ઇષ્ટદેવને ભજી લ્યો. તમારાં કર્યાં કર્મની માફી પ્રભુ પાસે માગી લ્યો! કારણ કે આ ઘાણીમાં તમો સર્વેને પીલવાનો રાજાએ હુકમ

કર્યો છે. તે સાંભળી સર્વ સાધુ આશ્ચર્ય પામવા લાગ્યા કે, કાંઇ પણ અપરાધ કર્યા સિવાય આવી મોતની સજા કરવાનું શું કારણ હશે? આ સાંભળી આચાર્ય, શિષ્યોને બોધ કરી કહેવા લાગ્યા કે, હે સુપાત્ર શિષ્યો! આ દેહ છોડી એક દહાડો અવશ્ય જવું છે, તે તો નક્કી છે. મૃત્યુ તે અજ્ઞાનીને દુઃખરૂપ અને જ્ઞાનીઓને મહોત્સવ તુલ્ય છે. માટે સાવધાન થઇ જાવ! મોતની ધાસ્તી મનમાંથી કાઢી નાંખો. આળોયણા કરી લીયો. એમ કહી સર્વ શિષ્યોને આળોયણા કરાવી. અભવી પ્રધાન પાલકે ખંધક આચાર્યને ઘાણી પાસે ઉભા રાખી એકેક શિષ્યને ઉપાડી યંત્રમાં પીલવા માંડયા. હળુકર્મી શિષ્યો જરાપણ ક્રોધ ન કરતાં સમતા સહિત કેવળજ્ઞાન પામી મોક્ષ જવા લાગ્યા. લોહીની પીચકારીઓ વડે આચાર્યનું શરીર પલળી ગયું, તો પણ પોતે સમતા રાખી અને રખાવી. એમ કરતાં ૪૯૯ ને પીલ્યાં. છેવટે એક લઘુ શિષ્ય જે આચાર્યને ઘણોજ પ્રીય હતો તેને લીધો, એટલે આચાર્યે કહ્યું કે, એ શિષ્ય મને ઘણોજ વલ્લભ છે, મારાથી જોયું નહિ જાય, માટે પ્રથમ મને પીલ અને પછી તારે જે કરવું હોય તે કર. પાલક બોલ્યો કે, સભામાં મને ખિષ્ટ કરી હલકો પાડતાં તને જરાપણ શરમ આવી નહોતી તો તેના ફળ તું ભોગવ. તને વધુ દુઃખ થાય તેમ મારે કરવું એમ કહી લઘુ શિષ્યને યંત્રમાં નાખ્યો અને તે કેવળજ્ઞાન સહીત મોક્ષ ગયો. છેવટે આચાર્યને પીલતાંજ આચાર્યને ક્રોધ થયો કે, અરે! વગર ગુન્હે પાંચસે સાધુના જીવ લીધા! લોહીની નદી ચાલી છતાં કોઇ પુછનાર ન મળે! ખેર, જો મારા તપ સંયમનું ફળ હોય તો હું આ દંડક દેશને બાળનાર થઉં એવું નિયાણું કર્યું. અહા! ક્રોધની કેવી ખૂબી છે કે, અનન્તુ મોક્ષનું સુખ મુકી તેમણે એક તુચ્છ કામમાં આત્માને જોડી દીધો. એમ કહી કાળધર્મને પામ્યા અને અસુરકુમારના દેવ અગ્નિકુમાર થયા. તે સાધુનો રૂધીરે ખરડાએલો ઓઘો પંખીએ ત્યાંથી ચાંચમાં લઇ ઉપાડયો અને તેની બેન પુરંદરયશાના ખોળામાં મુકયો. તે ઓઘા ઉપર ખંધક એવું નામ વાંચી રાણીએ રાજાને કહ્યું, આ શું બનાવ બન્યો છે! છેવટે ઉપરની તમામ ખબર પડતાં રાજા રાણી ઘણાંજ દીલગીર થયા અને મહાવીર સ્વામિ પાસે વ્રત અંગિકાર કર્યું. અસુરકુમાર દેવે પોતાનું પાછળનું વૈર સાંભળી તમામ દંડક દેશ સળગાવી મુકયો. અને "એકહી બુરા, જગત બુરા" એ કહેવત સત્ય નીવડી.

સારાંશ એ કે, જેમ ચારસેં નવાણું શિષ્યોએ સંયમ પાળતાં મરણાંતીક કષ્ટ સહન કર્યું તેમ બીજા સાધુઓએ સહન કરવું.

યાચના પરીસ્સહ ઉપર બળભદ્રની કથા તેવીસમી.

સોરઠ દેશને વિષે દેવતાની નીપજાવેલી સોનામય અને દેવલોક સરીખી દ્વારીકા નગરી હતી. તે નગરીનાં રાજ્યકર્ત્તા શ્રીકૃષ્ણ વાસુદેવ હતા. તેમને સાંબ અને પ્રદ્યુમ્ન પ્રમુખ સાડા ત્રણ કરોડ કુંવર અને ૫૬ ક્રોડ જાદવની સાહ્યબીએ કરી સહીત દેવાંગ્ના સરખી રૂક્ષ્મણી પ્રમુખ ૩૨૦૦૦ રાણીઓ હતી. એવી સકળ ઋદ્ધિએ કરીને તેમનો મનોરથ પુરો થયો છે. એકદા સમયે દ્વારીકા નગરીને વિષે નેમનાથ ભગવંત કેવળજ્ઞાન સહીત પધાર્યા. તેમને વાંદવાને માટે કૃષ્ણ અને બળદેવ ભગવંત સમીપે ગયા અને યથાસ્થાનકે બેસી ધર્મોપદેશ સાંભળ્યો. દેશના પૂર્ણ થયા પછી, શ્રી કૃષ્ણે, ભગવાનને પૂછ્યું કે હે ભગવાન ! દેવલોક સરખી દ્વારકા નગરી તથા દુનીઆમાં શોભા પામેલી જાદવની વસ્તી તથા આ મારૂં શરીર એ ત્રણે પોતાની મેળે જ નાશ પામશે, કે કોઇ નાશ કરનાર થશે ? તે વારે નેમનાથ ભગવાન બોલ્યા કે, હે કૃષ્ણ ! સાંભળ

સોરીપુર નગરની બહાર કોઇએક પારાસર નામે તાપસ હતો. તે તાપસને કોઇ નીચ કૂળની સ્ત્રી સાથે સંબંધ થયો, અને તેનાથી એક પુત્ર થયો. તેનું નામ દીપાયણ રાખ્યું. તે દીપાયણ તાપસના વેશમાં બ્રહ્મચર્ય પાળી આ વનમાં છઠ છઠના પારણા રૂપ તપ કરે છે. હાલ તે દીપાયણને જાદવ ઉપર ઘણો જ સ્નેહ છે. હે કૃષ્ણ ! આગળ ઉપર દારૂના કેફથી જાદવોના કુંવર તેને ઘણો જ સંતાપશે, મરણ તૂલ્ય મારશે. તે વારે તે તાપસ ક્રોધાવેશમાં આવી અગ્નિકુમાર દેવ થઇ દ્વારકાને બાળશે. વળી હે કૃષ્ણ ! તારી ઓરમાન માતા જરા રાણી તેને પેટથી ઉત્પન્ન થએલ જરાકુંવરના હાથે તું મરણ પામીશ. આ શબ્દ સર્વે જાદવોએ સાંભળી જરાકુમર સામું જોવા લાગ્યા. જરાકુંવર પણ આ બીના સાંભળી વિચાર કરવા લાગ્યો કે, અરે ! મારો નાનો ભાઇ, કૂળને આધાર રૂપ, તેનું મારે હાથે મરણ થશે ! એ દુનીઆમાં મહા અઘટીત કહેવાશે. એમ વિચારી વસ્તી છોડી ધનુષ્ય બાણ લઇ જંગલમાં ચાલ્યો ગયો. શ્રી કૃષ્ણ નેમનાથ ભગવાનને વાંદી દ્વારકામાં આવ્યા અને વિચાર કર્યો કે સર્વેને અનર્થકારી મદીરાપાનની ટેવ છે, તો તેનો પ્રથમથી જ નાશ કરાવું. એમ ધારી ગામમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, દ્વારકા નગરીમાં કોઈએ મદીરા રાખવો નહિ, તેમ પીવો પણ નહિ. એમ

સાંભળી લોકોએ બધો મદીરા લઇ જઇ દ્વારકાના બહાર કંદર્પ વનને વિષે ઢોળી દીધો. ત્યાં તે દારૂ ઢળીને નદીના પાણીમાં અને દ્રહમાં મિશ્ર થયો. તેવા સમયમાં જાદવના કુંવરો ત્યાં રમવા જતા તૃષાવંત થયાં જેથી ત્યાંથી દારૂનું મીશ્રીત પાણી પીધું. આથી કેફ ચડયો, અને કેફ સહીત ફરતાં તે કુંવરોએ દીપાયણ તાપસને તપ કરતાં દીઠો, તેવારે માંહોમાંહે કહેવા લાગ્યા, આ દીપાયણથી જ આપણી નગરીનો નાશ થવાનો છે. જેથી તેને ઘણો જ માર મારી ત્યાંથી નાસી ગયા. દીપાયણે વેદનાને લઇ ક્રોધમાં આવી નીયાણું કર્યું કે, મારા તપનું ફળ હોય તો હું આ દ્વારકા અને જાદવોનો નાશ કરનારો થાઉં. આમ નીયાણું કરી તાપસ ત્યાં પડયો છે.

હવે જાદવોના કુંવરો દીપાયણને દુઃખ દઇ દ્વારકામાં આવી કહેવા લાગ્યા કે, આપણા દુશ્મન–દ્વારકાના નાશ કરનાર દીપાયણને અમે મરણ તુલ્ય મારમારી આવ્યા છીએ. કૃષ્ણ એ વચન સાંભળતા જ બળભદ્ર સહીત દીપાયણ ઋષી પાસે આવી કહેવા લાગ્યા કે, હે ઋષી! આપ ક્ષમા કરજો, અજ્ઞાની બાળકોએ તમને દુઃખ દીધું છે, પણ ક્રોધના ફળ કડવાં છે એ આપ સારીરીતે જાણો છો. તે વારે દીપાયણ બોલ્યો કે, હે કૃષ્ણ! માથુ કાપીને પાઘડી બંધાવવી અને ઘર સળગ્યા પછી કૂવો ખોદાવવો નિરર્થક છે. હું નીયાણું કરી ચૂકયો છું. મારૂં નીયાણું કદી પણ નિષ્ફળ જનારૂં નથી. લોકોમાં પણ એવી કહેવત છે કે ઋષીનો શ્રાપ અને લોકની અફવા ખાલી જાય નહિ. તેમ મારૂં નીયાણું કદી પણ ખાલી જાય તેવું નથી. છતાં કૃષ્ણે ઘણી આજીજી કરી, ત્યારે દીપાયણે કહ્યું કે, હે કૃષ્ણ! તમે અને બળભદ્ર બે ભાઇને અને જે દીક્ષા લેશે તેને બચાવીશ, તે સિવાય દરેકને બાળીશ. એટલું કહેતા જ તે મરણને શરણ થયો. અને અગ્નિકુમાર દેવ થયો. દ્વારકા નગરીના વિનાશની વાત ઠેકાણે ઠેકાણે ચાલી રહી છે. તે વખતે બળભદ્રનો નાનો ભાઇ સિદ્ધાર્થ તેની પાસે સ્નેહથી સારથી થઇને રહેતો. તે સિદ્ધાર્થે બળભદ્રને કહ્યું કે, વડીલ બંધુ! આ દ્વારકાનો નાશ મારાથી જોયો જશે નહિ. આપ આજ્ઞા આપો તો હું શ્રી નેમનાથ ભગવાન પાસે દીક્ષા લઉં. બળભદ્રે કહ્યું, તારો સ્નેહ મારાથી મુકી શકાશે નહિ, પણ આવી આફતમાં તને અત્રે રાખવા હું ખુશી નથી. જો તું દીક્ષા લઇ દેવલોકમાં જાય તો આફત વખતે અમને ધીરજ અને પ્રતિબોધ કરવા જરૂર આવજે, એમ કહી તેને દીક્ષા ધારણ કરાવી.

એકદા સમયે નેમનાથ ભગવાન વિહાર કરી દ્વારકાનગરીએ પધાર્યા. કૃષ્ણે દેશના સાંભળી ફરી ભગવાને પૂછયું કે, આ દ્વારકાનગરી ક્યાં સુધી

હું નજરે જોઇશ ? ભગવાને કહ્યું, હે કૃષ્ણ ! હજુ બાર વરસ સુધી રહેશે. નગરીમાં ધર્મકરણી બંધ થશે ત્યારે દીપાયણથી નાશ થશે. આ પ્રમાણે સાંભળી કૃષ્ણે દ્વારકામાં આવી નગરમાં સાદ પડાવ્યો કે, " સર્વે ધર્મ ધ્યાન, ઉપવાસ અને આંબેલ પ્રમુખ કરજો. તપના પ્રભાવથી દેવ આપણી નગરીનું નામ લઇ શકશે નહિ. દયા ધર્મ નહિ કરો તો બારે વરસે દ્વારકાનો નાશ થવાનો છે. જેને દીક્ષા લેવી હોય તેણે નેમનાથ ભગવાન પાસે દીક્ષા લેવી. " આ સાંભળી ઘણા માણસો ધર્મ કરવા લાગ્યા. ઘેર ઘેર તપ થવા લાગ્યો. સાંબ અને પ્રધુમન પ્રમુખ કુંવરોએ તેમજ રૂક્ષ્મણી, સત્યભામા વિગેરે રાણીઓએ દીક્ષા લીધી. તેનો દીક્ષા મહોત્સવ કૃષ્ણે પોતેજ કર્યો.

હવે તે દીપાયણનો જીવ દેવલોકથી આવી વારંવાર દ્વારકામાં જોવા લાગ્યો, તો હંમેશાં આંબેલ પ્રમુખ તપ થયાં કરે છે. એમ જાણી તેનાથી કંઇપણ થઇ શકે નહિ. એમ કરતાં બાર વરસ પૂર્ણ થવાથી માણસોના મનમાં એવો વિચાર આવ્યો કે, આપણા તપના પ્રભાવથી દેવ ચાલ્યો ગયો જણાય છે, માટે હવે ખાઇ પીને મોજ કરો. એમ વિચારી તદ્દન ધર્મકરણી છોડી નિરંકુશ બની મરજી મુજબ ખોરાક લેવા માંડયો. એવો અવસર દેખી દેવતાએ મહાસંવર્તક પવન વિકોવી દ્વારકામાં અગ્નીદાહ લગાડયો. જાદવ સીવાયના માણસોને બહાર કાઢી નાખે અને બહાર રહેલા જાદવોને અગ્નિમાં નાખે. આ ભયંકર બનાવ જોઇ કૃષ્ણ અને બળભદ્ર બંને ભાઇ વસુદેવજી પાસે આવ્યા. માતા પિતાને બચાવવા માટે ઘોડા વિનાનો રથ હતો, તેમાં તેમને બેસાડી પોતેજ રથ ખેંચી દરવાજે આવ્યા. તે વારે દેવે કહ્યું કે તું મિથ્યા પ્રયત્ન શું કરવા કરે છે ? પ્રથમથી જ તને કહ્યું છે કે, તમે બંને ભાઇ સિવાય કોઇ બચવાના નથી. આ વચન સાંભળી વસુદેવજી ને દેવકીજી કૃષ્ણ પ્રમુખને કહેવા લાગ્યા કે, હે પુત્ર ! અમારી આશા છોડી દો. અમે નેમનાથ ભગવાનનું શરણ લઇ સંથારો કરીએ છીએ. તમે સુખી રહો ! આટલું કહેતાં જ તે રથ ઉપર દરવાજો તૂટી પડવાથી તેઓ કાળ કરી દેવલોકમાં ગયાં. નીરાધાર થએલા બંને ભાઇ દ્વારકાનો દાહ જોતાં આગળ ચાલ્યા. દ્વારકા નગરી છ મહીના સુધી બળી અને તેના ઉપર સમુદ્રનું પાણી ફરી વળ્યું.

હવે ચાલતાં ચાલતાં ભૂખ અને તૃષાએ પીડાતા થકા બંને જણા હસ્તીકાય નામે નગર પાસે આવ્યા. અહિં ધૃતરાષ્ટ્રનો પુત્ર અચ્છંદત નામે

રાજા હતો. પૂર્વે પાંડવોએ કૃષ્ણુની મદદ લઇ તે રાજાના ભાઇઓને માર્યાં હતા ત્યારથી તે રાજાના મનમાં ખુનસ રહેલું હતું. હવે તેજ નગરના ઉદ્યાનમાં આવી કૃષ્ણુ બળદેવ ઝાડ નીચે બેઠા. કૃષ્ણુ બળભદ્ર પ્રત્યે કહેવા લાગ્યા કે, ભાઇ! ઇંદ્રના જેવી સાહ્યબી વીજળીના ચમકારાની પેઠે નાશ પામી! વહાલા ભાઇ! માતાપિતાના વિયોગરૂપી દુઃખથી આ અંતઃકરણ ચિરાઇ જાય છે. એ દુઃખ અને તેમાં ક્ષુધાનું દુઃખ જેથી એક ડગલું પણ આગળ ભરવા હું શક્તિમાન નથી. માટે ગમે તેમ કરી ખાવાનું લાવો. એમ કહી પોતાના હાથની નામાંકીત મુદ્રીકા બળભદ્રને આપી તે લઇ બળભદ્ર નગર તરફ જતાં કૃષ્ણુને કહેવા લાગ્યો કે, ભાઈ! ફાટેલામાં વધુ ફાટે, વાગેલામાં વાગે, તેમ આ ગામનો રાજા આપણો દ્વેષી છે. કદાચ તેના પંજામાં હું સપડાઉં તો સીંહનાદ કરીશ. તો તમે તુરત આવજો. એમ કહી ગામમાં ગયા. કંદોઇને વીંટી આપી મીઠાઇ લીધી. નામાંકીત વીંટી જોઇ તેણે રાજાને ખબર આપી કે તમારા શત્રુ નિરાધાર આપના ગામમાં આવ્યા છે. તે સાંભળી રાજાએ પોતાના ગામના દરવાજા બંધ કરી બળભદ્રને મારી નાખવા મદોન્મત હાથીને છુટો મૂક્યો. તે વખતે બળભદ્રે પોતાના હાથમાં ખાવાનો ખોરાક હોવાથી ધાર્યું કામ નહી થાય એમ જાણી, સીંહનાદ કર્યો. તે સિંહનાદ સાંભળતાજ જંગલમાં સુતેલ કૃષ્ણુ ક્રોધાતુર થઈ દરવાજાને લાત મારી ગામમાં પેઠા અને રાજાની ચોટલી પકડી ચોતરફ ફેરવી નીચે ફેંક્યો, અને કહેવા લાગ્યો કે, અરે પાપીષ્ટ! મારૂં સર્વસ્વ ગયું માનતો હઇશ પણ મારૂં ભુજા બળ ગયું નથી. બોખરી ડાંગ હાંલ્લુ ફોડવામાંથી પણ જાય નહી. આ સાંભળી સૌએ નમસ્કાર કરી એમનો ક્રોધ શાન્ત કર્યો. બંને ભાઇ ગામ બાહાર જઇ લીધેલી મીઠાઇ જમી આગળ ચાલ્યા. કૃષ્ણુ બળભદ્ર પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભાઇ! આમ આપણે ક્યાં જઇશું? બળભદ્રે કહ્યું, ભાઇ! પાંડવ મથુરાએ આપણે જઇએ કે જ્યાં આપણુને દુઃખનો વીસામો મળે. આપણા દુઃખમાં પાંચે પાંડવ અને કુન્તા ફોઇ ભાગીયા થશે. તેમના તરફથી આપણુને ધીરજ મળશે. એ સાંભળી કૃષ્ણુ કહેવા લાગ્યા, અરે ભાઇ! મેં તેમને દ્રૌપતિને લાવતી વખત દેશનીકાલની સજા કરી છે. તો તેને શરણે કેમ જઇ શકાય? તેને ત્યાં ગયાં પછી તે જો પાછલી વાત યાદ કરે તો મારાથી કેમ સાંભળી શકાય? બળભદ્રે કહ્યું ભાઇ! કદી પણ તે સંભારે તેવા નથી. આપણુને દુઃખી જોઇ દુઃખી થશે માટે આપણે ત્યાં ચાલો. આગળ ચાલતાં કૃષ્ણુ તૃષાથી બહુજ આકુળવ્યાકુળ થયા. ઝાડ નીચે

તેમને સુવાડી, સાવધાન રહેવાનું કહી બળભદ્ર પાણી લેવા ગયા તે વારે કૃષ્ણ પીળા પીતાંબર સાથે એક પગ ઉપર બીજો પગ ચડાવી, માથા નીચે એક હાથ રાખી સુતા છે. પોતાને પગે પદ્મ હતુ તે મૃગની આંખ જેવું અને પીળા વસ્ત્ર તે મૃગના શરીર જેવી આકૃતિ દૂરથી દેખાવા લાગી.

હવે તે વખતે જરાકુંવર બાર વરસથી જંગલમાંજ વસે છે. બાર વરસથી કોઇ મનુષ્ય તેના દેખવામાં આવ્યું જ નથી. પોતાના ભાઇના કારણથી અનેક જંગલના દુઃખ સહન કરે છે. માથાના કેસ વધીને જમીન સુધી પહોંચ્યા છે. દાઢી, મુછ પેટ સુધી પોંહોંચ્યા છે, વાઘનું ચામડું પહેરેલું છે, હાથમાં ધનુષ્ય બાણ સહીત ફરતાં તે જંગલમાં દુરથી સુતેલાં કૃષ્ણને મૃગની ભ્રાંતીએ જોયાં અને તે જોતાં જ બાણ માર્યું. કૃષ્ણને બાણ વાગ્યું. કૃષ્ણ બેઠા થઇ કહેવા લાગ્યા કે, અહો! નીરપરાધીને સાવધાન કર્યા વિના કોણે બાણ માર્યું? કોઇને મેં નિરપરાધે માર્યો નથી, માટે જે મારનાર હોય તે પોતાનું નામ ગોત્ર મને કહો. તેવારે જરાકુંવર ઝાડની ગુફાના પડદામાં રહી બોલ્યો કે, હરીવંશને વિષે સૂર્ય સમાન વસુદેવનો પુત્ર હું જરાકુંવર છું, ને નેમનાથ ભગવાનનું વચન સાંભળી કૃષ્ણનું રક્ષણ કરવા બાર વરસથી જંગલમાં વસું છું. આજદીન પર્યંત કોઇ પણ મનુષ્ય મેં જોયો નથી. હે બાણથી મરનાર! તારૂં નામ ગોત્ર મને જણાવ તે વારે કૃષ્ણ બોલ્યાં, અરે! મારા વાહાલાં બંધુ! તું ઉતાવળો મારી પાસે આવ, હું તારો ભાઇ કૃષ્ણ જ છું. જેનું રક્ષણ કરવા તેં દુનીયા છોડી તે બાર વરસની તારી મહેનત ફોકટ ગઈ. કેમકે મીથ્યાત્વીના તપના પ્રભાવથી દ્વારકાનો નાશ થયો. હું નીરાધાર જંગલમાં આવ્યો છું. તે સાંભળી ઉતાવળથી જરાકુંવર કૃષ્ણ પાસે આવ્યો. કૃષ્ણને વાગેલું બાણ જોઇ મોહને વશ્યે કહેવા લાગ્યો કે અહા! મેં મારા ભાઇનો જીવ લીધો! એમ ખેદ કરતાં જમીન ઉપર મુર્છા ખાઇ પડયો. થોડીવારે ચૈતન્ય આવવાથી ઉભા થઇ વિલાપ કરતો જરાકુંવર કૃષ્ણને પૂછવા લાગ્યો કે, ભાઇ! તમે અહિં કેમ આવ્યા? શું દીપાયણે દ્વારકાનો યાદવ સહિત નાશ કર્યો! નેમનાથ ભગવાનની વાણી સાચી થઇ! તે વારે કૃષ્ણે તમામ હકીકત જરાકુંવરને કહી તે સાંભળીને જરાકુંવરના અંતઃકરણમાં શોકરૂપી અગ્નિ પ્રદિપ્ત થયો અને કહેવા લાગ્યો કે, અરે! મેં મારા લઘુ બંધુની કેવી પરોણાગત કરી! હાય! હવે મારૂં શું થશે! માઠી દશારૂપ સમુદ્રમાં હું પડયો. હીતકારી ભાઇની ઘાતનો કરનાર હું કોઇ સ્થળે સુખી નહી થાઉં. તેમનાં રક્ષણ માટે આ જંગલમાં રહ્યો તો પણ આમ બન્યું! હવે હું

શું કરૂં ? વસુદેવનો પુત્ર થઇ ચંડાળનું નીંદનીક કર્મ કીધું. હે પૃથ્વીમાતા ! ઉતાવળા મારા ઉપર પ્રસન્ન થઇ મને જગ્યા આપો કે, હું અહીંયા સમાઇ જાઉં. અરે હું નેમનાથ ભગવાનનું વચન સાંભળી તરતજ મૃત્યુ પામ્યો હોત તો ઘણુંજ સારૂ થાત, અને આવું ઘોર કૃત્ય મારાથી થાત નહી. આવી રીતે પસ્તાવો કરવા લાગ્યો. કૃષ્ણ કહે, હે ભાઇ ! ખેદ ન કર. ભાવીભાવ હોય તેજ થાય! હવે પસ્તાવો કરે શું થાય? લે આ એક કૌસ્તુભ રત્ન મારી પાસે રહ્યું છે તે લેઇને તુ પાંડવની નગરીએ જા, અને ત્યાં જઇને આ રત્ન કુંતાજીને આપી કહેજે કે, આ છેલ્લો સાસર· વાસો. હવે તારા પીયરમાં કોઇ રહેલ નથી. એમ કહી તેને સર્વ હકીકત સમજાવજે. પાંડવોને મેં દેશનીકાલ કર્યાં હતાં તો તે અપરાધની મારા તરફથી માફી માગી લેજે. હવે તું તારો જીવ બચાવ. જાદવમાં માત્ર તું એકલોજ જીવતો રહ્યો છે, માટે અહીંથી ઉતાવળો ચાલ્યો જા. બળભદ્ર આ બનાવ જાણુશે તો જરૂર તને મારશે એમ વારંવાર કૃષ્ણે કહેવાથી કૃષ્ણને નમસ્કાર કરી કૃષ્ણના સામું જોતો અને દીલગીર થતો તે પાંડવ મથુરા તરફ ગયો. તે ગયા પછી કૃષ્ણ પણ બાણુની પીડાથી ઉત્તર દીશા સન્મુખ બેસી હાથ જોડી અરીહંત, સીદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમું છું અને નેમનાથ તીર્થંકરને વિશેષ નમું છું એમ કહી તરણાને સંથારે બેસી પોતાનું શરીર વસ્ત્રવડે ઢાંકીને એમ ચિંતવવા લાગ્યા કે, સાબ, પ્રદ્યુમ્ન પ્રમુખ પુત્રો અને રૂક્ષ્મણી પ્રમુખ સ્ત્રીઓએ દીક્ષા લીધી તેમને ધન્ય છે. મુજને ધિકા:ર થાવ. વળી બાણુની પીડાથી શુભ અધ્યવસાય ચાલ્યા ગયા અને ગતિ અનુસાર અશુભ પરીણામ થયા ને વિચાર કરવા લાગ્યા કે, મેં પહેલેથી જ પરાભવકારી દીપાયણને માર્યો નહી તેથી આ માઠી દશા આવી. મારૂં કુળ ક્ષય કર્યું, તે વેરીએ વીના કારણે દુઃખ દીધું. હજી જો તે હોય તો તેનો જીવ લેઉં. આમ રૌદ્ર ધ્યાન સહીત બાણુની પીડાથી આકુળ વ્યાકુળ થઇ એક હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી, કાળ કરી ત્રીજી નરકે પહોંચ્યા.

તે વાર પછી બળભદ્ર કમળના પાંદડામાં પાણી લેઇ કૃષ્ણ પાસે આવ્યા. આવતાં જ રસ્તામાં માઠા શુકન થવાથી શંકા થયેલ કે કાંઇક અનિષ્ટ થશે. આવીને જોયું તો કૃષ્ણ ચૈતન્ય રહીત પડેલાં દેખી વિચાર કરવા લાગ્યા કે, મારા ભાઇ ભરનીદ્રામાં છે. થોડીવાર તેની પાસે ઉભા રહ્યા. તો કૃષ્ણના શરીર ઉપર માંખો ભમતી જોઇ. મુખ ઉપરથી વસ્ત્ર ખેંચી વેગળું કરી જોયું તો મરણ પામ્યા દેખી મુર્છા પામી ધરતી

ઉપર પડયા. ફરી શુદ્ધિમાં આવતાં શોકાતુર સીંહનાદ કર્યો. વનના જીવ ત્રાસ પામવા લાગ્યાં ને વન કંપવા લાગ્યું. તે વાર પછી એમ બોલ્યાં કે મારા પ્રાણુ વલ્લભભાઇ જે વિશ્વમાં એક શૂરવીર અહિં સુતા હતાં, તેમને કયા દુરાત્માએ હણ્યા. જો તે સાચો સુભટ હોય તો મારા સન્મુખ પ્રગટ થાય. ઉત્તમ પુરૂષ હોય તે સ્રીને, સુતેલાંને, બાળકને, રૂષીને અને આળસુને હણે નહી. એમ ઉંચે સ્વરે બોલતો અને દુઃખથી પરાભવેલો થકો તે અટવી માંહે ભમતો કૃષ્ણ પાસે આવીને રોવા લાગ્યો કે, હા દૈવ ! કૂલમાં ઉત્તમ પુંડરીક કમળ સમાન, મારા વીના પુર્વે ક્ષણુ માત્ર પણુ રહી શકતા નહી; તે આજે એક ઉત્તર દેવા પણુ અસકત બન્યા. હે ભાઇ ! મેં તમારો અપરાધ બીલકુલ કર્યો નથી, છતાં તમારા મનમાં હું પાણી લેવા ગયો ત્યાં વાર થવાથી ક્રોધ ઉત્પન્ન થયો હોય, તો તે અપરાધ ક્ષમા કરજો. તમે કદી પણુ મારા ઉપર ક્રોધ કર્યો નથી. તુમ સરખા ઉત્તમને ક્રોધ કરવો છાજે નહી. હે વનના રક્ષક દેવો ! કૃપા કરી મારો ભાઇ મારા ઉપર રીસાયેલો છે તેને તમે મનાવો. તે ભાઇ વીના મારે આ જગત સૂનું છે. માટે ભાઇ! મારા ઉપર પ્રસન્ન થઇ ઉંચું જોઇ પાણી પીયો. સૂર્ય અસ્ત થવાની તૈયારી છે. તે માટે તમારા સરખા સાહસિકને આ વખત નિંદ્રા કરવાનો વખત નથી. એ પ્રમાણે વીલાપ કરી રાત્રી પૂર્ણ કરી. સવાર પડે થકે એમ જ વારંવાર વીલાપ કરતો કૃષ્ણુના શબ ઉપર મોહ ભાવને લઇ ખભે નાંખી વન અટવીમાં ભમવા લાગ્યો. એમ ભમતાં વર્ષાકાળ નજીક આવ્યો. તે અવસરે બળદેવનો ભાઇ સિદ્ધાર્થ જે દેવલોકમાં ગયેલ તેનું આસન કંપાયમાન થયું અને અવધીજ્ઞાન મુકી જોયું તો ભાઇને આવી રીતે ભમતો દેખી તેને પ્રતિબોધ કરવા મનુષ્યનું રૂપ લઇ ત્યાં આવ્યો. તે મનુષ્યે બળભદ્ર દેખતાં એક ઘાણીમાં રેતી પીલવાનો દેખાવ કર્યો. તે દેખી બળભદ્ર કહેવા લાગ્યા કે, અરે મનુષ્ય ! આ રેતીમાંથી તેલ નીકળશે ? તે વારે મનુષ્ય બોલ્યો કે, ત્યારે શું તમારા ખભા ઉપર મુએલ મૃતક છે તે સજીવન થશે ? વળી આગળ ચાલતાં કેટલીક મૂએલી ગાયોને રબારી ચરાવતો દેખી બળભદ્ર કહેવા લાગ્યા કે, અરે ! ભોળા માણુસ ! મૃતક ગાયમાં દૂધ કયાંથી હોય ? તે વારે રબારી કહે ત્યારે આ મૃતક કલેવરમાં જીવ કયાંથી આવશે ? ઇત્યાદિ બોધ સાંભળી બળભદ્રે કૃષ્ણુનું મૃત્યુ થયાની વાત સાચી માની એક સ્વચ્છ જગ્યામાં કાષ્ટ એકઠાં કરી તે મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યો. તે પછી દેવ પ્રગટ થઇ કહેવા લાગ્યા કે, મહારાજ ! આપ જેવા ઉત્તમ પુરૂષને આમ શૂન્ય ચિત્ત બનવું ન જોઇએ. આપ સાવધાન થઇ નેમનાથ ભગવાન પાસે

દીક્ષા ધારણ કરો. હું આપનો ભાઇ દેવલોકમાંથી આવેલ છું. એમ પૂર્વનું વચન સંભારી નેમનાથ ભગવાન પાસે દીક્ષા લઇ, શાસ્ત્રના પારંગામી થયા, અને ગુરૂની આજ્ઞા મેળવી એકલવિહારી થઇ તુંગીઆનગરી પધાર્યા. ગામમાં પેસતાં કુવાને કાંઠે પાણી ભરતી ગામની સ્ત્રીઓ સાધુનું રૂપ દેખી મોહ પામી ભાન ભૂલી ઘડાના ગળામાં ગાળો નાખવાનું ભૂલી જઇ પોતાની પાસે ઉભેલા દીકરાના ગળામાં ગાળો નાખતાં બળભદ્ર મુનીએ જોયું, અને તરતજ તેની પાસે આવી તેને ભાન કરાવી બાળક બચાવ્યો, આથી શહેરમાં નહિ જતાં જંગલમાં જઇ વિચાર કર્યો કે, અરે આ શરીરના રૂપથી કેટલો બધો અનર્થ થઇ જાત! હવે મારે વસ્તીમાં રહેવું નહિ અને વસ્તીનો આહાર લેવો નહિ. જંગલમાં મળે તોજ લેવો, એમ અભિગ્રહ ધારી જંગલમાં રહ્યા. તેઓ જંગલમાં રહેતા કઠીઆરા, સુતાર વગેરે પંથી માણસો ભોજન કરતાં દેખી ત્યાં યાચના કરી નિર્દોષ આહાર ભોગવે પણ ઉત્તમ પુરૂષ બળભદ્ર જરા પણ અભિમાન ન કરે કે, હું આવો મોટો અને કઠીઆરા પ્રમુખના હાથની ભિક્ષા કેમ લઉં! એમ યાચના પરીસ્સહથી જરાપણ પોતે પરાભવ પામ્યા નહિ. જંગલના જીવો હરણ, સસલાં, રોઝ વીગેરે મુની પાસેથી જરાપણ વેગળાં ખસે નહિ. એમ કરતાં તે જનાવરોમાં જાતી સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે. જેથી સાધુની વૈયાવચમાં લાભ સમજી જંગલમાં ચારે તરફ ફરી આહાર પાણીની તજવીજ કરી મુનીનો પલ્લો પકડી આહારજમનારની પાસે લઇ જાય, અને મુનિ ત્યાં આહારની યાચના કરે. એમ કરતાં તે જંગલની નજીકમાં રહેલા શહેરના કઠીઆરા પ્રમુખ લોકો એમ વાતો કરવા લાગ્યા કે, આપણી જંગલમાં કોઇ એક મહાત્મા મહા મોટો તપ અથવા સાધન કરે છે. તે સાંભળી રાજાના મનમાં દ્વેષભાવ ઉત્પન્ન થયો કે, વિદ્યા બળે કદાચ મારૂં રાજ્ય લઇ લેશે. એમ જાણી સાધુને હણવા માટે પોતાનું લશ્કર મોકલ્યું. એટલામાં સિદ્ધાર્થ દેવનું આસન ચલાયમાન થયું અને જ્ઞાનથી મુનીને ઉપસર્ગ જાણી, તે વનમાં મુનિની આસપાસ લાખો સિંહ કરી બેસાડયા. તે બનાવ જોઇ લશ્કર ભાગી ગયું અને કહેવા લાગ્યું કે, અરે સાહેબ! તે સામાન્ય મનુષ્ય નથી, પણ આ તો નરસિંહ છે. ત્યારથી નરસિંહ અવતાર નામ જગતમાં પ્રગટ થયું.

એક દિવસ બળભદ્ર મુનિને માસખમણ તપનું પારણું હતું. સવારથી જાતીસ્મરણવાળા હરણ મુનિની વૈયાવચને માટે આહારની શોધ કરતાં હતાં. વનની નજીકમાં એક સુતાર ઝાડ ઉપર ચઢી કાષ્ટ કાપે છે, અડધું કાષ્ટ કપાયું છે, તેવામાં સુતારણ ભાત લઇ આવતી હરણના જોવામાં આવી.

હરણુ બળભદ્ર મુનિનો પલ્લો દાંતમાં પકડી સુતાર પાસે લઈ ગયો. મુનીને આવતા જોઇ તે ઘણો હર્ષ પામ્યો અને મુનીને પ્રતિલાભવા ઉત્સુક થયો. મુનીએ પણ શુદ્ધ આહાર જાણી પાત્ર હાથમાં લઇ ધર્યું. તેવારે હરણુ ભાવના ભાવતું, આંખમાં આંસુ લાવી, વિચાર કરવા લાગ્યું કે, અરે ! હું જો મનુષ્ય હોત તો આવો લાભ લેત ! પણ પાપના ઉદયથી મનુષ્યગતિ હારી ગયો છું ! એમ ત્રણે જીવના શુદ્ધ પ્રણામ છે. એવામાં અર્ધું કાપેલું કાષ્ટ પવનના જોરથી નીચે તૂટી પડયું અને તે ત્રણે જીવ મૃત્યુ પામ્યાં, અને શુદ્ધ અધ્યવસાયે કરી દસ સાગરોપમની સ્થિતિએ પાંચમાં બ્રહ્મ દેવલોકે ઉત્પન્ન થયાં. ત્યાં ઉત્પન્ન થયા પછી બલભદ્રના જીવે અવધીજ્ઞાન મુકી પાછલી સ્થિતિ જોઇ તો પોતાના ભાઇને ત્રીજી નરકે ઉત્પન્ન થયેલો અને દુઃખ પામતો જોઇ તેને મુક્ત કરવા ત્રીજી નરકે પોતે ગયા અને ત્યાં અંધાર હોવાથી પોતાના શરીરના ઉદ્યોત વડે પોતાના ભાઇને શોધી કાઢયો અને પોતાના ભાઇની આવી દશા જોઇ કહેવા લાગ્યા કે, હે ભાઇ ! હું બલભદ્ર તારા પૂર્વ જન્મનો ભાઇ છું, અને પાંચમા દેવલોકથી તને તારવા માટે આવ્યો છું. તારા માટે હું શું કરૂં તે કહે. તેવારે કૃષ્ણે કહ્યું, હે ભાઇ ! હું મારા પાછલાં ભવના કર્મ ભોગવું છું. તેમાંથી કોઇ મુક્ત કરી શકે તેમ નથી. આમ કહ્યાં છતાં પણ સ્નેહને લઇ પોતાના બંને હાથવડે ભાઇને ઉપાડયો તો જેમ અગ્નિમાંથી માંખણ કહાડતાં વીખરાઇ જાય તેમ તેનુ શરીર વીખરાઇ ગયું, અને વધુ પીડા પામવા લાગ્યો. તે વારે કૃષ્ણ બોલ્યા કે, હે ભાઇ ! તમે આટલેથી જ બંધ કરો. તમે મને ઉપાડો છો તેથી મને અનન્ત ગણી વેદના થાય છે. આ વેદના કોઇ પણ દેવ મટાડવા સમર્થ નથી. છતાં પણ મારા ઉપર તમને સ્નેહ હોય તો મારી એક ઇચ્છા મૃત્યુ લોકમાં જઇ પ્રગટ કરો. તે એ કે, "પૂર્વે જે સ્થિતિમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, પીળાં વસ્ત્ર, ગરૂડની સ્વારી વગેરે લીલા સહીત હું મૃત્યુ લોકમાં રહેતો તેમ મારા જેવું કૃષ્ણનું રૂપ કરજે અને તમે પણ તમારૂં પૂર્વનું રૂપ ધારણ કરી આપણા વેરીયોના નગરમાં પ્રકટ થાય. કેમકે તે દુશ્મનો આપણી ક્રુર દશા થઇ જાણી હજુ હાંસી કરે છે. તેના સન્મુખ જઇ પ્રગટપણે દેખાવ દ્યો કે અમે અવિનાશી છીએ, અમર છીએ, અને સ્વર્ગ, પાતાળમાં લીલા કરીએ છીએ. દ્વારકાનો સંહાર કર્યો તે અમારી લીલા પણ અમેજ ખેંચી લીધી છે. માટે જે અમારૂં ભજન કરશે તેને મનવંચ્છિત સુખ આપીશું." એમ કહી દુનીયાના લોકોનું મન પ્રસન્ન કરો. આ સાંભળી કૃષ્ણનાં કહેવા પ્રમાણે જ બલભદ્રે મૃત્યુલોકમાં લીલા બતાવી. લોકોના

મન શાન્ત થયા, અને ત્યારથી લોકો તેમની ભક્તિ કરવા લાગ્યાં. કૃષ્ણને કાળ કર્યા ચોરાસી હજાર વરસ થયાં છે, પણ લોકોમાં પાંચ હજાર વરસ થયાં કહેવાય છે તે આવા જ કારણથી. બાકી કેવળજ્ઞાની જાણે!

અલાભ પરીસ્સહ ઉપર ઢંઢણ ઋષીની કથા ચોવીસમી.

પૂર્વે મગધ દેશમાં પુર્વાર્ધ નામે નગર હતું ત્યાં પારાસર નામે કણબી રહેતો હતો જે રાજાનાં અધિકારી પટેલ હતો. તેના દીકરાઓ છસેં હળ ચાકરો પાસે જોડાવી રાજાના ખેતરો ખેડતાં. એમ ખેડતાં એક દિવસ મધ્યાન્હ વખત થયો. તે વખતે માણસોને માટે ભાત અને બળદને માટે પુળા આવ્યા. તે ખાવાનું આવ્યું જાણી માણસો અને બળદો ખુશ થયા કે, હવે આપણને છોડી મુકશે. પણ તે કણબી પુત્રે એકેક આંટો ખેડયા પછી હળ છોડવાના છે, એમ કહી બળદના બંધ છોડેલા ફરી બંધાવી હળ જોડાવી ખેતર ખેડાવવા લાગ્યો. તે વખતે ૧૮૦૦ જીવોને એવું થયું કે, અરે આપણને હવે કયારે ખાવાનું મળશે? આમ નિર્દયપણે પચેંદ્રિ જીવને આહારની અંતરાય પાડવાથી તેને આહાર અંતરાયનું કર્મ બંધાઇ ગયું અને એક આંટો વધારે ખેડયા પછી સર્વે અન્ન પાણી લીધું.

હવે તે કણબી પુત્ર પોતાને ઘેર આવી કોઇ સાધુ પાસે આહાર અંતરાયનાં કર્મ સમજી કેટલુંક દાન પુણ્ય કરી કાળને અવસરે કાળ કરી દ્વારકા નગરીમાં કૃષ્ણને ઘેર ઢંઢણા રાણીની કુખે ઉત્પન્ન થયો અને ઢંઢણ કુમાર નામ રાખ્યું. ઉમર લાયક થયા પછી પિતા સાથે નેમનાથ ભગવાનને વાંદી, વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેવારે પૂર્વના અંતરાયકર્મના ઉદયથી દ્વારકા નગરીમાં ફરતા શુદ્ધ નિર્દોષ આહાર ન મળે. કદાપી મળે તો તે અસુઝતો જેથી ખપે નહિ. બીજા સાધુઓ સાથે ફરતા તેને પણ આહાર ન મળે. જેથી બીજા સાધુએ સાથે જવાની ના પાડી. તેણે ભગવંતને પૂછયું કે, મને નિર્દોષ આહાર કેમ મળતો નથી? ભગવંત કહે તેં પૂર્વે ૧૮૦૦ જીવોને આહારની અંતરાય દીધી છે જેથી તે અંત-

રાય કેમ તું ભોગવે છે. તે વારે તેમણે ભગવાન પાસે અભિગ્રહ લીધો કે મારી લબ્ધિનો આહાર મળે તો જ લેવો પણ કોઇની મદદનો આહાર મળે તો ન લેવો. એમ અભિગ્રહ લઇ દ્વારકા નગરીમાં ગૌચરી જાય છે. એમ છ માસ વીતી ગયા, શરીર આહાર પાણી વિના તદ્દન સુકાઇ ગયું છે હવે તે વખતે કૃષ્ણ મહારાજ નેમનાથ ભગવાનને વાંદવા આવ્યા. અઢાર હજાર સાધુને વાંદી તેમણે પૂછ્યું કે, હે ભગવાન! આ અઢાર હજાર સાધુમાં દુક્કર કરણી કરનાર અને પહેલો કેવળજ્ઞાન પામનાર કયો જીવ છે? નેમનાથ ભગવાને કહ્યું કે, હે કૃષ્ણ! તારો પુત્ર ઢંઢણ છે. પ્રભુ! તેઓ હાલ ક્યાં છે? મારે તેમને વાંદવાં ઇચ્છા છે. ભગવાને કહ્યું. રસ્તામાં તમને મળશે. એમ જાણી હર્ષ પામી ઉઠયા અને રસ્તામાં સુકકે ભુખ્ખે થએલી કાયા અને સમતા રહીત શુદ્ધ ઇર્યાસુમતી શોધતાં ચાલ્યા આવતા સાધુને જોઇ કૃષ્ણ મહારાજ હાથીપરથી નીચે ઉતરી ઢંઢણ કુમારને પગે લાગ્યા તે વારે એક અન્યધર્મવાળાએ વિચાર કર્યો કે, આ કોઇ મહાત્મા જણાય છે. નહિ તો તેને વાસુદેવ સરખા વાંદે નહિ. જો તે મારે ઘેર આવે તો હું તેમને ભિક્ષા આપું એમ વિચારી તે મહાત્માને પોતાને ઘેર લઇ જઇ મોદકનો આહાર વહોરાવ્યો. સાધુએ નેમનાથ ભગવાન પાસે આવી આહાર દેખાડી ભગવાનને કહ્યું કે, હે ભગવાન! આજે આ આહાર હું મારી લબ્ધિનો પામ્યો કે બીજાની લબ્ધિનો? ભગવાને કહ્યું, હે ઢંઢણ! તારી લબ્ધિનો નહિ પણ કૃષ્ણ વાસુદેવની લબ્ધિનો એ આહાર છે. સાધુએ કહ્યું ત્યારે તે આહાર હું પરઠવી દઇશ. ભગવાને કહ્યું, જેમ તમને સુખ થાય તેમ કરો. તે વારે ઢંઢણ અણગાર સમતા સહીત ઇંટના નીભાડા પાસે જઇ નિર્દોષ જગ્યાએ પડીલેહણ કરી લાડુને ચુરણ કરી પરઠવતાં શુદ્ધ ભાવના ભાવતાં, ઉત્કૃષ્ટો અલાભ પરિસહ સહન કરવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, કાળને અવસરે કાળ કરી મોક્ષ પધાર્યા.

રોગ પરિસહ ઉપર કાલવૈશીક રૃષિની કથા પચીસમી.

મથુરા નગરી વિષે જીતશત્રુ નામે રાજા હતો. તે રાજાએ કાલ નામે વેશ્યાનું રૂપ જોઇ મોહવશ થઇ તેને અંતેઉરમાં રાખી હતી. તેની સાથે સંસાર સુખ ભોગવતાં પુત્ર થયો. જેનું નામ કાલવૈશિક રાખ્યું. એકદા સમયે પોતે સુતો હતો ત્યાં શીઆળનો

શબ્દ થવાથી ભરનિદ્રામાંથી જાગી સેવકોને પૂછ્યું કે, આ શબ્દ શેનો થાય છે ? માણુસોએ કહ્યું, સાહેબ ! શીયાળ બોલે છે. તે વારે કહ્યું જાવ, તે શિયાળને મારી પાસે પકડી લાવો. સેવકોએ શીયાળ પકડી લાવી તેને સોંપ્યો. રાજાએ તેને માર દેવા માંડયો. જેમ જેમ મારે તેમ તેમ ખી ખી શબ્દ કર્યા કરે. એમ કરતાં મરણ પામી શિયાળ વ્યંતર દેવ થયો. એકદા સમયને વિષે કાલવૈશીકે મુનીરાજની પાસે ધર્મ સાંભળી દિક્ષા ધારણ કરી અને ગુરૂપાસે આજ્ઞા માગી એકાકીપણે વિહાર કરી મુદ્દગરસેલ નામે ગામ ગયા. તે સાધુને હરસની વ્યાધીને લઇ સહન ન થાય તેવી પીડા થવા લાગી. તેઓ શુદ્ધ પરિણામે વેદના સહન કરવા લાગ્યા. પરંતુ દવા કરતા નથી, અગર ક્યારે રોગ મટશે, એમ મનમાં ચીંતવતા નથી. એમ અભિગ્રહ ચોખ્ખો પાળે છે.

તે નગરમાં હતશત્રુ રાજા હતો. તેમની રાણી તે સાધુની બેન થતા હતા. તેને સાધુને હરસરોગ ઉત્પન્ન થયાની અને અભીગ્રહ ધારણ કર્યાની ખબર પડવાથી આહાર વહોરાવતાં આહારની અંદર હરસ નિવારણ ઔષધ નાખ્યું અને સાધુ ગૌચરી આવતાં વહોરાવ્યું. તે આહાર કર્યા પછી તેના હરસ ખરવા લાગ્યા. તે જોઇ સાધુએ વિચાર કર્યો કે, અહો ઉપયોગ વિના મારો અભીગ્રહ ભંગ થયો. ઔષધ ખાવાથી હરસના જીવની ઘાત થઇ, તે સર્વે આહારના કારણથી જ થયું. તો હવે જીંદગી પર્યંત આહાર કરવો નહી, એમ ચિંતવી પર્વત ઊપર પાદોપગમન અણુસણ કરી લીધું. રાજાએ પર્વત ફરતા માણુસો સાધુના રક્ષણ માટે રાખ્યા હતાં. તે વખતે વ્યંતરી થયેલ શીયાળના જીવે અવધીજ્ઞાને જોયું તો પાછલા ભવની વાત જાણી સાધુને સંથારામાં જોઇ પૂર્વના વૈરને લઇ ક્રોધ ઊપન્યો. તુરતજ ત્યાં શીયાળનું રૂપ કરી તે સાધુને ઊપદ્રવ કરવા આવ્યું પણ સાધુની પાસે જ્યાં સુધી માણુસનું રખોપું હતું, ત્યાં સુધી સાધુને કાંઇ કરી શકાયું નહીં. માણુસને આઘાપાછા થયા પછી શીયાળ ખી ખી કરી સાધુનું શરીર કરડવા લાગ્યું એમ પંદર દીવસ સુધી તેમણે શિયાળની વેદના સહન કરી. છેવટે કેવળજ્ઞાન પામી મોક્ષ ગયા. તેમ બીજા સાધુઓએ પણ સહન કરવું.

તરણાના સ્પર્શના પરીસ્સહ ઉપર ભદ્ર કુંવરની કથા છવીસમી.

સાવર્થી નગરીમાં જીતશત્રુ રાજાને ભદ્ર નામે પુત્ર હતો. વૈરાગ્ય આવવાથી દીક્ષા લઇ ગુરૂની આજ્ઞા માગી તેઓ વિહાર કરતાં અનાર્ય દેશમાં જઈ ચઢ્યા. ત્યાં રાજાના માણસોએ કદી પણ તેવા સાધુને જોયેલ નહીં જેથી સાધુને પૂછ્યું કે, તું કોણ છે? પણ સાધુ તેમની ભાષાના અજાણ હોવાથી, જવાબ આપ્યો નહીં. તેથી તે સાધુને ચોર જાણી પકડયો, અને વસ્ત્ર કાઢી લઇ શરીર છોલી, અનેક પ્રકારના માર મારી, શરીરે લોહી વહેતું કરી, તીક્ષણ ધારવાળા તરણા લાવી, હાથપગ અને આખું શરીર સજ્જડ બાંધ્યું. તે ડાભની અણીયોથી, ઠેકાણે ઠેકાણેથી માંસ કપાઇ તરણા અંદર પેસવા લાગ્યા. પરંતુ તેઓ ડાભના તરણાની અનન્તી વેદના સહન કરી, અંતે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. જેમ તે સાધુએ તરણાના સ્પર્શનો પરીસ્સહ સહન કર્યો, તેમ બીજા સાધુઓએ પણ સહન કરવું.

મેલ પરિસ્સહ ઉપર સાધુની કથા સત્તાવીસમી.

ચંપાનગરીને વિષે સુનંદા નામે શ્રાવક હતો, તે સર્વ વ્યાપારાદિક વ્યવસ્થા કરતો હતો. તેની દુકાને ઔષધ પ્રમુખ વસ્તુ મળતી. જે જે સાધુ વિગેરે લેવા આવે, તેને ઔષધ પ્રમુખ આપતો. એકાદ ગ્રીષ્મ ઋતુના વખતમાં એક સાધુને શરીરે પરસેવો, મેલ વીગેરે થયેલ જેથી સુનંદા શ્રાવકની દુકાને ઔષધ નીમીત્તે આવ્યા. તેના શરીરનો મેલ દુર્ગંધે કરીને સહીત હતો. જેથી જે દવા લગાડે, તે દુર્ગંધમય થઇ જાય. સુનંદા શ્રાવકે વિચાર્યું કે, સાધુનું જ્ઞાન ભલું, આચાર ભલો, અને ગૌચરી પ્રમુખ ક્રિયા ભલી, પરંતુ આ દુર્ગંધમય મેલ શરીર ઉપર રહેવા દે છે, તે ઠીક નહીં. એમ ચિંતવી સાધુ નિંદાથી માઠું કર્મ ઉપાર્જન કરી કાળને અવસરે આલોવ્યા વગર મરણ પામી, દેવગતીમાં દેવ થયો. ત્યાંથી ચવી કોસંબી નગરીએ મોટી ઋદ્ધિના ધણી એક વહેવારીયાને ત્યાં પુત્રપણે ઉપન્યો. ઉંમર લાયક થયો ત્યારે ધર્મ સાંભળી દીક્ષા લીધી.

એકાદ પૂર્વે ભવે ઉપરાજેલું કર્મ ઉદય આવવાથી તેનું શરીર સડેલાં સર્પના કલેવર કરતાં પણ વધારે દુર્ગંધવાળું થઇ ગયું અને તે કોઇ સહન પણ કરી શકે નહિં. તે મુની જ્યાં ગૌચરી જાય ત્યાં પણ ગૃહસ્થના ઘરમાં દુર્ગંધ ઉછળવા લાગે, ને લોકો પણ પરાભવ પામે તેથી સાધુ તેમને કહે, મહાનુભાવ ! તમારૂં શરીર દુર્ગંધવાળું છે, માટે તમે અપાસરામાં બેસી રહો. તમે વેહોરવા વિગેરે કામ માટે ગામમાં નીકળશો નહી; આવા વચન સાંભળી સાધુનું મન ખીન્ન થવાથી કાયોત્સર્ગ ધારણ કરી દેવીને આરાધી. દેવીએ આવી પૂછયું કેઃ–મને કેમ બોલાવી ? તેણે કહ્યું કે, મારૂં શરીર દુર્ગંધવાળું છે તે સુગંધમય કરો. જેથી દેવીએ શરીર સુગંધમય કરી દીધું. તે વારે લોકમાં નીંદા થવા માંડી કે, આ સાધુ સદા સુગંધમય રહે છે, અને તેથી વસ્તીમાં સાધુનો અપવાદ ઘણોજ થવા માંડયો. જેથી સાધુએ ફરી દેવીને આરાધી. દેવીએ આવી પૂછયું કે, મને કેમ બોલાવી ? સાધુ કહે, મારૂં શરીર સ્વાભાવીક સુગંધમય કરો. દેવી તે પ્રમાણે કરી પોતાના સ્થાનકે ગઇ અને સાધુ પોતાનું ચારીત્ર ચોખ્ખું પાળી, આલોવી, પડીક્કમી, કાળના અવસરે સંથારા સહીત સદ્‍ગતી પામ્યા. મેલ પરીસ્સાની દુર્ગંછા કરવાથી માણસો દુઃખી થાય છે, એમ જાણી મેલ પરીસ્સહ સહન કરવો.

સત્કાર–તીરસ્કાર ઉપર શેઠ ને પુરોહીતની કથા અઠ્ઠાવીસમી.

મથુરા નગરીમાં રાજાના પુરોહીત ઇંદ્રદત્ત નામે હતા, પણ તેઓ જૈન ધર્મના દ્વેષી હતા. એક દિવસ પુરોહીત પોતાના ગોખમાં બેઠા છે તેવામાં એક પંચ મહાવ્રત ધારી સાધુને ઇર્યાસુમતી જોતાં તેના ઘર નીચે થઇ ચાલ્યા જતાં જોયાં. તુરતજ પુરોહીતને સાધુ ઉપર દ્વેષ આવવાથી પોતાના પગનું જુત્તુ ઉપાડી બતાવ્યું, અને વિચાર્યું કે, આવા સાધુની તો પગના જુત્તાથી પુજા કરવી જોઇએ. આ પ્રમાણે સાધુનું અપમાન કર્યું છતાં સમતાવાન સાધુ કાંઇપણ રોષ કર્યા વગર ચાલ્યા ગયા.

હવે તેજ નગરના કોઇ એક શાહુકારે સાધુનું આવી રીતે અપમાન કરતાં તે પુરોહીતને દીઠો. તે જોઇ તે પુરોહીત ઉપર શ્રાવકને રીસ ચડી

અને વિચાર્યું કે, સાધુની આસાતનાનું ફળ તેને જરૂર આ ભવેજ અપાવું. એમ ધારી કોઇ દેવનું આરાધન કર્યું. દેવે આવી શેઠને પુછ્યું કે, શા કામે મને બોલાવ્યો ? તે વારે શેઠે કહ્યું કે, સાધુનું અપમાન કરનાર પુરોહીતને આ ભવે ફલ દેખાડો. તે વારે દેવે કહ્યું કે, તે પુરોહીતે નવું મકાન તૈયાર કરાવ્યું છે. તે ઘરમાં વાસ્તુને દીવસે રાજા પધારવાના છે, તો રાજા ઘરમાં પેસતાંજ રાજાનું કાંડું ઝાલી ખેંચી લેજે. પછી હું તેનું ઘર પાડી નાખીશ. આથી રાજા તારા કબજામાં આવશે એટલે તારૂં ધ્યાન પોહોંચે તેવો પ્રધાનનો દંડ કરાવજે. એમ કહી દેવ ચાલ્યો ગયો. તે પછી પુરોહીતે વાસ્તુને દીવસે રાજાને આમંત્રણ કરી ઘેર બોલાવ્યા, અને જેવા ઘરમાં પેસવા જાય છે તેવામાં શેઠે પાછળથી આવી રાજાનું કાંડું ઝાલી ખેંચી લીધા અને કહ્યું કે, આ મકાનમાં હમણા પેસશો નહી. કાંઇક દગો છે. એટલું કહેતાં જ નવી કરાવેલી હવેલી તરતજ તૂટી પડી. આ બનાવ જોઇ રાજાએ શેઠનો ઉપકાર માની કહ્યું કે, તમે મને મૃત્યુના પંજામાંથી બચાવ્યો. આ ખબર તમને કયાંથી ? શેઠે કહ્યું, પુરોહીતે તમારો જીવ લેવા પ્રયત્ન કર્યો હતો. તે મારા ગુરૂના કહેવાથી મારા જાણવામાં આવેલ અને તેથી મેં આપને બચાવ્યા છે. આથી પુરોહીતને રાજાએ કેદ કર્યો. પુરોહીત કાલાવાલા કરવા લાગ્યો કે મને કોઈ રીતે આ સંકટમાંથી મુક્ત કરો. શેઠે કહ્યું, સાધુને ચરણ પ્રહાર કરવાની ઇચ્છા કરેલ તેનું ફળ હવે ભોગવ ! આ સાંભળી પુરોહીતે કહ્યું કે, તેવી આસાતના ફરી નહીં કરૂં. રાજાએ કહ્યું કે, તે સાધુના પગ ધોઇ પીએ તો તને છોડી મૂકું. તે વાત પુરોહીતે કબૂલ કરી. છેવટે સાધુના પગ ધોઇ પીધાં ત્યાર પછી રાજાએ તેને મુક્ત કર્યો.

જેમ સાધુ ચરણપ્રહારના અપમાનથી દીલગીર ન થયાં અને પગ ધોઇ પીધાથી રાજી પણ ન થયાં તેમ બીજા સાધુએ પણ સત્કાર તીરસ્કારનો પરીસહ સહન કરવો.

પ્રજ્ઞા પરીસહ ઉપર કાલીકાચાર્યની કથા ઓગણત્રીસમી.

ઉજયણી નગરીને વિષે આચાર્યના ગુણે કરીને સહીત એવાં કાલીકાચાર્ય પોતાના શિષ્યો સહીત નવકલ્પી વિહાર કરી ભવ્ય જીવોને તારતા વિચરતા હતાં. તે કાલીકાચાર્ય પોતે સૂત્રના

જાણુ મહા પ્રભાવંત હતા. પણ તેમના પાંચસે શિષ્ય હતા, તે કુશિષ્ય, અવિનયવંત અને સ્વછંદે ચાલનારા હતા. ઘણી વખત આચાર્યે શિષ્યોને સુધારવા પ્રયત્ન કર્યો, પણ અસાધ્ય રોગને જેમ ઔષધ નકામું તેવીજ રીતે ગુરૂની શિખામણ ઔષધરૂપ પણ અવિનયના રોગથી ઘેરાયલા પાંચસે શિષ્યને તે શીખામણ નકામી થઇ પડી. ગુરૂએ વિચાર કર્યો કે, હવે આ શ્વાન પૂંછડી તુલ્ય શિષ્ય કદી સુધરવાના નથી, એને શીખામણ દેતાં મારૂં જ્ઞાન-ધ્યાન ચુકી જવાય છે. તો તેને તજવામાંજ કલ્યાણ સમાયેલું છે. એમ ધારી સેજાંતરને ખબર આપી આચાર્ય સવારમાં વિહાર કરી ગયા. અવિનયવંત શિષ્યો સૂતેલા છે. સવારે શ્રાવકો ગુરૂ દર્શને આવ્યા. ગુરૂને ન દેખતાં વિહાર કરી ગયેલા જાણી સુતેલી પોઠને ઊઠાડી જાગ્રત કરી. શિષ્યો પૂછવા લાગ્યા કે, ગુરૂ ક્યાં ગયાં ? તે વારે શ્રાવકોએ કહ્યું, તમારા અવિનયના દોષથી ગુરૂ અકળાઇ સૂવર્ણ ભૂમિ તરફ વિહાર કરી ગયા. આવું સાંભળતાંજ તેઓ નીસ્તેજ થયાં. માથેથી વાળ કપાયા પછી અને માહાદેવના કંઠમાંથી સર્પ ઊતરી વેગળો થયા પછી જેમ શોભા રહિત અને અળખામણો લાગે છે, તેવી રીતે તે પાંચસે શિષ્યો દરેકને અળખામણા જણાવા લાગ્યા.

હવે આચાર્ય સુવર્ણભૂમી કે જ્યાં શિષ્યના શિષ્ય બહુસૂત્રી, શાસ્ત્રના પારગામી થઇ વ્યાખ્યાન વાંચવામાં ચતુરાઇ પામ્યાં છે ત્યાં આવ્યા.

ત્યાંના આચાર્યે તથા સાધુએ કાળીકાચાર્યને ઓળખ્યા નહી પણ એક સામાન્ય સાધુ જાણી તેમને પાટ આપ્યા બાદ ત્યાંના વિદ્વાન સાધુએ વ્યાખ્યાન વાંચ્યા પછી કાળીકાચાર્યને કહ્યું, માહારાજ ! આપ ઘણી જગ્યાએ ફર્યા હશો, અને વ્યાખ્યાન પણ સાંભળ્યું હશે ! એવો પ્રજ્ઞાનો મદ કરતા જાણી અચાર્ય મૌન રહ્યા ! તેવામાં કાળીકાચાર્યના પાંચસે ચેલા ગુરૂને શોધતાં ત્યાં આવ્યા. ગામમાં ખબર પડી કે, કાળીકાચાર્ય સહીત પાંચસે સાધુ પધારે છે. તે વારે કાળીકાચાર્યના શિષ્યના શિષ્ય પોતે સામા ગયા. પાંચસે શિષ્યોને જોઇ સાધુએ પૂછ્યું કે, આમાં કાળીકાચાર્ય કોણ ? સાધુએ કહ્યું કે, તમારે ત્યાં પ્રથમથી આવ્યા છે તે. આ સાંભળી તેઓએ તુરતજ સ્થાનકે આવી આચાર્યને નમસ્કાર કરી પોતાના અપરાધની માફી માગી, અને તેમને આચાર્યની પાટે બેસાડી પોતે શિષ્ય તરીકે સેવામાં રહ્યાં. તે સાધુને બોધ કરવા માટે આચાર્યે નદીમાં રહેલી રેતીમાંથી એક પાશેર રેતી મંગાવી પછી તે રેતી એકસો આઠ ઠેકાણે જમીન ઉપર નંખાવી અને પછી હાથ વતી ભેગી કરતાં

એક રૂપીઆભાર પણ મળી નહી. તે દ્રષ્ટાંતપરથી શિષ્યોને સમજાવ્યા કે, કેવળજ્ઞાનીનું અનન્તુ જ્ઞાન, તેનો અનન્તમો ભાગ ગણધરે ઝીલ્યો, તેનો અનન્તમો ભાગ પૂર્વમાં લખ્યો; તેનો અનન્તમો ભાગ પુર્વધારીએ સંગ્રહ કર્યો, અને તેનો અનન્તમો ભાગ પણ સાધુ જાણી શકતા નથી. એમ જાણી કોઇએ પ્રજ્ઞાનો ગર્વ કરવો નહી. પ્રજ્ઞાનો ગર્વ કરતા શિષ્યને જોઇ કાળીકાચાર્યે સામો ગર્વ કર્યો નહિ, જોકે પોતાની પ્રજ્ઞા તેના કરતાં વધારે હતી પણ સર્વ સહન કર્યું તેમ બીજા સાધુઓએ પણ પ્રજ્ઞા પરીસ્સહ સહન કરવો.

અજ્ઞાન પરીસ્સહ ઉપર બે સાધુની કથા ત્રીસમી.

ગંગાતટપર બે ભાઇએ સાધુ સમીપે વૈરાગ્ય પામી દીક્ષા લીધી તેમાં એક ભાઇ શાસ્ત્રનો પારગામી થયા, અને બીજો તદ્દન અજાણ રહ્યો. હવે જે શાસ્ત્રનો જાણ હતો તેને બીજા સાધુઓને ભણાવવાં; ગૌચરી પ્રમુખ ક્રિયાઓ શીખડાવવી વગેરેમાં પોતાની સાધુઓની ક્રીયા કરવામાં જરાપણ વખત મળતો નહી. અને બીજો અજ્ઞાની સાધુ હતો તે હંમેશાં બે વખત આહાર પાણી લઇ સુખે રાતદિવસ સુઇ રહેતો. એક દિવસ વિદ્વાન સાધુ અજ્ઞાન પરિસ્સહથી પરાભવ્યા થકા, વિચાર કરવા લાગ્યા કે, અહોનીશ ભણવામાં ઘણી મુશીબત પડે છે, જરાપણ નિરાંતનો વખત મળે નહિ, ઉંઘ કરી ઉંઘવાનો અને ભૂખ કરી ખાવાનો જોઇએ તેવો ટાઇમ હાથ આવતો પણ નથી. આ કરતાં ન ભણવું તેજ સારૂં છે. અજ્ઞાની મનુષ્યનું શરીર હંમેશાં ચિંતા વગરનું અને લોહી માંસથી પુષ્ટ થએલું હોય છે ત્યારે જ્ઞાનીઓને ચિંતા વધુ હોય છે. શરીર પણ દુર્બળ રહે છે. માટે ભણવું નહિ અને મુર્ખતામાં જ સુખ સમાયલું જણાય છે, એમ ધાર્યું. આવો વિચાર કરી કાળને અવસરે આયુષ્ય પૂર્ણ કરી દેવલોકે ગયો ત્યાંથી ચવી એક આહીરને ઘેર અવતાર લીધો. ત્યાં પણ સાધુ સમાગમથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. ગુરૂ પાસે વિનય સહીત ઉત્તરાધ્યયન સૂત્રના ત્રણ અધ્યયન સુખેથી ભણ્યો, પણ જ્યાં ચોથું અધ્યયન ભણવા માંડયું કે જ્ઞાનાવરણી કર્મ જે પુર્વે બાંધેલ તે ઉદય થયું. તેથી એક પણ અક્ષર ચડે નહિ. ઘણી ઘણી મહેનત કરે તો પણ આવડે

નહિ. તે વારે ઘણું અકળાઇ મુંઝાવા લાગ્યો, અને વિચાર્યું કે, પરભવે મેં શા પાપ કર્યા હશે કે આ ભવે કાંઇ પણ આવડતું નથી? તે વારે ગુરૂ શાસ્ત્રના પારગામી હોવાથી તેમણે કહ્યું કે, હે મહાનુભાવ! તમે પુર્વે જ્ઞાનાવરણી કર્મ ઉપાર્જેલ તે ઉદય થયું છે. તે કર્મની નીર્જરા થયા વગર તમને જ્ઞાન ચડશે નહિ. તે વારે તે કર્મનીર્જરાનો ઉપાય પુછ્યો. ગુરૂએ કહ્યું, તમે આંબેલ તપ સહીત જ્ઞાનિની વૈયાવચ્ચ અને સ્તુતિ કરો, જેથી તમારાં કર્મની નિર્જરા થશે. તે વચન અંગિકાર કરી આંબેલ સહીત જ્ઞાનિઓની વૈયાચ્ચમાં તે જોડાયા. એમ બાર વરસ સુધી તપ કરી અંતે કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. એમ જાણી બીજા સાધુઓએ પણ જ્ઞાન અને જ્ઞાનિની અવગણના ન કરવી.

દર્શન પરિસ્સહ ઉપર અષાડાભુતિ આચાર્યની કથા એકત્રીસમી.

પૃથ્વીપુર નગરને વિષે ઘણા શિષ્યો સહીત અષાડાભુતિ આચાર્ય વિચરતા હતા. તેમને દર્શન મોહનીના ઉદયથી સમકીતમાં શંકા પડી કે, મહાવીદેહ ક્ષેત્રમાં તીર્થંકર છે, તે હું દેખતો નથી. હવે પછી તીર્થંકર થશે તે કોણ જાણે? સાધુ કાળ કરી દેવલોકમાં જાય છે તે પણ પાછાં કહેવાને આવતા નથી. અને દેવલોક છે કે નહિ તે પણ શંકાવાળી વાત છે. એમ દરેક બાબતમાં શંકા પડી. એવા સમયમાં એક સાધુએ સંથારો કર્યો. મરતી વખતે આચાર્યે કહ્યું કે, જો તું દેવ થાય તો જરૂર મને કહેવાને આવજે. પણ તે કાળ કરી ગયા પછી પાછો આવ્યો નહિ. એમ અનુક્રમે ત્રણે શિષ્યે સંથારો કર્યો, પણ કોઇ પાછો જવાબ દેવા આવ્યો નહિ. આથી ગુરૂને વધારે શંકા પડતી ગઇ. એમ કરતાં એક લઘુ શિષ્ય જે પોતાને ઘણો વહાલો હતો તેણે સંથારો કર્યો. ગુરૂએ તેને કહ્યું કે, હે શિષ્ય! તું મને ઘણો વલ્લભ છે, મેં તને ભણાવ્યો છે, આહારપાણીથી તારૂં પોષણ કર્યું છે, જો તું મારા ઉપકારનો બદલો વાળવા શક્તિમાન થાય તો તું દેવગતિ પામ્યા પછી જરૂર કહેવા આવજે. એમ કહ્યા પછી તે શિષ્ય કાળ કરી દેવલોકમાં ગયો. ત્યાં દેવાંગી સુખને લઇ મૃત્યુલોકમાં આવી શક્યો નહિ. તે વારે અષાડાચા-

ર્યના મનમાં ચોક્કસ વાત થઇ કે, સ્વર્ગ, નરક, પુણ્ય ને પાપ કાંઇ છે જ નહિ. ગયા તે પાછા કહેવા પણ આવ્યા નહિ. માટે મેં સંસારનાં સુખ નિરર્થક ગુમાવ્યાં, હજી હું સંસારમાં સુખ ભોગવી શકું તેમ છું એમ વિચારી શિષ્યોને કહ્યું કે, તમે અહીંઆ જ રહો. મારે જરૂરી કામ માટે એકીલા જવું છે એમ આજ્ઞા આપી પોતે સાધુના વેશમાં પોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. તેવા સમયમાં લઘુ શિષ્ય જે દેવ થયેલ તેનું આસન કંપ્યું ને અવધીજ્ઞાનથી જોયું તો પોતાને તારનારને શંકા પામી ઘર તરફ ચાલ્યા જતા જોયા. દેવે વિચાર કર્યો કે, ગુરૂનું મન ભાંગેલ છે, એકદમ સુધરવું મુશ્કેલ છે છતાં પણ મનુષ્યમાં લજ્જા, દયા અને બ્રહ્મચર્ય એ ત્રણ ગુણ માંહેથી એક ગુણ હોય તો જરૂર ઠેકાણે આવે. તો આ ત્રણ ગુણની પરીક્ષા કરવા દેવતાએ આવી રસ્તામાં જ નાટક રચ્યું. ગુરૂ રસ્તામાં આવતા નાટક થતું જોઈ ઉભા રહ્યા. તે નાટકમાં અપ્સરા જેવી સ્ત્રીઓ નાચ કરે છે. સંસારમાં જઇ આવી સ્ત્રીઓના સુખ હું ભોગવીશ, એમ ઉભા ઉભા વિચાર કરતાં દેવની શક્તિ વડે કરી છ માસ થઇ ગયા પણ થાક, ભૂખ ને વખતની ખબર તેમને પડી નહિ. નાટક પૂર્ણ થયા પછી દેવે વિચાર્યું કે, ગુરૂમાં બ્રહ્મચર્યનો ગુણ રહ્યો નથી. હવે દયાની પરિક્ષા કરવા માટે આગળ જતાં જંગલમાં કોઇ શાહુકારોના આભરણ સહીત છ છોકરાઓ ભૂલા પડેલા આમ તેમ દોડાદોડ કરે છે. એમ દેવે માયા કરી. તે છોકરાઓ સાધુને જોઇ વળગી પડયા. મહારાજ! અમે રસ્તો ભૂલી ગયા છીએ. અમારા મા બાપ કયાં છે તેની ખબર નથી, માટે આપ અમને સાથે ગામ સુધી લઇ જાવ. સાધુએ વિચાર કર્યો કે, હું હવે સંસારમાં જાઉં છું, સંસારીને ધન વિના કાંઇ પણ સુખ ભોગવી શકાતું નથી તો આ ધન મારી પાસે હાલીચાલી આવ્યું છે, તેને હું શું કરવા જતું કરૂં ? એમ વિચારી છોકરાઓને પૂછ્યું કે, તમે કોના પુત્ર છો ને તમારૂં નામ શું છે ? છોકરાઓ બોલ્યા કે, મહારાજ! અમે શ્રાવકના દીકરા છીએ, અને અમારા નામ પૃથ્વીકાયો, અપકાયો, તેઉકાયો, વાઉકાયો, વનસ્પતીકાયો, અને ત્રસકાયો છે. એ પ્રમાણે નામ સાંભળી સાધુએ વિચાર્યું કે, એ છએ કાયના છોકરાઓને જીવતા મુકીશ તો જરૂર કોઇને વાત કરી મને પકડાવશે. માટે એકેક છોકરાને એકાંતમાં લઇ જઇ મારી નાંખી પછી તેની જણસો ઉતારી લેવી એ ઠીક છે. એમ વિચારી પાંચે છોકરાને બેસાડી પ્રથમ છોકરાને જરા દૂર લઇ જઇ, તેનું ગળું દાબવાની તૈયારી કરતાં છોકરો બોલ્યો કે, મહારાજ ! આપનું અમને શરણ

હજો. આપ મને મારશો નહિ. અમે મારવા યોગ્ય નથી. હું પૃથવીકાયો જગતને આશ્રય દેનાર છું. તે ઉપર એક દ્દષ્ટાંત સાંભળી લ્યો. એક કુંભાર જંગલમાંથી માટી લાવી નાના મોટા ધાટ કરી વેચી પોતાના કુટુંબનું ભરણુપોષણુ કરતો હતો. હમેશા કુંભાર જંગલમાં માટી લેવા જાય તેવારે પૃથ્વીને સાત સલામો કરે અને કહે કે, હે પૃથ્વીમાતા ! હે જગતની માતા ! ત્હેં જગતનો ભાર લીધો છે. તારા વડે પ્રાણી માત્ર સુખી છે; પણુ અમે તારા કપુત પુત્ર કે કોદાળી વડે તારા પેટ ફાડીએ છીએ. પણુ અમારી આજીવીકા તારા ઉપર જ છે. તુજ અમને પાળનાર છે. અને તે પૃથ્વી હમેશાં તેનું પાલન કરતી હતી. તેવા સમયમાં એક દિવસે તેજ પૃથ્વીની ભેખડ કુંભાર ઉપર તૂટી પડવાથી તે મરણુ પામી પરલોક ગયો. જેમ પૃથ્વી કુંભારનું રક્ષણુ કરનાર તેમજ ભક્ષણુ કરનાર પણુ થઇ તેમ બાળક કહે છે, હે માહારાજ ! તમે પણુ અમારૂં રક્ષણુ કરનાર અને આ વખત અમારૂં ભક્ષણુ કરો તે સારૂં નહી. આટલું કહ્યું છતાં પણુ દયાહીણુ ગુરૂએ તેનું ગળું દાબી નાંખી તેના આભરણુ પાત્રમાંહી ભર્યાં. એમ અનુક્રમે છએ છોકરાએ પોતાના ગુણુ કહી દેખાડયાં. ન મારવા બાબત ઘણી આજીજી કરી, તોપણુ છએના જીવ લેઇ ઘરેણાં પાત્રમાં ઘાલી ત્યાંથી ચાલી નીકળ્યાં તેવે અવસરે દેવે વિચાર કર્યો કે, ગુરૂના હૃદયમાંથી દયાનો નાશ થયો છે. હવે લજ્જાની પરીક્ષા કરવા માટે દેવતાએ રસ્તા મધ્યે લાખો મનુષ્યની વસ્તીવાળું એક શહેર બનાવ્યું. તે શહેર વેગળેથી આચાર્યની દ્રષ્ટિએ પડયું અને વિચાર કર્યો કે, આ શહેર કયું હશે ? તેમાં જો કોઇ શ્રાવકને ખબર પડશે તો મારી પુરી કમ્બખ્તી થશે એમ વિચારી આડે રસ્તે થઇ પોતે ચાલ્યા. તેવામાં ગામમાંથી એક બે શ્રાવક કામ પ્રસંગે જંગલમાં આવેલા તેમણે સાધુને જોઇ નમસ્કાર કર્યો અને બોલ્યાં કે, હે સ્વામી ! ભલે પધાર્યા. ગામમાં કોઇ સાધુ નથા માટે આપ કૃપા કરી શેષ કાળ કરો. તે વારે સાધુ કહે, મારે હાલ અત્રે રહેવાનો વખત નથી. અવસરે તમારા ગામની ફરસના કરીશ એમ રગઝક કરતાં દેવની માયાથી હજારો સ્રી પુરૂષો સાધુના સામા આવ્યાં અને કહેવા લાગ્યાં કે પધારો સ્વામી ! ગામમાં શેષકાળ પૂરો કરી અમોને વ્યાખ્યાનનો લાભ આપો. એ સાંભળી આચાય ગભરાવા લાગ્યા કે, હું કયાં આ આફતમાં આવી ફસાયો, આ સર્વે શ્રાવકોને કેમ પાછા વાળી શકીશ ! એમ વિચારી કાંઇક હીંમત ધરી શ્રાવકોને કહ્યું કે, શ્રાવકો ! અવસરના જાણુ હોય તે સાધુને વધુ હેરાન ન કરે. કારણુ કે મારે હાલ અગત્યના કામ માટે એકાએક જવાનું થયું છે માટે આ વખતે

રહી શકાય તેમ નથી. શ્રાવકોએ કહ્યું, માહારાજ! મધ્યાન્ સમય થયો છે, માટે ગામમાં ગૌચરી કરી અહાર પાણી વાપર્યા, પછી સુખે વિહાર કરજો. તે વારે દેવે કેટલાક નાના બાળકના રૂપ બનાવ્યા અને સાધુની ઝોળી ખેંચવા લાગ્યાં. એવામાં ઝોળીની ગાંઠ છૂટી જવાથી પાત્ર માંહેથી ઘરેણાં નીચે પડયાં. આ જોઇ શ્રાવકો કહેવા લાગ્યાં, અરે! આ સાધુ નહી પણ ઠગારો જણાય છે. જુવો, આ ઘરેણાં કોના અને કયાંથી લાવ્યો છે. એટલું કહેતાં જ કેટલાંક બોલ્યાં કે, અરે! અમારો પૃથ્વીકાઇઓ પ્રમુખ છ છોકરા સવારથી જ ખોવાયા છે તેમના જેવા જ આ ઘરેણાં છે. તે ઘરેણાં જોઇ તેના માબાપ છાતી માથાં કુટી કહેવા લાગ્યા કે, અરે ધર્મધુત્તા! અમારા વહાલા પુત્ર કયાં સંતાડયા છે તે બતાવ. ઇત્યાદિક વચન સાંભળી આચાર્યના મનમાં લજ્જા આવી ગઇ અને નીચું જોઇ પસ્તાવા લાગ્યા. અરે! મને આવી કુબુદ્ધિ કયાંથી થઇ? મેં આ શું કાર્ય કર્યું, આને હું શું જવાબ દઉં! અરે પૃથ્વી! આ વખતે મને જગો આપ, કે હું કોઇની નજરે ન પડતાં અંદર સમાઇ જાઉં. આ સંકટમાં મને અરીહંત, સીદ્ધ અને સાધુનું શરણ હજો. જો આ આફતથી મુક્ત થાઉં તો હું ફરી પાછું સાધુપણું અંગિકાર કરીશ. આમ વિચાર કરતા જોઇ દેવતાએ જાણ્યું કે, ગુરૂની આંખમાં લજ્જા ભરપુર છે, માટે ઠેકાણે આવશે એમ ધારી બધા માયાવી રૂપ ખેંચી લીધાં. માણસ, ઘરેણાં કાંઇ પણ ન મળે, અને દેવ પ્રગટ થઇ કહેવા લાગ્યા કે, મહારાજ! શું કરવા ઉતાવળ કરી? હું આપનો શિષ્ય દેવગતી પામ્યો છું, મને આવતાં વાર થઇ છે. દેવાંગ્નાનો હાવભાવ જોતાં એકક્ષણ વાર થઇ છે, પણ મૃત્યુલોકમાં ઘણો વખત થઇ ગયો છે, પાછળ તમે જે નાટક જોવા ઉભા રહ્યા હતા તેને કેટલો વખત થયો? તે વારે સાધુએ કહ્યું, હા, બે ઘડી નાટક જોવા ઉભો રહ્યો હતો. દેવે કહ્યું, સૂર્યનું માંડલું જુવો. તે જોતાં છ મહીના પુર્ણ થયેલાં જોઇ સાધુ આશ્ચર્ય પામ્યા અને વિચાર્યું કે, આવી જ રીતે દેવલોકમાં નાટક જોતાં વખત ચાલ્યો જતો હશે જેથી મરી ગયેલાં દેવલોકમાંથી તુરત આવી શકતા નહિ હોય! માટે જીનેશ્વર ભગવાનના વચન સાચાં છે. દેવે કહ્યું હા, તેમજ છે, માટે ભૂલચુકનો 'મિચ્છામી દુક્કડં' લઇ ચોખ્ખું ચારીત્ર પાળો. એ સાંભળી આચાર્યે ફરી ચારીત્ર અંગિકાર કરી, સદ્‌ગતી મેળવી. એમ બીજા સાધુએ પણ સમકીતથી પડવું નહી.

(કથા ૯ થી ૩૧ સુધીનું અધ્યયન બીજું સમાપ્ત.)

અધ્યયન ત્રીજું.

गाथाः—चत्तारि परमंगाणी, दुल्लहाणी हजंतुणो ।
माणुसत्तं सुइसद्धा, संजमंमियवीरियं ॥ १ ॥

ભાવાર્થ:—આ સંસારમાં જીવને મુક્તિ પામવાનાં ઉત્કૃષ્ટા ચાર કારણુ છેઃ-૧. મનુષ્યપણું, ૨. સિદ્ધાંતનું સાંભળવું, ૩. ધર્મ પ્રત્યે રૂચી, અને ૪. સંજમને વિષે બળ પરાક્રમનું ફોરવવું. પણ એ ચાર પામવાં બહુજ દુર્લભ છે ! તે ઉપર ચુલકાદિકની દશ કથાઓ.

મનુષ્ય ભવ દુર્લભ તે ઉપર ચુલકના પ્રથમ દ્રષ્ટાંતની કથા બત્રીશમી.

પંચાળ દેશને વિષે કંપીલપુર નગરમાં બ્રહ્મ નામે રાજા હતો. તેને ચુલણી નામે રાણી હતી. એકદા તે રાણીને ચૌદ સ્વપ્ન સહિત પૂત્રનો જન્મ થયો. તે પુત્રનું નામ બ્રહ્મદત્ત આપ્યું. એકદા બ્રહ્મરાજાને અસાધ્ય વ્યાધી થવાથી પોતાનો દીર્ઘ નામે મીત્ર હતો તેને બોલાવી પોતાના રાજ્યની તેમજ કુંવર અને રાણીને સાચવવાની ભલામણ કરી રાજા કાળધર્મ પામ્યા. એકદા સમયે દીર્ઘપ્રધાન અને ચુલણી રાણી, આડી રીતે વર્તે છે, એવા ખબર બ્રહ્મદત્તના જાણવામાં આવ્યાં. બ્રહ્મદત્તે તેમને સમજાવવાને માટે કેટલાક અખતરા કર્યાં. આથી દીર્ઘપ્રધાને ચુલણી રાણીને કહ્યું કે, આપણી બધી વાત બ્રહ્મદત્ત જાણી ગયો છે માટે જ્યાંસુધી તે પુત્ર જીવે ત્યાં સુધી આપણે સ્વતંત્ર સુખ ભોગવી શકીશું નહી. તેવારે વિષય લુબ્ધ થયેલી ચુલણીરાણીએ પોતાના પુત્રને મારી નાંખવાને એક લાખનું ઘર પ્રપંચથી બનાવરાવ્યું. આ પ્રપંચની ખબર જૂના વરધનું પ્રધાનને પડી. તેથી તેમણે જમીનમાં સુરંગ ખોદાવી અને બારોબાર ત્યાંથી તેઓ જંગલમાં નીકળી પડયા. બ્રહ્મદત્ત અને પ્રધાન જંગલમાં ભૂખ્યા અને તરસ્યા થયા. ત્યાં એક પંથી બ્રાહ્મણે અન્નપાણી ખાવા આપ્યું. જમ્યા પછી બ્રહ્મદત્ત તે બ્રાહ્મણ ઊપર ખુશ થઇ બોલ્યો કે, હે

બ્રાહ્મણ ! તેં અમોને જીવતા બચાવ્યા છે. હાલ અમે નિરાધાર છીએ. અમારી પાસે કાંઇ પણ આપવા જેવી વસ્તુ નથી; પણ જેવારે તું સાંભળે કે બ્રહ્મદત્તને રાજ્ય મળ્યું, તેવારે જરૂર મારી પાસે આવજે. એમ કહી ચાલતા થયા. આમ ગામ નગરપુર પાટણે ફરતા, ઘણા રાજ્ય અને રાણીયો પોતે મેળવ્યા. છેવટે પોતાના પિતાનું રાજ્ય મેળવી, છ ખંડ સાંધી, ચક્રવર્તિ થયા. એ વાત બ્રાહ્મણે સાંભળી જેથી તે ચક્રવર્તિ રાજાને મળવા માટે કંપીલપુર નગરે આવ્યો. પણ રાજાના અંતેઉરમાં જઇ શકાય નહી. છેવટે રાજાને મળવા માટે એક ઢોંગ કર્યો. તે એવી રીતે કે પોતે સારાં લુગડા પહેર્યાં અને એક જુનાં ખાસડાઓનો ધ્વજા બાંધી પોતાની આગળ ચલાવી. એમ જતા ચક્રવર્તિએ પૂછયું કે, તું કોણ છે ? તેવારે બ્રાહ્મણ બોલ્યો કે, માહારાજ ! આપને જંગલમાં મળેલો હું બ્રાહ્મણ છું. તે સાંભળી રાજા ઘણાજ પ્રસન્ન થયાં અને પોતાની સાથે રાજ્ય સભામાં લઇ ગયા. ત્યાં જઇ રાજાએ કહ્યું કે, જે માગે તે તને આપું. બ્રાહ્મણે કહ્યું, માહારાજ ! ઘેર સ્રીને પૂછયા પછી માગીશ. એમ કહી સ્રી પાસે આવી પૂછયું કે, પ્રાણવલભા ! રાજા મારા ઉપર ખુશી થયા છે, અને જે માગું તે આપવાનું કહે છે, તો હું તેમની પાસે શું માગું ? સ્રીએ વિચાર કર્યો કે, ધનની વૃદ્ધી થયા પછી ત્રણ વસ્તુ નાશ પામે છેઃ—૧ દુર્બળ મિત્ર, ૨. પ્રથમ સ્રી, અને ૩ જૂનું ઘર. માટે મારા પતિને એ દરજ્જે આવવા દેવા નહીં, એમ ધારી બોલી કે, સ્વામી ! ધનની ખટપટ આપણે કરી શકીશું નહીં. પણ રાજા પાસે માંગો કે, પ્રથમ અમને આપને ત્યાં જમાડી વસ્ત્ર અને મોહોર દક્ષણા આપો, અને પછી તમારા છએ ખંડમાં તમારી આજ્ઞામાં રહેલા સર્વે અમને જમાડે, તેમ કરી આપો. તેવારે બ્રહ્મદત્તે કહ્યું કે બ્રાહ્મણ ફરી વિચાર કરી માંગ. બ્રાહ્મણે કહ્યું, મહારાજ ! બસ, એ જ ઇચ્છા છે ! રાજાએ પ્રથમ પોતાને ઘેર પોતાની સ્રીરત્ન સ્રીની પાસે રસોઇ કરાવી અને બ્રાહ્મણને કુટુંબ સહીત જમાડી દક્ષણા આપી. તે સ્રીરત્નની બનાવેલી રસોઇ જમતાં તેમને અપૂર્વ આનંદ થયો. તે વારે સ્રીએ કહ્યું, હે સ્વામી ! પૈસા માગત તેમાં આ સ્વાદ મળત ખરો ? બ્રાહ્મણે કહ્યું તેં ઘણું સારૂં કરાવ્યું. બીજે દિવસે બીજે ઘેર જમવા ગયા. ત્યાં જમ્યા પણ પહેલે દિવસે ચક્રવર્તિની રસોઇ જમતાં જે સ્વાદ પડયો હતો, તે સ્વાદ બીજે દિવસે ન મલ્યો. એમ ત્રીજે દિવસે ત્રીજે ઘેર ગયા. એમ ભલે સર્વે ઠેકાણે જમે, પણ ચક્રવર્તિની રસોઇનો જે સ્વાદ તે હવે પછી ન મળે. છ ખંડના તમામ ઘર પુરા થયા પછી, ચક્રવર્તિને ઘેર જમવાનો વખત આવે, પણ તે પહેલાં તો

બ્રાહ્મણનું આયુષ્ય પૂર્ણ થઇ જવાનું. કદી દેવના કારણુથી ફરી ચક્રવર્તિની રસોઇ જમવી મળે, પણ મનુષ્ય દેહનો લાભ અગર ભવ ફરી મળવો બહુ મુશ્કેલ છે !

મનુષ્યભવ દુર્લભ તે ઉપર ચાણકયપાસાના બીજા દષ્ટાંતની કથા તેત્રીસમી.

કોઇ એક ગામમાં બ્રાહ્મણ બારવ્રત્તધારી શ્રાવક હતો. તેની સ્ત્રી પણ શ્રાવીકા હતી. તેને ઘેર એક પુત્રનો જન્મ થયો. તે પુત્ર માતાના ઉદરમાંથીજ દાંત લઇને આવ્યો હતો. તે જોઇ નીમીતીઆને પૂછ્યું કે, જન્મ સહીત દાંત હોવાનું શું કારણુ? નીમીતીઆએ કહ્યું કે, તમારો દીકરો માટું રાજ્ય પામશે! તે સાંભળી માતા પિતાએ વિચાર્યું કે, છોકરો રાજ્ય પામશે તો રાજ્ય સાહ્યબી છોડયા વિના નરકે જશે. એમ વિચારી તે છોકરાના દાંત ઘસી નાખ્યા. પછી ફરી નીમીતીઆને પૂછ્યું, તે વારે નીમીતીઆએ કહ્યું કે, તમારો છોકરો રાજા જેવો થશે. એમ અનુક્રમે માતા પિતાએ તેનું નામ ચાણુકય આપ્યું. મોટા થયા પછી રાજ્ય ખટપટમાં જોડાઇ નંદરાજનું રાજ્ય લેવરાવી ચંદ્રગુપ્તને રાજ્ય અપાવ્યું. ઇત્યાદિ સર્વ સંબંધ સૂત્રમાંથી જાણવો.

એક દિવસ તેને એક દેવે કપટપાસા આપ્યા છે. તે પાસાથી કોઇ પણ તેને જીતી શકે નહિ. એમ એક રત્નનો થાળ ભરી પોતે જુગાર રમવાનું શરૂ કરી કહેવા લાગ્યો કે, મારી સાથે પાસાથી જીતે તેને એક રત્નનો થાળ આપું. એમ કરી ઘણીજ લક્ષ્મી ભેગી કરવા લાગ્યો. તે સમયે એક કઠીઆરાએ આખી જીંદગાની કરકસર કરી વૃદ્ધાવસ્થાએ એક સોના-મહોર બચાવેલ છે. તે ચાણુકય સાથે જુગાર રમતાં પહેલાજ દાવે સોના મહોર ખોઇ હાથ ઘસવા લાગ્યો! હવે તે કઠીઆરાને ગએલી સોનામહોર કોઇ દેવ આપી શકે, પણ મનુષ્ય ભવ ગયો તે કોઇ આપવા સમર્થ નથી!

મનુષ્યભવ ઉપર ધાન્યના ત્રીજા દૃષ્ટાંતની કથા ચોત્રીસમી.

આ ભરતક્ષેત્ર પાંચસે છવીસ જોજન અને છ કળાનું છે, તેમાં કરસણી લોક ધાન્ય પ્રમુખ નીપજાવે છે. તે જેવાં કે ઘઉં, બાજરી, સાલી, જવ, અડદ, મગ, વાલ, ચણા, ચોળા, કાંગ, રાળ, કળથી, મશુર, સરસવ અને વૃહી ઇત્યાદિક. હવે તે ચોવીસ પ્રકારના ધાન્ય ભરતક્ષેત્રમાં જેટલા પાકયા હોય એટલા એકઠા કરી તેની અંદર એકજ પાલી ઝીણા સરસવના દાણા નાખી સર્વે ધાન્ય એકઠું ભેળસેળ કરી દીધા પછી તે ઢગલામાંથી સરસવના દાણા જૂદા પાડવા માટે એક વૃદ્ધ ડોશી કે જેને જરાવસ્થા વ્યાપી ગએલી હોય, આંખે થોડું દેખતી હોય, કાને થોડું સાંભળતી હોય, હાથ ધ્રૂજતા હોય, અને બેસી શકાતું પણ ન હોય, તેને સરસવના દાણા જૂદા પાડવા કોઇ આજ્ઞા કરે તો શું કદી તે ડોસી જૂદા કરી શકે? અર્થાત્ ન જ કરી શકે. તેમ છતાં પણ કોઇ દેવના પ્રભાવથી તે સરસવના દાણા જૂદા પાડી શકે, પણ પ્રમાદને વશ થઇ મનુષ્ય ભવ જે નકામો ગુમાવ્યો તે ફરી મળવાનો નથી!

મનુષ્યભવ ઉપર ચોથા જુગાર રમવાના દ્રષ્ટાંતની કથા પાંત્રીસમી.

કોઇ એક નગરને વિષે રાજા પોતાના પુત્ર સહીત રાજ્ય કરે છે. એમ કરતાં પુત્રની ઉમર વીશ વરસની થઇ, પણ પિતાએ રાજ્ય આપ્યું નહી. પુત્રે વિચાર કર્યો કે, પિતા જ્યાં સુધી જીવે ત્યાં સુધી રાજ્ય લક્ષ્મી પામી શકું તેમ નથી. માટે પિતાને મારી નાખી રાજગાદી ભોગવું. આમ વિચારી પિતાની ઘાત કરવાનો વખતોવખત લાગ જૂએ છે. એમ કરતાં રાજાને ખબર પડી કે, પુત્ર મને મારવા માટે રાજના લોભે ફરે છે. તે વારે રાજાએ રાજ્ય અને પોતાનો બચાવ કરવા યુક્તિ રચી, અને પુત્રને બોલાવી કહેવા લાગ્યા કે, હે પુત્ર! મારી

વૃદ્ધાવસ્થા થઇ છે, અને તને રાજ્ય આપવું છે. તું રાજ્યને લાયક થયો છે, પણ આપણી કુળદેવીનો હુકમ છે કે, પુત્રને રાજ્ય ગાદી પર બેસાડતા પહેલાં નીચેનું કામ કરાવ્યા પછી રાજ્ય સોંપવું:—

આપણા સભામંડપમાં એકસો ને આઠ થાંભલા છે. એકેકે થાંભલે એકસો ને આઠ હાંસો છે, તે થાંભલા પાસે રાજા અને પુત્ર બન્ને બેસી જૂગાર રમે. પુત્રના એકસોને આઠ દાવ એક જ સાથે માગ્યા પ્રમાણે પડે તે વારે એક હાંસ જીત્યો કહેવાય એમ સર્વે હાંસોને સર્વે સ્થંભ જીત્યા પછી રાજ્ય પર બેસાડી શકાય, પણ જો તે રમતાં વચમાં એક દાવ ખાલી જાય તો તેનું જીતેલું બધું નકામું જાય.

હવે તે સ્થંભ કદી કોઇ દેવના પ્રભાવથી જીતી શકાય, પણ વિષય કષાયે કરી ગુમાવેલો મનુષ્યભવ કદી મેળવી શકાય નહિ !

મનુષ્યભવ ઉપર શેઠના રત્નના પાંચમા દ્રષ્ટાંતની કથા છત્રીસમી.

ધનસમૃદ્ધ નગરમાં ધનદનામે પૈસાપાત્ર વૃદ્ધ વાણીઓ હતો. તેણે આખી જીંદગીમાં કૃપણુતા વડે કરી ધન અને અનેક રત્નનો સંચય કર્યો હતો. એક પૈસો પણ વાપરતો નહિં. તેના પુત્ર કુટુંબ તેને કોઇ પણ સારે માર્ગે વાપરવાનું કહે, તો પણ તે માનતો નહિં. છેવટે તેનું કુટુંબ તેનાથી કાયર થયું. ડોસાને કેટલીક રીતે સમજાવીને પરદેશ ધન કમાવા મોકલ્યો. તે વાર પછી છોકરાઓએ તેનું કમાએલું તમામ ધન વાપરી નાંખ્યું. ડોસો ઘેર આવી જુવે તો પોતાનું કમાએલું ધન તદ્દન પુરૂં થએલું જોઇ, દિલગીર થયો અને વિચાર કરવા લાગ્યો કે, આખી જીંદગાનીનું મારૂં કમાએલું ધન વૃથા ગયું ! હવે વૃદ્ધાવસ્થાએ તે ધન મને કેમ મળશે ? હવે ડોસાને ગએલું ધન વૃદ્ધાવસ્થાએ મળવું દુર્લભ છતાં કદાપી દેવના પ્રભાવથી તે મળે પણ ધર્મ કરણી વિના મનુષ્યભવ ગયો તે ફરી મળવો બહુ મુશ્કેલ છે !

મનુષ્ય ભવ ઉપર સ્વપ્નના છઠ્ઠા દ્રષ્ટાંતની કથા સાડત્રીસમી.

વસંતપુર નગરને વિષે જીતશત્રુ રાજાનો મુળદેવ નામે કુંવર દાન દેવામાં શૂરવીર હતો. જે જેટલું માગે તેને તેટલું આપે. તે એક કૃપણ માણસથી સહન નહિ થવાથી રાજાને કહ્યું કે, તમારો પુત્ર મુળદેવ માગ્યું દાન આપે છે એ એક કુટેવ છે. કોઇ વખત તે રાજને ખલેલ પહોંચાડશે, એમ જાણી પીતાએ પુત્રને બોલાવી કહ્યું કે, હે પુત્ર! દાન દે, પણ માગે તેથી અર્ધું આપવાની મારી આજ્ઞા છે. પીતાનું વચન અંગિકાર કરી પોતે તે પ્રમાણે વર્તે છે. પ્રથમ મ્હોં માગ્યું દાન આપવાની કીર્તિ આખા જગત્‌માં ફેલાઇ છે તે સાંભળી દુર દેશાવરથી એક ચારણ મોં માગ્યું દાન મેળવવા માટે મુળદેવ પાસે આવ્યો તે વખતે મુળદેવ અરાઢ સેરો હાર પહેરી સીંહાસન ઉપર બેઠો છે, તે વારે યાચકે તેમને પ્રથમ સ્તુતિ વડે સંતુષ્ટ કર્યા પછી મુળદેવ બોલ્યા, જે જોઇએ તે માગ. ચારણે કહ્યું, તમારા કંઠમાં હાર છે તે અર્પણ કરો, તે વારે મુળદેવે તેમાંથી અડધો હાર આપવા માંડયો. ચારણે કહ્યું કે, હે દાતા! મ્હેં તો તને હાથી જેવો મોં માગ્યું દાન આપે એવો સાંભળ્યો હતો! અને તેથી દુર દેશાવરથી હું તારી પાસે યાંચવા આવ્યો છું. માટે તું હાથી જેવો થઇ બળદ જેવો ના થઇશ. મને મ્હોં માગ્યું દાન આપ. તે સાંભળી મુળદેવ રાજપુત્રે સવાલાખ રૂપિયાનો હાર આપી દીધો. તે વાત દુષ્ટ માણસોએ રાજાને કહી. રાજાએ કુંવરને પોતાનું વચન ઉલંઘન કરવાથી દેશ નિકાલની સજા કરી, અને પોતાની વસ્તીમાં અન્ન પાણી નહિ લેવા હુકમ કર્યો. કુંવર પીતાનું વચન અંગિકાર કરી રવાના થઇ ગયો. પીતાની અટવી ઉલંઘન કરતાં ત્રણ દિવસ થયાં. ચોથે દિવસે પર અટવીમાં પ્રવેશ કર્યો. તે વારે તે ક્ષુધાથી વ્યાકુળ થએલો એક ગામમાં ગયો. કદિપણ યાચના કરેલ નહિ અને વખત એવો આવ્યો. છેવટે એક શાહુકારને ઘેરથી માત્ર એક શેર કાચા અડદ મળ્યા, તે લઇ તળાવ કાંઠે આવી એક ખોખરા હાંલ્લામાં પાણી નાખી બાફ્યાં. જમતી વખવ ભાવના ભાવવા લાગ્યો કે, આ વખતે કોઇ અમનો યાચક આવે તો દાન દઉં.

આમ ભાવના ભાવતા જંગલમાં રહેનાર અભીગ્રહધારી સાધુ ત્યાં

આવતા જોઇ તે હર્ષ પામ્યો અને દાન આપવાની ઉત્કંઠા બતાવી. સાધુએ પાત્ર ધર્યું. હર્ષાવેશમાં તમામ બાફેલા અડદ પાત્રમાં પડી ગયા. તે વારે ઘણો આનંદ પામી, પાણી પીને નજીકની ધર્મશાળામાં રાત પડતા સુતો. તેની જ પાસે એક બાવો પોતાના લઘુ શિષ્ય સહીત સુતો હતો. મધ્ય રાત્રીએ તે બાવાના શિષ્યને અને મુળદેવને ચંદ્રમાનું સ્વપ્નું આવ્યું. ચેલાએ આવીને ગુરૂને કહ્યું કે, માહારાજ! મ્હને ચંદ્રમાનું સ્વપ્નું આવ્યું, ગુરૂ થોડી સમજણના હોવાથી કહ્યું કે; સ્વારમાં તને ચંદ્રસ્વપ્નના પ્રભાવથી માલપુડાનુ ભોજન મળશે. મુળદેવે વિચાર્યું કે મને પણ ઉત્તમ ચંદ્રમાનું સ્વપ્નું આવ્યું છે પણ તે થોડી સમજણના માણસને કહેવાથી સ્વપ્નનું ફળ નાશ પામે છે.

સ્વાર થયા પછી તેણે કોઇક વિદ્વાન નીમીતીઆની પાસે જઇ સ્વપ્નની વાત કહી. તે વારે સ્વપ્ન પાઠકે કહ્યું કે, સ્વપ્નનું ફળ હું તમને પછી કહીશ પણ તે પહેલાં મારી કુંવારી દીકરીનું પાણીગ્રહણ કરો. તેમના અતી આગ્રહથી તે કન્યા મુળદેવ પરણ્યો તે પછી નીમીત્તીઆએ કહ્યું કે, ચંદ્રમાના સ્વપ્નના પ્રભાવથી આ ગામનું રાજ તમને સાતમે દીવસે મળશે.

એ વખતમાં એ ગામનો રાજા અપુત્રીઓ મરણ પામ્યો હતો. પંચે ઠરાવ કર્યો કે, હાથણી જેને માથે કળશ ઢોળે તે આપણો રાજા થાય તે સાંભળી તમામ લોક ભેગા થયા છે. મુળદેવ પણ ત્યાં જોવા ગયો છે. હાથણીએ મુળદેવને જોઇ મુળદેવ ઉપર કળશનું નમન કર્યું. તે જોઇ મુળદેવને ગાદીએ બેસાડયો. જગતમાં વાત પ્રસરી કે ચંદ્રમાના સ્વપ્નથી રાજ્ય મળ્યું. તે સાંભળી બાવાનો શીષ્ય પસ્તાવો કરવા લાગ્યો કે, અરે મારૂં ચંદ્રમાનું સ્વપ્ન મ્હારા ગુરૂને કહેવાથી નીષ્ફળ ગયું. નહીં તો હું પણ રાજા થાત. પણ તે સ્વપ્ન ફરી તેને આવવું દુર્લભ, તેમ ધર્મ કરણી વીના મનુષ્યભવ ગયો તે ફરી મળવો દુર્લભ છે!

મનુષ્યભવ ઉપર રાધા વેદના સાતમા દ્રષ્ટાંતની કથા આડત્રીસમી.

જેમ રાધાવેદ સાંધવો દુર્લભ છે તેમ મનુષ્યભવ પામવો પણ દુર્લભ છે!

મનુષ્યભવ ઉપર કાચબાના આઠમા દ્રષ્ટાંતની કથા ઓગણચાલીસમી.

એક દ્રહનાં ઘણાજ ઊંડા જળની ઉપર સેવાલના ઉપરા ઉપરી આઠ પડ જામી ગયા હતાં જેથી નીચે જરાપણ અજવાળું માલુમ પડતું નહોતું. તે ઉંડા જળની નીચે કાચબા, મચ્છ, કચ્છ, વીગેરે જળચર જીવો સદા અંધકારમાં રહેતા. હવે તે સેવાળની બાહેર દ્રહના કાંઠા ઉપર એક મોટું વીશાળ બીલીનું વૃક્ષ હતું. તે ઝાડને અનેક બીલ્લાના ફળ લાગેલા હતા. એક દીવસ અસરાલ સંવર્તક નામે પવન વાયો. તેના જોરથી ઝાડપરથી કાચુ બીલ્લુ તુટયું તેથી સેવાળના આઠે પડ તોડી નાંખ્યા. આથી દ્રહની અંદર અજવાળું થયું. અને તે છીદ્રના અજવાળાને લઇ કાચબો ઉપર નીકળી આવ્યો. તે દીવસે કાર્તીક માસની પુર્ણીમાનું અજવાળું હતું, આકાશમાં ગૃહ, નક્ષત્ર, તારા અને ચંદ્રમાંનું તેજ આવતું કદી નહીં દેખેલું તે દેખીને તે અચંબો પામી પોતાના કુટુંબને તે દેખાડવાને બોલાવા ગયો, તે પછી જે સેવાલનું છીદ્ર હતું તે પવનથી પુરાઇ ગયું. એટલે કાચબો પોતાના કુટુંબને જઇ કહેવા લાગ્યો કે મેં એક અપુર્વ વસ્તુ જોઇ છે. જે તમે કદી પણ જોઇ નથી તે જોવાને ચાલો. એમ કહી કુટુંબને ત્યાં તેડી લાવ્યો તો ત્યાં જેવો પુર્વે અંધકાર દીઠો હતો, તેવો જોયો. તે વારે કુટુંબી કાચબાઓ તેને કહેવા લાગ્યા કે, તેં પુર્વે જે વસ્તુ જોઇ હતી તે દેખાડ. પણ શું બતાવે? કુટુંબી કહેવા લાગ્યા કે, આ બેભાનમાં લવરી કરે છે, તે વારે કાચબો અનેક રીતે પસ્તાવા લાગ્યો કે, હવે પાછો તે સંવર્તક વાયરો કયારે વાય, અને બીલ્લુ વૃક્ષથી તુટે!

તે સંવર્તક વાયરો વાવો તથા બીલ્લુ તુટવું જેમ દુર્લભ તેમ મનુષ્યપણું મળવું પણ દુર્લભ! જેમ દ્રહ તેમ સંસાર; જેમ પાણી તેમ જન્મ મરણ; જેમ આઠ પડો સેવાલ તેમ આઠ કર્મ; જેમ કાચબો તેમ એ સંસારી જીવ; જેમ વૃક્ષ તેમ ગુરૂ; જેમ ફલ તેમ ગુરૂનાં વચન; જેમ છીદ્ર તેમ કર્મનાં વીવરણ; જેમ ચંદ્ર દર્શન તેમ મનુષ્ય જન્મ; જેમ તે કાચબો કુટુંબ આગળ જુઠો પડયો, તેમ ફરી ગુરૂ વચનરૂપી બીલ્લું પણ દુર્લભ. બીલ્લું તો કદીપણ મળે, પણ મનુષ્યપણું અને સદ્દગુરૂનું વચન સાંભળવું બહુજ દુર્લભ છે.

મનુષ્યભવ ઉપર ધોંસરાના નવમા દ્રષ્ટાંતની કથા ચાલીસમી.

લોકમાં અસંખ્યાત સમુદ્રમાં સ્વયંભુ રમણ સમુદ્ર મોટો છે. તે હજાર જોજન ઊંડો ગોળાકાર છે અને તેમાં જળચર જીવો ભર્યા છે. અર્ધા રાજ્યનો લાંબો, પહોળો છે, વળી તે સમુદ્રને કાંઠે કોઇક દેવતા હાથમાં ધોંસરૂં લઇ ઉભો હોય પછી તે ધોંસરાની સમોલ ખીલી હાથમાં લઇ ધોંસરૂં પુર્વ કીનારે મુકે અને ખીલી સમોલ પશ્ચિમને કાંઠે મુકે. હવે તે ખીલી પોતાની મેળે પાણીના કીલોલથી તરતી તરતી તે ધોંસરાના છીદ્રમાં પેસવી અનન્તાકાળે પણ દુર્લભ ! કદાચ તે ખીલી પવનના જોસથી અથવા દેવના પ્રયોગથી આવી ધોંસરાના છીદ્રમાં પેસી શકે, પણ પ્રમાદથી ખોયેલો મનુષ્યભવ ફરી મળવો ઘણોજ દુર્લભ છે !

મનુષ્યભવ ઉપર પરમાણુના દસમા દ્રષ્ટાંતની કથા એકતાલીસમી.

કોઇ એક રાજાએ સોળ જાતીના રત્ન એકઠા કરી તેનો એક મોટો સ્થંભ બનાવ્યો અને તે સૂર્યની પેઠે ઉદ્યોતકારી તેજવંત દેખાવા લાગ્યો. તે પછી તે સ્તંભનો કોઇએક દેવે ખલમાં વાટી આંખમાં આંજે તોપણ ખુંચે નહી તેવો બારીક ભુકો કરે અને એક વાંસની ભુંગળીમાં ભરી મેરૂની ચુલીકા ઉપર તે દેવ લઇ જઇ ભુંગળીમાં ભરી ફુંક મારી તે રત્નના એકેએક પરમાણું જુદે જુદા લોકમાં વીખેરી નાંખે. હવે તે વીખેરી નાંખેલા પરમાણુને પાછા એકઠા કરી ફરી પાછો હતો તેવો સ્થંભ બનાવવો જેમ દુર્લભ તેમ પ્રમાદવશ ખોયેલો મનુષ્યભવ ફરી મળવો ઘણોજ દુર્લભ છે !

જમાલી પ્રમુખ નીન્હવની કથાઓ.

गाथाः—आहच्च सव्वणं लद्धुं, सद्धा परम दुल्लहाः
सोच्चा नेया उयं मग्गं, बहवे परिभस्सई ॥ ९ ॥

ભાવાર્થ:—કદાચિત સાંભળવું પામીને પણ ધર્મ પ્રત્યે શુદ્ધ શ્રદ્ધા રહેવી અત્યંત દુર્લભ છે. કારણ કે ન્યાયમાર્ગ જે મોક્ષમાર્ગ તેને સાંભળીને ઘણાં જંમાલી પ્રમુખ ધર્મથી ભ્રષ્ટ થયાં છે. તે ઉપર જંમાલી પ્રમુખ નીન્હવની સાત કથાઓ.

પ્રથમ નીન્હવ જંમાલીની કથા બેંતાલીસમી.

ક્ષત્રીકુંડ ગામ નગરને વિષે મહાવીર સ્વામીની બહેન સુદર્શનાનો પુત્ર—જમાલી ક્ષત્રી ત્રણ જગતમાં પ્રખ્યાત હતો. તે ઉંમર લાયક થયો ત્યારે મહાવીર સ્વામીની પુત્રી પ્રીયદર્શનાની સાથે તેના લગ્ન થયાં. તે જંમાલીને પોતાની સ્ત્રી ઘણી જ પ્રીય હતી. એક દીવસ મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. જંમાલી મહાવીર ભગવાનને વાંદવા પોતાની સ્ત્રી સહીત ગયો. ભગવાનની દેશના સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લેવાને માટે તે તૈયાર થયો. માબાપની આજ્ઞા મેળવી મોટે આડંબરે દીક્ષા લીધી અને તે મહાવીર ભગવાનનો શીષ્ય થયો. જંમાલીની સાથે પાંચસો ક્ષત્રી પુત્રોએ પણ દીક્ષા લીધી, તેવાર પછી ભગવાનની પુત્રી-જંમાલીની સ્ત્રી પ્રીયદર્શનાએ પણ પોતાના સ્વામી પાસે એક હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી. તે પાંચસે ક્ષત્રીના દીકરાને જંમાલીના શીષ્ય તરીકે ભગવાને સોંપ્યા, અને પ્રીયદર્શના સાધવીને શીષ્યણી તરીકે સોંપ્યા. તેઓ ભગવાન પાસે અગીયાર અંગ ભણ્યા અને તપશ્ચર્યા કરવા લાગ્યા. એક દીવસે ભગવાન પાસે આજ્ઞા માગી કે, હે ભગવાન! તમારી આજ્ઞા હોય તો પાંચસો શીષ્યો સહીત જનપદ દેશને વીષે વીહાર કરૂં. તેવારે ભગવાન ભવિષ્યમાં અલાભનું કારણ થશે એમ જાણી મૌન્ય રહ્યા. જવાબ દીધો નહીં તેવારે જમાલીએ જાણ્યું કે ભગવાન બોલ્યા નહીં માટે મ્હને આજ્ઞા થઇ ચુકી એમ વીચારી પ્રભુ પાસેથી પાંચસો શીષ્યો સહીત વીહાર કરી સાવત્થી નગરી, કોષ્ટક ચૈત્યે આવી વીચર્યા. તેને એકદા પ્રસ્તાવે અરસ નીરસ લુખ્ખો અને તુચ્છ આહાર લેવાથી શરીરમાં વ્યાધી પેદા થયો તે

વ્યાધી સહન કરવા પણ સમર્થ નહી. તે વારે પોતાના શીષ્યો પ્રત્યે કહે, હે દેવાણું પ્રીય ! સંથારો પથારી વીગેરે પાથરો. તે વારે શીષ્યો ગુરૂવચન પ્રમાણ કરી સંથારો કરવા લાગ્યા. જમાલીને રોગની પીડાથી બેઠું ન રહેવાયું જેથી શીષ્યોને પૂછ્યું કે, હે શીષ્યો! મ્હારે માટે સંથારો કર્યો કે કરો છો ? તે વારે શીષ્ય બોલ્યાં કે કીધો નથી, કરીએ છીએ. તે સાંભળી જમાલી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ શીષ્યો બોલ્યા તે વ્યાજબી બોલ્યા છે, પણ ભગવાને કહ્યું છે કે, કરવા માંડયું તેને કીધું કહીએ, નીજરવા માંડયું તેને નીરજર્યું કહીએ; વેદવા માંડયું તેને વેદયું કહીએ તે બધું ખોટું. આહીં જમાલી સમકીતથી ભ્રષ્ટ થયો તે વારે પોતાના શીષ્યોને જમાલીએ પોતાની પાસે બોલાવી કહ્યું કે, હે શીષ્યો ! ભગવાન મહાવીર કરવા માંડયું તે કીધું ઇત્યાદિ બોલે છે, તો તે બોલવામાં પ્રત્યક્ષ વીરોધ છે. કેમકે કામ કરી રહ્યા વીના કામ કીધું, એમ કહેવું એ ખોટું છે માટે તે વચન પ્રત્યક્ષ વીરોધી છે. માટે તમારે તે ન માનવું. કામ પુરૂં થઇ રહ્યા પછી કામ કીધું તે પ્રત્યક્ષ મારો મત છે. તમે કદી એમ કહેશો કે મ્હોટા કહે તે સર્વે ખરૂં, પણ તેમ નથી. મોટા પણ ચુકે. માટે મ્હારો પક્ષ સાચો છે. તે વારે શીષ્યો કહેવા લાગ્યા કે, સ્વામી! તમે જે કહો છો તેમાંજ વિરૂદ્ધતા જણાય છે. કેમકે પહેલે સમયે જે કામ કરવા માંડયું તે કીધું જ કહીએ. લુગડાંનો એક તાર વણ્યો તે તાર ફરી વણવો નથી. માટે ભગવાને કરવા માડયું તે કર્યું કહીએ એમ કહ્યું છે તે સાચું છે. તમ સરખા છદમસ્તનું વચન પ્રમાણ ન કહેવાય. તમારૂં વચન કાને સાંભળવું પણ અમારે ન જોઇએ કેમકે ભગવાનનું એક વચન ઉથાપે તે જીવ અનન્ત સંસાર પરિભ્રમણ કરે ઇત્યાદિ વાત થયા પછી કેટલાક શિષ્યો ભગવાનને શરણે ગયાં અને કેટલાક જમાલી સાથે રહ્યાં.

તેવા સમયમાં પ્રીયદર્શના સાધવી જમાલીને વાંદવા માટે આવ્યાં. તેમને પણ જમાલીએ તેવોજ બોધ કર્યો તે વારે પ્રીયદર્શના સાધવી ઢંક નામે કુંભારની શાળામાં જ્યાં પોતાની સાધવીઓ હતાં ત્યાં આવી પોતાની સાધવીઓને જમાલીનો મત જણાવ્યો અને ઢંકનામે કુભારને પણ તેજ મારગ પરૂપ્યો પણ તે ઢંક કુંભાર હળુકરમી અને બુદ્ધિવંત હોવાથી તે વાણી રૂચી નહીં. તેથી સાધવી પ્રત્યે બોલ્યો કે, હું તે કાંઇ ન જાણું. એમ કહી વિચારવા લાગ્યો કે, આ સાધવીને કોઇ પણ રીતે મારે પ્રતીબોધ કરવો જેથી ઢંક કુંભારે અગ્નિનો ધગધગતો અંગારો લઇ પ્રીયદર્શના સાધવી સઝાય કરે છે ત્યાં તેની પીછોડી

ઉપર નાંખ્યો, અને તે અગ્નિથી પીછોડી બળી. તે જોઇ સાધવી બોલ્યા કે, અરે ઢંક ! તારી બેદરકારીથી મારી પીછોડી બળી. ઢંકે કહ્યું કે, સતીજી ! એ વચન આપના ગુરૂનું કહેવું નથી. કેમકે જ્યારે પીછોડી પૂર્ણ બળી જાય ત્યારે બળી કહેવાય. જરાક બળી તેને બળી ન કહેવાય. અને તે જરાક બળી તેને બળી કહો તો મહાવીરનો પક્ષ અંગિકાર કરો અને જમાલીનો પક્ષ વોસરાવો. ઈત્યાદિક વચન કહી મહાવીરનો પક્ષ અંગીકાર કરાવ્યો તે પછી પ્રીયદર્શના સાધવી જમાલીને બોધ કરવા ગયા, અને ઘણું સમજાવ્યા પણ જેમ લસણ અનેક સુગંધી ચીજની અંદર મુકીયે છતાં પણ પોતાની દુર્ગંધ ન છોડે તેમ જમાલીએ પોતાનો વાદ ન મુક્યો. તે વારે તે સાધ્વી તેને વોસીરાવી મહાવીરને શરણે ગયા. પછી જમાલી રોગ રહીત થયો એટલે ત્યાંથી વીહાર કરી ચંપાનગરી, પુર્ણભદ્ર ચૈતન્ય કે, જ્યાં ભગવાન મહાવીર હતા ત્યાં ભગવાન મહાવીરને વંદણા નમસ્કાર અણુકરતો બોલ્યો કે, હે ભગવાન ! આપની પાસેથી છદ્મસ્તપણે નીકળેલા અને છદ્મસ્તપણે પાછા આવ્યા તેવો હું નથી. હુ તો છદ્મસ્ત નીકળ્યો હતો પણ અરહાજીન કેવલી થઇ તમારી પાસે આવ્યો છું.

આ વચન ધ્યાનમાં બેઠેલાં ગૌતમ સ્વામીએ સાંભળી વિચાર્યું કે, કેવલી આમ કદી ન બોલે. આ છદ્મસ્ત ઢોંગી છે. એમ વિચારી તરત ગૌતમ સ્વામી જમાલી પ્રત્યે કહેવા લાગ્યા કે, હે જમાલી ! જીવ અને લોક શાસ્વતો છે કે અશાસ્વતો ? તે વારે જમાલી જવાબ નહિ દઇ શકવાથી ભ્રષ્ટ થઇ મૌન રહ્યો. તે વારે ભગવાન બોલ્યા, હે જમાલી ! આ પ્રશ્ન મારા નવ દીક્ષીત નાના સાધુ પણ કહી શકે, અને તમે તો પ્રત્યક્ષ કેવલી છતાં કેમ મૌન્ય રહ્યા ? તમને ન આવડતું હોય તો સાંભળો, હું કહુ છું. હે જમાલી ! લોક બે પ્રકારે કહ્યો છે ? ૧. દ્રવ્યથી લોક અને ૨. પર્યાયથી. દ્રવ્યથી લોક શાશ્વતો અને પર્યાયથી અશાશ્વતો. જીવનું પણ એ પ્રમાણે જાણવું. ઇત્યાદિક ઘણી બાબતો કહી સમજાવ્યો પણ ન સમજ્યો. એટલે ત્યાંથી નીકળી ઘણા વરસ સુધી ચોખ્ખું ચારીત્ર પાળ્યું પણ ઘણા માણસોના મનમાં મીથ્યાતનો ભ્રમ ઘાલ્યો તથા ખોટો ઉપદેશ કર્યો. છેવટે સંથારો કરી કાલ કરી ગયા.

કાલ કરી ગયાનું સાંભળી ગૌતમ સ્વામી ભગવંતને પૂછવા લાગ્યા કે સ્વામી ! જમાલી કાલ કરી ક્યાં ઉત્પન્ન થયો ? ભગવાન કહે હે ગૌતમ ! જમાલી મારી પાસેથી નીકળ્યા પછી ખોટો ધર્મ ઉપદેશ કરી, સમકીતથી

ભ્રષ્ટ થઇ, કાલ કરી છઠ્ઠા દેવલોકે તેર સાગરની સ્થીતીએ કીલવીષી દેવપણે ઉત્પન્ન થયો છે ત્યાંથી કાલ કરી મનુષ્ય, દેવ, અને તીર્યંચના ઘણાં ભવ ભ્રમણ કરી અંતે જીનનું શુદ્ધ વચન અંગિકાર કરશે ને પછી કેવળ-જ્ઞાન પામી મોક્ષ જશે.

જીવ પ્રદેશ ઉપર બીજા નીન્હવ તીષ્યગુપ્તની કથા તેંતાલીસમી.

એકદા ગુરૂ સમીપે તીષ્યગુપ્ત સાધુને સાતમું આત્મપ્રવાદ પુર્વ ભણતાં જીવ પ્રદેશના અધીકારમાં પોતાના મનમાં એવી ભાસના થઇ કે એક પ્રદેશ, બે પ્રદેશ, ત્રણ પ્રદેશ જાવત એક પ્રદેશ ઓછો હોય, તેને જીવ ન કહીએ પણ પુર્ણ પ્રદેશને જીવ કહીએ અથવા જીવનો રહેલો છેલ્લો પ્રદેશ તેને જીવ કહીએ, પણ બીજા પ્રદેશને જીવ કહીએ નહિ. તેને આવી ભાસના થયા પછી ગુરૂ બોલ્યા કે, હે શિષ્ય ! આ કુવાસનાનો ત્યાગ કર. તીર્થંકરે એમ કહેલ નથી. એ વચન સાપેક્ષ છે. એક પ્રદેશને પણ તીર્થંકરે જીવ કહ્યો છે, અને સંપૂર્ણ પ્રદેશને પણ જીવ કહ્યો છે. તે નય આશ્રી કહેલ છે. જેમકે શુદ એકમે આખી રાતનું અંધારૂં છતાં પણ શુકલપક્ષ ગણ્યો, અને પૂર્ણ માસીએ પણ શુકલપક્ષ ગણ્યો. તો શું વચમાં તેર તીથી રહી તે શુકલ પક્ષ નહિ. અર્થાત્ એકમે શુકલપક્ષ કહી તે નીગમનયનું વચન અને પૂર્ણમાસીને શુકલપક્ષ કહી તે નિશ્ચયનયનું વચન. વચમાં પાંચ નય રહી, તે બાકી રહેલ તેર તીથીના વચન સમજવા. એમ ભલી બુદ્ધિથી વિચાર, જીવ પ્રદેશ પણ એવી રીતે છે. આમ કહ્યાં છતાં પણ કર્મના ઉદયથી તીર્થંકર ને ગુરૂવચનથી વિરૂદ્ધ થઇ પૃથ્વી ઉપર વીપરીત પરૂપણા કરી અનેક જીવોને મિથ્યત્વ જાળમાં ફસાવ્યા. એમ ફરતા ફરતા તે તીષ્યગુપ્ત સાધુ અમલકંપા નામે નગરીમાં પધાર્યા. ત્યાં વ્યાખ્યાન સાંભળવા આવેલા સર્વેને પોતાની મિથ્યા વાણી સંભળાવી તે સાંભળનાર માંહી એક મીત્રશ્રી નામે શ્રાવક શાસ્ત્રનો જાણકાર મહાવીરનો શીષ્ય હતો. તેણે તે વાણી ખોટી જાણી પણ અવસર જાણી તેની સાથે વિવાદ ન કર્યો. અવસરના જાણ માણુસો હંમેશાં ધૈર્યથી સામા માણુસને પ્રતીબોધ કરવા માટે અનેક પ્રયત્ન કરી તેને સમજાવે છે. એકદા

સમયે તે મીત્રશ્રી નામે શ્રાવકે સાધુજી ગૌચરીએ પધાર્યા ત્યારે તેમને ચોખાનો એક દાણો, દાળનો એક દાણો, પાણીનું એક ટીપું અને બીનો એક છાંટો ઇત્યાદિક વહોરાવ્યું. તે જોઇ સાધુ બોલ્યા કે, હે મહાનુભાવ! સાધુની આમ મશ્કરી ન કરીએ તે વારે શ્રાવકજી બોલ્યા કે, સ્વામી! હું મશ્કરી નથી કરતો પણ આપના બોધ પ્રમાણે વર્તું છું. કેમકે આપે કહેલ હતું કે એક પ્રદેશ તેજ જીવ તો એક ચોખાના દાણાને સરવે ચોખાના દાણા માની લેજો. કેમકે એક પ્રદેશથી જીવ પુર્ણ થાય છે તો એક દાણાથી પણ મારી ભુખ પૂર્ણ થશે! ઇત્યાદિક બોધ વચનથી તેઓ સ્થીર થઇ પોતાની કુમતી વોસરાવી, પ્રભુના વચન અંગિકાર કર્યા અને સમકીતને નિર્દોષ કરી પૃથ્વી ઉપર વિચારવા માંડયું.

મહાવીરથી બસેંને ચૌદ વર્ષે અષાડાચાર્યના શિષ્ય અવ્યક્ત થયા તે ઉપર ત્રીજા નીન્હવની કથા ચુંવાલીસમી.

શ્વેતાંબીકા નગરીને વિષે પોલાસ નામે ઉદ્યાન હતું. ત્યાં અષાડાચાર્ય પોતાના શિષ્યો સહિત પધાર્યા. તે આચાર્ય પોતાના શિષ્યોને યોગ તપ કરાવે છે, તે તપ અર્ધો થયો છે. એવા સમયમાં આચાર્યને મધ્ય રાત્રીએ અકસ્માત કોઇક રોગ થયો. વેદના થઇ પણ દયાળુ ભાવે શિષ્યોને બીલકુલ જગાડયા નહિ. થોડાજ વખતમાં કાળ કરી પહેલ દેવલોકે નલીનીગુલ્મ વિમાને ઉત્પન્ન થયા. ઉત્પન્ન થયા પછી અવધીજ્ઞાને પાછલી અવસ્થા તપાસી તો પોતાનું મૃતકલેવર ઉપાશ્રયમાં પડયું છે, અને શિષ્યો ઉંઘે છે. દેવે વિચાર્યું કે, શિષ્યોને તપ કરાવતાં અર્ધો થયો છે, અને હું કાળ ધર્મને પ્રાપ્ત થયો છું. તો હવે કોઇ તપ કરાવશે નહિ અને તે તપ પડયો મુકશે તો કરેલો તપ નીષ્ફળ જશે એમ જાણી તરત દેવલોકથી તે દેવે આવી પોતાના મૃત કલેવરમાં પ્રવેશ કર્યો અને શીષ્યોને જગાડી કહ્યું કે, ઉઠો, પ્રતિક્રમણનો વખત થયો છે. એમ પ્રતિક્રમણ પડીલેહણ, ગૌચેરી પ્રમુખ ક્રિયાઓ શિષ્યો પાસે કરાવે. એમ કરતાં શિષ્યોનો તપ પુરો થયો. તે વારે દેવ શરીરમાંથી નીકળી અદ્રશ્ય રહી શિષ્યોને કહેવા લાગ્યો કે, હે શિષ્યો! હું તમારો ગુરૂ અષાડાચાર્ય

તમારા અર્ધા તપ વખતે કાળ કરી દેવલોકમાં ગયેલ પણ તમારો તપ અર્ધો નીષ્ફળ જાત તે પુરો કરાવવા માટે આ મૃત શરીરમાં મેં પ્રવેશ કીધો હતો. મેં અવરતીપણે તમોને વંદાવ્યા તે અપરાધ ખમાવું છું. એમ ખમાવી દેવલોકમાં ગયો, અને શિષ્યોએ આચાર્યનું શરીર પરઠવી વોસરાવ્યું તે પછી તે શીષ્યોએ અવ્યક્ત મત ધારણ કર્યો એટલે કે, સાધુના મનમાં એવી શંકા પડી કે, આટલા દિવસ સુધી દેવતા સાધુના મૃત કલેવરમાં રહ્યો તેને આપણે વાંદ્યા, વૈયાવચ્ચ કરી તેની આપણને બીલકુલ ખબર પડી નહીં તો એવીજ રીતે આપણા બધા શિષ્યોમાંથી કોઇના શરીરમાં દેવ આવી પેઠો હોય તો શી ખબર? તીર્થંકરે તો કહ્યું છે કે, અસંજતીને વાંદવું નહીં અને જૂઠું બોલવું નહિ. તો આપણે કાંઇપણ જાણી શકતા નથી કે આ ખરો સાધુ છે કે દેવ પ્રવેશ કરેલો છે. માટે કોઇપણ સાધુને આપણાથી કેમ વંદાય? અને કેમ કહેવાય કે આ સાચો છે, અને આ ખોટો સાધુ છે? એમ વિચારી અવ્યક્ત ધર્મ અંગિકાર કર્યો. એટલે કોઇને કોઇ સાચો જાણે નહી. આવી રીતે ધર્મ કરણી કરતાં સ્વઇચ્છાએ ગામ નગર ફરવા લાગ્યા અને પોતાનો મત જગતમાં પ્રખ્યાત કરવા લાગ્યા. એમ કરતા રાજગ્રહી નગરીના ઉદ્યાનમાં આવ્યા. તે નગરમાં સુર્યવંશી બળભદ્ર નામે રાજા જૈન ધર્મી અને દ્રઢ સમકીતી હતા. તે રાજાને ખબર પડી કે, ઉદ્યાનમાં અવ્યક્ત નીન્હવ સાધુ મતથી ઉપરાંઠા થઇ આવ્યા છે. તે સાંભળી તે સાધુને બોધ કરવા માટે પોતાના સુભટો પાસે સાધુને બાંધી મંગાવ્યા, અને સુભટો પાસે તેને માર મરાવા માંડયો. તે માર સહન નહિ થવાથી સાધુ બોલ્યા કે, તમે રાજા પણ જૈની શ્રાવક થઇને અમો નીરઅપરાધી સાધુને શું કરવા માર મારો છો? તે વારે રાજાએ કહ્યું કે તમને શી ખબર પડી કે હુ જૈની છું. વળી તમે નીરપરાધી છો તેવી તમને શી ખબર પડી? તમારા મત પ્રમાણે તમારાથી કંઇપણ બોલી શકયા નહીં કે હું શ્રાવક છું અને તમે સાધુ છો જો તમે તેમ માનતા હો તો ભગવાનનો મત અંગીકાર કરો. તમે એક બીજા નાના મોટાને વદણા નમસ્કાર કરવાનું ચાલુ કરો. છદ્મસ્ત વહેવારનું આચરણ જોઇ તે વસ્તુને સત્ય કરી માને અને કેવલી ગુણ જોઇ વસ્તુ સત્ય કરી માને. ઇત્યાદિક બોધ સાંભળી પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થયા અને કલ્યાણનો માર્ગ સ્વિકાર્યો.

શ્રી મહાવીરથી બસેને વીસ વર્ષે થયેલ ચોથા નીન્હવની કથા પીસ્તાલીસમી.

મીથીલા નગરીના લક્ષ્મીવાન ઉદ્યાનને વિષે મહાનગર આચાર્ય પોતાના કોડીન નામે શિષ્ય અને તેના અશ્વમીત્ર નામે શિષ્યના પરીવાર સાથે પધાર્યા હતા. તે અશ્વમીત્ર નામે શિષ્ય ગુરૂ પાસે દસમું પૂર્વ ભણ્યો હતો. તે ભણતા કર્મના ઉદયથી તેની ક્ષણીકવાદીની શ્રદ્ધા થઇ. એટલે કે અહીંથી નરકમાં ગએલો જીવ તેમજ દેવલોકમાં ગએલો જીવ ઇંદ્ર ધનુષ્ય, મેઘ, અને વીજળીની પેરે ક્ષણે ક્ષણે મરે છે, અને ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. એમ પરૂપણા કરવા લાગ્યો, તે વારે આચાર્ય તેને કહેવા લાગ્યા કે, હે મહાનુભાવ! એ વીપરીત પરૂપણા છે. એવી માઠી પરૂપણા ન કરજે, તારા કહેવા પ્રમાણે હોય તો આ લોક અને પરલોક કહેવાયજ નહિ. વસ્તુ માંહેથી સમે સમે પર્યાય બદલાય છે. તે દેશ થકી વસ્તુનો નાશ છે પણ સર્વ થકી નહિ. જો તારા કહેવા પ્રમાણે ક્ષણે ક્ષણે મરતો હોય, અને નવો ઉત્પન્ન થતો હોય તો કોઇક ચાલે અને કોઇક થાકે; કોઇક ખાય અને કોઇક તૃપ્તિ પામે; કોઇક ચાખે અને કોઇક અનુભવે; કોઇક વસ્તુ જુએ અને કોઇને જ્ઞાન થાય, ઇત્યાદિક ઘણા બોલનો ફેર પડી જાય. વસ્તુ માત્ર દ્રવ્યથી નિત્ય છે, અને પર્યાયથી અનિત્ય છે, એમ તીર્થંકરે કહ્યું છે, તે તું સત્ય કરી માન. એમ ઘણું સમજાવે પણ ન માન્યું. તે વારે ગુરૂએ મૃત કલેવરની પેરે તેને વોસરાવી દીધો. ગુરૂથી છૂટા પડી તેણે નીરઅંકુશ પૃથ્વી ઉપર ઘણા જીવોને કુબોધમાં ફસાવ્યા, એમ ફરતાં ફરતાં રાજગ્રહ નગરે પોતાના શિષ્યો સહીત આવ્યા. તે વારે રાજગ્રહ નગરે કેટલાક શ્રાવકો રાજાના અધિકારીઓ હતા. તે શ્રાવકોએ ક્ષણીકવાદી નીન્હવ સાધુ આવ્યા જાણીને સમજાવવા નીમીત્તે તે સાધુને બાંધી મારવા લાગ્યા. તે વારે સાધુ બોલ્યા કે, તમે શ્રાવક થઇ સાધુને કેમ મારો છો? તે વારે શ્રાવક કહે, વ્રતધારી સાધુ હતા, તે તો મરી ગયા, અને તમારા મત પ્રમાણે તમે બીજા ઉત્પન્ન થયા છો. તેમ અમે પણ શ્રાવક હતા તે નહિ પણ નવા ઉત્પન્ન થયા છીએ. જો અમે તેજ શ્રાવક અને તમે તેજ સાધુ એ ખરૂં હોય તો મહાવીરનો પરૂપેલો ધર્મ સ્વીકારો. તોજ તમને અમે છોડીશું. છેવટે તેઓ પ્રભુના વચન સત્ય સમજીને અશ્રદ્ધા વોસરાવી શુદ્ધ થયા.

શ્રી મહાવીર મોક્ષ પધાર્યા પછી બસેં ને અઠાવીસ વર્ષે પાંચમો નીન્હવ થયો તેની કથા છેંતાલીસમી.

ઉલ્લુક નામે નદીને તીરે પુર્વ દીશાના તટે ઉલ્લુક નામે નગરે હતું અને તેની પશ્ચિમે ખેટગામ નામે નગર હતું. તે નગર ધનગુપ્તાચાર્ય ચોમાસું રહ્યા હતાં અને તેમનો ચેલો પરિવાર સહીત ઉલ્લુક નગરે રહ્યો હતો. તેણે એકદા સમયે ગુરૂને વાંદવા જતા વચ્ચે નદી આવી તે નદી ઉતરતા ઉંચે સૂર્યનો તાપ અને નીચે ઠંડું પાણી જોઇ વિચાર કર્યો કે, ભગવંતે શાસ્ત્રમાં એક સમયે બે ક્રિયા વેદવાની ના પાડી છે. પણ આ પ્રત્યક્ષ શીત–ઉષ્ણ એકી વખતે હું અનુભવ કરૂં છું. તો પુર્વોક્ત વચનમાં વિરૂદ્ધતા જણાય છે. એમ કરી ગુરૂ પાસે આવી પોતાનો વિચાર જાહેર કર્યો. ગુરૂએ ઘણોજ સમજાવ્યો કે, હે શિષ્ય ! એકી સાથે બે ઉપયોગ ન હોય એમ તીર્થંકરનું વચન છે, જેમ તડકો ને છાંયો, જેમ સુખમાં ઉપયોગ હોય ત્યારે દુઃખમાં ન હોય અને દુઃખમાં ઉપયોગ હોય તે વખતે સુખમાં ઉપયોગ ન હોય. એક સમયે એકજ ઉપયોગ હોય. ચાલતાં હોઇએ તે વખતે બેસવાનું ન હોય, માટે હઠ છોડી ખોટી શ્રદ્ધાનો ત્યાગ કર, પણ તે ખોટા હઠ નહી મુકવાથી ગુરૂએ તેને ગચ્છ બહાર રાખ્યો. બહાર નીકળી ઘણા માણસોને ભ્રમમાં નાખતો ફરતો ફરતો રાજગ્રહ નગરે આવ્યો. ત્યાં નાગ નામે જક્ષના દહેરાના નજીક નદીના તીર પાસે બેસી ઉપદેશ દેવા લાગ્યો. તે વખતે જક્ષ ઉપદેશ સાંભળવા આવ્યો પણ તે વીર ભગવાનની નિંદાના વચન સાંભળી કોપાયમાન થઇ બોલ્યો કે, રે પાપીષ્ટ ! સર્વજ્ઞ કરતાં પણ વધારે જ્ઞાની ક્યાંથી થયો ? વીર તો એક સમયે એક ક્રિયા વેદવાનું કહે છે, અને તું એક સમયે બે ક્રિયા વેદવાનું કહે છે. માટે તારી ખોટી શ્રદ્ધા છોડ, નહિ તો આ મુદ્દગરથી તારા પ્રાણ લઇશ.

છેવટે વીર વચન સાચા જાણી ખોટી શ્રદ્ધા વેસરાવી અને પ્રાયશ્ચિત લઇ શુદ્ધ થયો.

શ્રી મહાવીર મોક્ષ ગયા પછી પાંચસે ચુંમાલીસ વર્ષે છઠો નીન્હવ થયો તેની કથા સુડતાલીસમી.

અંતરીક્ષ નામે નગરને વિષે ભુતગ્રહા નામે ચૈત્ય હતું. એકદા સમયે શ્રી ગુપ્ત નામે આચાર્ય પધાર્યા. તે સમયે એક પરીવ્રાજક વિદ્યાના અભિમાને કરી સહીત, અનેક વિદ્યાઓ વડે કરી ઘણા દેશ જીતતો અને દુનીઆમાં સર્વજ્ઞપણું ધારણ કરતો તેજ અંતરીક્ષ નામે નગરમાં આવ્યો અને તે નગરના રાજાને મળી કહેવા લાગ્યો કે, મને તમારા નગર તરફથી ચર્ચા કરી જીત મેળવનાર પંડીત સોંપો, નહિ તો મને જીતે એવો કોઇ પંડિત નથી એવો પત્ર લખી આપો. તે વારે રાજાએ પંડિતને પૂછતાં પંડિત તરફથી જવાબ મળ્યો કે, એ મહા વિદ્યાના ધણીને આ જગતમાં કોઇપણ જવાબ દેવા સમર્થ નથી, તેમ અમે પણ તેની સાથે વાદ કરવા સમર્થ નથી, પણ તે ગામમાં રહેલા આચાર્યનો ભાણેજ રોહગુપ્ત નામે શિષ્ય મહા વિદ્યાવાન હોવાથી તેણે ગુરૂને પૂછયા વિના પંડિત સાથે વાદ કરવાની રાજાને કબુલાત આપી અને ગુરૂ પાસે આવી તે વાત જાહેર કરી. ગુરૂએ કહ્યું કે હે શિષ્ય ! નકામા ઝગડા કરવા એ ત્યાગીઓનું કામ નથી. વળી તે પંડિત અનેક વિદ્યાએ કરીને સહિત છે, જેથી તેને પહોંચી શકશો નહિ. માટે રાજાને ના પાડ. શિષ્યે કહ્યું, મહારાજ ! હું અનેક રીતે તેને પહોંચીશ. વળી રાજાને ના કહેવાથી જીન-શાસનની લઘુતા થાય, એમ કહી સભામાં વાદ કરવા ગયો. ત્યાં તે પરીવ્રાજક પણ સભામાં બેઠો હતો. રાજા પ્રમુખની સભા સમક્ષમાં પરી-વ્રાજકે વિદ્યા વડે વીંછી બનાવ્યા. તે વારે સાધુએ વિદ્યા વડે મોર બનાવ્યા જેથી વીંછી નાઠા. પરીવ્રાજકે ઉંદર બનાવ્યા તે વારે સાધુએ બીલાડી બનાવી જેથી ઉંદર નાઠા. પરીવ્રાજકે હરણ બનાવ્યા તે વારે સાધુએ સિંહ બનાવ્યા જેથી હરણ નાઠા. ઇત્યાદિ પરીવ્રાજકની ઘણી વિદ્યાઓનો સાધુએ પરાભવ કર્યો, અને કોઇ રીતે તેને ફાવવા દીધો નહિ. તે વારે પરિવ્રાજક ખીજ થઇ વિચાર કરવા લાગ્યો કે, જૈનના સાધુ હંમેશા વાદ કરવામાં વિદ્વાન હોય છે. પણ આ પંડિતને મારે કેવી રીતે જીતવો ? છેવટે પરી-વ્રાજકે વિચાર્યું કે, જૈન ધર્મમાં બે રાશી માનેલી છે. ૧. જીવ, અને ૨. અજીવ. તો હું પુછું કે રાશી બે છે ? તે વારે તે હા કહેશે અને મારૂં વચન પ્રમાણ થશે. એમ વિચારી પરિવ્રાજક બોલ્યો કે, અમારા ધર્મમાં બે રાશી

કહી છે. તે વારે સાધુએ વિચાર્યું કે, વાત સાચી છે. પણ આ વખતે તેનું વચન મારાથી પ્રમાણ ન થાય એમ વિચારી સાધુ બોલ્યા કે, બે નહિં પણ રાશી ત્રણ છે. તે ૧. જીવરાશી, ૨. અજીવરાશી, ૩. નોજીવ–નોઅજીવ-રાશી એ ત્રણ. પરીવ્રાજકે કહ્યું કે, પ્રત્યક્ષ પ્રમાણ આપો તે વારે સાધુએ દોરો લઇ તેને ખૂબ વળ ચડાવી સભામાં નાખ્યો. તે વળના જોરથી દોરો હાલવા લાગ્યો. તે વારે સાધુએ કહ્યું, જુઓ આ જીવ પણ નહિ અને અજીવ પણ નહિ એ નો જીવ–નોઅજીવ રાશી જાણવી. આ પ્રત્યક્ષ પ્રમાણ જોઇ સંન્યાસીએ લજ્જા પામી ગર્વ છોડી દીધો. તે વારે સાધુની પ્રસંશા થઇ. ત્યાંથી શિષ્યે ગુરૂ પાસે આવી ત્રીજી રાશીનું સ્થાપન કરી જીત્યો ઇત્યાદિ બધી વાત નીવેદન કરી. ગુરૂએ કહ્યું, હે શિષ્ય! તેં ઘણુંજ ખોટું અને ખરાબ ઉત્સુત્ર ભાષણ કરી પાપ બાંધ્યું, કેમકે અનન્તા તીર્થંકરે બે રાશી પરૂપી છે, અને તેં ત્રણ રાશી સ્થાપી. અનન્તા તીર્થંકરનો તું ચોર થયો માટે તે વચન રાજાના સમક્ષ જઇ, પાછું ખેંચી લે. પણ શિષ્યે માન્યું નહિ, અને કહેવા લાગ્યો કે સ્વામી! ત્રણ રાશી કેમ ન હોય? કોઇ કારણથી પણ હોવી જોઇએ, અને સંશોધન કરતાં મળી આવે. આથી શિષ્યને પ્રતિબોધ કરવા માટે કુતીઆ વાણીઆને ઘેર લઇ ગયા. તેની દુકાનેથી સ્વર્ગ, પાતાળ અને મૃત્યુલોકમાં જે વસ્તુ મળતી હોય તે બધી મળી આવે. ત્યાં જઈ ગુરૂએ નોજીવ–નોઅજીવ માગ્યા તે વારે દુકાનદારે કહ્યું કે, ત્રણે લોકમાં તે વસ્તુ નથી. આ સાંભળી શીષ્યને કહ્યું કે, વિચાર કર કે, ત્રણ લોકમાં પણ ત્રીજી રાશી નથી. માટે એ વાત સત્ય જાણી હઠ છોડી દે, અને પ્રાયશ્ચિત લે. છતાં પણ તે શિષ્યે પોતાનો કદાગ્રહ ન છોડયો. છેવટે તેને નીન્હવ જાણી ગચ્છની બહાર કાઢી મૂકયો.

શ્રી મહાવીર મોક્ષ પધાર્યા પછી પાંચસે ચોરાસી વરસે સાતમો નીન્હવ થયો તેની કથા અડતાલીસમી.

એક દશપુર નામે નગર હતું. ત્યાં ત્રણ શિષ્યો સહીત આચાર્ય પધાર્યા. ત્રણ શિષ્યમાં પહેલાનું દુર્બલીક પુષ્પ મીત્ર, બીજાનુ ફાલ્ગુરક્ષીત અને ત્રીજાનું ગોષ્ટામહીલ નામ હતા. તેમાં મોટા ફાલ્ગુરક્ષીત અયોગ્ય હોવાથી તેને આચાર્ય પદવી ન આપી અને દીક્ષાએ નાના પુષ્પમિત્ર શિષ્યને લાયક જાણી આચાર્ય પદવી આપી. હવે

ફાલ્ગુરક્ષીતે ગુરૂ તથા નવા આચાર્ય ઉપર દ્વેષને લઇ તેમને ખોષ્ટ કરવા માટે ઉત્સૂત્ર પરૂપવા માંડયું કે, જીવની સાથે કર્મનો બંધ કહે છે તે ખોટું છે: જેમ અંગરખી ને શરીર તથા કંચુકી ને શરીર જુદા છે, તેમ જીવ ને કર્મ જુદા છે. લોલીભુત કહે છે તે ખોટું છે. જો લોલીભુત હોય તો જીવ કદી પણુ મોક્ષ જઇ શકે નહિ. તે ન્યાયે તથા પ્રમાણુ સહીત કાળનું માન બાંધી પચ્ચખાણુ કરે છે તે ખોટું છે અને તેમાં ઘણાં દુષણુ છે. મન સ્થિર રહે ત્યાંસુધી પચ્ચખાણુ કરવા તે સાચું છે. ઇત્યાદિક વિસ્તાર ઘણો છે, પણુ સંક્ષેપમાં તેણે એવી ખોટી પરૂપણા કરી ઘણા માણુસોને ભ્રમમાં નાંખ્યાં.

આઠમો નીન્હવ શીવભુતી સ્થીવરકલ્પી મતનું ખંડન કરનાર લખ્યો છે અને નવમા નીન્હવનું નામ ટીકા તથા દીપીકામાં જણાતું નથી.

ઇતિ નીન્હવ અધીકાર કથા સમાપ્ત.

અધ્યયન ચોથું.

ગાથાઃ—પૂર્વાર્ધ બે પદ—

असंखयं जिवियं मा पमायअे,

जरोवणीयस्स हुनात्थिताणं;

ભાવાર્થઃ—આયુષ્ય તુટયું સંધાતું નથી, માટે પ્રમાદ ન કરવો. વળી જરાવંત પુરૂષને કોઈ તારણ શરણ નથી.

જરા ઉપર અટ્ટણમલ્લની કથા ઓગણપચાસમી.

ઉજ્જેણી નગરીમાં જીતશત્રુ નામે રાજા હતા. ત્યાં અટ્ટણ નામે મલ્લ હતો. તે મલ્લની સરખામણી કરે તેવો બીજો કોઇ નહોતો તેથી તે બીજા દેશોમાં જઈ મલ્લો સાથે યુદ્ધ કરી પોતાનો જય મેળવી દ્રવ્ય કમાવા લાગ્યો. એ વખતે પારક નામે નગરમાં સીંહગીરી નામે રાજા હતા. તેમને મલ્લયુદ્ધ ઘણુંજ પસંદ હતું જેથી અટ્ટણમલ તે નગરમાં આવ્યો અને રાજા સમક્ષ બીજા મલ્લો સાથે યુદ્ધ કરી, પોતાનો જય મેળવી દેશમાં ગયો. તે ગયા પછી સિંહગીરી રાજાએ વિચાર્યું કે, આ અટ્ટણમલ વરસો વરસ મારી તથા મારા દેશની આબરૂ લે છે, કેમકે તેને કોઇ જીતી શકે તેવો નથી. તો હવે તેને કોઇ જીતે તેવો પુરૂષ શોધી કાઢું. એમ વિચાર કરતાં કોઇએક મચ્છીમાર મહા બળવાન રાજાના જોવામાં આવ્યો, જેથી તેને પાળીપોષી પોતાની મલવિદ્યા શીખવી અને તેનું મચ્છીમલ એવું નામ પાડયું. એક દિવસે અટ્ટણમલ તેજ ગામમાં ફરી યુદ્ધ કરવા આવ્યો. તે રાજાની સભામાં મચ્છીમલની સાથે અટ્ટણે યુદ્ધ કરવાનું શરૂ કર્યું. એ યુદ્ધમાં છેવટે અટ્ટણમલ હાર્યો જેથી લજ્જા પામી પોતાને દેશ ગયો. પોતાના દેશમાં અટ્ટણમલ વિચાર કરવા લાગ્યો કે, મચ્છીમલ મારા બળની ઘાતનો કરનાર તે પોતે યુવાન છે તેથી તેના બળની વૃદ્ધિ થાય છે અને મારૂં વૃદ્ધાવસ્થાને લઇ બલ ક્ષીણ થયું છે. માટે એને જીતે એવો યુવાન મલ્લ તૈયાર કરૂં. એમ વિચારી યુવાન માણસને શોધવા તે ભૃગુકચ્છ દેશે આવ્યો ત્યાં હરણી નામે ગામના

ઉધાને એક કણબી ખેડુત હળ ખેડતો જોયો. તે એક હાથે હળ ઉપાડતો એવો બળવાન જોયો, એટલામાં તેના ઘરની સ્ત્રી તેના માટે ભાત પાણી લઇને આવી, તે એક ઘડો પાણીનો ને એક હાંલ્લું ભરેલું અન્ન તેના મ્હોં આગળ મુક્યું. તે અન્ન ને પાણી નાસ્તા તરીકે ખાઇ ગયો. ખાઇને તુરત જંગલ (ઝાડે ફરવા) ગયો, અને પોતાના શરીરનું મલ નીવારણ કરી પોતાના કામે વળગ્યો. તે વારે અટ્ટણમલ તે નીવારણ કરેલ જગ્યાએ મળ જોવા ગયો. ખોરાક લીધા કરતાં જુજ ભાગ નીકળેલો છે અને તે ઘણોજ કઠણ છે. તે જોઇ અટ્ટણમલે વિચાર કર્યો કે, આના શરીરમાં જઠરાગ્નિ બહુ પ્રબળ જણાય છે. જો તેને પુરતો ખોરાક મળે તો મહા બળનું કામ કરી શકે. એમ જાણી અટ્ટલમલ તે કણબીને ઘેર રાતવાસો રહ્યો, અને કહ્યું કે, તું મારી સાથે રહે તો તને ઘણું ધન અપાવું. તે કણબીએ કહ્યું કે, મારી સ્ત્રીને પુછી જોઉં. સ્ત્રીને પૂછતાં કહ્યું કે, કપાસ તૈયાર થવા આવ્યો છે તે પુર્ણ થયા પછી જજો. એમ સાંભળી તે કપાસના રૂપીયા આપી કણબીને પોતાની સાથે લઇ દેશ આવ્યો. તેને ખુબ ખાનપાન આપી મલવિદ્યા સારી રીતે શીખવી. મલવિદ્યા પુર્ણ શીખ્યો જાણી સિંહગીરી રાજાની સભામાં તે કણબી મલને સાથે લેઇ અટ્ટણમલ આવ્યો, અને મચ્છીમલની સાથે યુદ્ધ કરવા માંડયું. યુદ્ધ કરતાં પ્રથમ દિવસે બન્ને સરખા ઉતર્યા. ઘેર આવી અટ્ટણમલે કણબીમલને પુછ્યું કે, તારા શરીરમાં કઇ જગ્યાએ માર દુઃખે છે તે દુખાવો મને દેખાડ. તેણે જે જે દુખાવાની જગ્યા હતી તે દેખાડી. તે અટ્ટણમલ ઔષધનો જાણ હતો તેથી તે જગાએ ઔષધ અને તેલાદિક મરદન કરી દુખાવો જ્યાં થતો હતો તે દુર કર્યો અને જાણે લડયોજ નથી, તેવો તાજો તૈયાર કર્યો. મચ્છીમલને પણ રાજાએ પૂછ્યું કે, તારા શરીરમાં કઇ જગ્યાએ દુખાવો વરતાય છે તે બતાવ. તે વારે તેણે અભીમાની હોવાથી કહ્યું નહિ, અને દુખાવાની જગા પણ દેખાડી નહી. બીજે દિવસે પણ યુદ્ધમાં બન્ને સરખા ઉતર્યા અને બીજે દિવસે પણ કણબીમલનું શરીર મર્દન કરી દુખાવો મટાડયો. મચ્છીમલને રાજાએ કહ્યું કે, તારો દુખાવો બતાવ, ત્યારે મચ્છીમલ બોલ્યો કે, મારા શરીરમાં દુખાવો નથી. હું તેને તો શું પણ તેના બાપને પણ જીતી શકું તેમ છું, એમ કહી ત્રીજે દિવસે તેણે તેની સાથે યુદ્ધ કર્યું. તે યુદ્ધમાં મારના પ્રહારથી તેનું શરીર જીર્ણ થઇ ગયું હતું, જેથી હળને એક હાથે ઊપાડતો તેવી રીતે મચ્છીમલને એક હાથે ઉપાડી તે માથે ફેરવવા લાગ્યો. આ જોઇ રાજાએ તુષ્ટમાન થઇ

અટ્ટણમલ્લને ઘણુંજ દ્રવ્ય આપવા માંડયું. તે દ્રવ્ય અટ્ટણમલ્લે ફલણીમલ્લને આપી તેને દેશ મોકલ્યો. અટ્ટણમલ્લ પોતાના વેરીનો પરાજય કરી ખુશી થયો અને પોતાને ઘેર આવી રહ્યો છે તે વારે અટ્ટણમલ્લના છોકરાઓ કહેવા લાગ્યા કે, અરે બળહિન ! હવે તને કોઇ પૈસો પણ આપનાર નથી. બેઠો બેઠો નીરાંતે ખાયા કર. તે વચન સાંભળી અટ્ટણે કોસંબી નગરી જઇ બાર વરસ સુધી કોઇ જોગીની પાસે રસાયણ ખાધી અને પાછો બળવાન થઇ ફરી મલયુદ્ધ કરવા રાજાની સભામાં ગયો. અટ્ટણની જીત થઇ. રાજાએ તેને ફરી દાન દીધું. દાન લેઇ ઘેર આવી છોકરાને દ્રવ્ય આપ્યું. છોકરાં ઘણાં ખુશી થયાં. એ પરથી અટ્ટણમલ્લે વિચાર કર્યો કે, સર્વે કુટુંબ પૈસાનું સગું છે. એક વખત તો હું ઓૈષધ ખાઇ લડાઇમાં જીત મેળવી શકયો. પણ હવે બીજી વાર વૃદ્ધાવસ્થાને લઇ ઓૈષધ પણ ગુણ કરનાર નથી, અને છેવટે આ કુટુંબીજનો મને દુઃખ દેશે. તો હવે મારે જ્યાં સુધી મારા શરીરમાં શક્તિ છે ત્યાં સુધીમાં કોઈ માહાત્મા પાસે દીક્ષા લેઇ આત્મ કલ્યાણ કરવું, નહિતો વૃદ્ધાવસ્થાએ મારૂં કોઈ બેલી નથી. એમ વિચારી કોઇ સાધુ મહાત્માની પાસે દીક્ષા લઇ દેવલોકમાં ગયો.

ધન આ લોકે અનર્થકારી છે તે ઉપર ચોરની કથા પચાસમી.

—:o:—

ગાથાઃ—जे पाव कम्मेहिं धणं मणुसा,

समाययंति अमयं गहाय;

पहायते पास पयट्टिओ नरे,

वेराणु बद्धा नरयं उवेति. ॥ २ ॥

ભાવાર્થઃ—જે કોઇ મનુષ્ય આ સંસાર રૂપી પાસને વિષે રહ્યો થકો પાપ કર્મે કરી ધન મેળવે છે, અને અમૃતની પેરે ગ્રહીને રાખે છે પણ અંતે તે ધનને છાંડી તે ધન ઉપાર્જન કરતાં બાંધેલા વૈર બંધનથી નરકને વિષે ઉપજે છે વળી ધન આ લોકને વિષે પણ અનર્થકારી છે. ૨

કોઇ એક ગામે ચોરે પોતાના ઘરમાં એક કુવો ખોદાવ્યો અને શહેરમાંથી જે ધન ચોરી કરી લાવે, તે

ધન વડે કુવો પુરવા માંડયો. એમ કરતાં તે ધનમાંથી દ્રવ્ય આપી તે એક સ્ત્રી પરણ્યો. તેની સાથે સુખ ભોગવતાં સ્ત્રીને ગર્ભ રહ્યો. ચોરે વિચાર્યું કે, છોકરો મોટો થશે ત્યારે કહેશે કે, આ ધન મારૂં છે, તે વારે હું શું કરીશ ? એમ ધારી ગર્ભ સહિત સ્ત્રીને મારી કુવામાં નાંખી દીધી, અને બીજી સ્ત્રી પરણ્યો. તેને પણ ગર્ભ રહ્યો અને પુર્વની માફક તેને પણ મારી કુવાનાં નાંખી દીધી. ફરી એક રૂપવંત સ્ત્રી પરણ્યો; તેના ઉપર ઘણો મોહ હતો તેથી તે ગર્ભવંતીને કુવામાં નાખી શકયો નહી. તે સ્ત્રીને પુત્રનો પ્રસવ થયો. અનુક્રમે પુત્રની ઉમ્મર આઠ વરસની થઇ તે વારે ચોરે વિચાર્યું કે, મારા ચોરેલા ધનના માલીક આ સ્ત્રી અને પુત્ર થશે માટે બંનેને મારી નાંખું. એમ ધારી સ્ત્રીને મારી કુવામાં નાંખતાં છોકરે જોયું જેથી ભય પામી છોકરો બુમ પાડતો નાસી ગયો. રાજાના માણુસો-એ બુમ પાડવાનું કારણ પૂછતાં છોકરાએ પોતાની માતાને મારી કુવામાં નાખ્યાની સર્વ હકીકત કહી સંભળાવી; તેથી રાજાના સિપાઇઓએ ચોરને પકડયો અને કુવો તપાસતાં માંહેથી ધન અને મનુષ્યોનાં હાડકાં મળી આવ્યાં. આથી રાજાએ ચોરને શૂળીએ ચડાવી મારી નાંખ્યો અને ધન રાજાએ લઇ લીધું. એમ ધનના લોભથી આ લોકે અને પરલોકે દુઃખ છે.

પોતાના કર્મ ભોગવવા ઉપર ચોરની કથા એકાવનમી.

ગાથાઃ—तेणे जहां संद्धि मुहे गहिए,
स कमुणा किच्चइ पावकारिः
एवं पया पेच्च इहंच लोए,
कडाण कम्माण न मोख अत्थि. ॥ ३ ॥

ભાવાર્થ:—પાપ કર્મનો કરનાર પોતાનાં કર્મે કરીને ખાતરને મુખે જેમ ચોર પકડાયો થકો પીડાય, દુઃખ ભોગવે તેમ દુઃખી થાય. ૩

કોઇક નગરે એક ચોર હતો, તે ચોર ચોરી કરવામાં બહુ કળાવંત હતો, વળી સાથીયા, કમળ અને સમુદ્ર જેવા ઘણી જાતના જોવા લાયક કાંગરા સહિત ખાતર પાડતો અને તે ખાતરવડે પૈસા–ધન હરતો. એક દિવસ તે ચોર કોઇક શાહુકારના ઘરમાં પાછળ

પાટીયાં હોવાથી તે ક્રમળ આકારે દાંતા સહિત કાતરી ધીમે ધીમે અંદર અર્ધ પેઠો તે વારે ઘરનો ધણી જાગ્યો અને ચોર જાણી તેના પગ બાંધ્યા. આથી તે ચોરે બહાર ઉભેલા ચોરોને કહ્યું કે, મારા પગ બંધાયા છે ત્યારે બહારના ચોરો તે ચોરના હાથ પકડી બહાર ખેંચવા લાગ્યા અને અંદરથી ધણી ખેંચવા લાગ્યો; આથી તે પાટીયામાં પોતે કરેલાં અણીદાર દાંતા પોતાના શરીરે ઘસાવાથી લોહીલુહાણ થયો અને મરણ પામ્યો.

જેમ ચોર પોતાના કરેલા કર્મથી દુઃખી થયો તેમ જીવ પણ પોતાના કર્મ વડેજ દુઃખ ભોગવે છે.

કર્મ કરી હરખાય તે ઉપર ચોરની કથા બાવનમી.

કોઇ એક ચોર ઘણી વીકટ અને ઉંચી જગામાં ખાતર પાડવામાં બહુ કુશળ હતો. એક દિવસે કોઇ શાહુકારની સાત માળની હવેલી ઉપર ચઢી નાનું ખાતર પાડી અંદરથી માલ લઈ ગયો. સવાર પડતાં લોક ભેગું થયું; સાતમે મજલે અધર ઘણું સાંકડું ખાતર પાડી અંદરથી માલ લઇ ગયો તે જોવાને માટે તમામ લોક ભેગું થયું તે વારે તે ચોર પણ જોવાને માટે આવ્યો હતો. લોકો વિચારે છે કે, આ ખાતરમાં તે કેમ કરી પેઠો હશે, અને ક્યાં થઇને ઉતર્યો હશે ? આ તો નવીન દેખાવ જોયો ! ધંન્ય છે તેને ! આ વાતો ચોરે સાંભળી વારંવાર તે ચોર ખાતર અને પોતાના શરીર સામું જોઇ વિચાર કરે છે કે, અહીં થઇને હું આ રીતે વાંકો વળીને આમ પેઠો, અને વાંકો વળીને આ રીતે નિકળ્યો. એમ કાયાના હર્ષ સહિત ચાળા કરતો જોઇ પોલિસે તેને પકડી લીધો અને ચોરી કરેલી કબુલ કરાવી તેને દુઃખી કર્યો.

જેમ ચોર પોતે પાપ કરી હરખાયો અને દુઃખ પામ્યો તેમ સંસારી જીવ પાપ કરી હરખાય તે ચોરની પેઠે દુઃખ પામે.

કર્મ કરી ધન મેળવે, તે ધન કોઇક ખાય અને કર્મ પોતે ભોગવે તે ઉપર આહેરવંચક વણીકની કથા તેપનમી.

गाथाः—संसार मावन्न परस्स अट्ठा, साहारणं जंच करेइ कम्मं;
कम्मस्स ते तस्स उवेइ काले, न बंध वाबंधवयं उवेति. ॥४॥

ભાવાર્થ:—સંસારમાં ઉંચા નીચા કૂળને વિષે પરિભ્રમણ કરી જે મનુષ્ય સ્વજનાદિક પરને અર્થે જે પાપ કર્મ કરી ધન મેળવે છે, પછી જ્યારે તે પાપ કર્મના ફળ ઉદય થાય છે, ત્યારે બાંધવ બાંધવપણું પાળતા નથી એટલે દુ:ખથી મુકાવતા નથી, અને પોતે પાપ કર્મનાં ફળ એકલોજ ભોગવે છે.

કોઇ એક વણીકની દુકાને એક ભરવાડણ ઘી વેચવાને આવી. તેને છેતરીને એક રૂપીયાનું ઘી વધારે લઇ વણીકે પોતાને ઘેર જઇ પોતાની સ્ત્રીને કહ્યું કે, આજે ઘીનો ઘેબર કરજે. એમ કહી દુકાને ગયો. સ્ત્રીએ ઘેબર તૈયાર કર્યો, તેવામાં પરદેશથી તેનો જમાઈ મિત્ર સહીત આવ્યો. જેથી વણીકની સ્ત્રીએ ઘેબરનું ભોજન જમાઇ વગેરેને જમાડી દીધું, અને વણીકને માટે હમેશાની માફક રસોઇ તૈયાર કરી, હવે ભરવાડણે પોતાના ધણી પાસે જઇ પૈસા આપ્યા તો એક રૂપીયો ઓછો જાણી રાજમાં ફરિયાદ કરી. રાજાએ વણીકને પકડી માર મરાવ્યો. પછી વણીક પોતાને ઘેર ગયો. સ્ત્રીએ હંમેશની રસોઇ પીરસી, એટલે વણીકે ઘેબર માગ્યા. સ્ત્રીએ કહ્યું કે, મીત્ર સહીત જમાઇ આવ્યા હતા તે જમી ગયા, તે સાંભળી વણીક જંગલમાં જઇ ઝાડ તળે બેસી ચીંતા કરવા લાગ્યો કે, માર મેં ખાધો, અને માલ બીજાએ ખાધો. એવામાં તે રસ્તે સાધુને જતા જોયા. એટલે સાધુને બોલાવ્યા અને જરા વીસામો લેવા કહ્યું. સાધુએ કહ્યું કે, અમારા કામને માટે અમે જઇએ છીએ માટે બેસી શકાશે નહી. વણીક બોલ્યો, પરને માટે કોણ જતું હશે? સાધુ જ્ઞાનથી જાણી બોલ્યા કે, પરને માટે તું પોતેજ દુ:ખ ભોગવે છે, એ ઉપરથી વૈરાગ્ય પામી વણીકે સાધુ સાથે જઇ દીક્ષા લઇ પોતાના આત્માનું સાર્થક કર્યું !

ધન આ લોક અને પરલોક મરતા ન બચાવે તે ઉપર પુરોહીત પુત્રની કથા ચોપનમી.

गाथा पांचमी—पूर्वार्ध बे पद—वित्तेणताणं नलभे पमत्ते,

इमं मिलोए अदुवापरत्था;

ભાવાર્થઃ—વળી કોઇ એવો વિચાર કરે કે સ્વજનાદિક તો દુઃખથી છોડાવતા નથી પણ ધન દુઃખથી છોડાવે છે અને કર્મ પણ વહેંચી લે છે જેનો એવો અભિપ્રાય હોય તે ટાળવાને માટે કહે છે. આ લોકને વિષે અને પર લોકને વિષે જ્યારે કર્મ ઉદય આવે છે ત્યારે ધન પણ કર્મને રોકી શકતું નથી.

કોઇક નગરે રાજાએ ઢંઢેરો ફેરવ્યો કે, નગરની બાહર જઇ સર્વ પ્રજાએ ક્રીડા મહોત્સવ કરવો, અને કોઇએ પણ નગરમાં રહેવું નહી. તે વારે સર્વ જન નગર બાહર ગયા, ફક્ત એક પુરોહીતનો પુત્ર રાજાની વેશ્યા પાસે લાગ જોઇ ત્યાં જઇ રહ્યો, તે વારે રાજાના માણસોએ તેને પકડયો ને રાજા પાસે લાવ્યા. રાજાએ પુરોહીત પુત્રની સર્વ હકીકત જાણી, તેને આજ્ઞા ભંગનો મોટો દોષ ગણી ફાંસીની સજા કરી. તેને બચાવવા માટે રાજાના પુરોહીતે રાજાને પોતાની સર્વ દોલત આપવા માંડી અને કહ્યું કે, મારા પુત્રને નિર્દોષ કરી મારે સ્વાધીન કરો ! પણ રાજાએ તે પુત્રને આપ્યો નહી અને ફાંસીએ ચડાવી દીધો.

જેમ પુરોહીત પુત્રને ધનથી ન બચાવી શકયો તેમ સર્વ જીવને પણ ધનથી મરણ રોકી શકાતું નથી, એમ જાણી ધર્મ કરશે તે સુખી થશે.

સમકીતરૂપી દીવો દીઠો પણ અણદીઠા સરીખો થયો તે ઉપર ધાતુરવાદીની કથા પંચાવનમી.

गाथा ५ मी—उत्तरार्ध बे पद—दिवप्पणठेव अणंत मोहे,

नेयाउयं दठू मदठू मेव ॥ ५ ॥

ભાવાર્થઃ—સમકિત રૂપી દીવો ઓલાએ છતે અજ્ઞાન રૂપી અનંતો અંધકાર થાય પછી ન્યાય માર્ગ દીઠો તે અણદીઠા સરીખો હોય.

કોઇ ધાતુરવાદી મોટી ગુફામાંહી હાથમાં દીવો લઇને ચાલ્યો તે દીવાને અજવાળે તેણે અનેક વસ્તુઓ દીઠી

એવામાં ઠોકર લાગવાથી તે દીવો ઓલવાઇ ગયો ને અંધકાર થયો. અંધારે ફરતા નાગ ડસ્યો તેથી તે મરણ પામ્યો. જેમ મનુષ્ય ભવ રૂપ ગુફા, સમકીત રૂપી દીવો, ઠોકર રૂપ શંકા, અને મીથ્યાત રૂપ અંધકાર થયો, તેમ તેણે મનુષ્ય ભવ જોયો તો પણ શું ને ન જોયો તો પણ શું ?

દ્રવ્યથી સુતો છે પણ ભાવથી જાગે છે તે ઉપર અગડદત્તની કથા છપ્પનમી.

ગાથા ૬ ઠી.—પદ ૧ લું—सुत्ते सुयावि पडिबुद्ध जीवी,

ભાવાર્થ:—જે તત્વના જાણુ હોય તે દ્રવ્ય નિદ્રાએ સુતા છતાં પણ ભાવથી જાગતા થકા સંજમ જીવીતવ્યે જીવે છે.

આ ભરતરૂપ ક્ષેત્રે પુણ્ય રૂપ અમૃતનું સરોવર અને લક્ષ્મીનું ઘર એવા સંખ નામ નગરને વિષે પ્રજાપાલ નામે રાજા હતા. તેમને યુવરાજ અગડદત્ત નામે પુત્ર હતો, તે નાનપણથીજ ચોરીના કુવ્યસને ચડયો હતો તેથી આખા ગામમાં બૂમ પડાવતો. છેવટે રૈયત રાજા પાસે ફર્યાદ કરવા આવી. તે વારે રાજાએ કુંવરને દેશનિકાલની સજા કરી. એટલે કુંવર ત્યાંથી ચાલી નીકળ્યો. કેટલેક દૂર ગયા પછી સાધુ સમાગમ થયો. તેમનો બોધ સાંભળી કુવ્યસનનો ત્યાગ કર્યો અને ત્યાંથી આગળ ચાલતાં પૃથ્વી ભુષણપુર નગર આવ્યું. તે નગરમાં પ્રવેશ કરતાં પ્રથમ પ્રયણચંદ્ર નામે ઉપાધ્યાય વિદ્યાર્થીને અભ્યાસ કરાવતાં જોઇ ઉપાધ્યાયને નમસ્કાર કરી અગડદત્ત તેમની પાસે બેઠો. તે ઉપાધ્યાયે કુંવરના રાજ્ય ચિન્હ જોઇ બહુ માનથી બેસાડી દરેક બાબત તેને પૂછી. તેણે યથાર્થ વાત પ્રગટ કરી જેથી ઉપાધ્યાયે કુંવરને પુત્ર તરીકે પોતાની પાસે રાખ્યો, અને તેને શસ્ત્ર અને શાસ્ત્રની કળા શીખવી. થોડાજ વખતમાં વિનયવંત કુંવર તમામ કળા શીખ્યો. તેવામાં તે નગરમાં કોઇક ચોરે ચોરી કરી આખું ગામ નિર્ધન કર્યું છે, છતાં પણ તે ચોર હાથમાં આવતો નહોતો અને રાજા, પ્રધાન અને કોટવાળ વિગેરે સર્વને હાની પહોંચાડતો. છેવટે એક સભા ભરી રાજાએ ઢંઢેરો ફેરવ્યો કે, કોઇ માણસ આ ચોરને પકડી આપે તેને મારી કમલસેના નામે દીકરી પરણાવું. એ ઢંઢેરો અગડદત્તે સાંભળી ચોરને પકડી આપવાનું પોતે કબુલ કર્યું, કારણ કે ચોરી કરનાર

ચોરને સારી રીતે ઓળખી શકે છે. તે રાજાની સન્મુખ થઇ ચોર શોધવાને ઠેકાણે ઠેકાણે તજવીજ કરવા લાગ્યો. છતાં પણ કોઇ રીતે હાથ લાગ્યો નહી. તે વારે બુદ્ધિશાળી અગડદત્તે વિચાર કર્યો કે, પૃથ્વીમાં તપાસ કરતાં કોયલાની પણ ખાણ હાથ લાગે છે અને હીરાની ખાણ પણ હાથ લાગે છે. તેવીજ રીતે સાધુ રૂપ પૃથ્વીમાં તપાસ કરતાં ઠગારા પણ હાથ આવે છે અને પ્રભુ પણ હાથ આવે છે. એમ જાણી પોતે સાધુનો વેષ લઇને મસાણભૂમિકામાં બેઠો. સાંજની વખતે તેણે તેજ દિવસે દૂરથી પોતાની તરફ આવતા એક સાધુ ભગવા વસ્ત્ર, હાથમાં કમંડળ, માથે છત્ર, અને પગમાં પાવડી ઇત્યાદિક આબેહુબ સાધુના વેષમાં સજ્જ થએલા જોયા. પાસે આવતાં અગડદત્તે તે સાધુનાં જંઘાના લક્ષણ ઉપરથી તે ચોર હોવો જોઇએ એમ જાણ્યું, જેથી અગડદત્ત તે ચોરના પગમાં માથું મુકી વિનતિ કરવા લાગ્યો કે, હે મહારાજ ! આપના દર્શનથી હું કૃતાર્થ થયો છું. હું એક દારિદ્રી અને નિર્ધન માણસ છું, ધન ચાલ્યું જવાથી એક સાધુનો વેષ લઇ બેઠો છું. કૃપા કરી આપ ધન પ્રાપ્ત કરાવો. તે સાધુ બોલ્યો, હે પુત્ર! ફીકર ન કર. સુર્ય ઉગ્યા પછી જેમ અંધકાર નથી રહેતો તેમ મારા દર્શન થયા પછી દારિદ્ર રહેતું નથી. ચાલ, મારી સાથે હું તને દ્રવ્ય અપાવું. એમ કહી નજીકની ધર્મશાળામાં કુંવરને લઇ ગયો. રાત પડી એટલે તે ચોર પોતાનો વેષ દૂર કરી કુંવરને સાથે લઇ કોઇ શાહુકારને ઘેર ખાતર પાડયું. તેના ઘરમાંથી ઘણી પેટીઓ, વાસણ, આભરણ વિગેરે કાઢયા અને બહાર ઉભેલા કુંવરની પાસે ઢગલો કર્યો. પણ તે માલ એટલો બધો હતો કે પાંચ સાત માણસો સિવાય ઉપાડી શકાય નહિં. જેથી ચોરે અગડદત્તને કહ્યું કે, તું અહીં ઉભો રહે. હું ઉપાડનારને લઇ આવું. એમ કહી જંગલમાં ધર્મશાળામાં જ્યાં પંથી મુસાફરો સુતેલાં હતાં તેને ધનની લાલચ આપી લઇ આવ્યો. તેની પાસે માલ ઉપડાવીને અગડદત્ત સાથે સર્વે જંગલમાં આવ્યા. તે વારે રાત વધુ હોવાથી ચોરે કહ્યું કે, સુખે તમે અહીં સુઇ જાવ. સવારમાં સર્વને ભાગ પાડી આપીશ. આમ સાંભળી સવ સૂઇ ગયા. અગડદત્ત સૂતા સૂતા વિચાર કરવા લાગ્યો કે, ચોરનો જરા પણ વિશ્વાસ રાખવો નહિ. એમ જાણી દ્રવ્યથી સુતો પણ ભાવથી જાગતો રહ્યો. બાકી સર્વ ઉંઘવા લાગ્યાં. તે વારે ચોરે ઉઠીને પોતાની તરવાર વડે સર્વ મુસાફરોને મારી નાખ્યાં, પણ અગડદત્ત તો પહેલેથીજ ઝાડના ઓથે સંતાઇ રહ્યો હતો, જેથી અગડદત્તે પોતાની પાસેની ગુપ્ત રાખેલી તલવાર વડે ચોરપર ઘા કર્યો.

મરતાં મરતાં તે ચોર બોલ્યો કે, હે સાહસિક જુવાન ! આ મારી તલવાર લઇ તું મસાણભૂમિકાથી જમણી બાજુએ પર્વતની ધાર છે અને ત્યાં એક શિલા ઢાંકેલી છે, તે ઉઘાડી આ મારી તલવાર લઇ અંદર જજે એટલે ત્યાં આખા નગરનું લૂટેલું ધન અને મારી રૂપવંત બહેન છે, તે સર્વ હું તને અર્પણ કરૂંછું, એમ કહી ચોર મરણ પામ્યો. તે વારે ચોરના કહ્યા પ્રમાણે અગડદત્ત ત્યાં ગયો અને અંદર દાખલ થયો. ચોરની બહેન તલવાર જોઇ, હકીકત જાણી કપટથી ખુશી થઇ બોલી કે, તમે ભલે આવ્યા. આ ઋદ્ધિ અને આ શરીરના માલીક તમે છો. આવો, પધારો, આ ઢાલીઆ ઉપર બેસો. હું સ્નાન કરી શણગાર પહેરી તમારી સાથે પાણિગ્રહણ કરવા આવુંછું. એમ કહી કુંવરને બેસાડી તે ઉપર ગઈ. તે ઉપર ગયા કેડે અગડદત્તે વિચાર કર્યો કે, આવી કુલટાનો વિશ્વાસ કરવો નહિ. એમ વિચારી પલંગ ઉપરથી ઉઠી એક ખૂણામાં સંતાઇ રહ્યો. હવે તે ઉપર ગએલી ચોર કન્યાએ નીચે પલંગ ઉપર એક મોટી સિલા પડતી મૂકી તેથી પલંગના ચૂરા થઈ ગયાં. જેથી રાજી થઇ તે નીચે આવી બોલવા લાગી કે, મારા ભાઇને મારનાર ! તું જીવતો કયાં સુધી રહીશ ! આટલું સાંભળતાંજ ખૂણામાંથી અગડદત્ત બહાર નીકળ્યો અને તેનો ચોટલો પકડી રાજા પાસે લઇ આવ્યો. રાજાને સઘળી હકીકત કહી અને ધન તથા ચોર બતાવ્યા. તે વારે રાજાએ તુષ્ટમાન થઇ પોતાની કમલસેના નામે દીકરી પરણાવી અગડદત્તને ઘણો ખુશી કર્યો.

જેમ અગડદત્ત દ્રવ્યે સૂતો પણ ભાવેથી જાગ્યો તો સુખી થયો, તેમ ધર્મી જીવોએ વર્તવું.

શરીરમાંહેથી ધર્મ રૂપી લાભ મળે ત્યાં સુધી શરીરની સંભાળ કરે તે ઉપર મંડીત ચોરની કથા સત્તાવનમી.

માથા ૭ મી—चरे पयाइं परिसंकमाणो,
जंकिंचि पासं इह मन्न माणो;
लाभंतरे जिवीय बूह इत्ता.
पच्छा परिन्नाय मलावधंसी ॥ ७ ॥

ભાવાર્થઃ—પાપથી શંકાતો થકો સંજમ નહી વિરાધતાં મુળ ગુણ ઉત્તર ગુણને વિષે ચાલે અને સંસારને પાસ સરિખો માનતો થકો જ્યાં સુધી શરીર પાસેથા તપ જપનો લાભ થાય ત્યાં સુધી શરીર રાખી સંજમ જીવતવ્યને વધારીને પછી મરણનો અવસર જાણીને આપણી બુદ્ધિએ કરી સર્વ પચખી અણુસણુ લઇ શરીર તથા પાપ કર્મ રૂપ રજને ટાળે.

બેનાતટ નગરને વિષે મુળદેવ નામે રાજા રાજ્ય કરતા હતા. તે નગરમાં એક મંડીત નામે ચોર રહેતો. તે ચોર દીવસે વીના દરદે પગે પાટા બાંધી લુલો બની ખડકીયે ખડકીયે ફરતો અને તુનારાનું કામ કરતો. દીવસે જોયેલાં ઘરમાં રાત્રે ખાતર પાડી ધન ગામ બહાર ભોંયરામાં એકઠું કરતો. તે ભોંયરામાં તેની એક બેન રહેતી. તે ચોર ગામમાંથી ખાતર પાડેલું ધન મજુરો પાસે ઉપડાવી, ભોંયરા પાસે લાવતો અને ધન ભોંયરામાં લઇ જતો. ભોંયરૂં બીજાને ન બતાવવાના કારણથી, તેની બેન ભોંયરામાંથી પાણી લેઈ બાહાર આવતી અને મજુરોને કહેતી કે તમે થાક્યા છો માટે તમારા પગ ધોઇ પછી તમારી મેમાનગતી કરીશ, એમ કહી કુવા કાંઠે બેસાડતી અને પગ ધોતાં મજુરોને અચાનક કૂવામાં નાખી દેતી. આ વાત કોઇ જાણે નહી, અને ચોર પકડાય નહી. હવે મુળદેવ રાજાએ ચોર પકડવા માટે મજુરનો વેષ લઇ ગામમાં ફરવા માંડયું. એક દિવસ મંડિતચોરને હાથ મુળદેવ મજુર આવ્યો એટલે તેની પાસે ધન ઉપડાવી પોતાના ભોંયરા પાસે લેઇ ગયો. ધન લેઇ ચોર ભોંયરામાં ગયો અને મજુરને બાહાર બેસાડયો. મજુર

રાજા પણ પુરે પુરી વાત જાણવા માટે હોંશીઆરીથી બહાર બેઠો છે. તેવામાં ચોરની બેન પાણી લેઇ બહાર આવી અને પૂર્વની પેઠે તેના પગ ધોવા લાગી. પગમાં રાજ ચિન્હ રેખાઓ જોઇ વિચાર્યું કે, આ મજુર નથી, પણ રાજા છે, તો તેને ન મારવો અને તેનીજ સાથે પરણું એમ ધારી બોલી કે, તમે રાજા છો. જો તમે મારા ભાઇને જીવતો રાખો તો હું તમને પરણું અને એકઠો કરેલો માલ દેખાડું, કારણ કે હું તમારા ઉપર મોહ પામી છું. હું દરેકને કુવામાં નાંખી દઉંછું, તેમ તમને નહી નાંખું. મારો ભાઇ કાલે તુનારાના વેષે ગામમાં ફરશે તેને તમે પકડજો, એમ કહી રાજાને વિદાય કર્યો. બીજે દિવસે રાજાએ ચોરને પકડી કહ્યું કે, તારી બેન મને પરણાવે તો હું તને મારા ભંડારનો માલીક કરૂં. તે વારે ચોરે તેની બેન પરણાવી, અને રાજાએ તેને ભંડારનો માલીક કર્યો. રાજાએ કહ્યું કે, હે મંડીત ! હવે તારે ધનની ખામી નથી તો જેનું ધન તેં ચોર્યું હોય તે સર્વનું પાછું આપી દે. તે વારે ચોર પણ જેનું ધન લેઇ ગયો હતો તે સર્વેને પાછું આપવા લાગ્યો. એમ ઘણે દીવસે સર્વનું ધન આપી રહ્યો. ત્યારે રાજાએ તેને શુળી પર ચડાવી મારી નખાવ્યો.

જેમ ધન આવતું બંધ થયું તે વારે રાજાએ તે ચોરને શૂળીએ ચડાવી મારી નાંખ્યો, તેમ આ શરીર રૂપ ચોર પાસેથી ધર્મ રૂપ માલ નીકળે ત્યાં સુધી જીવ રૂપ રાજા શરીરને રાખે છે, અને માલ બંધ થયે શરીરને છોડી દેછે.

પેહેલા ધર્મ ન કરે તો મરણ વખતે ધર્મ ન થાય તે ઉપર બ્રાહ્મણીની કથા અઠ્ઠાવનમી.

गाथा १० मी—पुर्वार्ध बे पद—खिप्पं न सक्केइ विवेगमेउं,
तम्हा समुठाय पहाय कामे;

ભાવાર્થઃ—પ્રાણી મરણને સમયે ત્યાગ રૂપ ધર્મ ન કરી શકે માટે શરૂથી કામ ભોગને છાંડીને ધર્મને વિષે ઉદ્યમ કરવો.

કોઇક ગામે એક બ્રાહ્મણ રહેતો તે બ્રાહ્મણ કાશી જઇ વેદ ભણી આવ્યો. ગામના લોકોએ બ્રાહ્મણ ઉપર ખુશી થઇ ઘણું દ્રવ્ય આપ્યું. બ્રાહ્મણે તે દ્રવ્યની પોતાની સ્ત્રી માટે જણસો કરાવી

અને સ્રીને પેહેરાવી. પછી તે સ્રી પોતાના અંગથી જરા વાર પણ ઉતારે નહી. રાત દીવસ પેહેરી રાખે. તે વારે બ્રાહ્મણે સ્રીને કહ્યું કે, હે સ્રી ! તું રાત દીવસ જણુસો પેહેરી રાખે છે તે ઠીક નહી. કેમકે ગામમાં ચોરનો ભય ઘણો હોય છે. માટે જરૂર વખતે પેહેરવી. સ્રીએ પોતાના પતીના હીતકારી વચન માન્યા નહી. અંતે સ્રી શરીરે ઘણી જાડી થઇ તેથી બ્રાહ્મણે ફરી સ્રીને કહ્યું કે, તારે શરીરે ઘરેણાં ઘણાં સજ્જડ થઇ ગયા છે માટે કાઢી નાખ. તે વારે સ્રીએ કહ્યું કે, ચોર આવશે તે વારે હું તરત કાઢીશ. એમ કહી ઘરેણા પેહેરી રાખ્યાં. તેવામાં ચોરો બ્રાહ્મણીને હમેશાં જણુસો પહેરી રાખતી જોઇ લુંટવા માટે આવ્યાં, તે વખતે બ્રાહ્મણી જણુસો તુરત કાઢી શકી નહી, અને જણુસો ચોર લુટી ગયાં. તેમ ગુરૂ કહે છે, હે શિષ્યો ! મરણ આવતાં પહેલાં ધર્મ કરી લ્યો. મરણ આવશે તે વખતે ધર્મ થશે નહી. તે વારે એક ભારેકર્મી શિષ્ય બોલ્યો કે, માહારાજ ! હું મરણ અવસરે ધર્મ સુખે કરી શકીશ. એમ કહી ખાવાપીવામાં હમેશાં તત્પર રહ્યો. પણ મરણ વખતે તેનાથી કંઇ પણ ધર્મ થઇ શકયું નહી, અને મરણ પામી દુર્ગતી ચાલ્યો ગયો.

અપ્રમાદ ઉપર વાણીયણની કથા ઓગણસાઠમી.

गाथा १० मी—उतरार्ध बे पद.—समेच्च लोगं समया महेसी,
अप्पाण रक्खीव चरेप्पमत्तो ॥ १० ॥

ભાવાર્થઃ—લોકનું સ્વરૂપ દેખીને સમતા રૂપ રસે કરી ઝીલતો જે સાધુ પોતાના આત્માને દુર્ગતી પડતાં રાખવાથી આત્માનો રક્ષક છે તે સાવધાન થઇ અપ્રમાદિ થતો જીવ રક્ષણ કરતો વિચરે.

કોઇ એક નગરને વિષે એક વણીક હતો તે પોતાના ચાકર માણસોને જનાવરો, ધન, વેપાર અને સ્રીને સોંપીને પરદેશ ગયો, તે વારે સ્રી પ્રમાદને વશ પડી ચાકરો પાસે કાંઇ પણ કામ કરાવી શકે નહી. ચાકરોને ખાવા પીવા તેમજ તેમના પગારના પૈસા પણ આપે નહી. તેવીજ રીતે જનાવરોની પણ સાર સંભાળ લે નહીં. તે પછી ચાકર માણસો પોતાની શેઠાણીને બેદરકાર અને પ્રમાદવંત જાણી નાસી ગયાં. કેટલાંક જનાવરો

ભૂખથી મરી ગયાં, અને વેપારમાં ઘણુંજ નુકસાન થયું. તે પછી ઘરના ધણીએ ઘેર આવી જોયું તો ઘર આગળ સ્ત્રીના પ્રમાદના કારણથી ઘણું નુકસાન થયું જાણી શેઠ તે સ્ત્રીને તજી બીજી સ્ત્રી પરણ્યો, અને નવ પરણીત સ્ત્રીને કહ્યું કે, પ્રથમ સ્ત્રીની પ્રમાણે પ્રમાદ કરીશ તો તને પણ તજી બીજી સ્ત્રી પરણીશ, એમ કહી ઘરનો ભાર તેને સોંપી પરદેશ ગયો. તે વારે સ્ત્રી ચાકરો ઉપર પુરતી દેખરેખ રાખવા લાગી અને દરેકને મીઠા વચનથી બોલાવે, બન્ને વખત સારો ખોરાક આપે તેમજ જનાવરોનું પણ તેવીજ રીતે ભરણ પોષણ કરવાથી વેપારમાં ઘણોજ ફાયદો થયો. શેઠે ઘેર આવી જોયું તો ચાકરો શેઠાણીના ઘણાં ગુણ ગાવા લાગ્યાં. ધંધા રોજગારમાં ઘણો ફાયદો થયો જાણી શેઠે ખુશી થઇ શેઠાણીને સર્વે મિલ્કતની માલેક કરી.

એમ જે ભવી જીવ પ્રમાદને છાંડીને કાયા રૂપી ચાકરની સાર સંભાળ કરી, મીઠા વચને બોલાવી, બે વખત ભોજન આપી, ધર્મ રૂપી કામ કરાવી, જ્ઞાન રૂપી ખજાનો વધારે, તે વારે ગુરૂ રૂપી શેઠ તુષ્ટમાન થઇ, અપ્રમાદી શિષ્યને પોતાનો જ્ઞાન રૂપી ખજાનો આપે.

અધ્યયન પાંચમું.

અર્થે અનર્થે પાપ કરનારને ફળ મળે તે ઉપર પસુપાલકની કથા સાઠમી.

ગાથા—तओसे दण्डं समारंभइ, तसेसु थावरेसुय;
अठ्ठाएय अणठ्ठाओ, भूयगामं विहिंसई. ॥ ८ ॥

ભાવાર્થ:--એવું ધીઠ્ઠાઇપણું અંગીકાર કર્યા પછી તે અજ્ઞાની મનુષ્ય મન, વચન અને કાયાના ત્રણ દંડને વિષે પ્રર્વતી પોતાના અર્થે તથા અનર્થે ત્રસ અને સ્થાવર જીવના સમુહને હણે.

એક જંગલમાં કોઇ એક ગોવાળ ગાયો અને બકરાં ચરાવા જતો. ગાયો, બકરા ચરે તેવારે તે એક વડના ઝાડ તળે સતો સુવે, અને હાથમાં એક નાનું ધનુષ્ય લઇ બોરના ઠળીઆ વડના પાંદડા ઉપર નાંખે

અને ધારેલું પાંદડું વિંધી નાખે. એમ કરતાં ઘણે દીવસે તમામ વડના પાંદડા વિંધાઈ ગયાં. એક વખત રાજકુંવર ફરતા ફરતા ત્યાં આવ્યા અને વડનું ઝાડ જોઇ આહીરને પૂછ્યું કે, આ ઝાડના પત્તાં વિંધનાર પુરૂષ કોણ ? તે વારે પશુપાલકે કહ્યું કે, માહારાજ ! મેં એ કામ વિનાની રમત કરી છે. તે જોઇ રાજકુંવરે કહ્યું કે, જો તું મ્હારા શત્રુની બે આંખો ફોડે તો તુ માગે તે આપું. પસુપાલકે કહ્યું કે, એ કામ તો મારા અર્થનું છે ને હું ખુશીથી કરીશ. એમ કહી તે રાજકુંવરની સાથે શહેરમાં ગયો અને રાજકુંવરના દુશ્મનને જોઇ તુરત તેણે ગીલોલથી બે આંખો ફોડી નાંખી. તે વારે રાજકુંવરે કહ્યું કે, જે માગે તે આપું. તે વારે ગોવાળે કહ્યું કે, જે ગામમાં હું રહુંછું તે ગામ મને આપો. રાજકુંવરે તે ગામ આપ્યું. પસુપાલક સુખી થયો.

જેમ પસુપાલકે અર્થે અનર્થે કામ કર્યું તો તેનું ફળ પામ્યો તેમ જે કોઇ ત્રસ-સ્થાવર જીવોને પોતાના અર્થે તથા અનર્થે મારશે તેને તેવું પરમાધામી ફળ આપશે.

નિત્ય સદોષ આહારનો લાલચુ મરી માઠી ગતિએ જાય તે ઉપર ભીખારીની કથા એકસઠમી.

ગાથા ૨૨ મી.—પુર્વાર્ધ બે પદ.—पिंण्डोलएव दुस्सीले,

नरगाओ न मुच्चइ;

ભાવાર્થ:—જે સાધુ ભિક્ષા માગીને આજીવિકા ચલાવે અને અનાચાર તથા પાપ કર્મને વર્જે નહિ એવા દુષ્ટ આચારનો ધણી નરક થકી ન મુકાય. અર્થાત્ નરકે જાય.

રાજગ્રહી નગરીને વિષે કોઇ એક ભીખારીને ભીખ માગતા ત્રણ દીવસ થઇ ગયાં પણ ખાવાનું ન મળ્યું જેથી પોતે વૈભારગીરી પર્વત ઉપર જઇ બેઠો. તે વખતે ગામના લોકો તે પર્વતની તળેટીમાં ઉજાણી જમવા માટે આવ્યાં હતાં. તેમની પાસે તે ભીખારી નીચે ઉતરી અન્નની યાચના કરવા લાગ્યો, પણ તેના પાપના ઉદયથી કોઇને તેના ઉપર

દયા ન આવી. તે વારે ભીખારી કહેવા લાગ્યો કે, આ સર્વે લોકો પેટભરા છે. મને કાંઇ દાન દેતાં નથી. સર્વેને કોઇક ઉપાયે મારી નાંખુ તો સારૂં. એમ વિચારીને વૈભારગીરી પર્વત ઉપર ચડયો, ત્યાં કોઇ એક મોટી સીલાને પોતે બાથ ભીડી સીલા ગબડાવી, તે સીલા સાથે પોતે પણ વળગ્યો રહ્યો અને સીલા સાથે ગબડતો ગબડતો નીચે આવી સીલા તળે ચંપાઇ મરી સાતમી નરકે ગયો, તેમ જે સાધુ નિત્ય સદોષ આહારને વળગ્યો રહે તો તે પણ મરણ પામી દુર્ગતિએ જાય.

અધ્યયન છઠ્ઠું.

અવિદ્યા ઉપર કામકુંભ કઠીઆરાની કથા બાસઠમી.

गाथा १ ली—जावंति विज्जा पुरीसा,
सव्वे ते दुख संभवा, लुप्पंति बहुसोमूढा,
संसारं मिअणंतए ॥ १ ॥

ભાવાર્થ:—જે તત્વના અજાણ અને કુવિદ્યાવંત એવા મુર્ખ અજ્ઞાની મિથ્યાત્વી એ સર્વે દુઃખના વિભાગી થાય અને જેનો અંત નથી એવા સંસારને વિષે તે મુર્ખ અજ્ઞાની ઘણીવાર દારિદ્રીપણું અને છેદન ભેદનાદિકની પીડા પામતા થકા પરીભ્રમણ કરે.

કોઇ એક જંગલમાં યક્ષના દહેરામાં કોઇ વિદ્યાવંત પુરૂષે દેવની સ્તુતિ કરી દેવને પ્રસન્ન કર્યો. તે વારે દેવે પ્રસન્ન થઇ વિદ્યાવંત પુરૂષને કામકુંભની ભેટ આપી. તે કામકુંભ લઇ દેરા બહાર આવી ઝાડ નીચે બેઠો. ત્યાં એક કઠીઆરો પણ બેઠેલો હતો. કઠીઆરાને જોઇ વિદ્યાવંત પુરૂષે કામકુંભને આજ્ઞા કરી કે, હે કામકુંભ ! મારે માટે ખાવા પીવા વગેરે સુખ અહીં જોઇએ તે સાંભળતાંજ તેની પાસે સર્વે જાતના સુખ તૈયાર થઇ ગયા. અને તે કઠીઆરાના દેખતાં સર્વે

સુખ ભોગવ્યાં. કઠીઆરાએ વિચાર કર્યો કે, આ પુરૂષની સેવા કરૂં તો આવું સુખ મને મળે. એમ જાણી તે વિદ્યાવંત પુરૂષની ઘણા દિવસ સુધી સેવા કરી. તે વારે વિદ્યાવાન પુરૂષ કઠીઆરા ઉપર પ્રસન્ન થઇ બોલ્યો કે, તું માગે તે આપું. કહે તો કામ કુંભની વિદ્યા આપું અને કહે તો કામ કુંભ આપું. તે વારે કઠીઆરાએ વિચાર કર્યો કે, વિદ્યા લઇને શું કરૂં ? વિદ્યા સાધવા અનેક કષ્ટ સહન કરવા તે કરતાં કામ કુંભ માગી લેઉં. એમ ધારી કામ કુંભ માગી લીધો અને તે લઇને પોતાની અટવીના ગામડામાં ગયો. ત્યાં મન વંચ્છિત સુખ માગે તે મળે. એમ ઘણા દિવસ ગયા પછી કઠીઆરો દારૂ પીને કામ કુંભ માથે મુકી નાચવા લાગ્યો. નાચતાં માથેથી કામ કુંભ પડી કકડા થઇ ગયો. તે વારે કઠિઆરો પસ્તાવા લાગ્યો કે, જો મેં વિદ્યા માગી લીધી હોત તો આવા કામ કુંભ જોઇએ તેટલા મેળવી શકત પણ વિદ્યા વિના હું કામ કુંભ ક્યાંથી લાવું ?

જેમ કઠીઆરો અવિદ્યાવંત હોવાથી પસ્તાયો તેમ મનુષ્ય પણ જ્ઞાન વિદ્યા વિનાના હોય તો તે પરભવે પસ્તાય !

અધ્યયન સાતમું.

ખાઇને પુષ્ટ થઇ સુઈ રહે ને ધર્મ ન કરે તે ઉપર બોકડાની કથા તેસઠમી.

ગાથા ૨ જી:—जाव नएइ आएसे, तावज्जीवइ से दुही;
अह पत्तंमि आएसे, सीसं छित्तूण भुंजइ ॥ २ ॥

ભાવાર્થ:—જ્યાં સુધી પ્રાહુણો ન આવે ત્યાં સુધી પરમાર્થથી દુઃખે કરી બોકડો જીવે અને પ્રાહુણો આવવાથી બોકડાનું મસ્તક છેદીને ભોગવે.

કોઇક અનાર્ય મનુષ્યને ઘેર એક બોકડો ને ગાય-વાછડો હતાં. તે ગાયને દોહીને છૂટી મુકી દે અને વાછડાને પાણી પણ ન પાય અને ખાવા નાંખે ન નાખે. પણ બોકડાને હંમેશા બે વખત નવરાવે, સારૂં સારૂં ખવડાવે, રમાડે, કપડા ઓઢાડે, એમ અનેક લાડ કરે. તે

બોકડાનું સુખ દેખી વાછડું ગાયને કહે, હે માતા ! તું દૂધ આપે છે છતાં તે તને અને મને પુરૂં ખાવા પણ નથી દેતો, તેનું શું કારણ ? ગાય બોલી કે, હે વાછડાં ! આપણે સુકાં તરણા ખાવાથી ફાયદો છે. બોકડો સારૂં સારૂં ખાય છે તો તેની વાત આગળ કહીશ. હવે બોકડો ખાઈ ખાઇને માંસ લોહીએ પુષ્ટ થયો. તે જોઇને પોષકે વિચાર્યું કે, હવે કોઇ મેમાન આવે તો સારૂં. એમ વિચારતાં મેમાન આવ્યા તે વારે તે બોકડાને મારી મેમાનને જમાડયા. તે વારે વાછડો ભય પામેલો હોવાથી ગાયને ધાવે નહિં, અને કહેવા લાગ્યો કે, મારી સાથે જે બોકડો રહેતો હતો તેને આજે મારી નાંખ્યો તો હવે આપણને મારશે તો શું કરીશું ? ગાયે કહ્યું કે, હે વાછડા ! ફીકર ના કર. આપણને નહી મારે. આપણે સુકું ખડ ખાઇને દૂધ આપીએ છીએ, માટે દૂધની આશાએ આપણને મારશે નહિ. બોકડો દૂધ આપતો નહતો અને સારૂં સારૂં ખાતો હતો. તેને મારી માંસ ખાવા માટેજ તે તેને સારૂં સારૂં ખવડાવતો હતો. પણ આપણને ભય નથી.

હવે જેમ બોકડો તેમ અજ્ઞાની જીવ, ગાય તેમ ધર્મી જીવ અને લૂખું ખાઇ ધર્મ કરે તેને પરભવની બીક ન રહે, સારૂં ખાય અને ધર્મ ન કરે તેને નરકે જવું પડે.

કોડી માટે હજાર સોના મહોરો ખોઇ તે ઉપર મૂર્ખ વણીકની કથા ચોસઠમી.

ગાથા ૧૧ મી પુર્વાર્ધ બે પદઃ—जहा कागिणिएहेउं, सहस्संहारईनरो;

ભાવાર્થઃ—જેમ કોઇ અજ્ઞાની મનુષ્ય એક કોડીને વાસ્તે હજાર સોના મહોરો હારે.

કોઇ એક દારિદ્રી મનુષ્ય ધન કમાવા ગયો. અનેક ઉદ્યમ કરી ઘણે વખતે હજાર સોના મહોરો મેળવી, પોતાના દેશ તરફ ચાલ્યો. રસ્તામાં આવતાં એક જગ્યાએ ભોજન જમવા વિશ્રામ લીધો, અને જમ્યા પછી ત્યાંથી ચાલ્યો, પણ થોડાક ગાઉ પછી તપાસ કરતાં એક કોડી ત્યાં પડી રહી અથવા કોઇએ ચોરી લીધી, એમ જાણી

તે લેવા પાછો વળ્યો, પણ વિચાર કર્યો કે, મારી પાસે હજાર સોના મહોરોની વાંસળી છે. તે જોખમ સાથે રાખવાની જરૂર નથી. કોઇ ન દેખે તેમ રસ્તામાં દાટીને જઉં કે આવતી વખતે લઇ લેવાય. એમ ધારી એક ઝાડ તળે આડું અવળું જોઇ તે વાંસળી દાટી અને કોડી લેવા ગયો. તે વખતે એક ચોરે તે વાંસળી દાટતા જોયું હતુ જેથી પાછળથી તે સોના મહોરો ચોર લઇ ગયો. કોડી લઇ વણીક પાછો આવ્યો. પણ ધન ચોરાઇ ગયું જાણી અત્યંત દીલગીરી સાથે દુઃખથી મરણ પામ્યો.

જેમ તેણે કોડી માટે હજાર સોના મહોરો ગુમાવી તેમ મનુષ્ય, સંસારના કોડી બરાબર વિષય સુખમાં હજાર સોના મહોર બરાબર મોક્ષ અને દેવ લોકના સુખ ગુમાવે છે.

આંબાની કેરી ખાવાથી રાજા રાજ્ય હારી ગયો તે ઉપર કથા પાંસઠમી.

गाथा ११ मी उत्तरार्ध बे पदः—अपत्थं अंबगं भुच्चा,
राया रज्जतु हारए ॥ ११ ॥

ભાવાર્થ:—વળી જેમ અપથ્યકારી આંબાને ભોગવીને રાજા રાજ્યને હારે.

જેમ કોઇ એક રાજાને અસાધ્ય રોગ થયો. અનેક ઉપાય કર્યાં પણ ન મટયો, તે વારે એક વૈદે દવા આપીને કહ્યું કે, આ ઔષધથી રોગ મટશે પણ આંબાની કેરી ખાશો કે સુંઘશો તો મરણ પામશો ! દરદી રાજાએ દવા ખાધી અને રોગ ગયો. રાજાએ વિચાર્યું કે, કેરી મને બહુ પસંદ છે, તે જોઇ મારૂં મન કબજે રહેશે નહિ. એમ જાણી પોતાના દેશમાંથી સર્વે આંબા કાપી નંખાવ્યા. કેટલાંક વરસ ગયાં પછી પોતાના દેશમાં કેરી નહીં હોવાથી કોઇ મીત્ર રાજાએ કેરીઓનું ભેટણું મોકલ્યું. રાજાએ કેરી જોઇ હાથમાં લીધી. પ્રધાને કહ્યું કે, મહારાજા ! આ ચીજ આપની પાસે ન જોઇએ. રાજાએ કહ્યું, હું તે ખાતો નથી પણ નાની ચીરીઓ કરી સર્વને વહેંચી આપુંછું. પણ વહેંચતાં એક ચીરી બાકી રહી તે રાજા ખાઈ ગયો, અને તે ખાધાથી અંતર્મુહૂર્તમાં રાજા મરણ પામ્યો.

જેમ એક આંબાની ચીરીના સ્વાદ માટે રાજાએ રાજ્ય સુખ ગુમાવ્યું, તેમ અજ્ઞાની મનુષ્યો આંબાની ચીરી જેટલા સંસારના વિષય સુખ માટે રાજ્ય સમાન દેવલોકનાં અને મોક્ષનાં સુખ ગુમાવે છે !

મનુષ્યભવમાં લાભ ખોટ માટે ત્રણ વાણીઆની કથા છાસઠમી.

ગાથા १४ मी अने १५ मी:—जहायतिन्नि वाणिया,

मुलंघि तूण निग्गया; एगो तत्थ लहए लाभं,

एगो मूलेण आगओ ॥ १४ ॥

एगो मूलंपि हारित्ता, आगओ तत्थ वाणिओ,

ववहारे उवामा एसा, एवं धम्मे वियाणह ॥ १५ ॥

ભાવાર્થ:—જેમ ત્રણ વાણીયા મુળગી પુંજી લઇને વ્યાપાર કરવા નિકળ્યા તેમાં એક વાણિયો મુળગી પુંજી વધારવાથી લાભ પામ્યો, બીજો મુળગી પુંજી લઇને ઘેર આવ્યો અને ત્રીજો મુળગી પુંજીને પણ હાર્યો. પછી ત્રણે વાણિયા અનુક્રમે પોતાને ઘેર આવ્યા. એ ત્રણ વ્યાપારને વિષે ઓપમા કહી, તેમ ધર્મને વિષે પણ જાણવી.

કોઇ એક નગરમાં ધનવંત વહેવારીઆને ત્રણ દીકરા હતા. તેની પરીક્ષા કરવાને માટે દરેકને હજાર હજાર રૂપીઆ આપી પિતાએ કહ્યું કે, આ પુંજીમાં વધારો કરજો અને બોલાવું ત્યારે પાછા આવજો. એમ કહી વિદાય કર્યા. ત્રણે જૂદા જૂદા છુટા પડયા. એક મોટા શહેરમાં હોશિઆરીથી વેપાર કરી ઘણાં રૂપીઆ મેળવ્યાં, બીજાએ વિચાર્યું કે, પિતાની આપેલી પુંજી ગુમાવવી નહિ. મૂળગી રાખીને ખાઇએ તેટલું કમાવું. એમ કરી મુળગી પુંજી રાખી. ત્રીજાએ વિચાર્યું કે, મારે ઘેર ધનનો તોટો નથી. બાપ મુઆ પછી ત્રીજા ભાગનું ધન મારૂં છે. માટે બાપની આપેલી પુંજી પુરી કરવી. એમ ધારી અંતે ભીખ માગતો થયો. કેટલેક વરસે બાપે ત્રણે દીકરાને પાછા બોલાવ્યા. એટલે ત્રણે જણ પાછા આવ્યા. પહેલા દીકરાને પિતાએ પૂછયું કે, મારી મુળગી પુંજી ક્યાં ? તે વારે પુત્રે લાખો રૂપીઆ વધારાના દેખાડયા. બીજા

પુત્રને પુછતાં મુળગી પુંજી હાજર કરી, અને ત્રીજાને પૂછતાં બધી મુડી ગુમાવી એમ કહ્યું. પિતાએ પરીક્ષા કરી પહેલા પુત્રને ધનનો માલીક કર્યો; બીજાને ધન સાચવવા કુંચીઓ સોંપી; અને ત્રીજાને કાઢી મુકયો.

જેમ ત્રણ વાણીઆ તેમ સંસારી જીવ; પુણ્ય રૂપી પિતાએ મનુષ્ય ભવ રૂપી પુંજી આપી મૃત્યુલોકમાં મોકલ્યા. એકે ધર્મ ધ્યાન કરી દેવ-લોક અને મોક્ષના સુખ ઉપરાજ્યાં, બીજાએ ફરી મનુષ્ય દેહ મળે તેવાં કામ કર્યાં, અને ત્રીજે કુવ્યસન સેવી મનુષ્ય દેહ હારી નરક, તિર્યંચમાં ગયો.

અધ્યયન આઠમું.

કંપીલ કેવળીની કથા સણુસઠમી.

કોસંબી નગરીને વિષે જીતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. ત્યાં કાશ્યપ નામે બ્રાહ્મણ હતો, તે ચૌદ વિદ્યાનો પારગામી હતો. તેને રાજાએ મોટી પદ્દિ આપી હતી. તે બ્રાહ્મણને યશા નામે સ્ત્રી હતી. તેને કપીલ નામે પુત્ર હતો. તે બાળક છતાંજ તેનો પીતા મરણ પામ્યો. તેનો અધીકાર રાજાએ બીજા બ્રાહ્મણને આપ્યો. તે બ્રાહ્મણ ઘોડા ઉપર ચડી છત્ર ધરા-વતો નગરની મધ્યો મધ્ય થઇ જતો. એક વખત તે બ્રાહ્મણને જતો જોઇને યશા રડવા લાગી, ત્યારે કંપીલે પૂછ્યું કે, હે માતુશ્રી! કેમ રડે છે? ત્યારે યશા બોલી કે, હે પુત્ર! તારો પીતા આવીજ ઋદ્ધીથી નગરની મધ્યે ફરતા હતા પણ તે મરણ પામવાથી અને તું અભણ હોવાથી આ બ્રાહ્મણ તારા બાપની પદ્દી પામ્યો તેથી હું રડું છું. એવું સાંભળી કપિલ બોલ્યો કે, હું પણ ભણીશ. કંપિલનું એવું વચન સાંભળી. યશા બોલી કે, પુત્ર! અહિં તને આ બ્રાહ્મણની બીકે કોઇ ભણાવશે નહી માટે જો તું સાવર્થી નગરીએ જાય તો ત્યાં તારા બાપના મીત્ર ઇંદ્રદત્ત બ્રાહ્મણ છે તે તને ભણાવશે. એવું સાંભળી કંપીલ સાવર્થી નગરીએ તે બ્રાહ્મણની પાસે ગયો. એટલે તે ઇંદ્રદત્તે પૂછ્યું કે, તું કોણ છું અને કયાંથી આવ્યો છું? કંપિલે સર્વ વૃત્તાંત કહ્યું. ઇંદ્રદત્ત તેને પોતાના મિત્રનો પુત્ર હોવાથી વિશેષ ભણાવવા લાગ્યો, પણ પોતાને ઘેર તેને જમાડવાની શક્તિ નહિ હોવાથી ત્યાંના શાલિભદ્ર નામે શેઠ પાસે જઇ પ્રાર્થના કરી કહ્યું કે, જો તમે આને નિરંતર ભોજન આપો તો તમારા પ્રતાપથી હંમેશા આ

વિદ્યાર્થી અભ્યાસ કરી શકે. શેઠે તે વચન કબુલ કરી કહ્યું કે, ભલે હમેશાં મારે ઘેર જમવા મોકલજો.

હવે કંપિલ નીરંતર શેઠને ઘેર જમવા જાય છે, અને ગુરૂ સમીપે અભ્યાસ કરે છે. તે શાળીભદ્ર શેઠને ઘેર કોઇ એક દાસી રહે છે, તે હમેસાં કંપિલની દેખરેખ રાખે છે. કંપિલને સ્વાભાવિકજ હાંસી કરવાની ટેવ ઘણી હતી, વળી યૌવન પણ વિકારનું ઘર છે, કંદર્પ પણ દુર્જય છે, એમ હમેશનો પરિચય થયાથી કંપિલ તે દાસી સાથે પ્રેમમાં રક્ત થયો, એમ કરતાં એક દિવસે દાસીને ગર્ભ રહ્યો, એટલે તે કંપિલ પ્રત્યે બોલી કે, હવે હું તારી સ્ત્રી થઇ, કારણ કે મારા ઉદરને વિષે તારાથી ગર્ભ રહ્યો છે માટે હવે તારેજ મારૂં ભરણ પોષણ કરવું પડશે. એવાં દાસીનાં વચન સાંભળીને કંપિલ ખેદ કરવા લાગ્યો, અને આખી રાત્રી ઉંઘ્યો નહિં. આ પ્રમાણે કંપિલને ખેદ કરતો જોઇ દાસી ફરીને બોલી કે, હે સ્વામી ! તમે ખેદ ન કરો અને હું કહું તે ઉપાય કરોઃ—

આ નગરને વિષે ધનદત્ત નામે શેઠ વસે છે તો જે બ્રાહ્મણ સવારમાં પહેલો જઇ તેમને જગાડી સ્તુતી કરે તેને બે માસા સોનું આપે છે, માટે તમે ત્યાં જાઓ. તે સાંભળીને કંપિલને વિચાર થયો કે, મારા પહેલા કોઇ જઇ દાન લેશે જેથી અઝંપામાં ઉઠી મધ્ય રાત્રીએ ત્યાં જવા લાગ્યો. તેવામાં રાજાના સેવકોએ ચોર જાણી પકડી, પ્રભાતે રાજાને સોંપ્યો. રાજાએ પુછતાં કંપિલે પોતાની ખરી વાત પ્રગટ કરી. રાજા એ સાંભળી તુષ્ટમાન થઇ બોલ્યો કે, તારે જે જોઇએ તે માગ. કપિલે કહ્યું કે, હું વિચાર કરી માગીશ. રાજાએ કહ્યું કે, અશોક વાડીમાં જઇ વિચાર કર. કંપિલ ત્યાં જઇ વિચાર કરે છે કે, બે માસા સોનાથી તો પુરી સુવાવડ પણ થઇ શકશે નહી માટે પચીસ માસા માગું તો તેથી માત્ર સુવાવડ અને કપડાનું ખર્ચ નીકળે. પણ આભરણ ક્યાંથી લાવીશ ? માટે હજાર માગું તો ઠીક, પણ તેથી ગાડી ઘોડાની સાહ્યબી ભોગવાશે નહી, માટે ક્રોડ માગું તો ઠીક, એમ ક્રોડા ક્રોડ સુધી તૃષ્ણા વધતી ગઇ. છેવટે પોતાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તે વારે વિચાર્યું કે, અરે ! હું મારી રોતી માને મુકી અહીં આવ્યો, અને મોહના પાસમાં કેવો ફસાયો છું ! એમ વિચારતાં વિચારતાં જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. શાસન દેવતાએ ઓઘો અને મુહપતિ આપ્યાં એટલે સાધુ થઇ રાજા પાસે આવ્યો. રાજાએ કહ્યું કે, જે જોઇએ તે માગ. સાધુએ કહ્યું કે, હવે શું માગું ? માગવા જેવું કાંઇ નથી. મેં વિચાર્યું તો માલમ પડ્યું કે, જેમ જેમ લાભ થતો

ગયો તેમ તેમ લોભ વધતો ગયો. બે માસાથી જે કામ થાય તેજ કામ ક્રોડથી પણ પુરૂં ન થાય એમ જાણીને મેં સંતોષ અંગિકાર કરી સાધુપણું સ્વિકાર્યું છે અને તેમાં સુખ છે, એમ કહી સાધુએ વિહાર કર્યો, છેવટે છ માસે કેવળજ્ઞાન ઊત્પન્ન થયું, તે પછી બળભદ્ર પ્રમુખ પાંચસે ચોર અટવીમાં મળ્યા. ચોર કેવળી પાસે આવી કહેવા લાગ્યા કે, હે સાધુ! અમારી પાસે તમે નાચો અને ગાયન કરો. તે વારે કેવળીએ લાંબો હાથ કરી " **અધુવે અ સાસયંમિ** " ઇત્યાદિક બોધ કર્યો.

અધ્યયન નવમું.

ચાર પ્રત્યેકબોધી થયા તેમાં પ્રથમ કરકંડુની કથા અડસઠમી.

ચંપાનગરીમાં દધિવાહન રાજાને પદ્માવતી નામે રાણી હતી. તે ચેડા રાજાની પુત્રી થતી હતી. એક દિવસ ગર્ભના પ્રભાવે તેને દોહલો ઊપન્યો કે, " હું રાજાના વસ્ત્ર પહેરૂં, રાજા મને છત્ર ધરે, અને હું ઊધાનમાં ક્રીડા કરૂં. " રાજા તે દોહલો પુરો કરવા માટે રાણીને હાથી ઉપર બેસાડીને ઊધાનમાં ચાલ્યો, એવામાં વરસાદનો પ્રારંભ થયો. તેના યોગે માટીની ગંધ આવવાથી હાથી મદોન્મત્ત થયો અને વન ભણી દોડયો. તેની પછવાડે કોઇ પહોંચી શકયું નહિ. હાથી ઘણો દૂર અટવીમાં ગયો. એવામાં વેગળેથી એક વડ દેખીને રાજાએ રાણીને કહ્યું કે, હાથી વડ તળે થઇને જશે, માટે વડની શાખા પકડી લેજો. વડ પાસે આવ્યો તે વારે રાજાએ તે શાખા પકડી લીધી, પણ રાણી શાખાને પકડી શકી નહિ. જ્યાં કોઇ મનુષ્ય પણ ન મળે તેવી અટવીમાં હાથી જઇ ઉભો રહ્યો. ત્યાં હાથી એક દ્રહ જોઇ, તૃષાવંત થઇ જળકેલી કરવા લાગ્યો. રાણી પણ હળવે હળવે નીચે ઉતરીને માર્ગની અજાણી થકી સાગારી પચ્ચખાણ કરી એક દીશા ભણી ચાલી. આગળ જતાં રાણીને એક તાપસ મળ્યો, તે બોલ્યો અરે વત્સ ! તું કોણ છું? રાણી બોલી હું ચેડા મહારાજાની પુત્રી અને દધીવાહન રાજાની ભાર્યા છું, મને હાથી અપહરી લાવ્યો છે. તે તાપસ ચેડા મહારાજાનો જાણીતો હતો, જેથી રાણીને ઘણી આશ્વાસના આપી અને ખાવાને ફળ આણી આપ્યા. રાણી કેટલાક દિવસ ત્યાં રહ્યા. પછી તાપસે રાણીની સાથે ચાલીને તે અટવી ઓળંગાવીને પછી તાપસ બોલ્યો, હવે હળ ખેડેલી

ધરતી આવી માટે મારાથી ચલાય નહિ, એ અમારો આચાર નથી. માટે એ માર્ગે ચાલ્યા જજો. આગળ ધનપુર નગર આવશે. તે સાંભળી રાણી ધનપુરે ગઇ, ત્યાં સાધ્વી પાસે દીક્ષા લીધી, પણ ગર્ભની વાત સાધ્વીને કહી નહિ. પાછળથી સાધ્વીજીએ ગર્ભની વાત જાણીને રાણીને કોઇ સેજાંતરી બાઇને ઘેર એકાંતમાં રખાવી. અનુક્રમે પુત્ર આવ્યો ત્યારે રાજાએ તે બાળકને કંઠે નામાંકીત મુદ્રીકા સહીત રત્નકામળે વીંટીને મસાણ ભૂમીકામાં મુકયો. તે બાળકને સ્મશાનના રક્ષક ચંડાળે લઇને પોતાની સ્રીને આપ્યો, અને સાધવીજીને કહ્યું કે, પુત્ર મુએલો આવ્યો માટે મસાણ ભૂમિકામાં પરઠવ્યો છે. એમ સમજાવીને પોતે ચંડાળણીની સાથે સખીપણું કરીને નીત્ય પુત્રને જોવા જાય. તે બાળક વધતો થકો બીજા બાળકો સાથે રમતમાં રમતાં તેણે એમ કહ્યું કે, હું તમારો રાજા છું માટે મને કર આપો, તે દંડમાં જેમને ખરજ આવે તે ખરજ ખણો તેથી તેનું કરકંડુ એવું નામ પડયું. સાધવીનો તે બાળકની ઉપર રાગ ઘણો હતો, તેથી સુંદર મોદક વહોરી લાવીને બાળકને આપે. એમ કરતાં તે યુવાન થયો, એટલે તેને સ્મશાનની રખવાળી કરવાનું કામ સોંપ્યું. એવામાં એક દીવસે બે સાધુ ત્યાં આવી ચઢયા. તેમણે ત્યાં વાંસની ઝાડીમાં એક વાંસ ઉભો દીઠો ત્યારે તે બેમાં એક શાસ્ત્રનો જાણકાર હતો, તે લઘુ સાધુને કહેવા લાગ્યો કે, જો એ બાળક આ વાંસના દંડને ચાર આંગલ વધવા દઇને પછી કાપી લે તો રાજા થાય. તે વચન કરકંડુએ સાંભળ્યું તથા ચંપાનગરીથી ત્યાં આવેલાં એક બ્રાહ્મણે પણ સાંભળ્યું. તે બ્રાહ્મણ મુનિનું વચન સત્ય માની ઉતાવળો ચાર આંગળ ધરતી ખોદી, દંડ કાપીને લેઇ ગયો; તે જોઈ કરકંડુએ તે બ્રાહ્મણ પાસેથી લાકડી ખુંચાવી લીધી. આથી તે બ્રાહ્મણ નગરીમાં પંચાતીયાને એકઠા કરીને કહેવા લાગ્યો કે, મારી લાકડી ચંડાલ પુત્ર પાસેથી અપાવો. તેઓએ ચંડાલ પુત્ર પાસે આવી લાકડી માગી ત્યારે બાળકે કહ્યું, મારી સ્મશાનભૂમી છે માટે હું નહી આપું. આથી પંચાતીઆઓએ બ્રાહ્મણને કહ્યું કે, તું બીજી લાકડી લે, બ્રાહ્મણે કહ્યું, મારે તો એજ લાકડીનો ખપ છે. પંચ ચંડાલ પુત્રને પૂછવા લાગ્યાં કે, તું લાકડી કેમ નથી આપતો? બાળક બોલ્યો, એ દંડના પ્રભાવથી હું રાજા થવાનો છું. એ સાંભળી પંચ હસીને બોલ્યાં કે, જ્યારે તને રાજ મળે ત્યારે એ બ્રાહ્મણને એક ગામ આપજે. બાળકે તે વચન અંગિકાર કર્યું પણ તે બ્રાહ્મણે બીજા બ્રાહ્મણો એકઠા કરીને તે બાળકને મારવાનો ઉપાય કર્યો તે વાત ચંડાલે સાંભળી જેથી તેના મા

બાપ તે છોકરાને લઇને કંચનપુર નગર આવ્યા અને તે નગર બહાર તે ચંડાળ પુત્ર સુતો છે.

હવે ત્યાં અપુત્રીયો રાજા મરણ પામ્યો છે તેથી પંચે મળી એક અશ્વને છૂટો મુકયો. તે અશ્વે બાળક જયાં સુતો છે ત્યાં આવીને હણુ હણાટ કર્યો, ત્યારે લક્ષણના જાણુ પુરૂષે આવીને જોયું તો લક્ષણવંતો બાળક જાણ્યો. જય જય શબ્દ થયો, બાળક ઉઠયો એટલે તેને ઘોડા ઉપર બેસાડયો, પણ ચંડાળ જાણીને બ્રાહ્મણોએ તેને નગરમાં પેસતાં અટકાવ્યો. તે વારે કરકંડુએ વજ્રની પેઠે તે વાંસના દંડને હાથમાં લીધો, એટલે તે દંડ અગ્નિ જેવો જાજવલ્યમાન દેખાવા લાગ્યો, તે જોઇ સર્વ બ્રાહ્મણ ભય પામી નાસી ગયાં, કરકંડુને સૌએ મળી ગાદીએ બેસાડયો, ત્યાં વાડવ સ્થાનકવાસી જે ચંડાલો હતાં તે સર્વને રાજાએ બ્રાહ્મણ કર્યા. જે માર્ગ રાજા ચલાવે તે ચાલે. હવે કરકડું રાજ્ય પામ્યો તે સાંભળી પેલો બ્રાહ્મણ ગામ માગવા આવ્યો, ત્યારે રાજાએ ઇચ્છા સુજબ ગામ માગવા કહ્યું. વીપ્ર બોલ્યો, મારૂં ઘર ચંપાનગરીએ છે માટે ત્યાં એક ગામ આપો. ત્યારે કરકંડુ રાજાએ ચંપાપુરીનો રાજા જે પોતાનો પીતા થાય તેને લખ્યું કે, આ બ્રાહ્મણને મોટું ગામ તમારી ધરતીમાં આપજો અને તેને બદલે તમે કહેશો તે એક ગામ અથવા નગર મારી ધરતીમાંથી તમને આપીશ. તે લેખ વાંચીને દધીવાહન રાજા કોપ્યો થકો બોલ્યો જે, એ ચંડાલને પોતાના આત્માની ખબર નથી. અને શું જોઇને મારી ઉપર કાગળ લખતો હશે ! તે સાંભળી દુતે પાછા જઇ કરકંડુને સર્વ વાત કહી. આથી કરકંડુ સર્વ લશ્કર લઇ ચંપા નગરી યુદ્ધ કરવા ગયો. બેઉ રાજા વચ્ચે ઘોર યુદ્ધ થવા લાગ્યું, તે વારે પદ્માવતી સાધવી કરકંડુ પાસે જઇ એકાંતે બોલાવીને કહેવા લાગ્યા કે, હે કરકંડુ! એ રાજા તારા પીતા થાય છે ! તે સાંભળી કરકંડુએ ચંડાળ માબાપને પૂછયું કે આ વાત સાચી છે ? તેમણે પણ યથાર્થ વાત કહી. નામાંકીત મુદ્રીકા તથા રત્નકાંબળ જોઇ સાધવીને કહેવા લાગ્યો કે, હે માતા ! હું હવે પાછો નહિ વળું. આથી સાધવી ચંપાપુરીમાં રાજાની પાસે ગયાં. તેમને સૌએ ઓળખ્યાં, નમસ્કાર કર્યો, દાસીયો સેવા ભક્તિ કરવા લાગી. તે સાંભળીને રાજા પણ ત્યાં આવ્યો, અને સાધવીને ગર્ભની વાત પૂછી. સાધવી બોલ્યાં કે, જેણે આ નગરીને ઘેરી લીધી છે, તે તમારો પુત્ર છે, તે સાંભળી રાજા હર્ષિત થઇ પુત્રને મળ્યો અને આનંદ મોહોત્સવ કર્યો, પછી રાજાએ બેઉ રાજ્ય કરકંડુને સોંપીને પોતે ચારીત્ર લીધું.

તે કરકંડુ રાજાને ગાયના ગોકુળ ઘણાં પ્રીય હતાં. એક દીવસ રાજાએ એક ઘણોજ સુંદર વાછરડો જોઇ માણસોને હુકમ કર્યો કે, એ વાછરડાની માતાને દોહશો નહીં. સર્વ દુધ વાછરડાંને પીવા દેજો, અને બીજું દુધ પણ એને પીવરાવજો. ગાયોના રખવાળે તેમજ કર્યું. અનુક્રમે તે બળદ ઘણો મજબૂત થયો. ફરી રાજા ત્યાં આવી બળદને જોઇ ખુશી થયા. એકદા ઘણા કાલે રાજા ગોકુળ જોવા ગયા. ત્યાં એક વૃષભને બીજા પાડાઓ પરાભવ કરતાં જોઇને રાજાએ ગોવાળને પૂછ્યું કે, પેલો મજબૂત વૃષભ ક્યાં છે ? ગોવાળે તે વૃષભ દેખાડયો, પણ તેને વૃદ્ધ થએલો જોઇ રાજાને વૈરાગ્ય ઉપન્યો. છેવટે જાતીસ્મરણ ગ્નાન થયું અને દીક્ષા લઇ આત્માનું સાર્થક કર્યું !

બીજા દુત્રઇ પ્રત્યેક બોધીની કથા.

પંચાલ દેશના કંપીલપુર નગરમાં હરીવંશમાં ઉત્પન્ન થએલ જય નામે રાજા અને ગુણમાળા નામે રાણી હતાં. એક વખત પરદેશથી એક દૂત કંપીલપુરે આવ્યો. તેને રાજાયે પૂછ્યું કે, સર્વ રાજ્યો કરતાં મ્હારા રાજ્યમાં કાંઇ ખામી જોવામાં આવે છે ? દૂતે કહ્યું, હે રાજા ! તારા રાજ્યમાં ચીત્રામણની સભા નથી તેટલીજ ખામી છે. તુરતજ રાજાએ ચીતારાઓને બોલાવી એક સભા કરવાનો હુકમ કર્યો, તે સભા કરાવવા સારૂ સારા મુહૂર્તે પાયો ખોદતાં અનુક્રમે પાંચમે દીવસે, એક રત્ન જડીત મુગટ મળ્યો, તે મુગટ રાજાએ પહેરતાં બે મુખ દેખાયાં. તેથી જગતમાં તે રાજાનું દુઃમુખ નામ પ્રસીદ્ધ થયું.

એક દીવસ તે દુઃમુખ રાજાએ પોતાના નગરમાં ઇંદ્ર સ્થંભનો મહોત્સવ કર્યો. તે સ્થંભને અનેક વસ્ત્ર આભરણ વડે કરી શણગારેલો અને શોભનીક હોવાથી સર્વે લોક તેની પુજા કરે છે. રાજા પણ તેની પુંજા કરવા ગયા અને સ્થંભ દેખી ઘણા ખુશી થયા. મહોત્સવ પુરો થયા પછી સ્થંભ ઉપરથી વસ્ત્ર ઘરેણાદિક સર્વે અલંકાર ઉતારી લીધા, ઠુંઠું લાકડું જમીન ઉપર નાખી દીધું અને તે લાકડા ઉપર લોકો કચરો કાદવ નાંખવા લાગ્યા. એક દિવસ તે મલીન થયેલો સ્થંભ દુઃમુખ રાજાએ દીઠો. તે જોઇ તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને લાકડું પણ પરવસ્તુ વડે કેવું શોભતું હતું ! એ ઉપર વિચાર કરતાં તેમને જાતિ સ્મરણ ગ્નાન થયું અને દીક્ષા લઇ આત્માનું સાર્થક કર્યું !

ત્રીજા નમી રાજા પ્રત્યેક બોધીની કથા અગન્યોતેરમી.

વીદેહ દેશને વિષે મીથુલાં નામે નગરી હતી. ત્યાં નમી રાજા રાજ્ય કરતા હતા. તે નમી રાજાએ પરભવે દીક્ષા પાળી સાતમાં દેવલોકથી ચવી મનુષ્ય અવતાર લીધો અને તેમના પુન્ય પ્રતાપથી વૈરી રાજાઓ નમીને ચાલવા લાગ્યા. તેથી તેમનું નમી રાજા એવું નામ પ્રસિદ્ધ થયું. તે નમી રાજા ઉત્તમ કૂળમાં ઉત્પન્ન થયેલી એક હજાર ને આઠ કન્યાઓ પરણ્યા. એક દિવસ તે નમી રાજાને દાહજ્વરનો રોગ ઉત્પન્ન થયો. તેના વીલેપનને અર્થે રાણીયો બાવના ચંદન ઘસવા લાગી. રાણીયોને હાથે કંકણુ ઘણાં હોવાથી ખડખડાટ થવા લાગ્યો, તે ખડખડાટ રાજાથી સહન ન થયો. તે વારે પ્રધાનને બોલાવી કહ્યું કે, આ ખડખડાટ મારાથી સહન થતો નથી, માટે બંધ કરો. તે વારે પ્રધાને અંતઃપુરમાં જઇ એકેક કંકણ મંગલીક દાખલ રખાવી બીજાં દૂર કરાવ્યાં. તે વારે રાજાએ પૂછ્યું કે, હવે ખડખડાટ કેમ નથી થતો ? પ્રધાને કહ્યું કે, એકેક કંકણુ કોની સાથે ખડખડાટ કરે ? તે સાંભળતાંજ રાજાને વિચાર થયો કે એકાએકમાંજ સુખ છે, અને તે સુખ મેં કોઈક વખત દીઠું છે. એમ વિચારતાં જાતીસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. છેવટે દીક્ષા લેઇ જંગલ તરફ વિહાર કર્યો. વિશેષ મણીરથ યુગબાહુ વિગેરેની કથા બીજા પુસ્તકથી જાણી લેવી.

ચોથા નીગઇ નામે પ્રત્યેક બોધીની કથા સીત્તેરમી.

આ ભરતક્ષેત્રને વિષે ગંધાર નામે દેશમાં પુન્યવૃદ્ધ નામે નગર હતું. ત્યાં સીંહરથ નામે રાજા હતા. એક દિવસ તે રાજાની સભામાં સોદાગર ઘોડા લેઇને આવ્યા. તે ઘોડાની પરીક્ષા કરવા રાજા ઉદ્યાનમાં સૈન્ય સહીત આવ્યા, અને એક સુંદર અશ્વ ઉપર રાજા સ્વાર થયો અને પરીક્ષા માટે રાજાએ અશ્વને દોડાવ્યો. તે અશ્વને અવળી લગામનો નહીં જાણતાં રાજાએ લગામ ખેંચી. તેથી ઘોડો પવન વેગે ઉડયો. જેમ જેમ રાજા લગામ વધુ ખેંચે તેમ તેમ ઘોડો પવન વેગે વધારે દોડવા લાગ્યો. થોડીજ વારમાં ઘણેજ દૂર ભયંકર અટવીમાં રાજાને

લેઇ ગયો. છેવટે રાજાએ થાકી લગામ પડતી મુકી, એટલે ઘોડો સ્થિર થઇ ઉભો રહ્યો. ત્યારે રાજાયે જાણ્યું કે, આ અવળી લગામના ઘોડાએ મને ભયંકર અટવીમાં નાંખ્યો. સાહસીક રાજા ઘોડાથી નીચે ઉતરી જુવે છે તો નજીકમાં એક વીશાળ પર્વત દીઠો અને તે પર્વત ઉપર એક ભવ્ય મકાન જોયું. જેથી રાજા આસ્તે આસ્તે તે પર્વત ઉપર ચઢી તે મકાન પાસે ગયો. તે મકાનમાં એક નવયૌવન દેવાંગના સરખી કન્યા જોઇ રાજા મોહ પામી તેના તરફ વારંવાર જોવા લાગ્યો. કન્યા પણ રાજા ઉપર મોહ પામી બોલી કે, હે રાજન ! તમે ભલે પધાર્યા. આ આસને બેસી જગ્યા પાવન કરો. રાજા પણ તેના આગ્રહથી આસન ઉપર બેસી કન્યા પ્રત્યે બોલ્યા કે, હે બાળા ! તું કોણ છું અને આ પર્વતને વિષે એકલી કેમ રહે છે ? તે વારે કન્યા બોલી કે, હે રાજન ! મારી સાથે પ્રથમ પાણીગ્રહણ કરો. તે પછી હું મારૂં સર્વે વૃત્તાંત કહીશ. રાજા વીલંબ રહીત તે સાથે પરણ્યો. તે પછી સ્ત્રી કહેવા લાગી કે, હે સ્વામી ! સર્વે વૃતાંત એક ચીત્તે કરી સાંભળો:—

ક્ષિતિપ્રતિષ્ઠ નામે નગરને વિષે જીતશત્રુ નામે રાજા છે. તે રાજમાં કોઇ એક પરદેશી ચારણ આવ્યો. તે ચારણને રાજાએ પૂછ્યું કે, સર્વે નગર તમે જોયાં હશે, તેમ આ નગર પણ જુવો, અને તેમાં જે ખામી હોય તે મને કહો. તે વારે ચારણે કહ્યું કે, સર્વે વસ્તુ પૂર્ણ છે, પણ એક ચીત્રામ સભા દેખાતી નથી. તે સાંભળી રાજાએ તરત મકાન તૈયાર કરવા ચીતારા પ્રમુખને હુકમ કર્યો. તે ગામમાં મૂખ્ય ચાર ચીતારા હતા તેમાં એક વૃદ્ધ ચીતારો પુત્ર રહીત હતો. રાજાયે સર્વે ચીતારાને સરખે ભાગે ખાતાં વહેંચી આપ્યાં, અને કહ્યું કે, સર્વે એક સાથે તૈયાર કરજો. હવે ત્રણ ચીતારા તો પોતાના કુટુંબી સહીત કામ કરવા લાગ્યાં, પણ વૃદ્ધ ચીતારાને તો એક કનકમંજરી નામે પુત્રીજ હતી, જેથી તે વૃદ્ધ ચીત્રશાળામાંજ હમેશા રહેતો, અને તેને માટે કનકમંજરી હમેશાં ભોજન તૈયાર કરી પીતાને જમાડવા માટે લાવતી.

એક દીવસ ભોજન લેઇ બજારમાં થઇને તે ચાલી આવે છે તેવામાં ભરબજારમાં રાજકુંવર ઘોડા ઉપર સ્વાર થઇ પુરજોસથી ઘોડો દોડાવતો કન્યાની પાછળ એકદમ આવી પહોંચ્યો. તેથી કન્યા ભયભ્રાંત થઈ, એક બાજુપર ખસી ગઇ. ત્યાર બાદ તેણે ચીત્રામ સભામાં આવી પીતાના મોં આગળ ગરમા ગરમ રસોઇ જમવા મુકી ત્યારે તેનો પીતા તે વખતે જ ઝાડે ફરવા ગયો. પાછળ કનકમંજરીએ પીતાના ખાતામાં એક

મોરનું પીછું ચીતર્યું, હવે તેજ દીવસે રાજા સભા જોવાને આવ્યા. સર્વે ખાતાં જોતાં જોતાં પેલા વૃદ્ધના ખાતામાં મોરનું પીછું કોઇકે ત્યાં મુક્યું છે એમ જાણી હાથ લાંબો કરી લેવા ગયો પણ પીછું હાથમાં નહીં આવતાં ભીંતનો સ્પર્શ થયો તે દેખી કનકમંજરી હસીને વિચાર્યું કે, ચોથો મુર્ખ હું શોધતી હતી તે મળ્યો. રાજા આશ્ચર્ય પામી કનકમંજરીને પૂછવા લાગ્યા કે, ચાર મૂર્ખ કોણ અને કેવી રીતે ? કનકમંજરી બોલી કે, પ્રથમ તો આ ચાર ખાતાં વહેંચી આપનાર મૂર્ખ, કેમકે તેણે કાંઇ પણ વિચાર ન કર્યો કે આ વૃદ્ધ અને એકલા સહુની સાથે કેમ કામ પુરૂં કરી શકશે ? માટે એ પ્રથમ મૂર્ખ. બીજો મૂર્ખ રાજાનો કુંવર કે, ભરબજારમાં પુરજોસથી ઘોડો દોડાવનો મા઼ી પુંઠે આવી લાગેલ પણ હું ભયથી બાજુપર ખસી ગઇ તો બચવા પામી માટે એ બીજો મૂર્ખ; ત્રીજો મારો પીતા મૂખ કે, ગરમા ગરમ રસોઇ તેના માટે જમવાને મુકી, ત્યારે તે ઝાડે ફરવા ગયો માટે એ ત્રીજો મૂર્ખ; અને ચોથા મૂર્ખ તમે કે, ભીંતે ચીત્રેલું પીછું હતું છતાં હાથ વડે લેવા લાગ્યા.

એવાં કનકમંજરીનાં વચન સાંભળી રાજા ખુશી થઇ વિચાર કરવા લાગ્યો કે, આ કન્યા સાથે પરણું તો મને દુનીયાનો ઘણો અનુભવ મળે. જેથી વૃદ્ધ ચીતારાને પૂછી તેની સાથે પાણીગ્રહણ કર્યું.

તે રાજાનું અંતઃપુર એક હજાર રાણીઓનુ હતું. હમેશાં એકેક દીવસ દરેક રાણીને ત્યાં રાજા રહેતો એમ કરતાં એક દિવસ કનકમંજરીને ત્યાં રાજા આવ્યા. રાજાને પોતાને ત્યાં વધુ રોકવા માટે પ્રથમથી તેણે એક યુક્તિ દાસી સાથે કરી રાખી હતી તે એવી રીતે કે રાજા પલંગ ઉપર આવી સુતો એટલે દાસીએ આવીને રાણીને કહ્યું કે, હે બાઇ! એક નવીન કથા કહો. ત્યારે રાણીએ કહ્યું કે, રાજા ઊંઘ્યા પછી કહીશ. તે વાત સાંભળી રાજા કપટ નીંદ્રાએ ઊંઘવા લાગ્યો. રાણીએ કહ્યું કે, હે દાસી! એક દેશમાં એવું એક તીર્થ છે કે, એક હાથનાં દેવળમાં ચાર હાથનો દેવ મનવંચ્છિત આશા પૂર્ણ કરનાર મેં જોયો હતો. દાસીયે કહ્યું કે, બાઇ! એ વાત કેમ બને ? એક હાથના દેવળમાં ચાર હાથનો દેવ કેવી રીતે સમાય ? રાણીએ કહ્યું કે, આજ તો મને ઊંઘ આવે છે, કાલે કહીશ. રાજા બીજે દીવસે પણ તેજ રાણીને ઘેર વાત સાંભળવા આવ્યો. રાત્રે દાસીયે રાણીને કહ્યું કે, કાલની વાતનો ખુલાસો કરો. રાણીએ કહ્યું કે, હે દાસી! એક હાથના દેવળમાં ચાર હાથની મુર્તી નહોતી પણ ચાર હાથવાળી ચતુર્ભુજની મુર્તી હતી તે વારે દાસીએ કહ્યું

કે, બાઇ બીજી કથા મને કહો. તેવારે રાજાને લોભાવવાને માટે રાણીએ દાસીને કહ્યુ કે, હે દાસી ! એક નગરે રાજના અપરાધી બે જણ રાજાને હાથ આવ્યા. રાજાએ તેના ઉપર દયા લાવી બંને ચોરને જીવતા એક પેટીમાં પુરી તાળુ વાસી પેટી નદીમાં વહેતી મુકી. તણાતાં તણાતાં ઘણે દૂર ગયા પછી કોઇક ગામે માણસોએ તે પેટીને બાહીર કાઢી ઉઘાડીને જોતાં બન્ને માણસો જીવતાં નીકળ્યાં તેને પૂછ્યું કે, તમે કેટલા દીવસ નદીમાં રહ્યા ? તેવારે એક ચોર બોલ્યો કે, આજે ચાર દીવસ થયા. દાસી બોલી કે, બાઇ ! તેને શી ખબર પડી કે, આજે જ ચાર દીવસ થયા. રાણીએ કહ્યું, આજ મને નીંદ્રા આવે છે, માટે કાલે કહીશ. બીજે દીવસે પણ રાજા ત્યાં ને ત્યાંજ આવ્યો. દાસીએ વાત પૂછી એટલે રાણીએ કહ્યું કે, તે ચોરને ચોથીઓ તાવ આવતો હતો. તે ઉપરથી ચાર દીવસ તેણે કહ્યા. એમ અકેકી નવી કથા કહેતાં રાજાને છ મહીના સુધી પોતાને ઘેર રાખ્યો તે વારે સર્વ રાણીઓ કનકમંજરીના છળછીદ્ર જોવા લાગી.

હવે કનકમંજરી હંમેશા દીવસના બાર વાગે એક કલાક ઓરડામાં બેસી, બારણું બંધ કરી, જૂનાં લુગડાં પહેરી પોતાના આત્માને બોધ કરતી કે, 'હે જીવ ! રખે ગર્વ, અહંકાર કરતો. પાછલી અવસ્થા હંમેશાં યાદ રાખજે. રાજાના વૈભવથી ગર્વિષ્ટ ન થઇશ. સર્વ જીવનું ભલું ઇચ્છજે. જૂનાં લુગડાં અને નમ્રતા જીવને સુખ દેનાર છે.' એમ ભાવના ભાવે છે તે વારે રાણીઓને ખબર મળી કે, કનકમંજરી રાજાના વશીકરણનો મંત્ર સાધે છે. રાણીઓએ સર્વ વાત રાજાને કહી. રાજાએ ગુપ્ત સંતાઇ જોયું તો કનકમંજરીને ભાવના ભાવતી દીઠી.

એક દીવસે શ્રી વીમળ આચાર્ય ઊદ્યાનમાં પધાર્યા. તેમને વાંદવા માટે રાજા અને કનકમંજરી ગયાં. તેમણે દેશના સાંભળી શ્રાવક ધર્મ અંગીકાર કર્યો, અને સમાધિ સહિત કાળ કરી દેવલોકમાં ગયા. દેવલોકથી કનકમંજરીનો જીવ ચવી વીદ્યાધરને ઘેર કનકમાળા નામે પુત્રી થઇ. ઊંમર લાયક થયા પછી વિદ્યાધરે નીમીત્તીઆને પૂછ્યું કે, આ પુત્રીનો વર કોણ થશે ? નીમીત્તીયાએ કહ્યું કે, નગનામે પર્વત ઉપર અમુક દીવસે રાજા આવશે તે એને પરણશે. તે વારે વીદ્યાધરે પર્વત ઉપર મકાન બંધાવી મને અહીં રાખેલ. કેટલેક દીવસે તમે અહીં પધાર્યા તેથી હું તમોને પરણી એ મારા પાછલા ભવની વાત, મારો ચીતારો પીતા કાળ કરી દેવતા થયા છે, તેમણે મને કહી છે. તે સાંભળી રાજા ખુશી થયો અને પોતાના દેશ તરફ જવાની ઇચ્છા કરી. તે વારે કનકમાળાએ તેમને પ્રજ્ઞાપત્તી

લીધા શીખવી. તેના પ્રભાવથી રાજા હંમેશાં ઘેર જાય અને પર્વત ઉપર આવે તે ઉપરથી તેનું નામ **નીગઇ** પડયું. તે **નીગઇ** રાજા વસંત ઋતુમાં ફળ્યો ફુલ્યો આંબો જોઇ ખુશી થયો અને બીજી વખત તે આંબો સુકાઇ ગયેલો જોઇ વૈરાગ્ય પામ્યો અને જાતિ સ્મરણ જ્ઞાન ઉપજ્યું છેવટે દીક્ષા લઇ વિહાર કર્યો. એ ચોથા **નીગઈ** નામે પ્રત્યેક બુદ્ધ.

હવે એ ચારે પ્રત્યેક બુદ્ધ વીહાર કરતા એક દિવસ ક્ષિતિપ્રતિષ્ઠત નગરે ઊદ્યાનમાં ચૌમુખ યક્ષના દેવળમાં ચારે દીશાથી એક સાથે ભેગા થયાં તેવામાં કરકંડુ ઋષીને પ્રથમથી જ ખાજ ખણુવાનું દરદ હતું તેથી ખાજ ખણુવા માટે એક લાકડાની પાટલી પાસે ગોપવી મુકેલ તે જોઇ દુમુખ ઋષી બોલ્યા કે, હે મુની! તમે રાજ ઋદ્ધિ ઉપરથી મમતા ઉતારી પણ શરીર ઉપર મમતા રહી છે જેથી પાટલીનું અધીકુ ઉપગરણુ રાખવું પડયું. તે સાંભળી **નમીરાજ** ઋષી દુમુખ પ્રત્યે કહેવા લાગ્યા કે, એમનો કિંચિત્ દોષ જોઇ તમે શા માટે દોષીત થાવ છો? તે વારે **નીગઇ** રાજ ઋષી નમીરાજ ઋષી પ્રત્યે બોલ્યા કે, તમે પરની નીંદામાં કેમ પડો છો? એમ ચારે મુનીઓ માંહોમાંહી સવળો અર્થ લઇ આત્મા સાથે પસ્તાવો કરતાં સાથે **કેવળજ્ઞાન** પામ્યા અને અંતે મોક્ષ પણ સાથે ગયાં.

અધ્યયન બારમું.

હરકેશી મુનિની કથા ઇકોતેરમી.

ભરત ક્ષેત્રને વિષે મથુરા નગરીમાં શંખ નામે રાજાએ રાજ્ય ભોગવી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અનુક્રમે શાસ્ત્રના પારગામી થઇ વિહાર કરતાં ગજપુર નગરે આવ્યા અને ભીક્ષા અર્થે ગયાં, ત્યાં ગૌચરી કરીને વિહાર કર્યો. આગળ જતાં બે રસ્તા આવ્યા, તે વારે કોઇ એક સોમદેવ નામે બ્રાહ્મણુ જૈન ધર્મનો દ્વેષી સામે મળ્યો તેને પૂછ્યું કે, અમે કયે રસ્તે થઇને અમુક ગામ જઇએ? તે વારે સાધુના દ્વેષી સોમદત્તે વિચાર્યુ કે બે રસ્તામાં એક સારો માર્ગ છે અને બીજો ઉપદ્રવ સહીત છે. એટલે જમીનપર રેતી તાપથી પુષ્કળ તપી ગયેલ છે. તે રસ્તે આ સાધુને મોકલું તો કૌતક થાય અને મને જોવાનો આનંદ સારો મળે, એમ વિચારી સાધુને ઉપદ્રવવાળે રસ્તે મોકલ્યા.

પોતે ઊંચા મકાન ઉપર ચડી સાધુને જોવા લાગ્યો. તે લબ્ધીવંત સાધુ ઇર્યા સુમતિ સહિત રસ્તે જાય છે. લબ્ધીના પ્રભાવે રસ્તામાં મુસ્કેલી ન પડી. તે બનાવ સોમદત્ત બ્રાહ્મણ જોઇને પોતાના મનમાં આશ્ચર્ય પામી વિચારવા લાગ્યો કે, અહો ! આ માર્ગે ગયેલા કોઇ પણ જીવતા નથી અને એવા ભયંકારી માર્ગમાં આ ઋષીને મેં મોકલ્યા છતાં તેમના તપના તેજ વડે અગ્નિ સરખી વેળુ પણ અમૃત સરખી શીતળ થઇ ગઇ. અહો ! એ મહાત્માનો કેવો તપ ! એ મહાત્મા જરૂર જગત વંદનીક છે. એમ વિચારી તે મહાત્મા પાસે આવી સોમદત્તે મહાત્માને નમસ્કાર કરી પોતાનો અપવાદ ખુલ્લો કરી માફી માગી. તે વારે સાધુએ ઉપદેશ દીધો જેથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેણે દીક્ષા તો શુદ્ધ પાળી, પણ અંતે બ્રાહ્મણ હોવાથી જાતિનો અને રૂપનો મનમાં મદ રહ્યો. છેવટે તેની આલોયણા લીધા વિના કાળ કરી દેવલોકે ગયો. ત્યાંથી ચવીને ગંગા નદીને તીરે કોઇ એક ગામમાં બળકોટ નામે ચંડાળને એક ગૌરી અને બીજી ગંધારી એ બે સ્ત્રીઓ છે તેમાં ગંધારીને પેટે અવતાર લીધો. સ્વપ્નમાં તેણે ફૂલ્યો ફુલ્યો આંબો જોયો. અનુક્રમે નવ મહીને પુત્ર જન્મ્યો ! તેનું સ્વપ્નને અનુસારે હુરીકેશીબળ એવું નામ આપ્યું. પૂર્વના જાતિના મદ વડે ચંડાળ કુળ પામ્યો, અને રૂપના મદથી કદરૂપો થયો. એ મદ કર્યાનું ફળ.

હવે તે બાળક ઘણો રિસાળ અને કદરૂપો હોવાથી કોઇને ગમતો નહિં. એક દિવસ બળકોટ ચંડાળ પોતાના કુટુંબ સહીત જંગલમાં ઉજાણી ગયો છે, ત્યાં આ છોકરો કજીઆખોર હોવાથી તેને કુટુંબે વેગળો બેસાડયો છે. તેવામાં એક જબરો વિષધર નાગ નીકળ્યો. તેને સર્વેએ મળીને મારી નાખ્યો. તેવામાં બીજો નાગ વિષ રહીત નીકળ્યો. સર્વે કુટુંબ કહેવા લાગ્યા કે, એને કોઇ ન મારશો. એના કુળમાં ઝેર નથી. એમ કહી તેને જીવતો જવા દીધો. આ બનાવ જોઇ હુરકેશીબળે વિચાર્યું કે, પોતાના ઝેરરૂપી વચનથી જીવ દુઃખ પામે છે, અને અમૃતરૂપી વચનથી જીવ સુખ પામે છે. જેમ ઝેરવાળા સર્પને મારી નાંખ્યો, અને ઝેર વિનાના સર્પને જીવતો રહેવા દીધો, તેમ મારા ક્રોધ રૂપી ઝેરથી મને કુટુંબી વેગળો રાખે છે. એમ વિચાર કરતાં જાતિ સ્મરણ જ્ઞાન ઊત્પન્ન થયું. પાછલા બે ભવ જોયા, અને હું મદ કરવાનું ફળ પામ્યો, એમ વિચારી કોઇ એક સાધુ પાસે બોધ સાંભળી દિક્ષા લીધી અને આકરો તપ કરવા લાગ્યો. તપ કરતાં એકદા સમયે વણારશી નગરીના ઊધ્યાનમાં તીનદુક નામે વનમાં તીનદુક નામે યક્ષના દેરામાં રહ્યો. તે જક્ષ સાધુના ગુણ જાણી તેના ઊપર

અત્યંત રક્ત થયો, અને તે મુનિની સેવા કરવા લાગ્યો. જરા પણ સાધુથી વેગળો ન જાય. એકદા બીજા વનનો યક્ષ તીનદુક યક્ષની પાસે આવી પૂછવા લાગ્યો કે, તમે ઘણા દીવસથી મારી પાસે કેમ આવતા નથી ? તે વારે તીનદુક યક્ષે કહ્યું કે, આ વનમાં આ મહાત્મા પધાર્યા છે તેમની સેવામાં હુ હંમેશાં રહુ છું, તેથી આવી શકતો નથી. તે સાધુને જોઈ પેલો યક્ષ પણ બહુ જ પ્રસન્ન થયો, અને તીનદુક યક્ષને કહેવા લાગ્યો કે, મારા વનમાં પણ આવા ઘણા મહાત્માઓ રહે છે. માટે ચાલો તેની પણ સેવા કરીએ. એમ કહી બન્ને યક્ષ બીજા વનમાં ગયાં. ત્યાં અનેક સાધુઓ ઊતર્યા હતાં પણ કેટલાંક સાધુઓ માંહેમાંહે વિકથાઓ કરતાં હતાં, કેટલાંક ગાંજા–તંબાકુમાં રોકાયા હતાં; કેટલાંક રાત્રિ દિવસ નિંદ્રામાં સુતા રહે છે આ બનાવ જોઇ બન્ને યક્ષનું મન તે મહાત્માઓ ઊપરથી મોળું પડયું અને પાછા તીનદુક વનમાં આવ્યા અને તે બન્ને યક્ષ સાધુની સેવા કરવા લાગ્યાં. જુઓ, તપ અને ગુણનો કેવો મહીમા ! તે સાધુ જાતે ચંડાળ અને શરીરે કદરૂપા છતાં બન્ને યક્ષો તેમની સેવા કરેછે.

એકદા સમયે કોશળ દેશના રાજાની દીકરી ભદ્રા તે યક્ષને પૂજવા માટે તે દહેરે આવી. તે સાધુના મલીન વસ્ત્ર અને કુરૂપ જોઇ દુગંચ્છા કરવા લાગી, અને તીરસ્કારના શબ્દો બોલવા લાગી. આ જોઇ સેવામાં રહેલાં યક્ષ કોપાયમાન થયા અને તેને મુખમાંથી રૂધીર વમતી જમીન ઊપર ફેંકી દીધી. તેવારે તેની સખીઓએ તુરત રાજાને ખબર આપી. રાજા ત્યાં આવ્યા અને કુંવરીની આ સ્થિતિ જોઇ આશ્ચર્ય પામ્યા, અને વિચારવા લાગ્યા કે, આ કુંવરીએ જરૂર સાધુની આસાતના કરી હશે. એમ જાણી સાધુની સ્તુતિ કરી કહેવા લાગ્યા કે, હે દેવ ! ક્ષમા કરો. આ બાળાને કોઇ પણ રીતે બચાવો, યક્ષ તે કુંવરીના શરીરમાં પેસી બોલ્યો કે; આ કુંવરી સાધુને પરણાવ તો જીવતી મુકું. રાજાએ વાત કબુલ કરી અને સાધુને પરણવા આગ્રહ કર્યો. તેવારે કુંવરીના શરીરમાંથી યક્ષે નીકળી-ને સાધુના શરીરમાં પ્રવેશ કર્યો અને કુંવરી સાથે પાણીગ્રહણ કર્યું. પછી દેવ સાધુના શરીરમાંથી નીકળી ગયો. સાધુ અસંજમ દેખી પસ્તાયા અને કુંવરીને તજી જંગલમાં જઇ તપ કરવા લાગ્યા તેવામાં રાજાના પુરોહીત રૂદ્રદત્તનામે બ્રાહ્મણે કુંવરીનું રૂપ જોઇ મોહ પામી રાજાને કહ્યું કે, આ ઋષી પત્ની જો મને ફરી પરણાવો તો તેને હું અંગિકાર કરૂં. તે વાત રાજાએ કબુલ કરી, અને પુરોહીતને સોંપી. પુરોહીતે તેને શુદ્ધ, પવિત્ર કરવા માટે યજ્ઞ કરવા માંડયો અને ત્યાં ઘણા બ્રાહ્મણો તેડયા છે. અનેક પ્રકારના ભોજન નીપજાવ્યા છે, તેવા અવસરે તે સાધુને માસખમણનું પારણું હોવાથી ફરતા ફરતા યક્ષની પ્રેરણાથી યજ્ઞના પાડામાં ગયા વગેરે. બાકીની બિના સૂત્રમાંથી જાણી લેવી.

અધ્યયન તેરમું.

गाथा ३ जीः—कंपिल्लंमिय नयरे, समागया दोवि चित्त संभूयाः
सुह दुख फल विवागं, कहंति ते इक्क मिक्कस्स ॥ ३ ॥

ભાવાર્થ:—ચિત્ત અને સંભૂતિ એ બન્ને ભાઇ કંપીલપુર નગરને વિષે એકઠા મળ્યા અને માંહોમાંહી સુખ દુઃખ ભોગવ્યા.

ચીત્ત અને બ્રહ્મદત્તની કથા બોતેરમી.

સંકેતપુર નામે નગરને વિષે ચંદ્રવતંસક નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને મુનીચંદ્ર નામે એક પુત્ર હતો તેણે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. એક દિવસ ગુરૂ સાથે વિહાર કરતા રસ્તામાં તે ગુરૂથી જુદે રસ્તે ભૂલથી ચડી ગયો. અટવીમાં ભૂખ અને તૃષાથી પીડાતા ત્રીજે દીવસે હોઠ અને તાળવું સુકાઇ ગયાં, તેથી મુર્છા પામી વૃક્ષ નીચે જઇ પડ્યો છે. એવામાં ગોવાળીઆના ચાર બાળકો ત્યાં આવી ચડ્યા અને તેમની સેવા કરવા લાગ્યા. છેવટે તે ચારે બાળકોએ મુનિની દેશનાં સાંભળી પ્રતિબોધ પામીને દીક્ષા લીધી. તેમાં બે જણ તો ચારિત્રની દુર્ગંચ્છા કરી અણઆલોઇ સમકીત ગુણે કરી દેવલોકે ગયાં, અને બીજા બે જણ દેવલોકે ગયા પણ તેનો અધીકાર નથી.

હવે દશપુર નગરે સંડિલ્ન નામે બ્રાહ્મણની જશોમતી નામે દાસી તેની કૂખે પહેલાં બે જણ પુત્રના જોડલાપણે આવી ઊપન્યા. અનુક્રમે તેઓ યોવન પામ્યા. એકદા ક્ષેત્રની રખવાળી કરવા તેઓ બન્ને અટવીમાં ગયાં ત્યાં વડ હેઠળ સુતા છે એવામાં એક સર્પ એક જણને ડસ્યો અને તે મરણ પામ્યો. બીજો ભાઇ સર્પની શોધમાં જતાં તેને પણ સર્પ ડસ્યો ને તે પણ મરણ પામ્યો. ત્યાંથી બન્ને જણ કાલિંજર પર્વતને વિષે મૃગલીની કૂંખે જોડલાંપણે ઊપન્યા અનુક્રમે પૂર્વની પ્રીતીને લઈ સાથે રહે છે. તે વારે કોઇ એક પારધીએ એક જ બાણથી બન્નેને માર્યા. ત્યાંથી મરીને ગંગાને કાંઠે બન્ને હંસલીની કૂંખે ઉપન્યા ત્યાં પણ પારધીએ આવી ડોક મરડી મારી નાખ્યા. ત્યાંથી મરીને વણારસી નગરીએ મહાધનવંત ભુતદીન નામે ચંડાળને ઘેર પુત્રપણે ઉપન્યા. ત્યાં એકનું નામ ચીત્ત અને બીજાનું નામ સંભુતિ પાડયું.

હવે એજ વણારસી નગરીને વિષે શંખ રાજાને નમુચી નામે પ્રધાન હતો. એક દીવસ મંત્રીએ રાજાનો અપરાધ કર્યો, એટલે રાજાએ ભુતદીન ચંડાળને હુકમ કર્યો કે, મંત્રીને છાની રીતે મારી નાખજે. ચંડાળ સ્મશાન ભૂમીકાએ તેને લઇ ગયો, પણ પ્રધાને ઘણા કાલાવાલા કર્યા એટલે ચંડાળે કહ્યું કે, જો તું ભોંયરામાં રહીને મારા પુત્રને ભણાવે તો તને જીવતો રાખું. પ્રધાને જીવવાના લોભથી હા કહી. હવે ચંડાળને ઘેર રહી તે છોકરાઓને ભણાવે છે. એમ કરતા કેટલાએક દીવસો ચાલ્યા ગયા. ત્યાં તે પ્રધાનને ભુતદીન ચંડાળની સ્ત્રી સાથે સંબંધ થયો. ચંડાળને ખબર પડવાથી તેને મારી નાખવાનો વિચાર કર્યો પણ ચીત્ત અને સંભુતી બન્ને ભાઇઓને ખબર પડી જેથી તેને નસાડી મુક્યો. ત્યાંથી નીકળી હસ્થીણાપુર નગરને વિષે સનતકુમાર ચક્રવર્તિના રાજમાં મંત્રીપદ પામ્યો. હવે તે ચીત્ત સંભુતિ ચંડાળના પુત્રોએ રૂપ, યૌવન, લાવણ્યતા, ગીત, વગેરે કળાએ તથા વીણા બજાવવે કરી વણારસી નગરીના લોકોનાં ચીત્ત હરી લીધા હતાં. એક દીવસે વસંતઋતુને વિષે લોકો નાના પ્રકારના યુવાન સ્ત્રીઓના નાટક કરી ક્રીડા કરવા પ્રવર્ત્યા છે, તેવામાં ચંડાળ પણ પોતાના પરીવાર સહીત ક્રીડા કરવા નીકળ્યો. ત્યાં ચીત્ત સંભુતિ પણ ગીતગાન કરવા લાગ્યાં. તેમનો મનોહર સ્વર સાંભળીને સર્વે નગરીના લોક જોવા મળ્યા તેમાં વળી સ્ત્રીયો વિશેષ ભેગી થઇ તે જોઇને ચતુર અને ડાહ્યા લોકોએ રાજાને વિનંતિ કરી કે સર્વે લોકોને એ ચંડાળે વટલાવ્યા તે સાંભળી રાજાએ ચંડાળને નગરીમાં પ્રવેશ નહિ કરવાનો હુકમ કર્યો. કેટલાક કાળ ગયા પછી અન્યદા કૌમુદી મ્હોત્સવ આવ્યો તે વારે ગામમાં નહિ પેસવાની વાત વીસરી જઇ બન્ને જણ નગરીમાં પેઠા અને બાજુએ ઉભા રહી ગાવા લાગ્યા. તે સાંભળી સર્વે લોક ભેગા થયા અને તેમણે માર મારી કાઢી મુકયા. તેવારે ઉદ્યાનમાં જઇ વિચારવા લાગ્યા કે, આપણા રૂપ, યૌવન, સૌભાગ્ય, લાવણ્યતા, કળા અને કુશળપણાને ધિક્કાર છે. એમ આત્માને ધિઃકારતા સજ્જન કુટુંબને વગર કહે મરવાનો નિશ્ચય કરીને દક્ષીણ દીશાએ ચાલ્યા. ત્યાં દુરથી એક પર્વત જોઇ તે ઉપર ચઢયા તો ત્યાં એક સિલા ઉપર શરીરે દુર્બળ, ધ્યાન ધરી બેઠેલા એક મુનીને જોયા જેથી હર્ષ પામી પાસે જઇ વંદણા કરી. મુનીએ પણ ધ્યાન પૂર્ણ થયે પૂછયું કે, તમે કયાંથી આવ્યા ? તેમણે પોતાનું સર્વ વૃત્તાંત નિવેદન કરી કહ્યું કે, હવે અમે આ પર્વત ઉપરથી પડીને મરીશું ત્યારે મુનિ બોલ્યા કે, એમ પામરની પેઠે મરવું યોગ્ય નહિ, તમારે તો શારીરિક

અને માનસીક એવા બે પ્રકારના દુઃખનો ક્ષય કરનાર શ્રી જીનેશ્વરનો પરૂપેલો ધર્મ કરવો ઘટે છે. આથી તેમણે મુનીવચન અંગિકાર કરી દીક્ષા લીધી અને તત્ત્વના જાણુ થઇ છઠ્ઠ, અઠ્ઠમ, માસખમણુ આદિ તપશ્ચર્યાએ કરી ગ્રામાનુગ્રામ વિચરતાં એક દિવસ હસ્તિણાપુર નગરના ઉદ્યાનમાં આવીને રહ્યાં. માસખમણુને પારણે સંભુતી મુની એક દિવસ તે નગરમાં ગૌચરી માટે ઇર્યાસુમતિ સહીત ચાલ્યા જાય છે તે વખતે નમુચી પ્રધાને જોયા, અને ઓળખ્યા. હવે તે કદાચ મારી વાત રાજા પ્રમુખને કહેશે તો મારે શરમાવું પડશે એમ ધારી પ્રધાને પોતાના માણસો મારફત મુનિને માર મરાવી ગામ બહાર કાઢી મુકયા. અપરાધ વિના મુનીને માર પડવાથી ક્રોધ ચડયો અને તેથી મુનિને તેજુલેષ્યા ઉત્પન્ન થઇ અને મોઢામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા. ધુમાડાથી નગર અને આકાશ છવાઇ ગયું જેથી લોકો ભય પામી તપાસ કરતાં નગર બહાર આવ્યા તો મુનિના મોઢામાંથી ધુમાડો નીકળતો જોયો. તુરત જ સનત્કુમાર ચક્રવર્તિ પણ ત્યાં આવ્યા, અને મુનિને વંદણા નમસ્કાર કરી હાથ જોડી કહેવા લાગ્યા કે, હે મુનિરાજ ! અમારા સરખાં અજ્ઞાન પ્રાણીથી જે કાંઇ અપરાધ થયો હોય તે ક્ષમા કરો. એમ ઘણી આજીજી કરી પણ પ્રસન્ન ન થયા હવે તે જોઇ ચીત્તમુની પણ ત્યાં આવ્યા, અને કહેવા લાગ્યા કે, હે સંભુતી મુની ! કષાયરૂપ દાવાનળ સમાવો. સમતા કરો. મુનીએ અપરાધી ઉપર પણ માઠું ન ચિંતવવું જોઇએ. વળી એ ક્રોધ એ અનર્થનું મૂળ છે, સંજમનો ઘાતક છે, દુર્ગતીનો દાતાર છે, અને તે ક્રોડ પૂર્વનું ચારિત્ર ભસ્મ કરેછે. તે વચન સાંભળી સાંભુતી મુનિનો ક્રોધ ઉપસમ્યો અને વૈરાગ્યમાં રક્ત થઇ પાછા ઉદ્યાનમાં આવ્યાં. લોકો સૌસૌના ઠેકાણે ગયા. મુનીએ વિચાર્યું કે, તપ તો આપણે કર્યો, પણ હવે અણુસણ કરીએ. એમ ચિંતવી અણુસણુ કર્યું. રાજા સનત્કુમારે નમુચી પ્રધાનની સર્વે હકીકત જાણી એટલે નમુચીને દોરડે બાંધી મુની પાસે લાવ્યા. મુનીએ દયા લાવી તેને છોડાવ્યો. તે સમયે સુનંદાનામે ચક્રવર્તિની સ્ત્રીરત્ન તે સંભુતી મુનીને પગે પડી એટલે તેની વેણીનો સ્પર્શ સંભુતી મુનીને થયો તેથી સંભુતી મુનીએ પરભવે તે સ્ત્રીરત્ન મળે એમ નીયાણુ કરવા માંડયું. ચીત્ત મુનિએ વિચાર્યું કે, અહે ! તપસ્વી જીન વચનના જાણુ છતાં સ્ત્રીના વાળાગ્ર સ્પર્શથી આવા અધવસાયવાળા થયા ! તેમને પ્રતિબોધવાને અર્થે કહેવા લાગ્યા કે, હે સંભુતી મુનિ ! આવા અશુભ અધ્યવસાયથી આત્માને પાછો વાળો. એ કામભોગ અસાર છે, પરીણામે દુઃખના દેનાર છે,

અને સંસાર ભમવાનો હેતુ છે. ઇત્યાદિક વચન કહ્યાં પણ તેને પ્રતીબોધ ન લાગ્યો અને નિયાણું કર્યું કે, જો એ તપનું ફળ હોય તો જન્માંતરે હું ચક્રવર્તીના સુખનો ભોગવનાર થાઉં. આમ નિયાણું કરી મરણ પામી સુધર્મી દેવલોકે બન્ને ભાઇ દેવતા થયા. ત્યાંથી ચીત્તનો જીવ ચવીને પુરિમતાલ નગરે શેઠને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો અને સંભુતીનો જીવ ચવીને કંપીલપુર નગરને વિષે બ્રહ્મનામે રાજા અને તેની ચુલણી નામે રાણીના ઉદરને વિષે ચાદ સ્વપન સુચિત પુત્ર થયો. તેનું નામ બ્રહ્મદત્ત પાડયું. ઉમર લાયક થયો એટલે બહોતેર કળા ભણ્યો. જાવત્ નવ નીધાન, ચૌદ રત્ન, છ ખંડનું અધિપતિપણું, ચોસઠ હજાર અંતેઉર અને સર્વે ચક્રવર્તીની ઋદ્ધિ મેળવી સુખ ભોગવતો રહેવા લાગ્યો. એક દિવસ પોતે નાટક જોતાં વિચાર્યું કે, આ કરતાં સરસ નાટક મેં જોયું છે. એમ વિચારતાં જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને પૂર્વના પાંચ ભવ દીઠા. પાંચે ભવમાં પોતાનો ભાઇ ચિત્ત સાથેને સાથે હતો, અને આ છઠ્ઠે ભવે સાથે જોયો નહી જેથી રાજાએ પોતાના ભાઇની શોધ માટે "**અશ્વ દાસો મૃગા હંસો, ચંડાલો વમરો યથા.**" આવી રીતે બે પદનો શ્લોક જોડી સભામાં કહ્યું કે, આને મળતાં બીજાં બે પદ મન ગમતા જે જોડી લાવે તેને અડધું રાજ આપું. તે સાંભળી ઘણા વિદ્વાન પંડિતો શ્લોક પુરો કરે પણ રાજાનું મન માને નહી. એ અડધો શ્લોક આખા નગરમાં નાના મોટા સરવે ગાવા લાગ્યા. હવે એ વખત પુરીમતાલ નગરે શેઠનો દીકરો ચીત્ત સાધુના ઉપદેશથી જાતિ સ્મરણ જ્ઞાન પામી દીક્ષા લઇ પોતાના પૂર્વ ભવના ભાઇ બ્રહ્મદત્તને બોધ કરવા કંપીલપુર નગરના ઉદ્યાનમાં આવી બેઠા છે, ત્યાં કોઇ એક ખેડુત અડધો શ્લોક બોલતો સાંભળી મુનીએ તેને નીચે પ્રમાણે બે પદ મેળવી આપ્યાં કે, "**એતાની ષટ્ જાત્યાની, અન્ય મન્યે જાવીણાં**" એ પદ મળતાં જાણી ખેડુત રાજની આશાએ રાજા પાસે ગયો અને શાસ્ત્ર બોલ્યો કે, "અશ્વ દાસો મૃગા હંસો ચંડાળો વમરો યથા; એતાની ષટ જાત્યાની અન્યમન્યૈ જાવીણાં." એ પ્રમાણે પુરો શ્લોક સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો કે, અરે મારો ભાઇ આ ખેડુતની અવસ્થા પામ્યો! એમ જાણી રાજા મુર્ચ્છાગત્ થયો. આથી લોકોએ તે ખેડુતને ઘણોજ માર માર્યો. જેથી ખેડુત બોલ્યો કે, એ બે પદ મેં નથી જોડયાં પણ વનમાં એક મુનિ બેઠા છે તેમણે મેળવી આપેલ છે. એ સાંભળીને ચક્રવર્તીએ વિચાર્યું કે, મારો ભાઇ નિશ્ચે સાધુ થઇ ગયો જણાય છે. તેને મળવા માટે ચક્રવર્તિ જંગલમાં મુની પાસે ગયા અને હર્ષનાં આંસુ સહિત મળ્યા.

અધ્યયન ચૌદમું.

गाथा ६ ठी—ते काम भोगे सुअसज्जमाणा,
माणुस्सएसु जेया विदिव्वा;
मोखा भिकंखी अभिजाय सद्धा,
तातं उवागम्म इमं उदाहु ॥ ६ ॥

ભાવાર્થ:--તે બન્ને કુંવર દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામ ભોગને વિષે અનાદર કરતા થકા તત્વની શ્રદ્ધા ઉપજવાથી મોક્ષના અભિલાષી થઇ પિતાની સમીપે આવીને એમ કહેવા લાગ્યા.

ઇખુકાર રાજા પ્રમુખ છ જીવનો સંબંધ કથા તોતેરમી.

ચીત્ત સંભુતીના પાછલાં ભવે ચાર ગોવાળીયાઓએ દીક્ષા લીધી હતી, અને બે જણે ધર્મની દુર્ગંચ્છા કરી હતી તેને પ્રભાવે ચીત્ત—સંભુતી ચંડાલના દીકરા થયા હતા, તેનો સંબંધ આગળ કહી ગયા, હવે બાકીના ચારમાં બે જણાએ ચોખું ચારીત્ર પાળ્યું હતું. તેથી તે બે જણ પણ દેવલોક ગયા હતા. તે ત્યાંથી ચવી ક્ષિતિપ્રતિષ્ટીત નગરને વિષે કોઇ એક ધનાઢ્ય શાહુકારને ત્યાં પુત્રપણે ઉપન્યા. મોટા થયા એટલે તેને બીજા ચાર વહેવારીયાના દીકરા મીત્ર થયા. તે છએ જણે એકદા કોઇક આચાર્ય પાસે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અંતે શાસ્ત્રના પારંગામી થઇ વિચિત્ર તપ કરી સમાધી સહિત કાળ કરી છએ જીવ નળ નીગુલ વીમાનને વિષે ચાર પલ્યોપમની સ્થિતિએ પેહેલાં દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયાં, પણ છ જીવોમાં બે જીવોએ કાંઇક કપટ કરી સ્ત્રી વેદ ગોત્ર બાંધેલ તેથી બે જીવ દેવીપણે ઉત્પન્ન થયાં. એ છ જીવોમાંથી ચાર જીવો પહેલાં ચવી મનુષ્ય લોકને વિષે ઈખુકાર નગરીમાં ઇખુકાર રાજા, કમળાવતી રાણી, ભ્રગુ બ્રાહ્મણ, અને જસા નામે બ્રાહ્મણી તરીકે ઉત્પન્ન થયાં. હવે ભ્રગુ નામે બ્રાહ્મણ રાજાના પુરોહીતની પદવી પામ્યો, તેથી ઘણો પૈસાપાત્ર થયો, પણ તેને પુત્ર નહિ હોવાથી તે અનેક પ્રકારની ચીંતા રાખી, અનેક પ્રકારના ઉપાય કરતો.

હવે બાકી રહેલા બે દેવોએ પોતાનું છ માસનું આયુષ્ય બાકી રહ્યું જાણી પોતાની ઉત્પત્તિનું સ્થાનક અવધિજ્ઞાને કરી જોયું તો બ્રાહ્મણીને પેટે અવતાર લેશું એવું દીઠું. તો ત્યાં દીક્ષા લેતાં વિઘ્ન ન કરે એટલા માટે તેઓ પ્રથમ સાધુનું રૂપ કરી તે બ્રાહ્મણને ઘેર આવ્યાં. પુત્રના અર્થી સાધુનો બોધ સાંભળી શ્રાવક વ્રત લીધા પછી સાધુને પૂછ્યું કે, મહારાજ! અમારે કોઇ પુત્રની પ્રાપ્તી થશે કે કેમ? સાધુ બોલ્યા કે, તમારે બે પુત્ર સાથે થશે, પણ તે બાલ્યાવસ્થામાં દીક્ષા લેશે. માટે તેને વિઘ્ન કરશો નહીં, તેઓ ભારે ઉપદેશક થશે એમ કહી દેવ પોતાને સ્થાનકે ગયા. તે પછી થોડાજ વખતમાં તે બન્ને દેવો ત્યાંથી ચવીને બ્રાહ્મણીની કૂખે ઉપન્યા. તે પછી ભૃગુ પુરોહીતે વિચાર્યું કે, આ ગામમાં રહેવાથી બાળકો જન્મ પામી સાધુ સમાગમ થયે દીક્ષા લઇ લેશે. એમ ધારી ઇખુકાર નગરીથી થોડે દૂર એક બ્રાહ્મપુરી વસાવી ત્યાં સર્વે રહેવા ગયા. નવ માસે બાળક જનમ્યા. નવ વરસના થયા તે વારે માતા પીતાએ બાળકોને શિખામણ આપી કે, હે પુત્રો! જે સાધુને મોઢે મુહપતી, બગલમાં રજોહરણ, અને હાથમાં પાત્રાં હોય એવા જૈન ધર્મના સાધુનો જરા પણ વિશ્વાસ રાખશો નહિ. કેમકે તમારા જેવા બાળકોને એકિલાં દેખે તો તેઓ પકડી જાય છે અને તે બાળકોને મારી નાખી તેનું માંસ ખાઈ જાય છે. આહા! મોહની કર્મની કેવી વિચિત્ર ગતિ છે? મોક્ષ જનાર જીવોના મુખમાંથી પણ કેવા શબ્દો નીકળે છે! જે તરણ તારણ ગુરૂ તેને પણ મોહના ઉદયથી કસાઇ જેવાં કહ્યાં! એ કર્મની વિચિત્ર ગતિ! માબાપે બાળકોને જેમ સમજાવ્યા તેમ તેઓ સમજ્યા.

એક દિવસ તે બાળકો ગામ બાહાર વડના ઝાડ તળે રમે છે તેવામાં બે સાધુને ગામમાંથી ગૌચરી કરી ચાલ્યા આવતાં જોઇ બાળકો ભયથી વડના ઝાડ ઉપર ચઢી ગયા. સાધુ પણ સ્વાભાવિક તેજ વડ નીચે આહાર કરવા બેઠા. બાળકોએ ઉપરથી જોયું તો અન્ન સિવાય માંસાદિ કાંઇ પણ જોયું નહી. તે વારે બાળકોએ વિચાર્યું કે, મા બાપે આપણને ખોટી રીતે ભમાવ્યા છે. આ સાધુ ઘણા પવિત્ર અને દયાળું દેખાય છે. આવા સાધુ આપણે કોઇ વખત જોયા છે. એમ વિચાર કરતાં જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન થયું. એટલે નીચે ઉતરી સાધુને વાંદી, તેમનો બોધ સાંભળી વૈરાગ્ય પામ્યા અને માતા પીતા પાસે આવ્યા. બાકી સૂત્રથી જાણવું.

અધ્યયન અઢારમું.

ગાથા ૩૪ મીઃ—एयं पुन्न पयं सोच्चा, अत्थ धम्मो वसोहियं;
भरहोवि भारहं वासं, चेच्चा कामाइ पव्वइए ॥ ३४ ॥

ભાવાર્થ—હવે તમારા સરિખા શૂરવીર જીનશાસન માંહી થયા તેનાં ગુણ કીર્તન કરૂં છું તે સાંભળો. અર્થ તે મુક્તિરૂપ ફળ અને ધર્મ તે જીનશાસન રૂપ જ્ઞાન દર્શન સહિત ચારિત્ર એ બેહુ કરીને શોભિત છે. પુણ્યપદ એટલે શુદ્ધ મતને સાંભળી હૃદયે ધારીને પહેલા ભરત ચક્રવર્તીએ પણ ભરતક્ષેત્રનું રાજ્ય અને કામભોગને છોડીને ચારિત્ર લીધું.

ભરત ચક્રવર્તિની કથા ચમોતેરમી.

આ ભરત ક્ષેત્રમાં બાર જોજન લાંબી અને નવ જોજન પહોળી એવી અયોધ્યા નામે નગરીને વિષે પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાનના પુત્ર પ્રથમ ચક્રવર્તી, ભરત નામે મહારાજા થયા. તેમને નવ નીધાન, ચૌદ રત્ન, બત્રીસ હજાર મુગટબંધ રાજા, ચોરાસી લાખ ઘોડા, ચોરાસી લાખ રથ, ચોરાસી લાખ હાથી, છન્નુ ક્રોડ પાયદળ, બત્રીશ હજાર દેશ, અડતાલીસ હજાર પાટણ, બત્રીશ હજાર મોટાં નગર, નવાણું હજાર દ્રોણ, સોળ હજાર યક્ષ, ચોસઠ હજાર અંતઃપુર હતું. અને તે સાથે ક્રીડા કરતા વિચરતા હતા. તે સર્વ સાહ્યબી પૂર્વ ભવે પાંચસે સાધુની તેમણે વૈયાવચ કરેલ તેનાં શુભ ફળ તરીકે ભોગવતા હતા. જૈન ધર્મના રાગી અને ચાર તીર્થની સેવા ભક્તિના કરનાર એવા ભરત ચક્રવર્તી છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીની પદ્ધિ ભોગવતા થકા વિચરતા હતા. એકદા તે ભરત મહારાજ સ્નાનને અર્થે અલંકાર સહીત અરીસા ભુવનમાં પેઠા. ત્યાં પ્રથમ તેલ મર્દન કરતાં આંગળીયેથી વીંટી નીકળી ગઇ. અરીસામાં જોતાં અડવી શોભા રહિત દીઠી. આથી બીજી આંગળીમાંથી વીંટી દૂર કરતાં તે પણ તેના જેવી શોભા રહિત દીઠી. એમ સર્વે અલંકાર ઉતારવાથી શરીર શોભા રહીત થયું અને વૈરાગ્ય ઉત્પન્ન થયો જેથી વિચાર્યું કે, પર પુદ્દગળ વડે શરીર શોભે છે પણ

આત્મ સ્વરૂપ વડે શોભતું નથી ! ઇત્યાદિક ભાવના ભાવતાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. શાસનદેવે ઓઘો મુહપતી આપ્યાં, અને સાધુનો વેષ પહેરી બહાર આવી સભામાં બોધ કરવાથી દસ હજાર મુગટબંધ રાજાઓએ દીક્ષા લીધી. અંતે કર્મ ખપાવી મોક્ષ ગયા.

સગર નામા બીજા ચક્રવર્તિની કથા પંચોતેરમી.

गाथा ३५ मीः—सगरो वि सागरंतं, भरह वासं नराहिवोः
इस्सारियं केवलं हिच्चा, दयाइ परिनिव्वुओ. ॥३५॥

ભાવાથ—તેમજ બીજો સગર નામે ચક્રવર્તી કે તેની પુર્વ, દક્ષિણ અને પશ્ચીમ એ ત્રણ દિશાએ સમુદ્ર સુધી અને ચોથી ઉત્તર દિશામાં ચુલહિમવંત પર્વત સુધી આજ્ઞા પ્રવર્તે એવા ભરત ક્ષેત્રનું રાજ્ય અને સંપુર્ણ ઠકુરાઇ છાંડીને તે પણ દયા અને સંજમે કરી મોક્ષનેવિષે પહોંચ્યો.

કોશળ દેશની અયોધ્યા નગરીમાં જીતશત્રુ રાજા હતા, તેમના લઘુભાઇ સુમીત્ર હતા. જીતશત્રુ રાજાને વીજ્યા નામે રાણી હતી અને સુમીત્રને યશોમતી નામે રાણી હતી. બન્ને રાણીઓને ચૌદ સ્વપ્ન સુચીત પુત્ર ઉત્પન્ન થયાં. વીજ્યા રાણીને અજીત પુત્ર થયો, અને યશોમતી રાણીને સગર નામે પુત્ર થયો. બન્ને પુત્રો થયા પછી પીતાએ દીક્ષા લીધી. ત્યાર પછી અજીત કુંવર રાજા થયા, અને સગર યુવરાજ પદ પામ્યા. અજીતનાથે તીર્થંકર હોઇ વર્ષીદાન દઇ દીક્ષા લીધી, અને સગરને રાજ સોંપ્યું. એટલે તેઓ બીજા ચક્રવર્તી સગર રાજા થયા. ચક્રવર્તીએ સઘળી ઋદ્ધિ મેળવી. તેમને સાઠ હજાર દીકરા થયા. તેમાં મોટા પુત્રનું નામ જનહુ હતું. એક દીવસ પોતાના સાઠ હજાર પુત્રો સહીત સગર રાજા સભામાં બેઠા હતા તે વખતે સભા જોઇ પોતે બોલ્યા કે, આવી ઋદ્ધિ અને કુટુંબ સહીત કોઇ ચક્રવર્તી રાજા થયો હશે ? તે વારે સર્વે કોઇ બોલ્યા કે, ના સાહેબ. આપ એકિલાજ આવી ઋદ્ધિ પામ્યા છો. બીજો કોઇ થવાનો સંભવ નથી. તેવામાં કોઇ એક ચારણ બોલ્યો કે, મહારાજા ! બધી ઋદ્ધિ મેળવી તે ઠીક છે, પણ કાંઇક નવું કામ કરી બતાવો તો જુગોજુગ નામ રહે.

રાજાએ કહ્યું કે, નવું કામ જે કહો તે કરૂં. ચારણ બોલ્યો કે, મહા ગંગા નદી જે પૂર્વ દિશામાં વહે છે, તેને વાળીને તમારા ગામના પાદરે લાવો તો જુગોજુગ નામ રહે. તે સાંભળી સગર રાજા તરત ઉઠયા. એટલે તેમના ભક્તિમાન પુત્ર જનહુ પ્રમુખ બોલ્યા કે, એ કામ તમારૂં નથી! 'તરણું કાપવું તેમાં કુહાડાનું શું કામ?' એ નદી તો અમે વાળી લાવીશું. એમ કહી સાઠે હજાર પુત્ર ગંગા નદીને કાંઠે ગયા. અને ત્યાં જઇ નદી ખોદવા લાગ્યા. તે વારે ગંગાદેવી કોપાયમાન થઇ બોલી કે, અરે મરણુના વંચ્છનહાર! આ શું કરો છો? તે વારે જનહુ બોલ્યો કે, અમારે નદી વાળવી છે. એમ બેવાર ત્રણવાર કહ્યા છતાં નદી ખોદવા માંડી એવામાં ભેખડ તુટી પડવાથી સાઠે હજાર પુત્રો મરણ પામ્યા. તે પછી ગંગાદેવીએ અવધીજ્ઞાન મુકીને જોયું, તો તે સાગર ચક્રવતીના પુત્ર જોઇ દેવી વિચાર કરવા લાગ્યા કે, આ ઘણું ખોટું થયું. સગર ચક્રવર્તિ છે; તેને હું શું જવાબ દઇશ? આથી એક ઘરડી બાઇનું રૂપ કરી નગરના દરવાજાની પાસે રાજાની સ્વારી જવાના રસ્તામાં બેઠી. થોડીવારે સગર ચક્રવર્તિ સેના સહીત ક્રીડા કરવા નીકળ્યા. એટલે ડોસીએ છેડો વાળી કલ્પાંત કરવા માંડયું. આ સાંભળીને રાજા ડોસી પાસે આવીને બોલ્યો કે, શા દુઃખે આટલું બધું રોવે છે? ડોસી બોલી કે, મારો એકનો એક દીકરો મરણ પામ્યો છે, તો તેના વિના હું કેમ જીવી શકીશ? એથી રોવુંછું. રાજા બોલ્યા કે, એક દીકરો મરી ગયો તેથી શું થયું? ડોસી બોલી કે, તમારે સાઠ હજાર દીકરા છે જેથી તેમાંથી કદી અડધા મરે તોપણ તમે ન રોવો તો ચાલે પણ મારે તો એકજ દીકરો હતો. તે વારે રાજા બોલ્યો કે, ડોસી! અડધા પુત્ર તો શું પણ સાઠ હજાર એક સાથે મરે તોપણ તારી માફક આંખમાંથી આંસું બહાર ના પાડું! આટલું સાંભળતાંજ દેવીએ તરત ત્યાં પ્રકટ થઇ ચક્રવર્તિને કહ્યું કે, તારા સાઠે હજાર દીકરા નદી ખોદતાં ત્રણ વાર ના કહી છતાં પણ ખોદવા લાગ્યા, તેથી ભેખડ તળે ચંપાઇ મરણ પામ્યા છે. આટલું સાંભળતાંજ રાજા શોકાતુર થયો, પણ પ્રથમ બોલ્યો હતો કે, આંસુ ના પાડું જેથી આંસુ ન પાડયાં પણ સંસાર અસાર જાણી વૈરાગ્ય પામી દીક્ષા લીધી.

ત્રીજા મઘવ નામના ચક્રવર્તિની કથા છોંતેરમી.

गाथा ३६ मी—चइता भारहं वासं, चक्कवट्टी महड्ढिओ;

पव्व ज्जमब्भु वगओ, मघवं नाम महायसो. ॥ ३६ ॥

ભાવાર્થ—મહાયશવંત એવો મઘવ નામ ચક્રવર્તી મોટી ઋદ્ધિનો ધણી તે ભરતક્ષેત્રનું રાજ્ય તજીને દિક્ષા લેવાને સાવધાન થયો.

મહીમંડળ નગરને વિષે વાસુપુજ્ય તીર્થંકરના શાસનમાં નરપતિ નામે રાજાએ સંસાર અસાર જાણી દીક્ષા લીધી. અંતે કાળ કરીને ગ્રૈવેયકે દેવ થયા, ત્યાંથી ચવિને સાવથીં નગરીને વિષે સમુદ્રવિજય નામે રાજા, તેની ભદ્રા નામે રાણી, તેની કુખે ચઉદ સ્વપ્ન સુચીત પુત્ર થયા. માતા પીતાએ તેમનું નામ મઘવ રાખ્યું. યૌવન અવસ્થા પામી પિતાએ રાજ્ય સોંપ્યું. તે વારે પછી નવ નીધાન અને ચૌદ રત્ન પ્રાપ્ત થયાં અને સર્વ ચક્રવર્તીની ઋદ્ધિ ભોગવી. છેવટે સંસાર અસાર જાણી દીક્ષા લઇ, પાંચ લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ ભોગવી, ઘનઘાતી કર્મ ક્ષય કરી, કેવળજ્ઞાન પામી મોક્ષ પધાર્યા.

ચોથા સનત્કુમાર ચક્રવર્તિની કથા સીત્યોતેરમી.

गाथा ३७ मीः—सणङ्कुमार मणुस्सिन्दो, चक्कवटी महड्ढिओ;

पुत्तं रज्जे ठवेऊणं, सोविराया तवं चरे. ॥ ३७ ॥

ભાવાર્થ—ચોથો સનતકુમાર નરેંદ્ર ચક્રવર્તિ મોટી ઋદ્ધિનો ધણી પુત્રને રાજ્યને વિષે સ્થાપીને તે રાજાએ પણ તપ આચર્યો તે ઉપર સનતકુમારૂ ચક્રવર્તિની કથા.

કંચનપુર નગરીને વિષે સીદ્ધકર્મ યશા નામે રાજા હતો. તેને પાંચસે રાણીઓ હતી, તે નગરમાં નાગદત્ત નામે સાર્થવાહ હતો, તેને વિષ્ણુ નામે મહા રૂપવંત સ્ત્રી હતી. તે

સ્ત્રીને રાજાએ એક દીવસ જોઈ મોહ પામી તેના ધણીથી ગુપ્ત રીતે અંતઃપુરમાં મંગાવી લીધી. તે સાથે રાજા સુખ ભોગવતો થકો રહે છે. નાગદત્ત સાર્થવાહ સ્ત્રીના વિયોગથી ઘેલો થઇ ગયો હતો. એક દિવસ તે વિષ્ણુ રાણીને પાંચસે રાણીઓએ કામણ કરી મારી નાખી. તે વારે રાજા પણ તેના વિયોગે ઘેલા જેવો થઇ ગયો તેથી તેનું કલેવર અગ્નિમાં બાળવા ન દે, અને કહે કે મારી સ્ત્રી મરણ પામી નથી પણ મારાથી રીસાણી છે, તેથી બોલતી નથી, હવે તે બોલશે. રાજાનાં આવાં વચન સાંભળી પ્રધાન રાજાને સમજાવવા સ્ત્રીનું શબ જંગલમાં લઇ ગયો. ત્યાં તે શબ થોડાજ વખતમાં વીણસ્યું, તેના શરીરમાં જીવડા પડયા, અને સ્તન વૃદ્ધ પંખીએ ખાધા, કાગડાઓએ લોચન કાચ્યાં, શીઆળીયાઓએ આંતરડાઓ બહાર કાઢયા, અને માંખોએ શરીર ઢાંકયું. આવું શરીર થઇ ગયું. તે રાજા સ્ત્રીના વિયોગથી ખાતો પીતો નથી. હમેશાં આંખમાંથી આંસુ વડે જમીન ભીની કરે છે. તે જોઇ પ્રધાન રાજાને કહેવા લાગ્યો કે, મહારાજા ! ચાલો, વિશ્ણુ સ્ત્રીના હું તમને દર્શન કરાવું. એમ કહી વીણસેલા શબ પાસે રાજાને લાવ્યો. ત્યાં આવતાંજ દૂરથી દુર્ગંધ આવવા લાગી અને પાસે અવતાં ન જોઇ શકાય તેવી શબની અવસ્થા દેખી રાજાએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. અંતે કાળ કરી ત્રીજે દેવલોક ગયો ત્યાંથી ચવી રતનપુર નગરમાં કોઇ ધનદત્ત નામે જૈન ધર્મિને ત્યાં દીકરાપણે અવતાર લીધો. ત્યાં તે નાનપણથીજ જૈન ધર્મનો શ્રાવક થયો.

હવે પૂર્વે જે નાગદત્ત સાર્થવાહ કે જેની સ્ત્રી રાજા લઇ ગયો હતો. તે સ્ત્રીના વિયોગથી ઘેલો થઇ ગએલો દુઃખ ભોગવી મરણ પામી સીંહપુર નગરને વિષે અગ્નિશર્મા નામે બ્રાહ્મણ થયો, અને સંસાર છોડી ત્રીદંડી સાધુ થયો. તે બમે માસખમણ કરે છે. એક દિવસ ફરતાં ફરતાં રત્નપુર નગરે આવ્યો. તે ગામનો રાજા નરવાહન તે ત્રીદંડીનો ભગત હતો. રાજાએ તેને તપસ્વી જાણી જમવાનું નોતરૂં દીધું, એટલે સાધુએ કબૂલ કર્યું. તે વારે તે ત્રીદંડીઆને કેટલાક માણસો કહેવા લાગ્યા કે, મહારાજ! તમારા દર્શન અર્થે સર્વે કોઇ આવ્યા, પણ એક ધનદત્ત નામે શેઠનો પુત્ર જૈનધર્મી હોવાથી તમને નમતો નથી. તે સાંભળી ત્રીદંડીઆએ રાજાને કહેવડાવ્યું કે, તારા નગરમાં ધનદત્ત શેઠનો દીકરો પોતાના વાંસા ઉપર થાળી મુકી મને જમાડે તો તારે ઘેર જમવા આવું. તે સાંભળી રાજાએ હા કહી, અને જમવા બોલાવ્યો. શેઠના દીકરાને પણ

કહેવડાવ્યું. શેઠનો પુત્ર અવસરનો જાણુ હતો જેથી વ્રતમાં રાજાનો આગાર જાણી આવ્યો એટલે તેના વાંસા ઉપર ગરમ ધગધગતી થાળી મુકીને સાધુ જમ્યો. તે પછી થાળી ઉખાડતાં તમામ ચામડું ઉખડી ગયું અને માંસ દેખાવા લાગ્યું, વળી રૂધીર વહેવા લાગ્યું. એવી અવસ્થામાં તે ઘેર જઇ વિચારવા લાગ્યો કે, જો હું સાધુ થયો હોત તો આ વખત ન આવત. એમ વિચારી માતા પિતાની આજ્ઞા લઇ ગુરૂ પાસે દીક્ષા લીધી. અવસર જાણી પર્વત ઉપર ચઢી સંથારો કર્યો, અને પાછલો ખુલ્લો થએલો માંસ ગીધ પક્ષીઓ તથા કાગડાઓ કરડવા લાગ્યા. પણ સમતા રાખી પંદર દીવસનું અણુસણ પુરૂં કરી પહેલા દેવલોકે ઇંદ્ર થયા. તાપસ પણ કાળ કરી તે ઇંદ્રનો એરાવણ નામે હાથી થયો. છેવટે તે હાથી મરણ પામી કેટલાક ભવ ભમી એક જક્ષ થયો. અને ઇંદ્રનો જીવ ત્યાંથી ચવી હથીણાપુર નગરે અશ્વસેન રાજા અને તેની સહદેવી નામે રાણીની કૂખે ચઉદ સ્વપ્ન સુચીત પુત્ર થયો. માતા પિતાએ તેનું સનત્કુમાર નામ રાખ્યું. ઉમર લાયક થયો એટલે બોતેર કળાઓ ભણ્યો. એટલે અશ્વસેન રાજાએ કુંવરને રાજ્ય આપી ધર્મનાથ તીર્થંકરના શાસનમાં કોઇક આચાર્ય પાસે દીક્ષા લીધી. તે પછી સનત્કુમાર રાજાને નવ નીધાન અને ચૌદ રત્ન પ્રાપ્ત થયાં, અને છ ખંડ સાધતાં એક હજાર વર્ષ થયાં, એટલે પોતાને નગરે આવ્યા, તેજ વખતે પહેલાં દેવલોકનો ઇંદ્ર અવધીજ્ઞાન વડે સનત્કુમાર ચક્રવર્ત્તીને જોઇ તે પોતાનો પાછલા ભવનો મીત્ર હોવાથી ધનદ દેવને ઇંદ્રે કહ્યું કે, તમે મૃત્યુલોકમાં અપ્સરા સહીત જઇ ઇંદ્રના જેવો તેનો રાજ્યાભીષેક કરો. તે ઇન્દ્રના કહેવા પ્રમાણે કરી દેવ સ્વર્ગે ગયો. તે પછી મોટા રાજાઓએ બાર વરસ સુધી રાજ્યાભીષેક કર્યો, એમ સુખ ભોગવતાં એક દિવસ રાજ્ય સભામાં અલંકાર સહીત સીંહાસન ઉપર ચક્રવર્ત્તિ બીરાજ્યાં છે, તે વખતે ઇંદ્ર મહારાજા પેહેલે દેવલોકે સભામાં નાટક કરાવતા બેઠા છે, એવામાં એક સંગમ નામે દેવ બીજા દેવલોકથી પહેલાં દેવલોકમાં સુધર્મ સભામાં આવ્યો. તેના રૂપના તેજ વડે, જેમ સૂર્યના તેજથી તારાઓનું તેજ ઢંકાઇ જાય, તેમ ઇંદ્ર પાસે બેઠેલા દેવોનું રૂપ પણ ઢંકાવા લાગ્યું. તે પછી તે દેવ પોતાના સ્થાનકે ગયો, તે વારે ઇંદ્રને દેવોએ પૂછ્યું કે, માહારાજા ! આ દેવ આટલું બધું રૂપ શાથી પામ્યો ? ઇંદ્રે કહ્યું, મૃત્યુલોકમાં સાધુપણામાં તેણે આંબેલ વગેરે તપ કર્યો હતો તેથી રૂપ પામ્યો છે. ફરી દેવોએ પૂછ્યું કે, તે દેવ કરતાં કોઇ અધીક રૂપવાન હશે ? ઇંદ્રે કહ્યું કે, મૃત્યુલોકે સનત્કુમાર ચક્રવર્તિનું રૂપ જીભે કહી શકાય

નહીં તેવું છે. તે સાંભળી દેવતા ઇંદ્રનું વચન અણુસર્દહતો, એ બ્રાહ્મણનું રૂપ કરી મૃત્યુલોકે સનતકુમાર ચક્રવર્ત્તીને મકાને આવ્યા ત્યાં દરવાજે તેમને માણસોએ અટકાવ્યા. બ્રાહ્મણોએ કહ્યું કે, અમે મહારાજાનું રૂપ જોવા આવ્યા છીએ, એટલે ચક્રવર્ત્તીની આજ્ઞા લઈ બ્રાહ્મણોને અંદર જવા દીધા. તે વખતે ચક્રવર્તી અલંકાર ઉતારી સ્નાન કરવા બેઠા હતા. અનેક દ્રવ્ય-વાસીત વસ્તુઓએ શરીર વીલેપન કર્યું હતું. તેવું શરીર બ્રાહ્મણો જોઇ આશ્ચર્ય પામ્યાં. તે વારે ચક્રવર્ત્તીએ પુછ્યું કે, તમે શું જોયું ? બ્રાહ્મણો બોલ્યા કે, ત્રણ લોકમાં આશ્ચર્યકારક તમારૂં રૂપ સાંભળ્યું હતું, તે કરતાં પણ આજે અધીક દીઠું. તે સાંભળી ચક્રવર્તી બોલ્યાં કે, હજુ મારૂં રૂપ તમારે જોવું હોય તો થોડી વાર સબુર કરો. જ્યારે હું સ્નાન મંજન કરી અલંકાર સહીત સીંહાસને બેસું તે વખતે મ્હારૂં રૂપ જોજો ! ત્યાં સુધી જરા થોભી જાવ. એમ કહી બ્રાહ્મણોને દૂર મોકલ્યાં, તે પછી ચક્ર-વર્ત્તી સ્નાન કરી, અલંકાર પહેરી ત્રણ છત્ર સહીત લીલાં કરતા સીંહાસને બેઠા. પછી બ્રાહ્મણોને રૂપ જોવાં બોલાવ્યાં. બ્રાહ્મણો ત્યાં આવી રૂપ જોઇ દ્રષ્ટિ નીચી કરી મસ્તક હલાવવા લાગ્યાં, સનતકુમારે પૂછ્યું કે, હે બ્રાહ્મણો ! પ્રથમ મારૂં રૂપ જોતાં તમોને જે આનંદ થયો હતો તે આનંદને બદલે આ વખતે તમને અણગમો કેમ થયો ? બ્રાહ્મણો બોલ્યા કે, હે રાજા ! રૂપના મદ વડે તારૂં રૂપ વીરૂપ થયું છે. શરીરમાં સોલ રોગ ઉત્પન્ન થઇ ચુક્યાં છે. રાજાએ કહ્યું કે, તેનો પ્રત્યક્ષ પુરાવો શું ? બ્રાહ્મણોએ કહ્યું કે, મુખમાં ચાવેલું તંબોલ થાળીમાં નાંખી તપાસ કરો. તપાસ કરતાં અસંખ્ય જીવો ઉત્પન્ન થયેલાં જોઇ દેવો સકેંદ્રનું વૃત્તાંત કહી પોતાને સ્થા-નકે ગયાં અને ચક્રવર્ત્તીએ રૂપ અને શરીર અસાર જાણી દીક્ષા લીધી. બાદ સોળ રોગ બહાર પ્રગટ થયાં. સાતસેં વરસ સુધી માસ માસ ખમ-ણનો તપ કર્યો અને સાતસેં વરસ સુધી સોલ રોગ સહન કર્યા. જરા પણ ઔષધ લીધું નહી, અને લબ્ધી ઉત્પન્ન થઈ. ફરી દેવો વૈદનું રૂપ કરી સાધુને ચળાવા આવી બોલ્યાં કે, હે સાધુ ! તમારો રોગ અમે મટાડીએ. સાધુએ કહ્યું કે, કર્મ રોગ મટાડો છો કે શરીર રોગ ? વૈદે કહ્યું કે, શરીર રોગ. તે વારે સાધુએ થુંકવાળી આંગળી કરી ગુમડા ઉપર ચોપડી તો તેટલી કાયા કંચન જેવી થઇ ગઇ. સાધુ કહેવા લાગ્યા કે, કર્મ રોગ મટયાં વગર શરીર રોગનું ઔષધ કરવું તે મીથ્યા છે. તે વારે દેવો પ્રસન્ન થઇ નમસ્કાર કરી, સ્થાનકે ગયાં અને સાધુ પણ સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા.

પાંચમા ચક્રવર્ત્તિ સોળમા શાંતીનાથની કથા છઠ્યોતેરમી.

ગાથા ૩૮ મીઃ—चइत्ता भारहं वासं, चक्क वट्टी महड्ढिओ;
सन्ती सन्ती करे लोए, पत्तो गइ मणुत्तरं. ॥ ३८ ॥

ભાવાર્થઃ—લોકને વિષે શાંતિ કરનારા મોટી ઋદ્ધિના ધણી પાંચમા શાંતિનાથ નામે ચક્રવર્તી ભરત ક્ષેત્રનું રાજ્ય છોડીને ઊતમ મોક્ષ ગતી પામ્યા.

પુર્વે માહાવિદેહ ક્ષેત્રમાં સલીલાવતી વિજય પુંડરગીરી નગરીને વિષે મેઘરથ નામે રાજા હતા. એકદા મેઘરથ રાજા પૌષધશાળામાં (સભામાં) બેઠા હતા તે વખતે ઇંદ્ર મહારાજે મેઘરથ રાજા જીવદયા પ્રતિપાળ છે એમ પ્રશંસા કરી. તે વારે કોઇ મીથ્યાદ્રષ્ટિ દેવ તેની પરીક્ષા કરવા સીંચાણો (બાજ) અને પારેવાનું રૂપ કરી આવ્યો. પારેવું ભયભ્રાંત થઇ રાજાના ખોળામાં બેસી મનુષ્યની ભાષા બોલ્યું કે, હે રાજા! મને તારૂં શરણુ હોજો. તે વારે રાજાએ પારેવાને શરીરે હાથ ફેરવ્યો. તેટલામાંજ તેની પાછળ સીંચાણો તુરત આવ્યો. તે પણ મનુષ્ય ભાષા બોલ્યો કે, હે રાજા! મારૂં ભક્ષણ મેં ઘણી મહેનતે મેળવેલું, તે મારી ચાંચમાંથી છટકી તારી પાસે આવ્યું છે માટે ન્યાયની રીતે મારૂં ભક્ષણ મને મળવું જોઇએ. રાજા બોલ્યો કે, હે સીંચાનક! એ પારેવું મારા શરણે આવ્યું છે ને શરણાગતને મારે પાછું ન આપવું એ ક્ષત્રીનો ધર્મ છે માટે તું પણ વિચાર કર કે, જેમ તારો જીવ તને વાહાલો છે તેમ તેનો જીવ તેને પણ વાહાલો છે. તેને તું ખાઇશ જેથી થોડીવાર તને તૃપ્તિ થશે પણ તેની તો આખી જીંદગાનીનો નાશ થશે અને તે પાપ તને લાગશે. તારી ક્ષુધા સમાવવી હોય તો બીજા આહારથી પણ ક્ષુધાની તૃપ્તિ થશે પણ જે વાતથી નરકનું આયુષ્ય બંધાશે તેની ઘણા કાળ સુધી વેદના ભોગવવી પડશે તે માટે તું જીવની ઘાત કરવી રહેવા દે. તારા અંતઃકરણમાં દયાભાવ ધારણ કર કે જેથી પરલોકે સુખ પામે. તે વારે સીંચાણો મનુષ્ય ભાષાએ બોલ્યો કે, હે રાજા! મારા ભયથી પારેવો તમારી પાસે આવ્યો છે તેને શરણાંગત તરીકે રાખ્યો તો હું પણ તમારે શરણે ભૂખ્યો આવ્યો છું. જેમ તેને રાખ્યો તેમ મને પણ રાખો, અને તે પક્ષી મને આપો. કેમકે સીંહ અને

સીંચાણો સો વરસ સુધી ભૂખ્યા રહે તો પણ અન્ન ન ખાય. માત્ર પોતાની મેળે મારેલું જનાવર જ ખાય છે. માટે મને બીજું ખપતું નથી. ધર્મ અધર્મનો વિચાર તો ક્ષુધા તૃપ્તિ થયા પછી થાય છે. ભૂખ્યો અને દુઃખીયો કયો જીવ પાપ નથી કરતો તે વિચારો! તે વારે મેઘરથ રાજા બોલ્યા કે, હે સીંચાણા! એ પારેવા બરાબર મારા શરીરનું માંસ કાઢી તે તું ખાઇને તારી ક્ષુધા સમાવ. તેવારે સીંચાણે ખુશી થઇને કબુલ કર્યું. તુરતજ રાજાએ ત્રાજવા મંગાવ્યાં. એક બાજુ પર પારેવું મુકી છરીવડે પોતાના શરીરમાંથી માંસ કાપી મુકવા માંડયું. પણ દેવ માયાથી તે પારેવું વજનમાં વધતું ગયું. એટલે રાજાએ સર્વ શરીર સીંચાણાને અર્પણ કર્યું, અને કહ્યું કે, ખુશી આવે તેટલું ખા!!! રાજમાં હાહાકાર થયો, પણ રાજાની મનાઇ હોવાથી કોઇ પણ બોલી શકયું નહી. તેવારે દેવતાએ અવધીજ્ઞાન મુકીને રાજાના પરીણામ જોયા તો ઘણા ચઢીયાતા દીઠા. તે વારે સર્વ માયા સંકેલી દેવ પ્રગટ થઇ રાજાને પગે લાગી પોતાને સ્થાને ગયો. તે વાર પછી કેટલાક દીવસે રાજા પુત્રને રાજ સોંપી દીક્ષા લઇ અગીયાર અંગ ભણ્યા અને વીસ સ્થાનકનું સેવન કરી તીર્થંકર ગોત્ર ઉપાર્જન કરી કાળને અવસરે કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવપણે ઊત્પન્ન થયા ત્યાંથી ચવિ હસ્તિણાપુર નગરે અશ્વસેન રાજા, તેની અચીરા નામે રાણી તેની કૂખે ચૌદ સ્વપ્ન સુચિત પુત્રપણે અવતાર લીધો. તે પહેલા તેજ નગરમાં ભયંકર મરકીનો ઉપદ્રવ હતો. તે જે રાત્રે અચીરાની કૂખે પુત્રપણે અવતાર લીધો તેજ દીવસથી મરકીના રોગની શાંન્તિ થઇ જેથી જ્યારે એ પુત્ર જન્મશે ત્યારે એ પુત્રનું નામ શાન્તિનાથ રાખીશું એમ ધાર્યું. અનુક્રમે સવાનવ મહિને પુત્રનો જન્મ થયો. તે વારે ચોસઠ ઇંદ્ર, છપન્ન દીશા કુમારીકાઓ વગેરેનો સર્વ અધિકાર સુત્રમાંથી જાણવો. જાવત છ ખંડની સાહ્યબી મેળવી છેવટે સર્વ ઋદ્ધીનો ત્યાગ કરી દીક્ષા લઇ કેવળજ્ઞાન પામી ઘણા જીવોને પ્રતિબોધ કરી નવસો સાધુ સંગાથે સમેત શિખરપર્વતપર સંથારો કરી મોક્ષ પધાર્યા.

છઠ્ઠા ચક્રવર્તિ કુંથુનાથ ભગવાનની કથા અગન્યાએંસીમી.

गाथा ३९ मी—इखा गराय वसभो, कुन्थू नाम नरीसरो;

विखाय कित्ती भगवं, पत्तो गइ मणुत्तरं. ॥ ३९ ॥

ભાવાર્થ:—ઈક્ષ્વાગ વંશી રાજા માંહી વૃષભ (બળદ) સમાન અને જેની કીર્ત્તિ પ્રસિદ્ધ છે એવા છઠ્ઠા કુંથુનાથ નામે ચક્રવર્તી પણ ઊત્તમ મોક્ષ ગતી પામ્યા.

જંબુદ્વીપમાં પુર્વે મહાવિદેહ ક્ષેત્રમાં આવરત નામે વિજય ખડગી· પુરી નગરીને વિષે સીંહવહ નામે રાજા થયો. તેણે સંવર આચાર્ય પાસે દીક્ષા લીધી, વીસ સ્થાનક સેવન કરી તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કર્યું. ચોકખું ચારીત્ર પાળી કાળ કરી સર્વાર્થસીદ્ધ વિમાને ઊપન્યા ત્યાંથી ચવીને ભરતક્ષેત્રને વિષે હસ્તીનાપુર નગરે સુરનામે રાજા અને તેની શ્રીનામે રાણીની કૂંખે ચૌદ સ્વપ્ન સુચીત પુત્રપણે અવતાર લીધો. તે વારે તે રાજાના વેરી ઘણા હતા તે સર્વે આ પુત્ર ઉપન્યા પછી કંથવા સરીખા થયા. જેથી માતાપીતાએ એ બાળકનું નામ કુંથનાથ પાડયું. ઉંમર લાયક થયા ત્યારે ચક્રવર્તિની ઋદ્ધિ મેળવી, તીર્થંકર પદવી ભોગવી, કેવળજ્ઞાન પામી મોક્ષ પધાર્યા.

સાતમા ચક્રવર્તિ અરનાથ ભગવાનની કથા એંસીમી.

गाथा ४० मी—सागरन्तं चइत्ताणं, भरहं नरवरीसरो;

अरीय अरयं पत्तो, पत्तो गइ मणुत्तरं ॥ ४० ॥

ભાવાર્થ:—ત્રણ દિશાએ સમુદ્ર લગી અને ચોથી ઉત્તર દિશાએ ચુલ હિમવંત પર્વત સુધી જેની આજ્ઞા પ્રવર્તે એવા ભરત ક્ષેત્રને વિષે મનુષ્ય માંહિ ઊત્તમ સાતમા અરનાથ નામે ચક્રવર્ત્તી પણ રાજ્ય છોડીને કર્મ રૂપી રજ રહિત થઇને ઊત્તમ મોક્ષ ગતિએ પહોંચ્યા.

જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં વચ્છનામે વિજય, શીમાપુરી નગરી, ધનપતી રાજાએ સંવર આચાર્ય પાસે દીક્ષા લીધી. અનુક્રમે અગીઆર અંગ ભણી, વીસ સ્થાનક સેવી તીર્થંકર નામ ગોત્ર ઊપાર્જન કર્યું અને

કાળને અવસરે કાળ કરી નવમી ગ્રીવેકે ઉપન્યા ત્યાંથી ચવિ હસ્તીનાપુર નગરે, સુદર્શન નામે રાજા, દેવી નામે રાણીની કૂંખે, ચૌદ સ્વપ્ન સુચીત પુત્રપણે ઉપન્યા. તેમાં માતાએ પ્રથમ સ્વપ્નમાં રત્નનો આરો જોયો હતો જેથી સવા નવ મહીને પુત્ર જનમ્યો. તે વારે માત પીતાએ મહોત્સવ કરી અરનાથ નામ રાખ્યું. અનુક્રમે મોટા થયા. છ ખંડ અને ચક્રવર્તીની ઋદ્ધી મેળવી તે પછી ચક્રવર્તિની ઋદ્ધી છાંડી તીર્થંકરની પદવી ભોગવી, કેવળજ્ઞાન પામી, ભવ્ય જીવોને પ્રતિબોધી, મોક્ષ પધાર્યા.

આઠમા મહાપદ્મ ચક્રવર્તિની કથા એકાસીમી.

ગાથા ૪૧ મીઃ—चइत्ता विउलं रज्जं, चइत्ता बल वाहणं;

चइत्ता उत्तम भोए, महा पउमे तवं चरे. ॥ ४१ ॥

ભાવાર્થ:—મોટી ઋદ્ધિના ધણી નવમા મહા પદ્મ નામે ચક્રવર્તીએ પણ ભરત ક્ષેત્રનું રાજ્ય અને ભોગ છાંડીને તપ આચર્યું.

જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં ગજપુર નામા નગરને વિષે ઇક્ષ્વાકુ વંશના પદ્મોત્તર નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને જવાળા દેવી નામની રાણી હતી. તેમને પ્રથમ એક પુત્ર થયો તેનું નામ વિશ્નુકુમાર પાડયું તે પછી ચૌદ સ્વપ્ન સુચીત બીજો પુત્ર થયો, તેનું નામ મહાપદ્મ પાડયું. તે બન્ને ભાઇનું દેહમાન વિસ ધનુષ્ય હતું અને આયુષ્ય ત્રીસ હજાર વરસનું હતું. પીતાએ મહાપદ્મને યુવરાજ પદવી આપી તે વખતે ઉજ્જયંતિ નગરીમાં જૈન ધર્મનો દ્વેષી શ્રીધર્મ નામે રાજા હતો. તેને મહા મીથ્યાત્વી નમુચિ નામે પ્રધાન હતો. એક દીવસ શ્રી મુનિસુવ્રત સ્વામીના શિષ્ય સુવ્રતાચાર્ય ત્યાં પધાર્યા જાણીને તે નમુચિ પ્રધાન આચાર્યને જીતવા માટે આવ્યો. સભા વચ્ચે ચરચા કરતાં આચાર્યને જવાબ દઇ શક્યો નહી. લોકોમાં અપમાન થયું જાણી તેને ક્રોધ ઊત્પન્ન થયો. રાત્રીએ સાધુને મારવા ખડગ લઇ પ્રહાર કરે છે તેવામાં શાસનદેવીએ તેને ખડગ સહિત સ્થંભી રાખ્યો. સવાર પડતાં લોકો તેને એવી સ્થિતિમાં જોઇ તેની હાંસી કરવા લાગ્યા. તે પછી દેવી તથા સાધુને કાલાવાલા કરી છૂટયો. ત્યાંથી શરમાઇ ગજપુર નગરે રહ્યો. ત્યાં મહાપદ્મ રાજાએ તેને પ્રધાન પદ આપ્યું. તેમાં મહાપદ્મ રાજાનો એક દુશ્મન સામંતસિંહ

નામે રાજા આજ્ઞા પાળતો નહી હોવાથી તે મહાપદ્મ રાજાએ સભા મધ્યે બીડું ફેરવ્યું કે, એ રાજાને કોઇ વશ કરે તો તે જે માગે તે આપું. તે નમુચી પ્રધાને બીડું ઝડપ્યું. થોડાજ વખતમાં પોતાની કળા વડે તેને વશ કર્યો. રાજાએ કહ્યું કે, જે માગે તે આપું. પ્રધાને કહ્યું કે, મારે જરૂર પડશે ત્યારે વચન માગી લઇશ. હવે તે પછી મહાપદ્મના પીતા પદ્મોતર રાજાએ પોતાના વિશ્ણું કુમાર પુત્ર સહિત માહાપદ્મને ગાદી સોંપી અને પોતે મુનીસુવ્રત સ્વામી પાસે દીક્ષા લીધી. હવે એકદા શ્રી સુવ્રતાચાર્ય ગજપુરે ચોમાસુ રહ્યા છે, તે વખતે નમુચી પ્રધાને રાજા પાસેથી આપેલું વચન માગ્યું કે, મને સાત દીવસનું રાજ આપો. રાજા તેને સાત દીવસનું રાજ આપી પોતે એકાંત રહ્યો અને નમુચી રાજ કરવા લાગ્યો ત્યાર બાદ તેણે યજ્ઞ કરવા માંડયો. તે યજ્ઞમાં દર્શન કરવા તમામ ધર્મના માણસો આવ્યાં, પણ જૈન ધર્મી સુવ્રતાચાર્ય ન આવ્યાં જાણી હુકમ કર્યો કે, જૈન ધર્મના સાધુઓએ મારા રાજ્યમાં અને દેશમાં રહેવું નહી. જો રહેશે તો તેને મારી નાખીશ. સુવ્રતાચાર્યે એ વાત જાણી સાધુ એકઠા કરી કહ્યું કે, આ પ્રધાન આપણો દ્વેષી છે. તે જરૂર આપણને મારી નાખશે. હવે આપણે શું કરવું ? તેને સમજાવે તેવો કોઇ હોય તો તૈયાર થાવ. સાધુ બોલ્યા કે, વિષ્ણુકુમાર સાધુએ છ હજાર વરસ તપ કરી ઘણી લબ્ધિઓ મેળવી છે, હમણા તેઓ મેરૂ પર્વત ઉપર કાયોત્સર્ગમાં રહે છે. વળી તેઓ માહાપદ્મ રાજાના મોટા ભાઇ થાય છે. માટે તેનાથી એ શાન્ત થશે. ત્યારે ગુરૂએ કહ્યું કે, કોઇ સાધુ તેમને અહીં બોલાવી લાવવા શક્તિમાન હો તો બોલાવી લાવો. તે વારે એક સાધુ બોલ્યો કે, હું લબ્ધિ વડે જવા શક્તિમાન છું, પણ પાછો આવવા અશક્ત છું. તે વારે ગુરૂએ કહ્યું કે તમને વિષ્ણુકુમાર સાધુ જરૂર પાછા લાવશે. તે વારે તે સાધુ લબ્ધિ વડે મેરૂ ઉપર જઇ મુની સંકટની વાત કહી. વિષ્ણુ કુમાર તે સાધુ સહીત તુરત ગજપુરે આવ્યાં, અને નમુચીને કહેવા લાગ્યાં કે, હે રાજા ! અમને સાધુઓને ચાર માસ રહેવાની જગ્યા આપો. તે વારે નમુચીએ કહ્યું કે, તમે રાજકર્તાનાં વડીલ બંધુ હોવાથી માત્ર તમને એકલાનેજ રહેવાને સાડા ત્રણ હાથ જમીન આપું છું. તે તમારે જોઇએ ત્યાંથી માપી લ્યો. તે સાંભળતાંજ વિષ્ણુ કુમાર સાધુ કોપ સહીત લબ્ધિ વડે ઉંચું લાખ જોજનનું રૂપ કરી એક પગલું પુર્વમાં અને બીજું પગલું પશ્ચિમમાં મુકી બોલ્યા કે, હે નમુચી ! હવે ત્રીજું પગલું ક્યાં મુકવું તેની જગ્યા બતાવ. આ સાંભળી નમુચી ભયભ્રાંત થયો અને આપી ન શકયો. એટલે ત્રીજું

પગલું તેના માથા ઉપર મૂકી ચાંપીને મારી નાંખ્યો. તે મરીને ત્રીજે પાતાળે ગયો. સાધુએ રૂપ સંકેલી ગુરૂ પાસે પ્રાયશ્ચિત લેઇ શુદ્ધ થઇ વીહાર કર્યો. તે પછી મહાપદ્મ રાજાને નવ નીધાન, ચૌદ રત્ન વીગેરે ચક્રવર્તીની સર્વે ઋદ્ધિ પ્રાપ્ત થઇ. તે પછી ગુરૂ સમાગમે વૈરાગ્ય પામી સર્વે ઋદ્ધિ છોડી સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ ગતીને પામ્યા.

દશાર્ણભદ્ર રાજાની કથા બ્યાસીમી.

ગાથા:—दसण्ण रज्जं मुदितं, चइत्ताणं मुणी चरे:

दसण्णभद्दो निखंतो, सखं सक्केण चोइओ. ॥ ४४ ॥

ભાવાર્થ:—પ્રત્યક્ષ સકેંદ્રે પ્રેરણા કરવાથી પ્રમોદ (હર્ષ) સહિત દશાર્ણ દેશનું રાજ્ય છોડી દશાર્ણભદ્ર રાજાએ સંજમ આદર્યો.

આ ભરત ક્ષેત્રમાં દશારણપુર નામે નગરમાં દશાર્ણભદ્ર નામે રાજા રાજ્ય કરતો હતો અને વૈરાટદેશમાં ધાન્યપુર નામે નગર હતું. તે નગરને વિષે કોઇ એક ગામનો મુખી કણબીનો પુત્ર ઋદ્ધિવાન વસતો હતો. તેની રૂપવતી નામે સ્ત્રી કુછંદી અને લંપટ હતી. પણ ધણી તેના રૂપથી મોહીત થયેલો હોવાથી તેના અવગુણ જાણી શકતો ન હતો. તે સ્ત્રી પોતાના ધણીને સમજાવી પરદેશ મોકલતી અને પોતે એકલી ઘેર રહી એક જટાધારી જોગી સાથે સ્વેચ્છાએ ક્રીડા કરતી. એકદા સમયે તે ગામની બહાર ભવાયા રમતા હતા તેને જોવાને માટે તે કણબીની સ્ત્રી રાત્રે ત્યાં ગઇ. ત્યાં ભવાયાનો નાયક સ્ત્રીનો વેશ લઇ નાચતો હતો તેને રૂપવંત જોઇ તે સ્ત્રી મોહ પામી તેથી તે નાયકને બાજુ પર બોલાવી કહ્યું કે, જો તું આ સ્ત્રીના વેષ સહીત મારી સાથે મારે ઘેર આવી કામ ક્રીડા કરે તો જેટલા રૂપીયા તું માગીશ એટલા હું આપીશ. તે વાત નાયકે કબુલ કરી, અને તેની સાથે ઘેર ગયો. ત્યાં જઇ બન્ને પલંગ ઉપર બેઠા છે તેવામાં નાયકને ભૂખ લાગી જેથી તે સ્ત્રીએ ખીર ખાંડનું ભોજન તૈયાર કર્યું તેવામાં હમેશના યારી સન્યાસીએ બારણું ઉઘાડવા કહ્યું. તે સાંભળી નાયક ઘણું અકળાઈ બોલ્યો કે, મને ગમે ત્યાં સંતાડ. સ્ત્રીએ કહ્યું કે, ઘરના ઓરડામાં તલના ઢગલાવાળા ખૂણામાં સંતાઇ

બેસ. તે પ્રમાણે તે ત્યાં સંતાઇ બેઠો. તે પછી સંન્યાસી સાથે વાતચીત કરતાં સંન્યાસી ભૂખ્યો થયેલો હોવાથી તેને ખીર ખાંડનું ભોજન પીરસ્યું તેવામાં ઘરનો ધણી કણબી આવ્યો અને બારણું ઉઘાડવા કહ્યું. તે સાંભળી સંન્યાસી અકળાઇ બોલ્યો કે, મને ગમે ત્યાં સંતાડ. સ્ત્રીએ કહ્યું કે, ઓરડામાં વાસણનો ઢગલો પડ્યો છે તે ખુણામાં સંતાઇ બેસો. આઘાપાછા ફરશો નહીં, કારણ કે અંદર સરપણ વીયાઇ છે, માટે તે તમને દુઃખ દે. તે પ્રમાણે તે ત્યાં સંતાઇ બેઠો. હવે ઘરનો ધણી ઘરમાં આવી ખીર ખાંડનું ભોજન જોઇ પૂછવા લાગ્યો કે, આ ભોજન કોના માટે તૈયાર કર્યું છે? તે વારે સ્ત્રીએ કહ્યું કે મારે માટે કર્યું છે. કણબી બોલ્યો કે, મને જમવા આપ. સ્ત્રીએ કહ્યું કે, તમો સ્નાન કરો પછી આપું. કણબી બોલ્યો કે, તેં સ્નાન કર્યું એટલે ચાલશે મને ક્ષુધા લાગી છે. સ્ત્રી બોલી કે, આપણે મહાદેવનો ધર્મ પાળીએ છીએ અને ઘણી વખત આપણા ઘરમાં તે દેવનું આવાગમન થાય છે, માટે ન્હાયા વિના જમવું તે ઠીક નહી. આટલું કહ્યું છતાં, તેણે ન માન્યું અને ભોજન કરવા લાગ્યો. તેવામાં સ્ત્રી રૂપ નાયકને ઘણી ભૂખ લાગવાથી પાસે પડેલાં તલ ફુંકતો જાય ને ખાતો જાય તે અવાજ સન્યાસીએ સાંભળ્યો ને વિચાર્યું કે, સરપણ જરૂર ફુંફાટો મારતી મારા તરફ આવે છે એમ ભય પામી નાઠો. બન્ને જણ કણબીના ભાણા પાસે થઇ દોડી ગયા. તે સ્ત્રી પુરૂષ નાઠા જોઇ કણબી સ્ત્રીને કહેવા લાગ્યો કે, આ કોણ નાઠું? તે વારે સ્ત્રીએ પોતાની ઊત્પાતીયા બુદ્ધી વડે કહ્યું કે, મેં તમને પ્રથમથી કહ્યું હતું કે, તમે સ્નાન કરી ભોજન કરો, પણ તમે માન્યું નહીં. તેથી આપણા ઘરમાં પધારેલા મહાદેવ અને પારવતી રીસાઇ જતા રહ્યાં. તે સાંભળી કણબી પસ્તાવો કરવા લાગ્યો અને બોલ્યો કે, હવે તે દેવ કેવી રીતે પાછા આપણા ઘરમાં આવે? સ્ત્રીએ કહ્યું કે, તમે પરદેશ જાવ અને નીતિથી ધન કમાઇ લાવો, એટલે તે ધનથી નીવેદ કરી તેમને પાછા ફરીને બોલાવીશું. તે સાંભળી કણબી પરદેશ ગયો, જતાં દશારણભદ્ર નગર સમીપે નજીકમાં આવ્યો ત્યાં દશારણભદ્ર રાજા એક ઝાડ તળે બેઠા છે. તે રાજાએ દૂર દેશથી ચાલી આવેલાં કણબીને પૂછ્યું કે, ક્યાં જાય છે? તેણે પાછલું પોતાનું તમામ વૃત્તાંત કહી સંભળાવ્યું. તે સાંભળી બુદ્ધિનો નિધાન રાજા વિચાર કરવા લાગ્યો કે, જરૂર ઘરની કુલટા સ્ત્રીએ આ બીચારાને ભમાવા પરદેશ મોકલ્યો છે. એમ વિચારી તેને ધન આપી વિદાય કર્યો તે પછી રાજા પોતાના નગરમાં આવી સભામાં બેસી વિચારે છે કે, અહો ધર્મને માટે તથા દેવને

રાજી કરવા માણુસ કેટલું સંકટ સહન કરે છે? પણ સાચા દેવ મળી શકતા નથી અને મને તો મહાવીર ભગવાન જેવા સાચા દેવ મળ્યા છે. હવે જો તે ભગવાન મારા ઊદ્યાનમાં પધારે તો તેમને વાંદવા માટે કદી કોઇપણ રાજા ગયો ન હોય તેવી રીતે જાઉં એમ વિચારતાંજ વન-પાલકે આવી વધામણી દીધી કે, મહારાજા! આપના ઊદ્યાનમાં મહાવીર પ્રભુ સમોસર્યા છે. તે સાંભળી રાજાએ હર્ષ સંતોષ પામી પોતાનો મુગટ વર્જી તમામ આભરણુ વધામણીવાળાને આપી વીદાય કર્યો. તે પછી પ્રીતિ સહિત અલંકાર પહેરી ચતુરંગી સૈન્ય સજ્જ કરી પાંચસો સ્ત્રીઓ જૂદા જૂદા રથમાં બેસાડી ગામમાં અનેક પ્રકારના શણુગાર કરાવ્યા અને ઠેકાણે ઠેકાણે તમાસગીરો (નાચનાર) તમાસો કરતાં નગરીને શોભાવે છે, હજારો માણુસો તમાસો જોવા આવ્યા છે, એવા સુશોભિત નગરની મધ્યો મધ્ય થઇ રાજા હાથી ઉપર બેસી નીકળ્યો. રસ્તામાં આવતા રાજાના મનમાં સૈન્યા જોઇ વિચાર થયો કે, આવી ભક્તિ સહિત ભગવાનને વંદન કરવા કોણુ આવવા શક્તિમાન છે? એમ ગર્વ સહિત જાય છે તેવામાં સકેંદ્રે ગર્વ સહિત દશાર્ણુભદ્ર આવતો દેખી તેનો ગર્વ ઊતારવા તે સૈન્યના સન્મુખ ઐરાવણુ હાથીએ નીચે પ્રમાણે રૂપ કર્યાં. ચોસઠ હજાર હાથી વીકરોવ્યા. એકેક હાથીને પાંચસે મુખ, અકેક મુખે આઠ દંતુશળ, અકેક દંતુશળે આઠ વાવડી, અકેક વાવડી ઉપર આઠ આઠ કમળ, અકેક કમળને લાખ લાખ પાંખડી, અકેક પાંખડી ઉપર એક ઇંદ્ર, અને આઠ ઇંદ્રાણીયો બત્રીસ બદ્ધ નાટક પડાવતા દેખાયા. તે વારે દશાર્ણુભદ્રનું સૈન્ય-સૂર્યના તેજમાં જેમ તારાઓનું તેજ ઢંકાઇ જાય તેમ સૈન્યનું તેજ ઢંકાઇ ગયું. રાજા ઝંખવાણો પડયો કે, હવે મારૂં માન કેવી રીતે સચવાય, એમ વિચારી પ્રભુ પાસે આવી દીક્ષા લીધી. ઇંદ્ર સ્તુતિ કરી બોલ્યા કે, હે મહારાજ! તમે જીત્યા. હું હાર્યો, તમે માન અખંડ રાખ્યું. દીક્ષા લેવાની મારામાં શક્તિ નથી. તે સાંભળી દશારણુભદ્ર રાજાએ જરાએ ગર્વ કર્યો નહીં. ઇંદ્ર પોતાને સ્થાનકે ગયો અને દશારણુભદ્ર રાજા કર્મ ક્ષય કરી મોક્ષ પધાર્યા.

ઊદાયન રાજાની કથા ત્યાસીમી.

**ગાથા ૪૮ મીઃ—सोवीर राय वसभो, चइताण मुणीचरे;
उदायणो पव्वइओ, पत्तोगइ मणुत्तरं ॥ ४८ ॥**

ભાવાર્થ:—સિંધુ સોવિર દેશના ધોરી સમાન ઉદાયન નામે રાજાએ પણ રાજ્ય છોડીને સંયમ આદર્યો અને ઉત્તમ મોક્ષગતી પામ્યા.

સીંધુ સોવીર દેશમાં વીતભય નામે નગરી તેમાં ઊદાઇ નામે રાજા, તેની પ્રભાવતી નામે રાણી તે ચેડા રાજાની દીકરી તેને અભીચ કુમાર નામે દીકરો હતો અને કેસી નામે તેના બેનનો દીકરો ભાણેજ હતો. તે ઉદાઇ નામે રાજા બાર વ્રત ધારી શ્રાવક આઠમ પાખી પોષાનો કરનાર હતો. એક દીવસ મહાવીર ભગવાન ગ્રામાનુંગામ વીહાર કરતાં વીતભય નગરીના ઉદ્યાનમાં સમોસર્યા. રાજા સેના સહીત વાંદવા ગયા. પ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય પામી બોલ્યા કે, હે ભગવાન! હું રાજ્યનો બંદોબસ્ત કરી પછી આપની પાસે દીક્ષા લઇશ ત્યાં સુધી આપ કૃપા કરી આ ઉદ્યાન પાવન કરશો. એમ કહી પોતાને ઘેર આવી વિચાર કર્યો કે, જો હું રાજ્ય અભીચકુમારને આપીશ તો જરૂર તે રાજ્યમાં મોહિત થઇ ધર્મ છોડી દેશે અને મરી દુર્ગતિ જશે. એમ વિચારી પોતાનો કેશી નામે ભાણેજ હતો તેને રાજ્ય ઉપર બેસાડી પોતે મહાવીર ભગવાન પાસે દીક્ષા લીધી, અને શાસ્ત્રના પારગામી થઇ ગુરૂ આજ્ઞા લઇ એકાએક વિહાર કરવા લાગ્યા. એમ કરતાં શરીરમાં રોગ ઉત્પન્ન થયો. ફરતાં ફરતાં વીતશોકા નગરીએ પધાર્યા. એ સાંભળી કેશી રાજા ઘણો ખુશી થયો. તે વારે પ્રધાને રાજાને કહ્યું કે, હે રાજા! તમારા મામા તમને રાજ્ય સોંપ્યા પછી દીક્ષા લઇ ગયેલ હવે તે દીક્ષાથી તે પડવાઇ થઈ ફરી રાજ્ય પાછું લેવા અહીં આવ્યા છે, તે સાંભળી રાજાએ કહ્યું કે, ભલે તેમનું આપેલું રાજ્ય પાછું લે તો હું ઘણો ખુશી છું. પ્રધાને કહ્યું કે, એમ અવળી રીતે સમજાવો એ ક્ષત્રીનો ધર્મ નહી તે વારે રાજાએ પ્રધાનને કહ્યું કે, ત્યારે આપણે કેમ કરવું? તે વારે પ્રધાન બોલ્યો કે એને આપણે ઝેર ખવરાવી મારી નાંખીએ. એમ વિચારી આહેરણને કહી દહીંમાં ઝેર

નાંખી વહોરાવ્યું. તે વખતે જે પ્રભાવતી નામે રાણી હતી તે કાળ કરી દેવલોકમાં દેવી થઈ છે. તે દેવીએ ઝેર ખેંચી લીધું. છતાં પણ ભાવી ભાવના કારણથી સાધુને ઝેર ચઢયું જાણી આલોવી સંથારો કર્યો. અંતે કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. તે પછી અભીચકુમાર વિચાર કરવા લાગ્યો કે, મહારા પીતાએ કેવું દુશ્મનનું કામ કર્યું કે દીકરાને વારસ નહિં કરતાં ભાણેજને રાજ્ય સોંપ્યું. એમ પીતા ઉપર ક્રોધ કરી ત્યાંથી નીકળી કુરણીક રાજાની નગરીમાં પોતાની માસીના ઘેર રહ્યો. ત્યાં બાર વ્રત ધારી શ્રાવક થયો. હંમેશ પ્રતિક્રમણ કરે છે. ઉદાઈ રાજા મોક્ષ પધાર્યા જાણે છે તેમ છતાં સીદ્ધની વંદણામાં ઉદાઈ સિદ્ધને નમસ્કાર અણકરતો વૈરભાવ રાખતો. અંતે વિરાધીક થઈ જ્યોતીષીમાં ગયો. ત્યાંથી માહાવીર પ્રભુને પૂછતાં સર્વે હકીકતની ખબર પડી સમકીત પામ્યો, અપરાધ ખમાવ્યો, અને એકાવતારી થયો. અંતે માહાવીદેહ ક્ષેત્રમાં દીક્ષા લઈ, કર્મ ક્ષય કરી, મોક્ષે જશે.

મહાબળી રામની કથા ચોરાસીમી.

ગાથા ૮૧ મીઃ—तहेवुग्गं तवंकिच्चा, अव्वखित्तेण चेयसा;
महब्बलो रायरिसी, आदाय सिरसा सिरिं ॥ ८१ ॥

ભાવાર્થઃ—તેમજ શરીર ઉપર મમત્વ રહિતપણે ઉગ્ર તપ તથા સંયમને વિષે અવ્યગ્ર ચિત્તે કરીને મહાબલ નામે રાજઋષિ માથા માટે સંયમ તથા કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી ગ્રહીને મોક્ષને વિષે પહોંચ્યા.

આ ભરત ક્ષેત્રને વિષે હસ્તીનાગપુર નામે નગરને વિષે બળી રાજા રાજ્ય કરતા હતા. તેમને પ્રભાવતી નામે રાણી હતી. એકદા તે રાણી પૂન્યવંત પ્રાણીને સુવાયોગ્ય એવી સેજ્યાને વિષે કાંઈક સુતાં અને કાંઈક જાગતાં એવી અવસ્થામાં શ્વેત ધોળા સીંહનું સ્વપ્નું દેખી જાગ્યાં. ત્યાર પછી તે રાણી સંતોષ પામી, જ્યાં બળી નામે રાજા સુતા છે ત્યાં આવી રાજાને જાગ્રત કરી તે સ્વપ્નની વાત બળીરાજાને જણાવી. બળીરાજા રાણીને સ્વપ્ન આવ્યાની વાત સાંભળીને હર્ષ સંતોષ પામી કહેવા લાગ્યા કે, હે રાણી ! તેં કલ્યાણકારી સ્વપ્ન દીઠું

તેથી અર્થનો લાભ થશે, ભોગનો લાભ થશે, અને રાજ્યનો લાભ થશે. એમ નીશ્ચે તમને નવ માસ ઉપર સાડા સાત દીવસ ગયે કૂળને વિષે દીવા અને તીલક સમાન સર્વ લક્ષણે કરી સંપૂર્ણ પુત્ર પ્રાપ્ત થશે. ત્યાર પછી તે પ્રભાવતી રાણી એ વચન સાંભળી હર્ષ સંતોષ પામી બળીરાજાનું તે વચન અંગીકાર કરી રાજાની આજ્ઞા લઇ પોતાની સેજ્યાને વિષે ગઈ. હવે પ્રભાવતી રાણી ગર્ભનું પ્રતીપાલન સુખે સુખે કર્યા કરે છે. સારા સારા દોહલાં પણ પ્રાપ્ત થયે પુ ; કરે છે. અનુક્રમે તેણે, હાથ પગના તળા જેવા સુકુમાળ પુત્રને જન્મ આપ્યો. દાશીએ બળીરાજાને પુત્ર જન્મની વધાઇ દીધી. તે વખતે બળીરાજાએ ખુશી થઈ પોતાનો મુગટ વર્જીને સર્વ શરીરના અલંકાર વિગેરે દાસીને આપી દીધું. તે બાળક પાંચ ધાવે કરી વધવા લાગ્યો. અનુક્રમે તે યૌવન વય પામ્યો એટલે તેના સમાન રૂપ ગુણ લાવણ્યે કરી સહીત એવી આઠ પ્રધાન રાજ કન્યાઓનું પાણીગ્રહણ કરાવ્યું. ત્યાર પછી માહાબળી કુમારના માતા પીતાએ આઠ મોહોટા મહેલ પુત્ર માટે કરાવ્યા તે સિવાય બીજી પણ ઘણી સાર સાર વસ્તુઓ માતા પીતાએ તેને આપી. તે માહાબળી ઉંચા પ્રસાદને વિષે ઉદાર મનુષ્ય સંબંધી સુખ ભોગવતાં થકા વિચરે છે. તેવા અવસરે તેરમાં શ્રી **વીમલનાથ તીર્થંકર** શિષ્યના શિષ્ય ધર્મઘોષ નામે પાંચસેં સાધુ સહીત ગ્રામાનુંગ્રામ વીચરતાં થકાં હસ્તીનાગપુર નગરને વિષે પધાર્યા. નગરના માણસોને ખબર પડવાથી વંદન કરવા માટે ગયાં. માહાબળી પુત્ર પણ ગયા. તેમને પ્રભુએ ધર્મ કથા કહી, ધર્મ સાંભળી માહાબળીને વૈરાગ્ય પ્રાપ્ત થયો, અને સાધુ સમીપે આવી હર્ષ સહીત ત્રણ વાર વંદણા નમસ્કાર કરી કહેવા માંડયું કે, હે ભગવાન ! નિગ્રંથ પ્રવચન ઉપર મને પ્રીતિ પેદા થઇ છે, યાવત્ તમે જે કહ્યું તે સત્ય છે. માટે હું આપની સમીપે માતા પીતાની આજ્ઞા લઇ દીક્ષા ધારણ કરીશ. ગુરૂએ કહ્યું કે, જેમ સુખ ઉપજે તેમ કરો, પણ ધર્મના કામમાં પ્રમાદ ન કરવો ત્યાર પછી માહાબળી કુમાર ધર્મઘોષ અણગારને વાંદીને હર્ષ સંતોષ પામ્યો થકો રથમાં બેસી, હસ્તીનાગપુર નગરની મધ્યો મધ્ય થઇ જ્યાં પોતાનું ઘર હતું, ત્યાં આવી માતાપીતાને કહ્યું કે, હે માતા પિતા ! મેં ધર્મઘોષ અણગારની પાસે ધર્મ સાંભળ્યો છે ને તે ધર્મ મને રૂચ્યો છે. માતા–પિતા કહે, હે પુત્ર ! તને ધન્ય છે ! તું કૃતાર્થ થયો ! મહાબળે કહ્યું, હે માતા પિતા ! જો તમે મને આજ્ઞા આપો તો હું દીક્ષા લઉં, હું સંસારના જન્મ, જરા અને મરણના ભયથી ઉદ્વેગ પામ્યો છું. પુત્રના કદી નહી સાંભળેલા એવા ઉદ્વેગ ભરેલા વચન સાંભળી

કેવાડા કંપવા લાગ્યા, શરીરે પરસેવો આવી ગયો, ગાત્ર શોકથી તપી ગયા અને તેજ રહીત દીન વદન થકી હાથે મસળી નાંખેલી કમળની માળા કરમાય તેમ કરમાઇ સર્વાંગે ધરતી ઉપર મૂર્છા ખાઈ તુટી પડયાં. દાસીઓએ સોનાના કળશ વડે શીતળ જળ છાંટી મૂર્છા વાળી અને સચેતન કર્યાં તે પછી રૂદન કરતી માતા એમ બોલી કે, હે જાયા ! તું મારે એકજ પુત્ર છે. વળી ઘણો વહાલો અને જીવતવ્યનો આધાર છે. વળી રત્નના કરંડીયા અને ઊંબરના પુષ્પ સમાન છે. તારો વિયોગ ક્ષણ માત્ર પણ અમે સહન કરી શકીશું નહિ. માટે હે પુત્ર ! અમે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી તું ગૃહસ્થાશ્રમમાં રહી કુળ વૃદ્ધિ કર, અને પછી વૃદ્ધાવસ્થાએ દીક્ષા લેજે. તે વારે મહાબળ બોલ્યો કે, હે માતા ! તમે જે કહો છો તે સર્વે મોહીત પુરૂષોને ગમતું છે, પણ ત્યાગી મનુષ્યને તો મનુષ્ય ભવ જન્મ જરા અને મરણ આદિ શોકાદિકે કરીને ભરેલો છે. વળી મનુષ્યભવ અધ્રુવ, સંધ્યાના રંગ જેવો, અને સ્વપ્ન દર્શન જેવો, ચંચળ છે. માટે સંસારમાં હું રતી પામતો નથી. કોણ જાણે કે પહેલાં તમે જશો કે હું જઇશ ! માટે હું દીક્ષા લઇશ. તે વારે પ્રભાવતી બોલી કે, હે પુત્ર ! તારૂં શરીર રોગ રહિત, રૂપ કાંતિએ કરી સહીત, ભલાં લક્ષણે કરી સુશોભીત, અને પ્રથમ યૌવન વય વર્તે છે. માટે તેનો તું વિચાર કરી, એ શરીરના સુખનો અનુભવ કર અને પછી દીક્ષા લેજે. તે વારે મહાબળ બોલ્યો કે, હે માતા પિતા ! આ ઉદારીક શરીર દુઃખનુંજ ઘર છે. અનેક રોગે કરી સહિત, હાડ માંસ આદિથી ભરેલું અશુચીનું જ ઘર છે. અશુચીથી ઉત્પન્ન થએલા એવા શરીરનો મને ભરોસો નથી, માટે હું દીક્ષા લઇશ. તે વારે પ્રભાવતી બોલી કે, હે પુત્ર ! તારે ઉત્તમ મોટા કુળમાં ઉત્પન્ન થએલી આઠ રાણીઓ છે. વળી તે તારા ગુણ સરખી તેમજ પતિવ્રતાના ગુણે કરી સહીત એવી સ્ત્રીઓ સાથે ભોગ ભોગવી કુલ વૃદ્ધિ કરી ભુક્ત ભોગી થઇ તે પછી દીક્ષા લેજે. તે વારે મહાબળ બોલ્યો કે, માતા પિતા ! સ્ત્રીઓનું શરીર પણ મળ મુત્રાદિક અશુચીથી ભરેલું, ક્ષણ માત્ર સુખ રૂપ અને અનંત કાળ દુઃખ રૂપ છે. વળી તે કડવાં ફળ આપનાર અને મોક્ષ માર્ગે ચાલતાં વિઘ્ન કરનાર છે. માટે હું તરત દીક્ષા લઇશ. તે વારે માતા પિતા બોલ્યા કે, હે પુત્ર ! તારે વંશ પરંપરાથી ચાલ્યું આવેલું હીરા, માણેક, સોનું, રૂપું ઇત્યાદિક ધન વડે ભંડાર ભરેલા છે, તે ધનનો લ્હાવો લે. બીજાને દાન દે, તે પછી દીક્ષા લેજે. મહાબળે કહ્યું કે, હે માતા પિતા ! એ ધનમાં રાજાનો ભાગ, ચોરનો ભાગ, અગ્નિનો ભાગ અને કુટુંબ નાતિલાનો ભાગ છે. એ સર્વે તરફનો

ભય તથા ધન અકાળે મૃત્યુને આપનાર, વીજળીના ચમકારા જેવું, સ્થીર રહે નહિં તેવું છે. તે ધનથી હું સુખ માનતો નથી. માટે હું તરત દીક્ષા લઇશ. એમ મહાબળે કહ્યું, ત્યારે માતાપિતાએ વિચાર્યું કે, આ પુત્ર અનુકુળ સુખકારી વચનોથી જરા પણ બીન્યો નહીં, તો હવે એને સાધુ ધર્મ ઘણો કઠણ છે, તે કહી બતાવવો એમ ધારી માતાપીતા કહેવા લાગ્યા કે, હે પુત્ર ! સાધુનો માર્ગ ઘણો કઠણ છે. તે જેમ લોઢાના ચણા ચાવવા, ગંગા નદીના પુર સામું ચાલવું, સમુદ્રને બે હાથ વડે તરવો, બળતી અગ્નિની શીખા પીવી, ખાંડાની ધાર ઉપર ચાલવું તેમજ સાધુને આધા કર્માદિક સચેત અહાર, બીજાદિક સચેત લીલોત્રી, આદિ સર્વથા ન લેવું. તે ઘણું દુર્લભ છે. તું શરીરે ઘણો સુકુમાળ છે, વળી ક્ષુધા, તૃષા કદીપણ દીઠી નથી, માટે તેથી ઊત્પન્ન થતો પરીસ્સહ તારાથી સહન થશે નહિં. વળી મસ્તકના કેસનો લોચ કરવો, પૃથ્વી ઉપર શયન કરવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું અને ભીક્ષાએ ભમવું એ સર્વ ઘણું દુક્કર છે માટે તું ગૃહસ્થાશ્રમમાં અમ જીવીએ ત્યાં સુધી રહે. તે વારે મહાબળ બોલ્યા કે, હે માતા પીતા ! નિગ્રંથનો ધર્મ ઘણો દુક્કર છે પણ તે કાયરને દુક્કર છે, આ લોકના સુખમાં બંધાએલા મનુષ્યોને દુક્કર છે, પરલોકનો અર્થ નહીં જાણનારને દુક્કર છે, પણ શૂરવીર ધીર પુરૂષને તો જરા પણ દુક્કર નથી, માટે કૃપા કરી મને દીક્ષાની આજ્ઞા આપો. માતાપીતાએ વીચાર્યું કે, પુત્ર હવે ઘરમાં રહેવાનો નથી, એમ જાણી તેને દીક્ષાની આજ્ઞા આપી. તે વાર પછી બળ રાજાએ પોતાના કુટુંબીક પુરૂષને બોલાવીને કહ્યું કે, હસ્તીનાગપુર નગરનીમાંહિ તથા બાહીર કચરો કઢાવો, પાણી છંટાવો, નગર શણગારો. એમ આજ્ઞા દીધા પછી માતાપીતાએ મહાબળ કુમારને સિંહાસન ઉપર બેસાડી ૧૦૮ સોનાના કળસ યાવત્ સર્વે જાતના કળસો પાણીથી ભરી સ્નાન કરાવ્યું અને દીક્ષાનો સર્વે અભિષેક કર્યો. તે વારે પીતાએ કહ્યું કે, હે પુત્ર ! હવે તારી શી ઇચ્છા છે ? મહાબલે કહ્યું કે, ભંડારમાંથી ત્રણ લાખ સોનૈયા કાઢી બે લાખના ઓઘા પાત્રા મંગાવો, અને એક લાખ હજામને આપો. એ સાંભળી તુરત તે કામ કરી હજામને બોલાવી કહ્યું કે, ચાર આંગળ શીખા વર્જી બીજા કેસ કાપ. તે વારે હજામે વીધીપૂર્વક કેસ કાપ્યા. માતાએ તે શ્વેત સાડીમાં ઝીલી પાણીથી ધોઇ ચંદનાદિકથી અર્ચી માથાના ઓસીકા આગળ મૂકયા. તે વાર પછી મહાબલ કુમારને બાવનાચંદનનું વીલેપન કરાવી હજાર પુરૂષ ઉપાડે તેવી પાલખીમાં બેસાડયા. પાલખીમાં ચારે બાજુએ યૌવનવંતી રૂપવાન સ્રીયો, ચામર, દર્પણ, કળશ અને પાત્ર લઇ બેઠી હતી. એમ

માતા પીતા સહીત નગરીની મધ્યોમધ્ય થઇ નીકળ્યાં. તે વારે નગરીના લોક નમસ્કાર કરી કહેવા લાગ્યા કે, અહો ધન્ય છે કે, આ સર્વે ઋદ્ધિ છાંડીને દીક્ષા લે છે, તેમના મનોરથ સફળ થજો. એમ સાંભળતાં, વૈરાગ્યથી રંગાયેલા મહાબલ કુમાર અર્થીજનોને દાન દેતા ઊદ્યાનમાં ધર્મઘોષ ગુરૂ પાસે આવી શીવીકામાંથી ઊતરી નમસ્કાર કરી માતપીતા મહાબલને આગળ કરી ગુરૂ પ્રત્યે કહેવા લાગ્યા કે, હે ભગવાન! આ મહાબલ કુમાર સંસારથી ભય પામેલો આપની સેવામાં દીક્ષા લેવા આવ્યો છે. તે પુત્ર અમે આપને ભીક્ષા તરીકે આપીએ છીએ, તે આપ સ્વીકારો. ગુરૂએ કહ્યું કે, હે દેવવલ્લભ! જેમ તમને સુખ થાય તેમ કરો, ધર્મના કામમાં વિલંબ ન કરશો. તે વારે મહાબલ કુમારે હર્ષ પામી ગુરૂને વંદણા નમસ્કાર કરી ઇશાન ખુણામાં જઇ સર્વે અલંકાર ઊતાર્યા. પ્રભાવતી રાણીએ આંખમાં આંસુસહિત અલંકાર ગ્રહણ કરી મહાબલને કહ્યું કે, હે પુત્ર! ઊતાવળો મોક્ષ પામજે! પ્રમાદ ન કરીશ! ગુરૂ આજ્ઞા માથે ચઢાવજે! એમ કહી પોતાના સ્થાનકે ગઇ. હવે મહાબલ કુમાર પંચમુષ્ટિ લોચ કરી, સાધુ વેષ પહેરી ગુરૂ પાસે આવી, બોલ્યા કે, હે ભગવાન! આ સંસારમાં જન્મ મરણથી ભય પામેલો આ કીંકર આપને શરણે આવ્યો છે, તેને આપ તારો! તે વારે ગુરૂએ તેને દીક્ષા દીધી. અનુક્રમે ચૌદ પુર્વ ભણાવ્યા અને વિચિત્ર પ્રકારનો તપ કર્યો. એમ બાર વરસની દીક્ષા પાળી, એક માસનું અણસણ કરી સમાધી સહિત કાળ કરી પાંચમા દેવલોકે દશ સાગરોપમની સ્થિતિએ દેવપણે ઊતપન્ન થયા. ત્યાંથી ચવી આ ભરત ક્ષેત્રમાં વાણીજ ગામ નગરે કોઇ એક વહેવારીયાના ઘેર પુત્રપણે ઉત્પન્ન થયા. માતાપીતાએ તેનું સુદર્શન એવું નામ પાડયું. અનુક્રમે યૌવન અવસ્થા પામી, સંસારનો ત્યાગ કરી મહાવીર ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી અને સર્વે કર્મોનો ક્ષય કરી સિદ્ધ ગતિ પ્રાપ્ત કરી!

સમાપ્ત.

